RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 5 • ISSUE : 1 • APRIL 2017 • PAGES 68 • PRICE 20/-
ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૫ (કુલ વર્ષ-૬૫) અંક-૧ • એપ્રિલ ૨૦૧૭ • પાનાં ૬૮ • કિંમત રૂા. ૨૦/-



# જિન-વચન

**આપણાં કર્મોનું દુઃખ ભોગવતી વખતે આપણું રક્ષણ કરવાને કોઈ સમર્થ નથી**

माया पिया ण्हुसा भाया भज्जा पुत्ता य ओरसा ।
नालं ते मम ताणाय लुप्पंतस्स सकम्मुणा ।।

(ઉ. ૬-૩)

માતા, પિતા, પુત્રવધૂઓ, ભાઈઓ, ભાર્યા અને પુત્રો–એ બધાં મારાં કર્મોનું દુઃખ ભોગવતી વખતે મારું રક્ષણ કરવાને સમર્થ નથી.

Mother, father, daughters-in-law, brothers, wife and sons will not be able to give any protection when I am suffering for my own evil deeds.

ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन' માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯–૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ


## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મન મારું લઈ જાય ત્યાં જઉં પ્રેમને સન્નિવેશે... (તંત્રીસ્થાનેથી) | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | સંશય નિવારક-જિન દર્શન – સંશય નિવારક-જૈન દર્શન | પંન્યાસ-ડૉ. અરુણવિજય મ. | ૭ |
| ૩. | સ્વસમય-પરસમયનું તુલનાત્મક અધ્યયન: 'વંદિતુ સવ્વ સિદ્ધે' | ડૉ. કોકિલા એચ. શાહ | ૧૪ |
| ૪. | જ્ઞાન પ્રાપ્તિનો જાદુઈ પ્રભાવ | પૂ.આ.શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજીમ. | ૧૯ |
| ૫. | મા કો કહાં ઢૂંઢો રે બંદે, મૈં તો તેરી પાસ મેં | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| ૬. | વીતરાગમાં કરુણા નથી હોતી | સંત અમિતાભ; અનુ. પુષ્પા પરીખ | ૨૩ |
| ૭. | ઉપનિષદમાં દહરવિદ્યા | ડૉ. નરેશ વેદ | ૨૪ |
| ૮. | જૈન-જૈનેતર-ચારણી-બારોટી હસ્તપ્રતો એટલે 'ભારતીય સનાતન ધર્મ સંસ્કૃતિનો મધુસંચય કોશ' | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૨૬ |
| ૯. | અહિંસા: ગઈકાલની અને આજની | ભદ્રાયુ વછરાજાની | ૩૦ |
| ૧૦. | જીવ આવ્યો તિમ જાશે એકલો | કીર્તિદા શ્રેણિક શાહ | ૩૨ |
| ૧૧. | મોરારજીભાઈ દેસાઈના આધ્યાત્મિક વિચારો | ડૉ. મહેબૂબ દેસાઈ | ૩૪ |
| ૧૨. | શ્રીમત્ ભાગવતમાં અપાયેલી કલિયુગના જીવોએ કરવાની ભગવત્-સ્તુતિ | ડૉ. રક્ષાબેન પ્ર. દવે | ૩૬ |
| ૧૩. | સુખ ઉપજે તેમ કરો | ડૉ. ગુલાબ દેઢિયા | ૩૯ |
| ૧૪. | પ્રારબ્ધ અને પુરુષાર્થ | નટવરભાઈ દેસાઈ | ૪૦ |
| ૧૫. | બાવીસ પરીષહોનું ગદ્યપદ્યમય અદ્ભુત વર્ણન | ડૉ. પ્રવિણભાઈ સી. શાહ | ૪૧ |
| ૧૬. | વિદ્યાદેવી સરસ્વતીના ઉપાસક ડૉ. ભોગીલાલ સાંડેસરા | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૪૩ |
| ૧૭. | તૃતિય બાહ્યતપ – વૃત્તિસંક્ષેપ | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૪૫ |
| ૧૮. | મહાત્માનાં અર્ધાંગિનીની અજોડ પ્રેરક કહાણી | સોનલ પરીખ | ૪૭ |
| ૧૯. | પાપ અને પુણ્ય કોને કહેવું? | તત્ત્વચિંતક વી. પટેલ | ૪૯ |
| ૨૦. | પંથે પંથે પાથેય: ફૂલનું વિકસવું, સુગંધનું ફેલાવું | ગીતા જૈન | ૫૩ |
| ૨૧. | જ્ઞાન-સંવાદ | ડૉ. પાર્વતીબેન ખીરાણી | ૫૪ |
| ૨૨. | ભાવ-પ્રતિભાવ | — | ૫૫ |
| ૨૩. | શાકાહારની શક્તિ | જશવંત મહેતા | ૫૯ |
| ૨૪. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાન | — | ૬૧ |
| ૨૫. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૬૨ |
| ૨૬. | Enlighten yourself by Self Study of Jainology Lesson Sixteen (Continued) | Dr. Kamini Gogri | ૬૪ |
| ૨૭. | The Story of Ganadhar Sudharmaswami Pictorial Story | Dr. Renuka Porwal | ૬૬-૬૭ |
| ૨૮. | 'જો હોય મારો આ અંતિમ પત્ર તો...' : 'જૈન' હોવું એ જેવી તેવી વાત નથી | ગુણવંત શાહ | ૬૮ |


## મુખપૃષ્ઠ




**मंत्र**

ॐ श्री ह्रीं सरस्वत्यै स्वाहा
सुमिरन करत श्राप सब दाही
तुम प्रसन्न हो निकट पधारी
वरदे कियो मुनिहि सुरवारी ।।

**Mantra**

Om Shri Hreem Sarasvatyai Swaha
Sumiran Karat Shrap Sab Daahi
Tum Prasanna Ho Nikat Padhari
Varde Kiyo Munihi Survari II.

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453 ISSN 2454–7697

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૫ (કુલ વર્ષ ૬૫) ● અંક : ૧ ● એપ્રિલ ૨૦૧૭ ● વિક્રમ સંવત ૨૦૭૩ ● વીર સંવત ૨૫૪૩ ● ચૈત્ર વદ તિથિ પાંચમ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

## મન મારું લઈ જાય ત્યાં જઉં પ્રેમને સન્નિવેશો...

ગ્રીષ્મની ગરમી ભૂમિને તપાવી રહી છે. ગુલમહોરના ફૂલોના રંગો પૂરબહાર ખીલ્યા છે અને રસ્તા પર આછા-પાતળાં પડછાયા પાડી રહ્યા છે. આંબાના મહોરને બદલે કેરીઓ ઝૂલી રહી છે. લીમડાના ઝાડ નીચે લીંબોળીઓના ઢગલા ઉભરાઈ રહ્યા છે. કોયલ સતત ગ્રીષ્મની છડી પોકારી રહી છે. બીજી તરફ બપોરે પ્રજા ગરમી સામે લાચાર બની ગઈ છે. પરંતુ બાળકો ઉનાળાની ગરમીથી નચિંત પોતાની મસ્તીમાં વ્યસ્ત છે. એક તરફ છે બાહ્ય વાતાવરણ અને બીજી તરફ છે આપણું મન. બન્ને એકબીજા પર સ્વાભાવિક જ અસર કરે. પણ આપણે કોનાથી કોને કેટલું બચાવી શકીએ તે મહત્ત્વનું છે. જે હોય તે, મહત્ત્વનું એ છે કે સહુ માટે ભાવથી જીવીએ.

આ અંકના સૌજન્યદાતા

**શ્રી સી. કે. મહેતા પરિવાર**

પુણ્ય સ્મૃતિ

પ. પૂ. પંન્યાસ ભદ્રંકર વિજયજી મ. સા.

ધર્મથી આંતરિક શક્તિ મળે છે. ધર્મ જીવવા માટેનો સાચો રસ્તો સમજવા મદદરૂપ બને છે. ધર્મ આચરણના મૂળમાં કેટલીક નિષ્ઠા હોય છે, જેને દર્શન કહેવાય છે. આજનો લેખ મેં ત્રણ વિભાગમાં વહેંચ્યો છે. તમારી સમક્ષ મનની ગતિની વાત કરવી છે, બીજી વાત કરવી છે માતૃભાષાની અને ત્રીજી વાત છે સ્વતંત્રતાની.

* * * * *

મુંબઈ શહેરના આસ્ફાલ્ટ રસ્તા પર ચાલતા પગ ક્યારેય રોકાતા નથી. સ્વપ્નની ગઠરિયા લઈ ચાલી નીકળી છું. ક્યારેક આ પોટલીનું વજન હળવુંફૂલ બની જાય તો ક્યારેક ભારેખમ લાગે. માણસની ચાલ પણ આ પોટલીના વજન સાથે સ્વાભાવિક બદલાય જ ને! જ્યારે વજન વધારે હોય ત્યારે ગંતવ્ય સ્થાન વિકટ લાગે અને જ્યારે વજન સાવ ઓછું હોય ત્યારે લાંબો પંથ પણ અઘરો ન લાગે. બીજી બાજુ નાની પોટલીથી આનંદ પણ ઓછો જ મળે. વળી જ્યારે મોટી પોટલી સાથે મોટા સ્વપ્નોના વહેણ જોડાયેલા છે. હવે શું કરું વજન વધારી મારગ વિકટ કરી આનંદ બમણો લઉં કે પછી સરળ માર્ગે ઓછાં આનંદ સાથે પ્રવાસ પૂરો કરું? મૂંઝવણ છે. સમજાતું નથી. નિયતિની રેખા સાથે જોડાયેલા મારા દરેક ભાવિને મારા પુરુષાર્થથી બળવંત કરું કે માત્ર નિયતિને આધારે બેસી રહું? સમુદ્રની અથાગ શક્તિ સામે બાથ ભીડું કે વહેતા વહેણ સાથે તરી જાઉં અને વિજયી ભ્રમમાં જીવું? સહુથી મોટો વિકટ પ્રશ્ન તો એ છે કે જે જીવન જ અનિશ્ચિત છે તેને માટે આટલી નિશ્ચિત પોલીસીઓ અને પ્લાનો કેમ ઘડીને રાખ્યાં છે માણસ તેં?

જે ખૂબ જ કુતૂહલતામાં જીવાડે છે અને જે ખૂબ જ આશાવાદી બનાવે છે તે જીવન વિશે આપણે સહુ સતત એક પ્લાન કરીએ છીએ અને જે ખૂબ જ અનિશ્ચિત છે તેના વિશે સહુથી વધુ પાક્કું કરી ઘડી દેવામાં માનીએ છીએ. બાળપણમાં શિક્ષણથી લઈ, નોકરી, ઘર, લગ્ન બધું જ પાક્કું કરી પ્લાન મુજબ ગોઠવી દેવાનો પ્રયત્ન એટલે આપણું જીવન. 'સમતોલ જીવન' – જેમાં બધું 'ગોઠવીને જાઉં એટલે કોઈને તકલીફ નહીં'. મૂળ આ ગોઠવવામાં બે ભૂમિકા કાર્ય કરી જાય છે એક તો વસ્તુ/વ્યક્તિની અનંતતા અંગેનો ભ્રમ સેવાય છે

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260
● Website : www.mumbai-jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

અને બીજી વસ્તુ/વ્યક્તિ સાથે જોડાયેલો ભાવ અને તે કારણે જન્મતો સત્તાનો સ્વભાવ. અહીં વિવેકને બદલે ભાવાત્મક અને તેની પાછળ છુપાયેલા સત્તાના બીજ દેખાય છે. જાગૃત મને આ ચક્રવ્યૂહને સમજવાનો છે. કર્મની અને ધર્મની મીમાંસાની વચ્ચે સાધકે સતત જાગૃત, સમતોલ સ્થાન જાળવી રાખવાનું છે. જ્ઞાન છે પણ જો તે વ્યવહારમાં નથી, તો તે સાવ જ કારણ વગરનું બની રહે છે. વ્યવહારમાં છે, સમજ છે પણ જ્ઞાનમાં નથી તો પણ અર્થ નથી સરતો કારણ તે વ્યવહાર લાંબા સમય સુધી નહીં જળવાઈ રહે. જ્ઞાન અને વ્યવહાર બંને અરસપરસના પૂરક છે, પરંતુ તે વિપરીત કાર્ય કરે છે ત્યારે મુશ્કેલીઓ સર્જાય છે.

બહુ સમજવા જેવી વાત છે કે ન તો નિમિત્ત ઉપાદાનમાં બળથી કોઈ કાર્ય કરે છે અને ન તો ઉપાદાન કોઈ નિમિત્તને બળપૂર્વક લાવે છે. સૃષ્ટિ અનેક તત્ત્વોની બનેલ છે અને દરેક તત્ત્વ ગમે તેટલો સૂક્ષ્મ હોય તો પણ બીજા તમામ તત્ત્વોના ગુણોને ધારણ કરે છે, પરંતુ જે ગુણ તેમાં પ્રાધાન્ય ધરાવે છે તે જ બાહ્ય નજરે જણાય છે. તે જ રીતે તત્ત્વ ઓળખાય છે. દુન્યવી વ્યવહારમાં આ સિદ્ધાંત ઘણો અગત્યનો છે. કારણ કે તે એ વાતનો સ્વીકાર કરે છે કે દરેક વ્યક્તિમાં સદ્‌ગુણો અને દુર્ગુણોનો વાસ હોય છે તેથી દરેકમાં સદ્‌ગુણોને બહાર લાવવાનો પ્રયત્ન કરીએ તો ઘણી સામાજિક સમસ્યાઓ હલ થઈ શકે છે. કઈ ઘડીએ કઈ ક્ષણે સંજોગો મનુષ્ય પર હાવી થાય છે કે મનુષ્ય પોતાની સમતોલતા દ્વારા સંજોગોને કાબૂમાં રાખી શકે છે, તે મહત્ત્વનું છે.

સૃષ્ટિના તમામ પદાર્થો સ્વતંત્રરૂપે મૂળભૂત છે એટલે કે બીજા પદાર્થમાંથી ઉત્પન્ન થયાં નથી. મનની સત્તા દરેક પદાર્થ ઉપર ચાલે છે, તે શાશ્વત છે અને પદાર્થને ગતિ આપવા છતાં પદાર્થથી લેપાતું નથી અને શુદ્ધ ચૈતન્યમય સ્થિતિમાં રહે છે. મન ગતિ આપે છે, તેની પ્રેરણાથી પદાર્થમાં ગતિ આવે છે. જગતના બીજા પદાર્થો અન્ય પદાર્થોને ધારણ કરે, પણ મન કદી એમ કરતું નથી. મન દરેક વસ્તુમાં વધુ ને વધુ સૂક્ષ્મ અને શુદ્ધ છે અને જે કંઈ જીવંત વસ્તુ છે તેને ચેતનવંતુ બનાવવાનું કામ મન કરે છે. મન અસીમ અને સ્વતંત્ર છે. મન કોઈ સાથે ભળતું નથી અને બીજી વસ્તુઓની પેઠે એક બીજાના તત્ત્વો ધરાવતું નથી. મન કોઈ સ્થૂળ વસ્તુ નથી. તેનું પ્રભુત્વ સૌથી વધુ હોય છે. તેથી જ મનની ગતિશીલતા સૌ કોઈ સ્વીકારે છે. ગતિશીલતાને કારણે વિશ્વમાં વૈવિધ્ય રચાય છે. જે અગણિત આકારો વિશ્વમાં રચાય છે તેમાં ગતિનું આગવું મહત્ત્વ રહેલું જોવા મળે છે. મન અંગેના અનેક વિવિધ વિચારો રહેલા છે, જેમાં કદાચ બધા જ સહમત થાય તે જરૂરી નથી. પરંતુ મનથી આત્માની ગતિના કારણો અને રીતોમાં કેન્દ્રિય વિચાર મોટાભાગે સમાન જ હોય છે.

ડિમોક્રીટ્સ કહે છે કે આનંદિત જીવન જીવવું તેજ જીવનનો હેતુ છે અને તે હેતુ સિદ્ધ કરવા સાદી અને સાંસ્કૃતિક જીવન પદ્ધતિનો સ્વીકાર કરવો જોઇએ. હિંસા અને ઊર્મિશીલતા તથા જાતીય ભોગ વિલાસનો તેઓ વિરોધ કરતા. તેમના મતે ઈન્દ્રિય સુખ ક્ષણિક અને અસત્ય છે અને માણસની માનસિક શાંતિમાં વિક્ષેપ ઉત્પન્ન કરે છે. તેઓ એક સૂત્ર (ફ્રેગમેન્ટ)માં જણાવે છે કે સાદો રોટલો અને ઘાસની પથારીનું સાદું જીવન ભૂખ સંતોષવા અને થાક ઉતારવા માટેનું સારું સાધન છે. તેઓ કહેતા કે સરમુખત્યારશાહીની ગુલામી અવસ્થામાં ભૌતિક સમૃદ્ધિ મળે તે કરતાં લોકશાહી વ્યવસ્થામાં દારિદ્રય મેળવવું બહેતર છે.

પ્રેમ અને કલહ, ગતિશીલતાનું પ્રેરકબળ છે. બંને ગતિ કરાવે છે પણ બંને જુદી દિશા તરફ લઈ જાય છે. બહુ સહજતાથી એને તાબે પણ થઈ જવાય છે. પ્રેમ મોહ તરફ લઈ જાય છે અને કલહ દ્વેષને વધારે છે. જૈન શાસ્ત્રમાં અર્થને સમજવાની મુખ્ય પાંચ રીત છે, શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ, ભાવાર્થ. હવે આ અર્થોથી પ્રેમ અને કલહની ગતિને કઈ રીતે સમજી શકાય છે, તે પણ જોઇએ. જે ભાવ વ્યક્ત થાય છે તે ઘડીએ તે તેનું સત્ય છે પરંતુ તે સત્ય અનંત છે કે નહીં, તે કદી ખબર જ નથી પડતી. એક મનુષ્યનો અન્ય માટેનો ભાવ જો શરતી બને, તો તે ભાવ છે કે નહીં, તે મૂંઝવણમાં મુકનારો પ્રશ્ન છે. એક તરફ પ્રેમ-વાત્સલ્ય આ ભાવને સહજતાથી સ્વીકારવાની વાત થાય અને એમાં જ અપેક્ષાઓના ભારણ અને સ્વપ્નોના લટકાથી ભારેખમ બની જવાય. ત્યારે સમ્યક્‌ભાવે શબ્દાર્થથી લઈ ભાવાર્થ સુધીનો પ્રવાસ કામ આવે.

રાગથી થાક નહીં પરંતુ અનુભવ મળે છે, રાગને ભેદનાર દર્શન સુધી પહોંચી શકે છે. ભાવનું પણ દર્શન હોય. અપ્રતિમ ભાવ, જ્યાં કોઈ જ અપેક્ષા ન હોય ત્યાં અનહદ સંતોષ મળે છે. 'સુખ'


તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.

**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260.

નહીં પ્રાપ્તિની ઝંખના કરવી જોઇએ. અનંત દર્શન, અબાધિત દર્શન, જ્યોતિર્મય દર્શન...

જ્યારે જ્ઞાન અને રાગની ભિન્નતા સમજાય છે, તન્મયતાની પારદર્શિતા સમજાય છે ત્યારે આડંબરનું આવરણ ભેદાય છે. મિથ્યાત્વ તૂટે છે. 'મિથ્યા' શબ્દ માત્ર દર્શનના સંદર્ભે નહીં પરંતુ જીવન અને વ્યવહારમાં જોવો જોઇએ. જે પ્રાપ્ત નથી થતું તે જ માત્ર મિથ્યાત્વ નથી. જે પ્રાપ્ત છે તે પણ ભ્રમ છે, ક્ષણિક છે, શરતી છે? જો હા, તો તે મિથ્યાત્વ છે. અને જો પ્રાપ્તિ કોઈ જ આડંબર વગર કે આવરણ વગર છે તો તે રાગ નથી, તે મારે મન જ્ઞાનની એક અવસ્થા છે. આકાશમાં ઉડતા પંખીને ઉંચાઈ અને નીચાણ, બંનેનો અંદાજ હોય છે. બંને અવસ્થામાં તેનો આત્મા સ્થિર રહી શકતો હોય તો તેને કોઈ હિમાલય સુધી જવાની જરૂર રહેતી નથી.

એક માણસ પોતાની લોકપ્રિયતા માટે અનહદ પ્રયાસ કરતો. દિવસ-રાત તે લોકોના સંપર્કમાં રહેતો. તેને લાગતું કે તે ખૂબ જ યોગ્ય અને લાયક છે અને તેણે નેતા બનવાનો પ્રયાસ શરૂ કરી દીધો. એના ગામમાં સ્ટ્રોબેરી બહુ જ સરસ પાકતી હતી. તે માણસ, જે ગામ જતો ત્યાં સ્ટ્રોબેરીના બહુ જ વખાણ કરતો ક્યારેક સામેવાળાને એવું જ લાગતું કે આ જ માણસ આ સ્ટ્રોબેરીના ખેતરોનો કર્તાહર્તા છે. એ હોશિયાર માણસે પોતાના ડહાપણનો ઘણો ઉપયોગ કર્યો અને ચારે તરફ વાહવાહ થવા લાગી. જે કોઈ હવે ગામમાં આવે તેને એમ જ લાગે કે આ માણસ રાજા છે અને બધું એ જ કરે છે. લોકો એને માલિક સમજવા લાગ્યા. ગામના પાદરે બેસી ખેડૂતો વિચારતાં કે દિવસ રાત મહેનત કરી, આ પાક ઉગાડ્યો છે પણ અમારી કોઈ કિંમત ખરી? સ્ટ્રોબેરીની મીઠાશથી બધાના મોઢા પર સંતોષ જોવા મળે છે. પરંતુ આ મીઠાશનું કારણ તો અમારી મહેનત છે. આ નેતા અમને મળે ત્યારે બહુ પ્રેમપૂર્વક મળે છે, પણ અમારો રાજા હોય એમ વર્તે છે. જ્યારે આજ સુધી તો આ ગામમાં કોઈ રાજા હતો જ નહીં. ગામના લોકો વિચારે છે કે, ચાલો સારું થયું આ નેતાને કારણે આપણું ગામ પ્રચલિત થયું. આજ સુધી ક્યાં આટલું પ્રચલિત હતું! નેતા વિચારે છે કે હું આ ગામનો ઉદ્ધારક છું અને હું રાજા તરીકે લાયક છું. હું બધાનું ભલું કરું છું અને મને આ કરવાનો અધિકાર છે. બધા મારા હાથ નીચે મને પૂછીને કાર્ય કરશે અને હું જ માત્ર ભલું કરી, આ સ્ટ્રોબેરીને વિદેશ મોકલાવીશ અને આખા વિશ્વમાં આ સ્ટ્રોબેરી પ્રચલિત થશે અને હું એનો ઉદ્ધારક બનીશ. વાચક મિત્રો, એક દિવસ ભયંકર તીડોના તોફાનની એંધાણી થઈ. રાજા પોતાના મકાનમાં ચિંતા કરી સરકારી સહાયકોને બોલવવામાં વ્યસ્ત હતો. ગામના થોડાક જ લોકો ખેતરે પહોંચી ખેડૂતોને મદદ કરી રહ્યા હતા, અને ખેડૂતો પોતાના સપરિવાર તીડોના હુમલાને ખાળવા વ્યસ્ત હતા. ત્યારે એક બાળક કહે છે કે, 'પપ્પા રાજાને બોલાવીએ તો તીડો ભાગી નહીં જાય?' ખેડૂત કહે છે કે, 'રાજા તો ક્યારનો પોતાનામાંથી જ ભાગી ગયો છે. જેને પોતાના જ સ્વરૂપનું ભાન નથી અને પોતાના કર્તવ્યનું ભાન નથી એ આપણને શું બચાવશે? કોઈ એને બચાવે તો સારું! આપણા પરનો હુમલો તો સમયાધીન છે. આપણે સમય આવે ફરી ઉભા થાશું. પરંતુ એ રાજાને ફરી ઉભો કોણ કરશે કારણ એ સમયાધીન નહીં મનાધીન છે. જેનું મન સ્ખલિત છે તેને કોણ બચાવશે?' ગુફાને ઓળંગીને ગુફામાં નથી જવાનું. પરંતુ ગુફાના આવરણને ભેદીને મુક્ત થવાનું છે.

નિશ્ચય એટલે યથાર્થ વસ્તુ સત્યાર્થપણે જેમ હોય તેમ જ કહેવું. વ્યવહાર એટલે કે વસ્તુ સત્યાર્થપણે તેમ ન હોય પણ પર વસ્તુ સાથેનો સંબંધ બતાવવા મેળવીને ભેદ કરીને કથન કરવું.

નિશ્ચય નહિ હોય તો તત્ત્વ લોપ પામશે (નાશ પામશે) વ્યવહાર નહિ હોય તો તીર્થ લોપ પામશે.

આત્માનું હિત નિશ્ચયથી જ થાય.

આત્માનું હિત વ્યવહારથી ન થાય–તેના વગર પણ ન થાય. જેની જેટલી કિંમત તેટલી ચૂકવવી પડે–વધુ પણ નહિ ઓછી પણ નહિ. 'જે જે જ્યાં જ્યાં યોગ્ય છે તેહ સમજવું ત્યાં.'

જગતના બધા જ જીવો સુખ ઈચ્છે છે અને દુઃખથી ડરે છે. સુખ કેમ પ્રાપ્ત થાય એ જ જીવનું પ્રયોજન છે. જીવ સુખ માટે મથે એમાં કશું ખોટું નથી, પણ જીવ સુખનો અર્થ સમજે છે એ અપેક્ષિત છે. જીવ જેમ 'પર'થી મુક્ત થાય તેમ 'સ્વ'થી મુક્ત થાય. આજે જીવને અન્ય પરની સત્તાનો મોહ છે. સત્તા અને લોકપ્રિયતા હોય ત્યાં મુક્તિ નથી મળતી. ખેડૂત જેવી સમતા કેળવવી સહેલી નથી.

* * * * *

ઘણીવાર વિચારોનો પ્રવાહ મનને રોકી દે છે અને સમજાતું નથી કે મનને કઈ દિશામાં લઈ જવું. ત્યારે કેન્દ્રની શોધ પણ મનને શાંત નથી કરી શકતી. જે ભાષામાં આજે હું તમારી સાથે અને તમે મારી સાથે વાત કરી રહ્યા છો એ ભાષાનું અસ્તિત્વ શું?

બે મુદ્દા બહુ મહત્ત્વના છે એક તો માતૃભાષા સામે ઝળુંબતો મહાકાય પ્રશ્ન 'અસ્તિત્વનો'. આજે બોલનારી ગુજરાતી ભાષા લખાણમાં ઓછી જોવા મળે છે. નગરની શાળામાંથી માતૃભાષા વિદાય લઈ રહી છે. વિકાસના નામે વિદેશી ભાષાની મહત્તાને માત્ર સ્વીકારી નહીં પરંતુ સ્વની ભાષાને બાજુમાં મૂકીને આજે વિકસિત પ્રજા રંક બની રહી છે પરંતુ પોતાની જાણ બહાર જ આ પ્રજા પોતાના માટે ખાડો ખોદી રહી છે. અંદરથી રિક્ત થવાય એની જાણ તરત જ નથી થતી. ખવાઈ જાય છે અને પછી જ્યારે બધું પોકળ બની જાય ત્યારે ખ્યાલ આવે. હાલમાં રણજીતરામ સુવર્ણચંદ્રક સ્વીકારતી વખતે શ્રી કુમારપાળ દેસાઈએ જે વ્યાખ્યાન આપ્યું તેમાં પણ જણાવ્યું કે 'વ્યક્તિનું આંતરસત્ત્વ અને ચેતનાનું પ્રાગટ્ય માતૃભાષામાં થાય

છે.'

કેળવણીની ભાષા આપણે ભૂલી ગયા છીએ. એક માત્ર સ્પર્ધાની ભાષા જ સમજાય જાય છે. લપસી પડ્યું છે ભભકાદાર આવરણોમાં આપણું અસ્તિત્વ. પાયાના શિક્ષણ માટે માતૃભાષા અતિ મહત્ત્વની છે. ભાષા આજબાજુના પરિવેશથી શીખી શકાય છે. આજે અધકચરી અને સપાટી પરની અંગ્રેજીથી સામેવાળાને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરાય છે. જ્યારે પોતાની માતૃભાષા બોલતી વખતે શરમ આવે છે. બાળકના વિકાસની ક્ષમતા માતૃભાષામાં વધુ રહેલી છે. આજે હવે સમજીને બાળકોને પોતાના હક્કનું વાતાવરણ આપવાનો અને સ્વપ્નની ભાષા આપવાનો સમય આવી ગયો છે. નહિ તો આવનારી પેઢી આપણાથી વધુ ને વધુ દૂર થઈ જશે. નક્કી એ કરવાનું છે કે આપણે થોર ઉગાડવા છે કે વેલ.

* * * * *

ધર્મનું કાર્ય સંસારીને સાધક બનાવવાનું છે અને સાધકને સાધનાનો માર્ગ ચીંધવાનો છે. ધર્મના મૂળમાં વિવેક અથવા સમ્યગદૃષ્ટિને સ્થાન મળ્યું છે. વિવેકનો અર્થ પૃથક્કરણ થાય છે. હમણાં જ દીપક ફાઉન્ડેશનના મુરબ્બી સી. કે. મહેતાને મળવાનું થયું. 'પ્રબુદ્ધ જીવન'ની આર્થિક જવાબદારી પોતાના શિરે લીધી ત્યારે એક બહુ જ સરસ વાત કરી કે 'મને સારા કામમાં રસ પડે છે અને એવા કામ ચાલુ રહે તે માટે હું પ્રયત્નશીલ રહું છું. પરંતુ હું આર્થિક વહન સાથે સ્વતંત્રતા પુરતી આપું છું. તમને આ વિશાળ સૃષ્ટિમાં, જ્ઞાનના વિશ્વમાં ઉડવા માટે ભૂમિ આપી શકું. તમારી પાસે પંખ છે. જેને મેં ઓળખી છે અને એટલે ભૂમિ હું આપી શકું. પરંતુ પાંખને પ્રસારવાની જવાબદારી તમારી છે.' સી. કે. મહેતાના આ શબ્દો બળ આપે છે અને આદર જન્માવે છે. 'પ્રબુદ્ધ જીવન' પરિવાર એમનું ઋણી છે કે 'વિસ્તારની તમે અમને શક્યતા આપી હળવાશ પણ આપી. ઉંમર કરતાં વધુ મનુષ્યત્વને આદર આપ્યો.' જે વ્યક્તિએ જૈન ધર્મ પચાવ્યો હોય તે જ આવું વિચારી શકે છે. સમાજ આવા વિચારકોનું ઋણી રહેતું હોય છે.

ધર્મ પણ તો કેળવણી છે. જો અંદરથી ધક્કો મારીને પ્રતીતિ ન કરાવે તો એ ધર્મ ન હોઈ શકે. પરંતુ મહત્ત્વનું એ છે કે એકવાર ધક્કો વાગ્યા પછી આપણે રોકાઈએ છીએ ખરા? વિવેક જન્મે પણ એ જીવતો રહેવો જોઇએ. દર્શન, જીવન જીવવાની રીત શીખવાડે છે. ધર્મ છોડતા શીખવે છે, સત્તામુક્ત કરે છે. ધર્મ સંતોષ આપે છે અને તરસ છીપાવે છે. ધર્મ પ્રભાવ નહીં, સ્વભાવ આપે છે, માત્ર ઉપરી પ્રભાવ નહીં પરંતુ આંતરિક બળ આપે છે. ધર્મ પ્રેમ કરતાં શીખવે છે, માનવતા શીખવે છે, સમભાવ શીખવે છે. ધર્મ ટકાવી રાખે છે, આપણને, આપણી શ્રદ્ધાને, આપણી ચેતનાને.

* * * * *

આ વખતથી પ્રબુદ્ધ જીવન'ના અંતિમ પાના પર એક નવી શ્રેણીનો આરંભ કરી રહ્યા છીએ. 'જો હોય આ મારો અંતિમ પત્ર તો...' સાહિત્યકારો, કેળવણીકારો, ચિંતકો વગેરે પાસે એક પત્ર લખાવવાની અપેક્ષા છે. જેમાં સર્જક પોતાના જીવનને પ્રતિબિંબિત કરે અથવા કોઈ એક પ્રસંગને કહે. અહીં સમગ્ર જીવનના અર્કને લાલિત્ય દ્વારા ભાવક સુધી પહોંચાડે. આવા પત્ર વાચક સાચવતો હોય છે અને પોતાના જીવનમાં એ ફરી-ફરી વાંચી એમાંથી આનંદ અને પ્રોત્સાહન મેળવતો હોય છે. આ પત્ર વાચક માટે પણ સભર અને સમૃદ્ધિમય બની રહેશે અને વાચકનો જીવન અભિગમ જુદી દિશામાં ખુલશે અને પાંગરશે એવી મારી શ્રદ્ધા અસ્થાને નથી જ.

તો ચાલો, પત્ર વાંચીએ અંતિમ પાને.

અંતે,

*જે જીવું, જેટલું જીવું, હળવું જીવું.*
*સહજ જીવું, સરળ જીવું, સહુના હૃદયમાં જીવું*
*ભુલાઈ જવાશે તો વાંધો નહીં,*
*પણ તમારા દ્વેષનું નિમિત્ત ન બનું તો ઘણું.*
*મારે જીવવું પ્રેમના સન્નિવેશે...*

❑ **સેજલ શાહ**
sejalshah702@gmail.com
Mobile : +91 9821533702

## સંનિષ્ઠ સાહિત્યકાર ચિનુ મોદીના સ્મરણમાં...

### ચાલ, થોડો યત્ન કર

*છે સડક, દોડી શકાશે, ચાલ, થોડો યત્ન કર.*
*આ જગત છોડી શકાશે, ચાલ, થોડો યત્ન કર.*
*તું ભલે થીજી ગઈ છે પણ સ્વભાવે છે નદી.*
*આ બરફ તોડી શકાશે, ચાલ, થોડો યત્ન કર.*
*કોઈ ઇચ્છા એકલી વટભેર ચાલી ના શકે,*
*કૈંક કશું જોડી શકાશે, ચાલ, થોડો યત્ન કર.*
*કાંધ પરથી એ કીડી! ગાયબ થયો છે થાંભલો,*
*આભમાં ખોડી શકાશે, ચાલ, થોડો યત્ન કર.*
*બાતમી મળશે તને 'ઇર્શાદ'ના એકાંતની,*
*ગુપ્તચર ફોડી શકાશે, ચાલ, થોડો યત્ન કર.*

**–ચિનુ મોદી 'ઇર્શાદ'**

(જન્મ: ૩૦/૯/૧૯૩૯ –મૃત્યુ: ૧૯/૩/૨૦૧૭.)

# દરિસણ દીઠે જિન તણું રે... સંશય ન રહે વેધ...
# સંશય નિવારક – જિન દર્શન — સંશય નિવારક – જૈન દર્શન

☐ પંન્યાસ-ડૉ. અરૂણવિજય મ.

*[પરમ પૂજ્ય અરુણવિજયજી મહારાજશ્રીએ છેલ્લા બે વર્ષ દરમ્યાન આનંદઘનજીના પદો પર બે સેમિનાર કર્યા. ખૂબ જ જ્ઞાનવર્ધક અને મૂલ્યવાન આ પરિસંવાદમાં આનંદઘનજી ચોવીસી પર વિવિધ સંશોધકો પાસે સંશોધન કરાવી પરિપત્રો તૈયાર કરાવ્યા. આ પરિસંવાદની ફળશ્રુતિ રૂપે આચાર્યશ્રીનો એક લેખ.]*

'શ્રદ્ધાવાન લભતે ફલં... સંશયાત્મા વિનશ્યિત' ઇસ પ્રસિદ્ધ ઉક્તી કે અનુસાર યહ સ્પષ્ટ પરિણામ દોનોં કે હૈ કિ, હમેશા શંકાશીલ સ્વભાવ રખનેવાલે કા વિનાશ હોતા હૈ. વહ કુછ ભી લાભ પ્રાપ્ત નહીં કર પાતા હૈ. જબકિ શ્રદ્ધાલુ વ્યક્તિ અનેક પ્રકાર કા શુભ ફલ પ્રાપ્ત કરતા હૈ. આખિર ક્યોં ઐસા હોતા હૈ. વાસ્તવ મેં યહ શોધ કા વિષય હૈ. લેકિન સનાતન કાલ સે યહ કિંવદન્તી પ્રચલિત એવં પ્રસિદ્ધ હૈ. લોગોં મેં શંકાશીલ-સંશય-વૃત્તિવાલે ભી આજ સે નહીં-અનાદિ કાલ સે હૈ. ઔર શ્રદ્ધાલુ વર્ગ યદ્યપિ તુલના મેં કાફી કમ હોને કે બાવજૂદ ભી હૈ તો સહી. સર્વથા શ્રદ્ધાલુઓં કા અભાવ તો નહીં હૈ. ભલે હી કમ સંખ્યા હો... ફિર ભી હૈ સહી. અનુભવી બુજૂર્ગોં સે યહ પતા ચલતા હૈ કિ કઈ લોગોં કો ઐસા ભી દેખા હૈ કિ... હર બાત મેં શંકા હી શંકા રખકર ચલતે થે. ઉનકા પતન ભી યથાશીઘ્ર હો ગયા. સામાજિક વ્યવહાર મેં ભી દેખા જાતા હૈ કિ... પરિવાર મેં પારિવારિક જીવન જીતે હુએ ભી... પત્ની પર શંકા આને સે, ઉસકે ચરિત્ર મેં શંકા-કુશંકા બઢને કે કારણ પ્રેમ કા મધુર સંબંધ તૂટ જાતા હૈ ઔર પતિ-પત્ની કા ખૂન (હત્યા) ભી કર દેતા હૈ. વર્તમાન કલિયુગ મેં ઐસે દૃષ્ટાન્ત તો માનોં આએ દિન બનતે (હોતે) હી રહતે હૈ. અતઃ આએ દિન અખબારોં મેં ઐસી અનર્ગલ બાતેં આતી હી રહતી હૈ.

યહ તો હુઈ બાત... સામાજિક ક્ષેત્ર કી, પારિવારિક વ્યાવહારિક ક્ષેત્ર મેં આએ-દિન ઐસા હોતે રહના યહ આમ બાતેં, યા આમ ઘટના હોતી રહતી હૈ. તો ક્યા ધાર્મિક ક્ષેત્ર મેં? આધ્યાત્મિક ક્ષેત્ર મેં, દાર્શનિક ક્ષેત્ર મેં ઐસા શંકાસ્પદ-સંશયાત્મક સ્વભાવ ક્યોં દિખતા હૈ. ઇસકે ઉત્તર મેં સ્પષ્ટ કારણ યહ હૈ કિ... જિનકા પાયાભૂત પદાર્થજ્ઞાન નિઃશંક-સ્પષ્ટ નહીં હૈ. તથા તત્ત્વજ્ઞાન એવં તત્ત્વોં પર કી શ્રદ્ધા જિનકી પૂરી નહીં હૈ, અર્થાત્ શંકા વિરહિત જિનકા તત્ત્વજ્ઞાન સહી નહીં હૈ ઉન સાશંક સાધકોં કો આધ્યાત્મિક જીવન મેં ધાર્મિક યા દાર્શનિક જીવન મેં આચાર-વિચાર કે સમય શંકા-કુશંકા બની રહતી હૈ. પાયાભૂત મૌલિક પદાર્થ જ્ઞાન કો દ્રવ્યાનુયોગ કે અભ્યાસ પૂર્વક, ત્રિપદી પૂર્વક કે અભ્યાસ દ્વારા તથા અનેકાન્તવાદ પદ્ધતી સે ચિન્તન કરને એવં સ્યાદ્વાદ કી ભાષા શૈલી દ્વારા સાપેક્ષ ભાવ પૂર્વક પદાર્થોં કે દ્રવ્ય ગુણ-પર્યાયાદિ કા સ્વરૂપ સહી ઢંગ સે સમઝકર, યા નયવાદ દ્વારા એક-એક નયોં સે પદાર્થ સ્વરૂપ કા સ્વતંત્ર સ્પષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરકે સર્વ નયોં કા સર્વાંગીણ જ્ઞાન પ્રાપ્ત કરકે સર્વશા શંકા-કુશંકા રહિત સ્વરૂપ યા અવસ્થા આજકે કલીયુગ મેં ભી ઉપલબ્ધ કિયા જા સકતા હૈ.

સર્વજ્ઞ પ્રણીત જ્ઞેય પદાર્થોં કા જ્ઞાન હી અપને આપ મેં પૂર્ણ-પરિપૂર્ણ હૈ. સંપૂર્ણ હૈ. સંપૂર્ણ સર્વજ્ઞાની કા જ્ઞાન-દર્શન હી પૂર્ણ-સંપૂર્ણ હૈ. મૂલ મેં સર્વજ્ઞ હી અપૂર્ણ અધૂરે નહીં હૈ. જિન્હેં હસ્તામલકવદ્ પ્રત્યેક પદાર્થોંકા તથા ઐસે અનન્ત પદાર્થોં કા જ્ઞાન-દર્શન સ્પષ્ટ હૈ. તથા સર્વ ક્ષેત્ર-સર્વ કાલ સે ભી જિનકા, જ્ઞાન ત્રૈકાલિક-ત્રિક્ષેત્રીય હૈ. તથા સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કા-ભાવ સે સુસંપન્ન હૈ. ફિર ઉસ જ્ઞાન-દર્શન મેં અધૂરાપન રહેગા હી કૈસે? ક્યોં રહેગા?

સ્વયં જ્ઞાતા સંસાર કે અનન્તાનન્ત પદાર્થોં-જ્ઞેયોં કા જ્ઞાન હી સર્વાંગીણ રૂપ સે કરતે હૈ. ઔર વહ ભી અનન્ત જ્ઞેય પદાર્થોં કા જ્ઞાન માત્ર ઇન્દ્રિયોં દ્વારા હી નહીં અપિતુ આત્મ પ્રત્યક્ષ સે જ્ઞાન પ્રાપ્ત કરતે હૈં. તથા સમસ્ત હેય પદાર્થૈ કા આત્મ પ્રત્યક્ષ સે દર્શન ભી કરતે હૈં. દેખતે ભી હૈ. ઇસ તરહ કેવલ દર્શન સે દેખકર તથા કેવલ-જ્ઞાન સે જાનકર જબ જ્ઞાન-દર્શન ઉભય પૂર્ણ-સંપૂર્ણ કરતે હૈં. અબ ઐસી પ્રક્રિયા મેં પદાર્થ કા અંશ માત્ર ભાગ ભી ઉનકે અનન્ત જ્ઞાન-દર્શન મેં જાનના-દેશના કી પ્રક્રિયા મેં છૂટતા હીં નહીં હૈ. ઇસ તરહ જ્ઞાન-દર્શન ઉભય પૂર્ણ-સંપૂર્ણ હોતા હૈ. ઇસ તરહ એક-એક કરકે સમસ્ત સંસાર કે અનન્તાનન્ત પદાર્થોં કા જ્ઞાન-તથા દર્શન જબ પૂર્ણ-સંપૂર્ણ સ્પષ્ટ હો જાતા હૈ. સર્વ ક્ષેત્રીય અર્થાત સંપૂર્ણ લોક-અલોક કે સમસ્ત-અનન્તાનન્ત પદાર્થો કા જ્ઞાન-દર્શન સ્પષટ હો જાતા હૈ. ઇસી તરહ સર્વ કાલીન-અનન્ત ભૂતકાલીન, અનન્ત ભવિષ્યકાલીન તથા વર્તમાન કાલીન ઇસી ત્રૈકાલિક સમસ્ત પદાર્થોં કા જ્ઞાન દર્શન સ્પષ્ટ હો જાતા હૈ ઉન્હેં હી સર્વજ્ઞ કહે જાતે હૈં.

સમગ્ર વિશ્વ મેં અનન્તાનન્ત દ્રવ્ય હૈ. અનન્તાનન્ત દ્રવ્યોં કી ઉત્પાદ-વ્યય કી પ્રક્રિયા સે અનન્તાનન્ત પર્યાયેં હોતી હૈ. ક્યોંકિ

અનન્ત, ભૂતકાલ વ્યતીત હો ચુકા હૈ. ઇસ બીતે હુએ અનન્ત ભૂતકાલ મેં અનન્તાનન્ત પર્યાયોં કા ઉત્પાદ-વ્યય હોતે રહને સે પર્યાય પરિવર્તન ભી અનન્ત-અનન્ત બાર હો હી જાતા હૈ. દ્રવ્યાનુયોગ કે મૂલભૂત નિયમાનુસાર પ્રત્યેક પદાર્થ માત્ર મૂલ દ્રવ્ય સ્વરૂપ સે ધ્રૂવ નિત્ય હૈ. અતઃ ત્રિકાલ નિત્ય દ્રવ્ય કા અસ્તિત્વ અનાદિ સે અનન્ત કાલ તક બરોબર બના રહતા હૈ. અતઃ મૂલ દ્રવ્ય અનાદ્યનન્ત કાલીન અસ્તિત્વવાન હૈ. ઇસીલિયે ઉસકા અસ્તિત્વ કભી લુપ્ત હોતા હી નહીં હૈ. ઐસા ત્રૈકાલિક નિત્ય અસ્તિત્વવાન દ્રવ્ય હોતે હુએ ભી ઉસમેં ઉત્પાદ-વ્યય કી પ્રક્રિયા હોને સે અનન્ત બાર પર્યાય પરિવર્તન હોતા હી રહતા હૈ. ઇસ તરહ અનન્ત બાર કે પર્યાય પરિવર્તન હોતે રહને પર ભી મૂલ પદાર્થ સ્વરૂપ કા નાશ-વિનાશ કદાપિ હોતા હી નહીં હૈ. ઉદાહરણાર્થ – આત્મા એક દ્રવ્ય હૈ. ઔર હાથી-ઘોડા-દેવ-મનુષ્ય-નારકી આદિ ઇસકી બદલતી હુઈ પર્યાય હૈ. જિસ યોનિ મેં જીવાત્મા ગઈ વહાં ઉત્પન્ન હુઈ. દેહ ધારણ કરકે નઈ પર્યાય બનાકર ઉસમેં રહી. આયુષ્ય કર્માનુસાર કાલાવધિ જિતની રહી ઉતના કાલ ઉસ પર્યાય મેં પૂર્ણ કરકે અન્ત મેં મૃત્યુ પાકર ઉસ પર્યાય કા વ્યય કિયા (છોડ દી) પુનઃ સ્વ કર્માનુસાર દૂસરી ગતિ મેં જાકર દૂસરા દેહ નિર્માણ કિયા. ઇસ તરહ કર્માનુસાર એક-એક-પ્રત્યેક જીવાત્મા ને અનન્ત-અનન્ત બાર ઉત્પાદ-વ્યય કી પ્રક્રિયા લે અનન્તાનન્ત પર્યાયોં કા પરિવર્તન કિયા. યદિ માનોં કી જીવાત્મ મૂલ દ્રવ્ય કા હી અન્ત-નાશ હો જાતા તો પર્યાય કૌન ધારણ કરતા? અર્થાત્ આત્મા હી મૂલ સત્તા મેં નહીં રહતી તો પર્યાય કૌન ધારણ કરતા? બિન દ્રવ્ય કે પર્યાય કૈસે હોગી? કિસકી હોગી? ઠીક ઇસી તરહ ગુણોં કી ભી પર્યાય હોતી હૈ. બિના આધાર કે આધેય કી સ્થિતિ સંભવ હી નહીં હૈ. અતઃ સંસાર મેં પર્યાય હોને-બનને કે લિએ દ્રવ્ય-ગુણ કા હોના અનિવાર્ય હૈ. આત્મા દ્રવ્ય હૈ ઔર વહ ભી ત્રિકાલ નિત્ય અસ્તિત્વ ધારક દ્રવ્ય હૈ. અતઃ એક બાર નહીં અનન્ત બાર દેહાકાર પર્યાય ધારણ કરતી રહતી હૈ. એક પર્યાય ધારણ કરે તબ ઉત્પાદ ઔર ઉસી પર્યાય કો છોડ દે તબ વ્યય હો જાતા હૈ. ફિર આગે જાકર નઈ-નઈ પર્યાય ધારણ કરતી હી રહતી હૈ. ઇસ તરહ અનન્ત બાર આત્મા કી ઉત્પત્તિ દેહરૂપ મેં હોતી રહતી હૈ. દૂસરે અનન્ત પર્યાયોં કા પરિવર્તન હોતા હૈ. તથા અનન્ત બાર પર્યાય કા વ્યય ભી હોતા હૈ. ઇસ ઉત્પાદ-વ્યય કી પ્રક્રિયા કા અનન્ત-અનન્ત બાર હોને રહને સે અનન્તાનન્ત પર્યાયોં કા પરિવર્તન ભી હોતા હી રહતા હૈ.

**કારણીભૂત કર્મ કારક હૈ** - આખિર આત્મા કો ઇસ તરહ અનન્તાનન્ત પર્યાયોં મેં પરિભ્રમણ કરાનેવાલા કારક કૌન હૈ? ક્યા ઈશ્વર કા યહી કાર્ય હૈ? સર્વજ્ઞ દર્શન મેં ઇસે સર્વથા અસત્ય-મિથ્યા કહા હૈ. ક્યોંકિ ન તો કોઈ ઐસે ઈશ્વર કા અસ્તિત્વ હૈ? ઔર ન હી ઐસી કોઈ ઈશ્વરીય શક્તિ યા સત્તા હૈ જો કિ સંસાર કે અનન્તાનન્ત જીવોં કી અનન્તાનન્ત પર્યાયોં કો કરતા-બનાતા હી રહે નહીં. ન તો ઐસી કોઈ વાસ્તવિકતા હૈ ઔર નહી કોઈ પ્રક્રિયા યા પદ્ધતિ હૈ. યદ્યપિ અન્ય દર્શનોં કી ઐસી માન્યતા હૈ કિ ઈશ્વર હી સૃષ્ટિ કા સંચાલક હૈ. વહી સર્જક ભી હૈ. વહી સંસાર કી સમૂચી વ્યવસ્થા કે વ્યવસ્થાપક ભી હૈ. ઐસી ઉનકી માન્યતા-ધારણા હૈ. લેકિન મૂલભૂત પદાર્થગત વાસ્તવિકતા હી ઐસી નહીં હૈ. તથા પદાર્થ સ્વરૂપ ભી વૈસા નહીં હૈ. ઇસલિએ સર્વથા અસત્ય યા મિથ્યા સ્વરૂપ માનના ઉચિત હી નહીં હૈ.

જૈન દર્શન કે અધિષ્ઠાતા તત્ત્વવેતા ઐસે સર્વજ્ઞોં ને અપને અનન્ત જ્ઞાન-દર્શન દ્વારા સમસ્ત પદાર્થોં કા હસ્તામલકવત્ અવલોકન કરકે ચરમ સત્યાત્મક ઐસા યથાર્થ સત્ય સિદ્ધાંતો કો સ્પષ્ટ કિયા હૈ કિ... જીવાત્મા દ્રવ્ય પર પુદ્ગલ દ્રવ્ય કે કાર્મણ વર્ગણા કે પરમાણુઓં કો આશ્રવ કે રૂપ મેં ગ્રહણ કરકે કર્મ કે રૂપ મેં બાંધતા હૈ. બંધ કે બાદ કર્મ સંજ્ઞા બનતી હૈ. યે કર્મ આત્મા કે સાથ સદા હી રહતે હૈ. યે કર્મ ૮ પ્રકાર કે અલગ-અલગ હૈ. ઇનમેં એક કર્મ આયુષ્ય કર્મ હૈ. ઇસકે કારણ જીવોં કી દેહ પર્યાય કી ઉત્પત્તિ-વ્યય હોતા હી રહતા હૈ. જબ જીવ આયુષ્ય કર્મ કી શુરુઆત કરતા હૈ તબ નએ ધારણ કિયે હુએ દેહ મેં રહના-જીના પ્રારંભ હોતા હૈ. ઔર ઉસી આયુષ્ય કર્મ કી સમાપ્તિ કે સમય મેં આત્મા દેહ પર્યાય કો છોડકર પુનઃ અન્ય દેહ પર્યાય ધારણ કરતી હૈ. બસ જબ તક સર્વથા સંપૂર્ણ રૂપ સે કારણીભૂત કર્મોં કા ક્ષય ન હો જાય વહાં તક તો યહ ક્રમ નિરંતર ચલતા હી રહેગા. સંસાર મેં ઇસ તરહ અનન્તાનન્ત જીવોં કા અનન્તાનન્ત બાર જન્મ-મરણ હોતા હી રહતા હૈ. જહાં અનન્તાનન્ત જીવોં કા ઇસી તરહ અનન્તાનન્ત બાર જન્મ-મરણ હોતા હી રહે ઉસે હી સંસાર કહતે હૈ. ઐસા સંસાર ચક્રાકાર સ્થિતિવાલા હૈ. જૈસે ચક્ર ઘૂમતા-ફિરતા રહતા હૈ. ઠીક ઉસી તરહ યહ સંસાર ચક્ર ભી ચક્રાકાર રૂપ મેં નિરંતર અખંડરૂપ મેં ઘૂમતા હી રહતા હૈ.

સંસાર મેં અનન્તાનન્ત જીવાત્માઓં કા અસ્તિત્વ હૈ. ઐસી અનન્તાનન્ત આત્માએ દ્રવ્ય સ્વરૂપ મેં હી હૈ. વે સભી પર પુદ્ગલ દ્રવ્ય કી કાર્મણ વર્ગણા (સમૂહ) કો ગ્રહણ કરતે કર્મ રૂપ મેં બાંધકર સકર્મી બની રહતી હૈ. ઐસે કર્મ હી સંસાર કે અનન્તાનન્ત જીવોં કે સાથ બંધે હુએ હી રહતે હૈ. વે હી કર્મ કારક રૂપ બનતે હૈ. કારણીભૂત નિમિત્ત બનકર કારક રૂપ મેં રહતે હૈં. ઇસ વિષય કી મીમાંસા કાફી વિસ્તાર પૂર્વક કી જા સકતી હૈ. લેકિન પૃષ્ઠ મર્યાદા કે કારણ યહાં સંક્ષેપ મેં હી પ્રસ્તુત કિયા હૈ. સારાંશ યહ હૈ કિ... અનન્તાનન્ત જીવાત્માઓં કે સાથ નિશ્ચિત રૂપ સે સંસાર મેં અવિનાભાવ સંબંધ સે કર્મ રહતે હી રહતે હૈ. કારણીભૂત ઐસે કર્મ હી કારક બનકર

અનન્તાનન્ત જીવોં કા ઉત્પાદ-વ્યય પ્રક્રિયા સે જન્મ-મરણ કરાતે હી રહતે હૈ. ઐસે સ્પષ્ટ સત્ય કા નિષેધ કરકે ઈશ્વર કો કારક માનકર અસત્ય-મિથ્યા ધારણા ક્યોં બનાની?

**જિન દર્શન – બનામ – જૈન દર્શન**

દર્શન શબ્દ યહાં દ્વિ અર્થ વાચક હૈ. એક અર્થ ભગવાન કી પ્રતિમા કો મંદિર મેં દેખના હૈ. ઔર દૂસરા અર્થ ઐસે સર્વજ્ઞ ભગવાન ને જો પ્રતિપાદિત કિયા ઉસે ભી દર્શન શબ્દ સે વાચ્ય કિયા હૈ. ઐસા દર્શન શબ્દ જો કિ તત્ત્વજ્ઞાન PHILOSOPHY વાચક હૈ.

પૂ. અવધૂતયોગી આનન્દઘનજી મહારાજ ને તેરહવેં ભગવાન શ્રી વિમલનાથ પ્રભુ કે સ્તવન મેં પ્રારંભ મેં હી 'દરીસણ' દીઠે જિનતણું રે... સંશય ન રહે વેધ... ઐસે દ્વયર્થી શબ્દોં કા જો પ્રયોગ કિયા હૈ ઉસસે સ્પષ્ટ હોતા હૈ... કિ ચરમ સત્યાત્મક ઐસે શાશ્વત સિદ્ધાંતો કા પ્રતિપાદન કરનવાલે સર્વજ્ઞ જિનેશ્વર ભગવાન કે પ્રાસાદ મેં દર્શન (દરીસણ) કરને માત્ર સે સંશય રહતા હી નહીં હૈ. ઠહરતા હી નહીં હૈ. બાત ભી બિલકુલ સહી હૈ કિ... ચરમસત્યાત્મક ઐસે ત્રિકાલ શાશ્વત સિદ્ધાન્તોં કી પ્રરૂપણા એક માત્ર સર્વજ્ઞ હી કર સકતે હૈં. ક્યોંકિ એક માત્ર સર્વજ્ઞ હી ઐસે હૈ જો કિ ત્રિકાલદર્શી તથા ત્રિકાલજ્ઞાની હોતે હૈ. યહ અન્વય વ્યતિરેકી વ્યાપ્તિ હૈ કિ જો જો સર્વજ્ઞ-સર્વદર્શી હોતે હૈ વે અવશ્ય હી ત્રિકાલજ્ઞાની-ત્રિકાલદર્શી અનિવાર્ય રૂપ સે હોતે હી હૈ. ઠીક વૈસે હી જો જો ત્રિકાલજ્ઞાની-ત્રિકાલદર્શી હોતે હૈ વે નિશ્ચિત રૂપ સે અનિવાર્ય રૂપ સે સર્વજ્ઞ-સર્વદર્શી હોતે હી હૈ. ત્રિકાલજ્ઞાની-ત્રિકાલદર્શી હોને સે સમસ્ત પદાર્થોં કા દ્રવ્ય-ગુણ-પર્યાય તીનોં અવસ્થાઓં કા જ્ઞાન પરિપૂર્ણ સંપૂર્ણ હોતા હૈ. ઇસી તરહ ઉત્પાદ-વ્યય કી અનન્તતા કા ભી જ્ઞાન-દર્શન પૂર્ણ-સંપૂર્ણ હોતા હૈ. સર્વ નિક્ષેપોં સે ભી પદાર્થોં કા જ્ઞાન-દર્શન પૂર્ણ સંપૂર્ણ હોતા હૈ. તત્ત્વોં કા આશ્રયરૂપ એવં આધાર ભૂત મૂલ ભૂત પદાર્થ સ્વરૂપ હી હોતા હૈ. અતઃ જિનકો પદાર્થોં કા જ્ઞાન-દર્શન વિશિષ્ટ કક્ષા કા હૈ વે હી તત્ત્વ વ્યવસ્થા-તત્ત્વ સ્વરૂપ કા પ્રતિપાદન સહી સમ્યગ્ ઢંગ સે કર પાતે હૈં. યદિ પદાર્થ સ્વરૂપ મેં સંપૂર્ણ સ્પષ્ટતા સત્યતા નહીં હોગી તો નિશ્ચિત રૂપ સે તત્ત્વ પ્રતિપાદના ભી સમ્યગ્ નહીં હો પાએગી. મિથ્યા હી રહેગી. ઔર યદિ પદાર્થ વ્યવસ્થા મેં હી જ્ઞાન-દર્શન સમ્પૂર્ણ શુદ્ધ સહી હોંગે તો નિશ્ચિત રૂપ સે તત્ત્વ વ્યવસ્થા ભી શતપ્રતિશત સહી નિર્દોષ શુદ્ધ હી હોગી. યહ ઠીક ગણિતીય ગુણાકાર જૈસા હી સ્વરૂપ હૈ. જૈસે ગણિત વિભાગ મેં ગુણાકાર-ભાગાકારાદિ મેં યદિ એક ભી અંક સંખ્યા મેં એક જગહ યદિ ભૂલ જાય તો આગે ચલતે–ચલતે સબ મેં ભૂલ હોતી હી જાએગી. ઔર વહ ભૂલ બડી-બડી હોતી હી જાએગી. ઠીસ ઇસી તરહ પદાર્થ વિજ્ઞાન કે સ્વરૂપ મેં પદાર્થોં કે દ્રવ્યાત્મક સ્વરૂપ મેં ગુણાત્મક સ્વરૂપ મેં યા પર્યાયાત્મક સ્વરૂપ મેં કહીં ભી યદિ ઉનકે ચરમ સત્યાત્મક સ્વરૂપ મેં છોટીસી ભી ભૂલ કર દી તો વહ આગે ચલકર બડા મિથ્યાત્વ બન જાતા હૈ. ઉદાહરણાર્થ આત્મા કે દ્રવ્ય સ્વરૂપ કા વિચાર કરતે સમય પ્રદેશ સંખ્યા અસંખ્ય હોતે હુએ ભી યદિ ઉસકી જગહ અનન્ત યા સંખ્યાત ઐસા શબ્દ પ્રયોગ કર દિયા જાય તો વહ મિથ્યા બન જાતા હૈ. ઐસે હી પંચાસ્તિકાયાત્મક પાંચોંહી પદાર્થોં કે દ્રવ્ય સ્વરૂપ કા મુખ્ય આધાર હી જો પ્રદેશ રચના પર હૈ. સાથ હી પ્રદેશોં કી સંખ્યા પર ભી પૂરા આધાર હૈ. અખંડ આકાશ દ્રવ્ય કે પ્રદેશોં કી સંખ્યા અનન્ત હૈ. ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય તથા જીવાસ્તિકાય ઇન તીનોં દ્રવ્યોં કી પ્રદેશ સંખ્યા અસંખ્ય હૈ. લોકાકાશ જો કિ ધર્માસ્તિકાયાન્તર્ગત આકાશ પ્રણામ હી હૈ ઉસકે પ્રદેશોં કી સંખ્યા અસંખ્ય હી હૈ. પુદ્ગલ દ્રવ્ય કે સ્કંધ અનિયત-લઘુ-દીર્ઘાદિ વિભિન્ન પ્રકારોં કે હોને સે કિસી સ્કંધ મેં સંખ્યાત પ્રદેશ, કિસી મેં અસંખ્ય પ્રદેશ તથા કિસી મેં અનન્ત પ્રદેશોં કી સંખ્યા હોતી હૈ. ઉત્પાદ-વ્યય કી પ્રક્રિયા સે પુદ્ગલ સે સ્કંધો કા પ્રમાણ ન્યૂનાધિક હોતા હી રહતા હૈ. અતઃ પ્રદેશ સંખ્યા અનિયત રહતી હૈ. યહ સંખ્યા શાશ્વત રૂપ સે ત્રિકાલ નિત્ય હૈ. ઇસમેં અનન્ત કાલ મેં કભી ભી કોઈ પરિવર્તન સંભવ હી નહીં હૈ. થોડાસા ચિંતન કરને સે યહ ભી પતા ચલેગા કિ ઇન સબ અસ્તિકાયાત્મક દ્રવ્યોં કી પ્રદેશ સંખ્યા કૌન ગિનને ગયા થા? ક્યા કિસી કે વશ કી બાત હૈ ક્યા? લેકિન અસર્વજ્ઞ–છદ્મસ્થ જીવોં કે લિએ વહ સર્વથા અસંભવ હૈ. પરંતુ સર્વજ્ઞોં કે લિએ અવશ્ય સંભવ હૈ. ઉનકે લિએ અસંભવ નહીં હૈ.

એક તરફ તો પદાર્થ હી મૂલ મેં અરૂપી, અમૂર્ત, અદૃશ્ય હૈ. ઐસા હોને કે બાવજૂદ ભી ઉનકી પ્રદેશ સંખ્યા ચરમ સત્યાત્મક ત્રિકાલ નિત્ય સ્વરૂપ મેં બતાના યહ સર્વજ્ઞ કી હી વિશેષતા હૈ. ઐસે પાંચોં અસ્તિકાયાત્મક પદાર્થોં કા સર્વ વિષયક સંપૂર્ણ સ્વરૂપ સ્પષ્ટ કરના યહ એક માત્ર સર્વજ્ઞોં કા હી વિષય હૈ. ઉનકી હી વિશેષતા હૈ. ઇસી તરહ સમૂચે વિશ્વ (લોક) સ્વરૂપ કા પ્રતિપાદન ભી સર્વજ્ઞ ભગવંત ને હી કિયા હૈ. અસ્તિકાયાત્મક પાંચોં અસ્તિત્વવાન પદાર્થોં કા સમૂહાત્મક સ્વરૂપ હી વિશ્વ હૈ. અતઃ સમગ્ર વિશ્વ કોઈ અલગ સે સ્વતંત્ર પદાર્થ નહીં હૈ. લેકિન ઇન પાંચોં અસ્તિત્વધારક અસ્તિકાયાત્મક (અર્થાત્ પંચાસ્તિકાયાત્મક પાંચોં) પદાર્થોં કે સમ્મિલિત-સમૂહાત્મક સંખ્યા કા નામ હી વિશ્વ હૈ. ઇસ વિશ્વ અર્થ મેં જૈન દર્શન કા વિશિષ્ટ સંજ્ઞાત્મક શબ્દ લોક હૈ.

સર્વજ્ઞ કેવલી ભગવન્તો ને જૈસા અપને અનન્ત કેવલજ્ઞાન મેં જાના, કેવલ દર્શન મેં દેખા ઠીક વૈસા હી વીતરાગ ભાવ સે જગત કે જીવોં સમક્ષ બતાયા હૈ. કહા હૈ. યદિ રાગ-દ્વેષ પૂર્વક કોઈ કથન કરે તો ઉસમેં અસત્યાંશ કી સંભાવના રહ સકતી હૈ. જબકિ એક તરફ તો જ્ઞાન-દર્શન પૂર્ણ-સમ્પૂર્ણ-અનન્ત હૈ. ઔર કથન કરને કે

લિએ વીતરાગભાવ ભી પૂર્ણ-સમ્પૂર્ણ હૈ. તથા પ્રતિપાદનાર્થ ભાષા પદ્ધતી ભી સ્યાત્ શબ્દ સે અંકિત વાક્ય રચનાવાલી હૈ. ઉસમેં ભી અપેક્ષાપૂર્ણ સાપેક્ષભાવ રહને સે એક-દૂસરે ભંગોં તથા ભેદ-પ્રભેદોં કી અપેક્ષા સે વાક્ય રચના પદ્ધતી અલંકૃત હોતી હૈ. સર્વ નયોં સે પરિપૂર્ણ વિષય રહતા હૈ. ઇસ તરહ પદાર્થ સ્વરૂપ-તત્ત્વ સ્વરૂપ કા એક તરફ જ્ઞાન-દર્શન, અનન્ત જ્ઞાન-દર્શન સે સર્વજ્ઞ-સર્વદર્શી કરે. તથા દૂસરી તરફ વીતરાગ ભાવ સે સર્વથા રાગ-દ્વેષ રહિત સર્વનયોં સે પૂર્ણ એવં સ્વપર-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાદિ કી સર્વ અપેક્ષાઓં યુક્ત સાપેક્ષ ભાવ કી ભાષા શૈલી દ્વારા કથન-પ્રતિપાદન કિયા જાય. ઇસ તરહ યદિ સમસ્ત પદાર્થોં કા ઉત્પાદ-વ્યય ધ્રુવાત્મક ત્રિપદીયુક્ત પ્રતિપાદના કરને સે સમસ્ત પદાર્થોં કા સ્વરૂપ ચરમસત્યાત્મક ત્રિકાલ નિત્ય-ત્રૈકાલિક સત્ય સિદ્ધ હોતા હૈ. જો ત્રૈકાલિક શાશ્વત સત્ય સિદ્ધાન્તાત્મક હૈ વહી ચરમસત્ય સ્વરૂપ હૈ. ઐસા ચરમ સત્ય અર્થાત્ અંતિમ કથા કા સત્ય હોતા હૈ. જો સર્વથા અપરિવર્તનશીલ હોતા હૈ. ઇસમેં કદાપિ પરિવર્તન હોના સંભવ હી નહીં હોતા હૈ. અતઃ અનન્તકાલ મેં ભી કભી બદલતા હી નહીં હૈ. ઐસા હી ચરમસત્યાત્મક સિદ્ધાન્ત સ્વરૂપ હોતા હૈ. ઇસકે મૂલક જનક એક માત્ર સર્વજ્ઞ હી હોતે હૈ. એક સર્વજ્ઞ કે પશ્ચાત ક્રમ મેં ભલે હી એક કે બાદ એક-અનેક સર્વજ્ઞ ભી હોતે રહે તો ભી મૂલભૂત સિદ્ધાન્ત મેં તથા ઉસકે મૂલભૂત પદાર્થ સ્વરૂપ મેં કિસી મેં ભી રત્તીભર ભી કદાપિ કોઈ અંતર હોતા હી નહીં હૈ. કોઈ ફરક પડતા હી નહીં હૈ. ઉદાહરણાર્થ–જૈસે આત્મા કે પ્રદેશ અસંખ્ય હૈ. ચેતનાત્મા જ્ઞાન-દર્શનાત્મક ગુણવાન દ્રવ્ય હૈ. આત્મા વેદન–સંવેદનશીલ હૈ. આકાશાદિ અજીવ દ્રવ્ય હૈ. વે સર્વથા જ્ઞાન-દર્શનાદિ ગુણ રહિત હૈ. આત્મા અનાદ્યનુત્પન્ન – અવિનાશી દ્રવ્ય હૈ. ત્રિકાલ નિત્ય શાશ્વત હૈ. સર્વથા અન્ત રહિત અનન્ત હૈ. સપ્રદેશી પિંડ દ્રવ્ય હૈ. અખંડ અસંખ્ય પ્રદેશ સમૂહાત્મક પિંડ દ્રવ્ય હૈ. ઐસા હી ઇસકા અસ્તિત્વ હૈ. ઠીક ઐસે હી શેષ ચારોં અસ્તિકાયાત્મક દ્રવ્ય હૈ. ઐસે અનેક વાક્ય ચરમ સત્યાત્મક શાશ્વત સિદ્ધાન્ત સ્વરૂપ સર્વજ્ઞ વચન હૈ. અસર્વજ્ઞ છદ્મસ્થોં કા ઐસા એક ભી વચન મિલના ભી સંભવ નહીં હૈ.

**સર્વજ્ઞ વચન સિદ્ધાન્તાત્મક જૈન દર્શન**

જૈન દર્શન-ધર્મ ઐસે સર્વજ્ઞ પ્રણીત શાશ્વત સિદ્ધાન્તોવાલા હી હૈ. વિશ્વ મેં સર્વથા સર્વજ્ઞ નહીં હૈ ઐસે સંકડોં રાગી-દ્વેષી દેવી-દેવતા હૈ ઉનકે ભી સંસ્થાપિત ધર્મ વ દર્શન પ્રચલિત હૈ. ઐસે દર્શનોં કે પાએ મેં મૂલભૂત પદાર્થ વિજ્ઞાન કા હી સર્વથા અભાવ હૈ. ક્યોંકિ અધિકાંશ ઐસે ધર્મ વ દર્શન એક માત્ર ઈશ્વરકૃત રચના રૂપ મેં ઇસ વિશ્વ કો માનતે-જાનતે-સમઝતે હૈ. અતઃ સૃષ્ટી કો પદાર્થોં કા સમૂહાત્મક સ્વરૂપ ન માનકર ઉસે ઈશ્વર સર્જિત માનતે હૈ. ઔર સર્જન કરતા હૈ વહી સંચાલક-પાલન ભી કરતા હૈ. તથા અંત મેં એક દિન વહી વિસર્જન ભી કરતા હૈ. બસ ઇસ પ્રકાર કી સર્જન-વિસર્જન કી પ્રક્રિયા માન લેને કે કારણ તથા ઉસકે કર્તા કે રૂપ મેં ઈશ્વર કો માન લેને કે કારણ એવં ઇસીકો પ્રાધાન્યતા દેને કે કારણ ઉનકોં ઈશ્વર કે સર્વજ્ઞ હોને ન હોને કા કોઈ મતલબ હી નહીં રહતા હૈ. તથા અપને સ્વાર્થ કો સાધને કે લિએ ઈશ્વર કો હી સુખ-દુઃખ કા ભી કર્તા-દાતા-હર્તા માન લિયા હૈ. બસ ઐસા ઈશ્વર હી સબકો સુખ દેતા હૈ વહી સબકા દુઃખ દૂર ભી કરતા હૈ. વહી કિસી કો વિઘ્ન કરતા હૈ તથા વહી વિઘ્નહર્તા–દૂર કરને વાલા ભી હૈ. વહી કર્મ કરાતા ભી હૈ તથા વહી ઈશ્વર કર્મ ફલ દાતા ભી હૈ. ફિર ઉન ધર્મ-દર્શન કે માનનેવાલોં કો ઇશ્વર સર્વજ્ઞ હો, સર્વદર્શી હો, વીતરાગી હો આદિ બાતોં સે ક્યા મતલબ? સૌ મેં સે ૯૮% લોગોં કી દૃષ્ટી હી એક માત્ર સુખ-દુઃખ તક હી સીમિત હૈ. ઔર ઐસે મેં સુખ-દુઃખ કી લગામ ઈશ્વર કે હાથ મેં દે દી હૈ. તથા કિસી કો સુખ દેના? કિસકો દુઃખ દેના આદિ કઈ વિષયોં મેં જીવોં (લોગોં) કા કોઈ અધિકાર હી નહીં હૈ. ઈશ્વર ભી બહુત ચતુર નિકલે. ઉન્હોંને દેખા કિ ઇસ સખદુઃખ કે વિષય મેં સ્વાર્થવૃત્તિ સે લોગ ઝગડેંગે લડેંગે ઇસલિએ ઈશ્વર ને સાફ કહ દિયા યહ મેરી મરજી (ઇચ્છા) પર આશ્રિત રહેગા. અર્થાત્ કિસકો સુખ દેના? કિસકો દુઃખ દેના? ઔર કૌન ક્યા માંગતા હૈ? કૌન કિતના માંગતા હૈ? ક્યા મૈં સબકો પૂછકર દેને બૈઠું? તો ક્યા કોઈ દુઃખ માંગેગા? સભી સુખ હી સુખ માંગેગે. તો ફિર મૈં દુઃખ કિસકો દું? કોઈ દુઃખ લેને કો તૈયાર હી નહીં હૈ. લેકિન સામને દેખેં તો સંસાર મેં સે આજ દિન તક અર્થાત્ અનાદિ કાલ સે લેકર અનન્ત ભૂતકાલ મેં દુઃખકા સર્વથા અભાવ યા લોપ હો ગયા હો ઐસા કભી હુઆ હી નહીં હૈ. ઉપર સે ઐસી વાસ્તવિકતા દેખી જાતી રહી હૈ કિ દુઃખ કા પ્રમાણ સંસાર મેં ૭૦% સે ૮૦% તક જ્યાદા હી રહા હૈ. શાયદ ઐસી વાસ્તવિકતા ઔર ભી જ્યાદા સહી હૈ કિ સુખ કભી ભી દુઃખ સે જ્યાદા બઢા હી નહીં હૈ. ઔર દુઃખ કા પ્રમાણ યા માત્રા સુખ સે કભી ઘટી હી નહીં હૈ. કમ હુઆ હી નહીં હૈ. ક્યા ઇસ સચ્ચાઈ કો ખારિજ કી જા સકતી હૈ? ઝુઠી ઠહરાઈ જા સકતી હૈ? નહીં. આખિર ઐસા ક્યોં હોતા હૈ? ઇશ્વર માત્ર સુખ હી દેનેવાલા સુખ દાતા હી હૈ તો ફિર દુઃખ કા તો નામોનિશાન હોના હી નહીં ચાહિએ થા.

દૂસરી ઇન્સાન હૈ સુખ દાતા–દુઃખ દાતા, વિઘ્નહર્તા સંકટ મોચક આદિ કઈ રૂપોંમેં સૈંકડોં દેવી-દેવતાઓં કો માન રખે હૈં. કઈ પ્રકાર કે ગુરૂઓં કો ભી ઐસી માન્યતાવાલે બનાકર રખે હૈં. ઇતના હી જ્યોતિષ શાસ્ત્રાનુસાર સેંકડોં પ્રકાર કે પ્રયત્ન કરતા હુઆ માનવી કઈ પ્રકાર કે ગ્રહ-નક્ષત્ર-રાશીયોં આદિ કો માનકર માનવ બૈઠા હૈ. ઔર કાફી પુરુષાર્થ ઇસ જ્યોતિષ વિદ્યાનુસાર ભી કરતા હી રહા

હૈ. ઇતના હી નહીં વાસ્તુશાસ્ત્ર કે અનુસાર વસ્તુ-મકાન-ઘર કે સાથ તથા દિશાઓં કે સાથ ભી અપને દુઃખ કો જોડકર બઠા હૈ. ઐસે વાસ્તુશાસ્ત્રી ભી વાસ્તુગત નિયમાનુસાર લોગોં દુઃખ નિવારણ તથા સુખ દાયક ઉપાય કરતે હી રહતે હૈં.

એક તરફ ડૉક્ટર-વૈદ્ય-હકીમ-ચિકિત્સકોં કે પાસ જાકર ભી અપને રોગ-બિમારી જન્ય-દુઃખ-તકલીફ-બિમારીયોં કી ચિકિત્સા કરાકે સ્વયં કો સુખી બનાને કે ઉપાય કરતા હી રહતા હૈ. લેકિન સેંકડોં ઉપાયોં-ઉપચારોં કે બાવજૂદ ભી માનવજાતિ સર્વથા દુઃખ મુક્ત અનન્ત કાલ મેં ભી નહીં હો પાઈ હૈ.

તો ક્યા ઈશ્વર અપની મરજી-ઈચ્છાનુસાર જીવોં દ્વારા ન ચાહતે હુએ ભી દેતા હી જાતા હૈ ? જીવોં દ્વારા ન લેતે હુએ-ન સ્વીકારતે હુએ ભી દુઃખ મિલતા હી જાતા હૈ ઔર સંસાર કે સભી જીવ દુઃખી હોતે હી જાતે હૈં. આખિર સચ્ચાઈ ક્યા હૈ ? ક્યોં નહીં ઇસકા રહસ્ય ખુલતા હૈ ? યદિ જીવોં કે શુભ-કર્માનુસાર ઈશ્વર ફલ દેતા હો તો તો ફિર તથા પ્રકાર કે જીવોં કે દ્વારા કિયે ગએ પાપાનુસાર અશુભ કર્મ કા બંધ હોતા હૈ ઔર ઉસકી કાલાવધી પૂર્ણ હોને પર ઉસી અશુભ કર્મ કે ઉદય મેં આને પર જીવ સ્વયં દુઃખી હોતા હી હૈ. તો ફિર ઇસમેં ઈશ્વર કી મધ્યસ્થી કી આવશ્યકતા યા ઉપયોગિતા રહતી હી નહીં હૈ.

ઠીક ઇસી તરહ કિયે હુએ દાનાદિ દ્વારા શુભ પુણ્ય પ્રવૃત્તિ સે ઉપાર્જિત શુભ કર્મ કે ભી કાલાન્તર મેં યા ભવાન્તર મેં ઉદય મેં આને પર સુખ મિલના હી મિલના હૈ. ઇસમેં ભી ઈશ્વર કી યા અન્ય કિસી ભી દેવી-દેવતાઓં કી મધ્યસ્થી કી યા કારકતા-કારણતા બીચ મેં આને-યા લાને કી આવશ્યકતા યા ઉપયોગિતા કુછ ભી રહતી હી નહીં હૈં.

યહ તો જૈન દર્શન કી સિદ્ધાન્તધારા હૈ. માન્યતા હૈ. ઇસસે કર્મકર્તૃત્વ સિદ્ધ હોતા હૈ. ઈશ્વર કર્તૃત્વ કદાપિ સિદ્ધ હોતા હી નહીં હૈ. ઇસ તરહ યદિ ઈશ્વર કી સુખ-દુઃખ કારકતા-દાયકતા સિદ્ધ હી ન હો તો ફિર ઈશ્વર કી નિરર્થકતા હી સિદ્ધ હો જાએગી. તથા કર્મજન્યતા સિદ્ધ હોને પર સુખ-દુઃખ કર્મકૃત-કર્મદત્ત સિદ્ધ હોંગે. ઐસે ૨-૪ હી નહીં અપિતુ કઈ પ્રબલ કારણ હૈ જિનસે કર્મજન્યતા સિદ્ધ હોતી હૈ. ઔર ઈશ્વરકર્તૃત્વતા-ઈશ્વરદત્તતા- ઈશ્વર દ્વારા કર્મ ફલદાતૃત્વતા આદિ કુછ ભી સિદ્ધ હોના સંભવ હી નહીં હૈ.

**સર્વજ્ઞતાદિ હી ઈશ્વરત્વ સાધક**

મિથ્યા દર્શનીયોં ને જિન જિન તરીકોં સે ઈશ્વર કી ઈશ્વરત્વ સિદ્ધી કી હૈ વે સભી ન ઘટનેવાલે નિમ્નશ્રેણી કે તર્ક હૈ જો સર્વથા અસત્યગ્રસ્ત હૈ. મિથ્યા હૈ. સુખ-દુઃખ ભી ઈશ્વર પ્રદત્ત સિદ્ધ હી નહીં હોતે હૈં. ઇસી તરહ પ્રબલ-બલવત્તર તર્કયુક્તિયોં સે સૃષ્ટી કર્તૃત્વ-સૃષ્ટી સંચાલન-વિજર્સન-સર્જનાદિ કુછ ભી સિદ્ધ નહીં હોતા હૈ સિદ્ધ કરને યોગ્ય દિયે જાતે તર્ક-યુક્તી સભી દોષ ગ્રસ્ત હૈ. અસત્ય સાધક હૈ. ઈશ્વર કો સુખ દાતા, દુઃખ હર્તા, સૃષ્ટી કર્તા, પ્રલય કર્તા આદિ ઐસે અનેક નિરર્થક બિન ઉપયોગી વિશેષણ દેકર ઉપર સે ઉન્હેં બલવત્તર તર્કો સે સાધને કા પ્રયાસ કરને કી અપેક્ષા તો ઈશ્વર કો સર્વજ્ઞ-સર્વદર્શી-વીતરાગી આદિ ઐસે સાર્થક-સાધક વિશેષણ દેકર બલવત્તર તર્ક યુક્તીયોં સે સાધને કા પ્રયાસ કિયા તો વહ જ્યાદા ઉચિત હોગા. યહ સમ્યગ્ પ્રયાસ કરના ચાહિએ. લેકિન અફસોસ ઇસ બાત કા હૈ કિ અનેક દર્શન વ ધર્મ શાસ્ત્ર સર્વજ્ઞતા-સર્વદર્શિતા-વીતરાગાદિ વિશિષ્ટ સાર્થક વિશેષણોં કો પ્રબલ તર્કો દ્વારા સાધને કા પુરુષાર્થ ન કરતે હુએ નિરર્થક જો ન ઘટે ઔર દોષગ્રસ્ત કહે જાતે હૈ ઐસે વિશેષણોં કો તર્કયુક્તીયોં સે સાધને કા નિરર્થક પ્રયાસ હી જ્યાદા કિયા જાતા હૈ. ઇસકે પીછે મુખ્ય કારણીભૂત મિથ્યા માન્યતા હી કામ કર રહી હૈ કિ ઉનકો અપની મિથ્યા ધારણાનુસાર સુખ દાતા-દુઃખ હર્તા આદિ માન્યતાઓં વાલા ઈશ્વર હી જ્યાદા પસંદ હૈ. વૈસા હી ચાહિએ. સર્વજ્ઞ-સર્વદર્શી ઈશ્વર નહીં ચાહિએ. પસંદ હી નહીં હૈ. ઐસી વૃત્તિ કે કારણ મૂલ મેં હી જો ઈશ્વર વાસ્તવ મેં સુખ દાતા, દુઃખ હર્તા આદિ સ્વરૂપવાલે નહીં હૈ તથા સર્જક-વિસર્જકાદિ ભી સિદ્ધ હોતા હી નહીં હૈ ફિર ભી અપને સુખ દુઃખ કે સ્વાર્થ કો પ્રાધાન્યતા દેકર ઈશ્વર કો સુખ દાતા, દુઃખ હર્તા હી માનને કા કદાગ્રહ રખના ઔર સર્વજ્ઞ-સર્વદર્શી ઔર વીતરાગી આદિ સ્વરૂપવાલે ઈશ્વર કો માનના હી નહીં યહ કહાં તક ઉચિત હૈ ? યા કહાં તક ન્યાય હૈ ?

સર્વજ્ઞ-સર્વદર્શી-વીતરાગી માનને સે સુખ દાતા-દુઃખ હર્તાદિ વિશેષણોં કે સાથ વિરોધાભાસ આતા હૈ. ઇસલિએ સર્વજ્ઞતાદિ કો ગૌણ કરને સુખ-દાતાદિ વિશેષણોં વાલા ઈશ્વર સ્વરૂપ માનના હી જ્યાદા અચ્છા લગતા હૈ. અપને ખુદ કે મન કી ઇચ્છા કે અનુકૂલ લગતા હૈ. તથા લાખોં કરોડોં લોગ જો કિ મૂલ મેં હી મિથ્યાત્વી વૃત્તિ વાલે હૈં વે સબ ભી સુખ દાતાદિ સ્વરૂપવાલે ઈશ્વર માનને સે ઈશ્વર કે ભક્ત અનુયાયી બનેંગે. ઉન ભક્તોં કે પરિવારોં કી પરંપરા ભી હમારે સાથ હમેશા ચલેગા. બસ ઐસી મનોવૃત્તિ રખકર દુનિયા મેં હમારે ઈષ્ટ ઐસે ઈશ્વર કો જગત કે અનેક લોગ વૈસે સક્ષમ-સમર્થ ઈશ્વર કો હી ભગવાન માનને વાલે બનેંગે, તથા બઢેંગે. બસ સંખ્યા બઢે ઇતને ભી યે મિથ્યાદષ્ટી જીવ રાજી હોતે હૈ. રહતે હૈં. ઇનકો ઈશ્વર કે યથાર્થ યા અયથાર્થ સ્વરૂપ કી ચિન્તા નહીં. સમસ્ત જનતા સર્વોપરી ઈષ્ટ તત્ત્વ સ્વરૂપ ઈશ્વર કી યથાર્થતા કો સહી સમ્યગ્ સ્વરૂપ મેં જાનકર-સમઝકર સમ્યગ્ શ્રદ્ધા ધારણ કરકે આત્મ કલ્યાણ સાધે, મોક્ષ પ્રાપ્તિ કી દિશા મેં આગે બઢે ઇસ બાત કી ચિન્તા નહીં. લોગોં કા મિથ્યાત્વ અર્થાત્ અસત્યાશ્રય દૂર કરકે સબકો સમ્યગ્ સત્ય-વાસ્તવિકતા સમઝાકર સહી અર્થ મેં કર્મ ક્ષય કરાવેં

એસી ઉદાત્ત ભાવના નહીં હૈ. બસ ઈશ્વર કી સુખ દાતૃત્વતા દુઃખ હર્તૃતા બરોબર બરકરાર રહે ઔર સમસ્ત લોગોં કે અન્તર મનમેં ભી ઈશ્વર કે પ્રતિ સુખ દાતા-દુઃખ હર્તા-વિઘ્નહર્તા આદિ વિષયક શ્રદ્ધા ભી બરોબર સદાકાલ બરકરાર રહે. ઐસી હી વૃત્તિ અન્ય દાર્શનિકોં કી બરોબર બની હુઈ હૈ. જૈસે દોનોં હાથોં સે તાલી બજતી હૈ. વૈસે હી ઠીક અન્ય દાર્શનિકોં ને દોનોં તરફ (દોનોં પક્ષ મેં) બરોબર અસત્ય મિથ્યા સ્વરૂપ બનાએ રખા હૈ. ઈશ્વર કો ભી સુખ દાતા-દુઃખ હર્તા-વિઘ્નહર્તા આદિ કા મોહરા પહનાકર રખા હૈ. ઠીક દૂસરી તરફ સામાન્ય જનમાનસ મેં ભી સુખ પ્રાપ્તિ દુઃખ નિવૃત્તિ કી લાલસા બરોબર બરકરાર રખના ચાહતે હૈં. સામાન્ય જન માનસ મેં સે યદિ ઇસ પ્રકાર કી સુખ પાને કી અદમ્ય ઇચ્છા, ઠીક ઉસી તરહ દુઃખ ટલે ઐસી અદમ્ય ઇચ્છા હી ખતમ હો જાએગી તો ફિર હમારે ઈશ્વર કો કૌન માનેગા? કૌન ચાહેગા? કૌન પૂજેગા? કૌન ઉનકા ભક્ત બનેગા? ફિર હમારે ઈશ્વર એક તરફ અકેલે પડ જાએંગે. ફિર ઈશ્વર સર્વથા નિરર્થક હો જાએંગે. ઐસી ડર કી ચિન્તા ઈશ્વર કર્તૃત્વ વાદિયોં કો જ્યાદા સતા રહી હૈ. ઇસીલિએ વે હમેશા સર્વ સામાન્ય જન માનસ કે અજ્ઞાની મન મેં ઈશ્વર હી સબકે સુખ દાતા હૈ. દુઃખ હર્તા-વિઘ્ન હર્તા હૈ. સર્જક-વિસર્જક હૈ. યહ ધારણા શ્રદ્ધા કે રૂપ મેં દૃઢ કાતે હી રહતે હૈં. બસ ઇસે હી સત્ય માનોં. ઇસે હી સમ્યગ્ શ્રદ્ધા કા રૂપ દે દિયા હૈ. અસત્ય (મિથ્યા) કો હી સમ્યગ્ શ્રદ્ધા કા રુપ દે દેને સે તો ફિર મિથ્યાવૃત્તિ કદાપિ ઘટેગી.ટલેગી હી નહીં. વહી ઔર જ્યાદ દૃઢ મજબૂત હોતી હી જાએગી.

**જૈન ધર્મ મેં પરમેશ્વર-પરમાત્મા કા સ્વરૂપ**

જૈન ધર્મ મેં ઈશ્વર-પરમેશ્વર કે વિષય મેં બહુત બડી સાવધાની યહ રખી હૈ કિ ઈશ્વર કો સર્વથા સંપૂર્ણ રૂપ સે સર્વ દોષ રહિત શુદ્ધ સ્વરૂપ વિષયક લક્ષણ હી નિર્ધારિત કિયા હૈ. અન્ય ધર્મોં ઔર દર્શનોં કી જો ગલતીયાં-મિથ્યા ધારણા હૈ ઉનમેં સે એક ભી ગલતી કો જૈન ધર્મ ને નહીં દોહરાયા હૈ. સર્વ પ્રથમ તો પરમેશ્વર કો સૃષ્ટી કા સર્જક-સંચાલક-પાલક યા વિસર્જક આદિ કિસી ભી સ્વરૂપ મેં નહીં માના હૈ. સૃષ્ટી વિષયક એક ભી યા કિસી પ્રકાર કે સંબંધ કે બંધન સે પરમેશ્વર કો સર્વથા દૂર હી રખા હૈ. ક્યોંકિ સૃષ્ટી અપને આપ મેં સ્વતન્ત્ર અસ્તિધારક એક અલગ હી વિષય હૈ. બિના પરમેશ્વર કે ભી સૃષ્ટી કા સંપૂર્ણ રૂપ સે સર્વથા સ્વતંત્ર હી અસ્તિત્વ હૈ. આકાશ-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્‌ગલ ઔર જીવાત્મા ઇન પ્રમુખ અસ્તિકાયાત્મક પાંચ પદાર્થોંકી સમૂહાત્મક સંજ્ઞા નામ હી વિશ્વ-લોક હૈ. ઇસે હી સૃષ્ટી કહા હૈ. અસ્તિકાયાત્મક ઇન આત્મા-આકાશાદિ પાંચોં પદાર્થ મૂલ મેં સ્વયં હી ત્રિકાલનિત્ય શાશ્વત ધ્રુવ દ્રવ્ય હૈ. અતઃ ઇનકે સર્જન-વિસર્જન કા કોઈ પ્રશ્ન હી ઉપસ્થિત નહીં હોતા. અનાદિ-અનન્ત કાલીન અસ્તિત્વ તથા અનાદ્યનુત્પન્ન અસ્તિત્વવાન ઐસે પદાર્થોં કો ઉત્પન્ન કરના યા નષ્ટ કરને કી બાત કરના ભી સર્વથા મિથ્યા અસત્ય હૈ.

મૂલ મેં પદાર્થ હી ઉત્પન્ન ઔર અનુત્પન્ન દોનોં પ્રકાર કે હૈ. મૂલભૂત દ્રવ્ય સર્વથા અનુત્પન્ન હૈ. પરંતુ પર્યાય સ્વરૂપ મેં ઉત્પાદ-વ્યય હોતા રહતા હૈ. વહ ભી સ્વાભાવિક હી હૈ. મૂલ દ્રવ્ય ત્રિકાલ નિત્ય ધ્રુવ હૈ. ઔર ગુણ-પર્યાયોં મેં ઉત્પાદ-વ્યય હોતા હી રહતા હૈ. ઇસ ઉત્પાદવ્યય કી અપેક્ષા સે અનિત્યતા સિદ્ધ હોતી હૈ. દ્રવ્ય મૂલભૂત રૂપ સે ધ્રુવ નિત્ય હોને કે કારણ ઉત્પન્નશીલ હી નહીં હૈ. તો ફિર નિરર્થક ઉત્પત્તિ કર્તા કો માનના ઔર ફિર ઉસી કો ઈશ્વર ઐસી સંજ્ઞા દેના તથા ઉસી ઈશ્વર કો પ્રલયકર્તા માનકર વિનાશકર્તા-વિસર્જક માનના ઇસ તરહ એક કે બાદ એક મિથ્યા ધારણા બનાતે જાને સે સબકુછ મિથ્યાત્વ હી હો જાતા હૈ.

જૈન દર્શન સર્વજ્ઞ પ્રણીત ચરમસત્યાત્મક શાશ્વત સિદ્ધાન્તોં વાલા દર્શન હૈ. ઉસીકા આચારાત્મક સ્વરૂપ ધર્મ હૈ તથા તત્ત્વાત્મક સ્વરૂપ દર્શન હૈ. ઇસ તરહ દર્શન કે દાર્શનિક સ્વરૂપ મેં સભી પદાર્થ તથા તત્ત્વ સ્વરૂપ ભી સ્પષ્ટ હૈ. પરમેશ્વર કો પદાર્થોં તથા વિશ્વ કે સૃષ્ટા ન બતાકર જૈન દર્શન કે દૃષ્ટા બતાયા હૈ. બનાને વાલા ન બતાકર બતાનેવાલા બતાયા હૈ. સર્વજ્ઞ-સર્વદર્શી હોને કે કારણ સર્વજ્ઞ જ્ઞાતા-દૃષ્ટા હૈ. અતઃ સમગ્ર વિશ્વ કે જ્ઞાતા-દૃષ્ટા હોને કે કારણ બતાનેવાલા દૃષ્ટા જ્ઞાતા હૈ. બનાનેવાલે ન હોને કે કારણ સૃષ્ટા નહીં હૈ. તો ફિર નિરર્થક ઈશ્વર-પરમેશ્વર કો સૃષ્ટા-કર્તાદિ ક્યોં કહના? ક્યોં માનના? ઐસા દોષારોપણ ન હોને કે કારણ સર્વજ્ઞ જિનેશ્વરોં કા સ્વરૂપ સર્વથા નિર્દુષ્ટ હૈ.

ઠીક ઇસી તરહ ઈશ્વર-પરમેશ્વર સુખ દાતા ભી નહીં હૈ ઔર દુઃખ હર્તા ભી નહીં હૈ. કર્મ ફલ દાતા ભી નહીં હૈ. સંસાર કે અનન્તાનન્ત જીવ સ્વયં સ્વકૃત શુભ કર્મોં કે ઉદય સે સ્વતઃ હી સુખ પાતે હૈં. ઠીક ઇસી તરહ સ્વકૃત અશુભ પાપ કર્મોં કે ઉદય સે દુઃખ ભી પાતે હૈં. ઇસલિયે પરમેશ્વર કે સુખ દાતા યા દુઃખ દાતા ભી માનને કી આવશ્યકતા નહીં રહતી હૈ. જબ ઈશ્વર કર્મફલ દાતા નહીં હૈ તો ફિર સુખ-દુઃખ તો કર્મ ફલ સ્વરૂપ હી હૈ. જબ જીવોં ને હી શુભ કા અશુભ કર્મ કિયે હૈ બાંધે હૈ તો ઉસકા ફલ ભી તો જીવ હી ભુગતેંગે. તો ફિર નિરર્થક ઈશ્વર-પરમેશ્વર કો ક્યોં કર્મ ફલ સ્વારૂપ સુખ દાતા-દુઃખ દાતા ક્યોં માનના ચાહિએ? ઐસા દોષારોપણ કરના ભી વ્યર્થ હૈ.

અબ યદિ સુખ દાતા-દુઃખ દાતા જબ પરમેશ્વર સિદ્ધ હી નહીં હોતે હૈં તો ફિર દુઃખ હર્તા યા સુખ હર્તા ભી કિસ તરહ સિદ્ધ હોંગે? સંભવ હી નહીં હૈ. જિન જીવોં ને જિસ પ્રકાર કી અશુભ પાપ કી પ્રવૃત્તિ કરકે અશુભ કર્મ બાંધે હૈ ઉનકે હી ઉદય સે જો દુઃખ આ રહા હૈ અબ ઐસે દુઃખ સે બચને કે લિએ ઉસી પ્રકાર કી પાપ પ્રવૃત્તિ ન

કરના, ઠીક પાપોં કી પ્રવૃત્તિ કા ત્યાગ કરકે શુભ ધર્મ કી પ્રવૃત્તિ કરને સે પાપ પ્રકૃતિ કા હી નાશ હો જાએગા. ઔર સામને શુભ પુણ્ય પ્રકૃતિ કા નયા બંધ હો જાએગા. ઐસા કરને પર નાશ (ક્ષય) હો જાને કે બાદ જબ પાપ રહેગા હી નહીં તો દુઃખ કહાં સે આએગા? તથા જબ સ્વયં કા ઉપાર્જિત શુભ પુણ્ય સત્તા મેં રહકર ઉદય મેં આયેગા તબ સુખ ભી અચ્છા મિલેગા. સ્વયં કે પુણ્યોદય કો કૌન રોકેગા? કર્મ શાસ્ત્ર કા રહસ્ય સમઝના બહુત જરૂરી હૈ. મૂલ મેં કર્મ દો પ્રકાર કે હૈં. (૧) શુભ કર્મ, તથા (૨) અશુભ કર્મ. દાનાદિ શુભ પ્રવૃત્તિ દ્વારા ઉપાર્જિત હોને સે ઐસે પુણ્ય કો શુભ કર્મ સંજ્ઞા દી હૈ. ઇસી કી કાલા વધિ કે પરિપક્વ હો જાને પર ઉદય મેં આને સે સુખ-સમ્પત્તિ-સમૃદ્ધી આદિ સ્વતઃ હી પ્રાપ્ત હોતી હૈ. ઠીક ઇસસે વિપરીત હિંસા-ઝૂઠ-ચોરી આદિ ૧૮ પ્રકાર કી અશુભ પ્રવૃત્તિ જિનકો પાપ કી સંજ્ઞા દી ગઈ હૈ ઉનસે બંધા હુઆ અશુભ (પાપ) કર્મ કાલાન્તર મેં યા ભવાન્તર મેં જબ ભી ઉદય મેં આએગા તબ દુઃખ-દારિદ્રય-દુર્ગતિ દુર્ભાગ્યાદિ આતા હી આતા હૈ. ઇસકે કારણ જીવોં કો દુઃખી હોના પડતા હૈ.

ઉપરોક્ત કર્મ સિદ્ધાન્ત કી સચ્ચાઈ સમઝ મેં આ જાય તો નિરર્થક અસત્ય મિથ્યા માર્ગ પર રહ કર ઈશ્વર કે પાસ, યા ગુરુઓં કે પાસ યા દેવી-દેવતાઓં કે પાસ સુખ માંગ લેના, દુઃખ નિવારણાર્થ યાચના ભરી પ્રાર્થના કરતે રહના આદિ અપને આપ બંદ હો જાએગા. લેકિન ઐસા સુવર્ણ દિન આતા નહીં હૈ. પુરુષાર્થવાદી ધર્મ માર્ગ મેં જીવોં કો સ્વયં કો કરના પડતા હૈ. જો કિ કઠીન લગતા હૈ. જબકિ ઈશ્વરાદિ કો માન લેના ઔર ફિર ઉનકે પાસ માંગ લેના બહુત આસાન લગતા હૈ. માંગ લેના જરૂર આસાન હૈ લેકિન માંગતે હી સામને મિલ જાના આસાન નહીં લગતા હૈ. ઐસે સુખ દાતા ઈશ્વર કો માનનેવાલોં કી સંખ્યા કરોડોં કી હૈ. સબને વૈસે હી સુખ દાતા ઈશ્વર કી હી કલ્પના કરકે રખી હૈ. રોજ કરોડોં લોગ ઐસી સુખ પ્રાપ્તિ કી તથા દુઃખ નિવૃત્તિ કી પ્રાર્થના ભી ખૂબ કરતે હૈં. પરંતુ કરોડોં મેં સે કિતને લોગોં કે કિતને પ્રમાણ મેં દુઃખ દૂર હુએ? તથા કિતને કરોડોં લોગોં કો સુખ-સંપત્તિ-સમૃદ્ધિ મિલ ગઈ? આજીવન પર્યન્ત વર્ષોં તક ઇસી પ્રકાર કી ઐસી હી ધારણા-નિષ્ઠા-શ્રદ્ધા રખકર વૈસી હી પ્રાર્થના-યાચનાદિ કરતે હુએ ભી સબકો સુખ મિલ કહાં જાતા હૈ? તથા દુઃખ કહાં ટલ જાતા હૈ? આશ્ચર્ય તો ઇસ બાત કા હૈ કિ સૌ સૌ વર્ષોં કા આયુષ્ય ઇસીમેં બીત જાને કે બાવજૂદ ભી લોગ અપની ઇસ મિથ્યા વૃત્તિ તથા પ્રવૃત્તિ કો છોડને કે લિએ તૈયાર નહીં હોતે હૈ. અસત્ય કા માર્ગ છોડને ઔર સામને સત્ય માર્ગ સ્વીકારને કે લિએ ભી તૈયાર નહીં હોતે હૈં.

સર્વજ્ઞ-સર્વદર્શી જિનેશ્વર પરમાત્મા કા સત્ય-યથાર્થ પરમ સત્યાત્મક સ્વરૂપ સમઝ મેં આ જાને કે પશ્ચાત અબ ઐસે જૈન દર્શન કે વાસ્તવિક સત્ય કો સમઝ લેને કે પશ્ચાત ઐસે જિનેશ્વર પરમાત્મા કે દર્શન કરતે સમય 'સંશય ન રહે વેધ' મન મેં કિસી ભી પ્રકાર કા સંશય રહતા હી નહીં હૈ.

એક દર્શન-જિન દર્શન હૈ. જિસમેં મંદિર મેં જિન-જિનેશ્વર ભગવાન કે દર્શન કરને કી ક્રિયા-પ્રવૃત્તિ હોતી હૈ. ઔર દૂસરે મેં ઐસે જિન-જિનેશ્વર ભગવાન દ્વારા પ્રરૂપિત તત્ત્વોં કે ચરમ સત્યાત્મક સિદ્ધાંત કો જાનના, સમઝના-માનના ઇસે જૈન દર્શન અર્થાત્ જૈન તત્ત્વજ્ઞાન PHILOSOPHY કહતે હૈં. ઐસે જૈન દર્શન સ્વરૂપ જૈન ધર્મ કે મૂલભૂત પદાર્થોં કા જ્ઞાન સમ્યગ્ રૂપ સે પ્રાપ્ત હો જાય, તત્ત્વજ્ઞાન સહી સમ્યગ્ રૂપ સે સમઝ મેં આ જાય, ઔર વૈસી હી શ્રદ્ધા જગ જાય. ચરમ સત્યાત્મક શાશ્વત સિદ્ધાંતોં વાલી તત્ત્વ-વ્યવસ્થા પર નિષ્ઠા બન જાય, શ્રદ્ધા પૂરી જગ જાય. જિસકે ફલસ્વરૂપ–'જં જં જિણેહિં પવેઈયં તમેવ નિઃસંકં સચ્ચં.' અર્થાત્ જો જો સર્વજ્ઞ ઐસે જિનેશ્વર પરમેશ્વર પરમાત્મા ને કહા હૈ વહ સબ કુછ મેરે લિયે સંપૂર્ણ રૂપ સે સર્વથા શંકા રહિત હી હૈ. ઐસી દૃઢ ધારણા (શ્રદ્ધા) બન જાય...ઉસકો અબ કિસી ભી બાત મેં, કિસી ભી વિષય મેં શંકા-કુશંકા-દ્વિધા રહતી હી ન હો ઉસકે લિએ જિન દર્શન-જૈન ધર્મ-દર્શન કિતના અચ્છા સાફ સ્પષ્ટ રહતા હૈ? એક-એક બાત કી સ્પષ્ટતા રહતી હૈ. એક-એક વિષય ગત જ્ઞાન-દર્શન સમ્પૂર્ણ સત્ય યથાર્થત્મક રહના ચાહિએ. યહ સબસે બડા ફાયદા હૈ.

યા તો જિનેશ્વર પરમાત્મા કે દર્શન કરકે જૈન દર્શન કે સિદ્ધાંતોં કો જાને સમઝે માને. યા ફિર જૈન દર્શન કે પદાર્થોં તત્ત્વોં કા સ્વરૂપ સમ્યગ્ જ્ઞાન સે જાન-સમઝકર માનને લગ જાય તો ભી શંકા-સંશય રહિત માનસ બન જાય. જિન પ્રતિમા કે દર્શન કે વિષય મેં હી આનન્દઘનજી મુનિસુવ્રત સ્વામી ભગવાન કે સ્તવન મેં ઇન શબ્દોં મેં સ્પષ્ટતા કરતે હુએ કહતે હૈં કિ...

તુજ મુરતિ મન હરણી...ઐસે સર્વજ્ઞ વીતરાગી ભગવાન કી મૂર્તિ-પ્રતિમા કે દર્શન કરને માત્ર સે ભી...દુઃક્ષ-દોહગ દૂર ટલે...સુખ-સમ્પદ શું ભેટ...દુઃખ ઔર દૌર્ભાગ્યાદિ સબ કુછ દૂર હો જાતા હૈ. ઘટતા હૈ. ટલ જાતા હૈ. તથા સામને સે સુખ સંપત્તિ આદિ સબ મિલ જાતી હૈ. દિનકર કરભર પસરતા રે...અંધકાર પ્રતિબેધ અર્થાત્-જૈસે હી દિનકર સૂર્ય કા ઉદય હોતા હૈ વૈસે હી વિશ્વ મેં સે અંધકાર સારા દૂર હો જાતા હૈ ઔર પ્રકાશ-તેજ ચારોં તરફ ફૈલ જાતા હૈ. વૈસે હી સર્વજ્ઞ જિનેશ્વર ભગવાન કે દર્શન હોને સે શંકા-કુશંકા-સંશય સબ દૂર હો જાતા હૈ. ઇસસે જીવ કો આગે સમ્યગ્ દર્શન પ્રાપ્ત હોતા હૈ. પરમ આનન્દ કી અનુભૂતિ હોતી હૈ. દરિસણ દીઠે... ઇસ એક પદ કા રહસ્યાર્થ સમઝાને કા પ્રયાસ કિયા હૈ.

✶ ✶ ✶

## સ્વસમય-પરસમયનું તુલનાત્મક અધ્યયન

# 'વંદિતુ સવ્વ સિદ્ધે'

☐ ડૉ. કોકિલા એચ. શાહ

*[આ લેખ ૧૬થી ૧૮ ડિસેમ્બર, ૨૦૧૬ દરમ્યાન સોલાપુર ખાતે અરુણવિજયજી મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ થયેલા પરિસંવાદમાં રજૂ થયો હતો અને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું.]*

તત્ત્વજ્ઞ અવધૂત યોગી શ્રી આનંદઘનજી રચિત સ્તવનો જૈન તીર્થંકરોને ઉદ્દેશીને છે. તેમાં તીર્થંકરોએ સ્થાપેલ જૈન સિદ્ધાંતોનું સંપ્રદાય નિરપેક્ષ નિરૂપણ માલુમ પડે છે. તેમના સ્તવનમાં જૈન તત્ત્વજ્ઞાન અને તેના રહસ્યની અદ્ભુત સમજ દૃષ્ટિગોચર થાય છે.

અઢારમા તીર્થંકર શ્રી અરનાથના સ્તવનમાં આત્મતત્ત્વની વિચારણા કરી છે. નવ ગાથાના આ સ્તવનમાં નિશ્ચયનય પ્રધાન આત્માનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે અને તેની ચર્ચા વ્યવહારનય પ્રધાન આત્માના સ્વરૂપ સાથે કરવામાં આવી છે. પ્રારંભમાં જ પહેલી ગાથામાં ધર્મનો મર્મ સમજવા કહ્યું છે કે જૈન ધર્મ ઉત્કૃષ્ટ છે અને તે જાણવા 'સ્વસમય' અને 'પરસમય'ના ભેદને યથાતથ્ય સમજવો જરૂરી છે.

वत्थु सहावो धम्मो

ધર્મએ વસ્તુનો સ્વભાવ છે.

'ધરમ પરમ અરનાથનો કિમ જાણું ભગવંત રે,
સ્વ-પર-સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે' - ૧.

અહીં ત્રણ મુખ્ય વિષયો છે.

(૧) સમય (૨) સ્વસમય (૩) પરસમય

અને પછીની ગાથામાં સ્વસમય અને પરસમય વિષે ચર્ચા કરી છે.

'શુદ્ધાત્મ અનુભવ સદા સ્વ-સમય એહ વિલાસ રે,
પરપડી-છાંહડી જે પડે, તે પર સમય નિવાસ રે.' - ૨.

શુદ્ધ આત્માનું સ્વરૂપ એટલે સિદ્ધ સ્વરૂપ, તે જ આત્માનો ખરો ધર્મ, તે જ સ્વસમય, પરંતુ આત્મા કર્મરજથી જ્યારે ખરડાયેલો હોય તે 'પર'ની છાયામાં આવે છે, તેની શુદ્ધતા ગુમાવે છે, આવું બને ત્યારે તે 'પરસમય'માં નિવાસ કરે છે. આ પછીની ગાથાઓમાં સ્વસમય – પરસમયનું તુલનાત્મક આલેખન કર્યું છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે.

આચાર્ય કુંદકુંદે સમયસાર ગ્રંથમાં સ્વસમય અને પરસમયનું સ્વરૂપ પ્રકાશ્યું છે.

'જીવો ચરિત્તયં સણણણાટિઠ ઉ તં હિ સ સમયં જાણ।
પુગ્ગલ કમ્મપદે સઠ્ઠીયં ચ તં જાણ પરસમયં।।
(સમયસાર-૨)

અર્થાત્ ચરિત્ર-દર્શન જ્ઞાન સ્થિત જીવ તે જ સ્વસમય અને પુદ્ગલકર્મ પ્રદેશ સ્થિત જીવ તે પરસમય

અરનાથ પ્રભુનો ધર્મ પરમ ઉત્કૃષ્ટ છે. તે સમજવા માટે સ્વસમય અને પરસમયનો ભેદ સમજવો જરૂરી છે જે અહીં યથાતથ્ય સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. જેનો એકમાત્ર ઉદ્દેશ્ય એ જ છે કે આત્મા પરમસ્વરૂપના વ્યામોહનો પરિત્યાગ કરી સ્વસ્વરૂપમાં સ્થિત થાય – એ જ તત્ત્વજ્ઞાનનો સાર છે.

**સમય**

અહીં આત્મિક દ્રવ્યની મહત્તા છે. 'સમય' એટલે જીવ નામનો પદાર્થ, જીવનું અસ્તિત્વ તો પ્રગટ અનુભવ સિદ્ધ છે. 'સમય' એટલે આત્મા – 'જીવ નામ પદાર્થઃ સ સમયઃ'

આ જીવ નામનો પદાર્થ કેવો છે તેનું સમગ્ર દ્રવ્યાનુયોગના નિચોડ રૂપ અપૂર્વ, તાત્ત્વિક, વૈજ્ઞાનિક અલૌકિક સ્વરૂપ જોઈએ. તે એકી સાથે જાણે છે અને પરિણમે છે. પરિણામી છતાં નિજ સ્વભાવમાં અવસ્થિત હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રુવતાની એકતાનો જ્યાં અનુભવ થાય છે એવી એક સૂત્રરૂપ સત્તાથી જીવ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે, પરિણામી છતાં નિત્ય સ્વભાવમાં અવસ્થિત છે. ગમન કરે છે, પરિણમે છે તે સમય, એમ સમય શબ્દની વ્યુત્પત્તિ છે. જીવ ચૈતન્ય સ્વરૂપ છે. આવો જીવ પદાર્થ સત ચિત, પણ દર્શન જ્ઞાન-સ્વરૂપ ગુણ પર્યાયવત દ્રવ્ય છે. આ સ્વ-પર પ્રકાશક ચેતન દ્રવ્ય જ્ઞાયકરૂપ છે, જ્ઞાનરૂપ છે. અને આમ સ્વતંત્ર ચેતન-સ્વભાવથી જીવ પદાર્થ અન્ય પદાર્થોથી ભિન્ન છે. પંડિત બનારસીદાસજી સમયસાર નાટકમાં કહે છે – 'ચૈતનરૂપ અનુપમ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' અનંત દ્રવ્યોના સમૂહમાં પણ આ જીવ સ્વરૂપથી પ્રચ્યૂત થતો નથી એટલે તે ટંકોત્કીર્ણ ચિત્ત સ્વભાવવાળો જ નિત્ય અવસ્થિત રહે છે – જેમ છે તેમ જ રહે છે.

સમયસારમાં કહ્યું છે-

આમ, સમય એટલે જીવ, આત્મા, સાતબોલથી જે કહેવામાં આવ્યો એવો જીવ નામનો પદાર્થ તે સમય છે.

(૧) ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યયુક્ત સત્તાથી સહિત છે.
(૨) દર્શન જ્ઞાન સ્વરૂપ પરિણમન સહિત છે.
(૩) અનંત ધર્મોમાં રહેલ એક ધર્મીપણાને લીધે તેનું દ્રવ્યપણું પ્રગટ છે.
(૪) અક્રમવર્તી અને ક્રમવર્તી એવા ગુણ પર્યાયો સહિત છે.
(૫) સ્વપરસ્વરૂપને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી તેને સમસ્તરૂપને પ્રકાશનારૂં એકરૂપપણું છે.
(૬) પરદ્રવ્યોથી ભિન્ન છે કારણ કે જ્ઞાતા દૃષ્ટા તેનો અસાધારણગુણ છે.
(૭) એક ટંકોત્કીર્ણ ચૈતન્ય સ્વરૂપ જ રહેવાનો સ્વભાવ છે.

આમ, પરિણામી નિત્ય સ્વરૂપ હોવાથી આ જીવ ઉત્પાદ, વ્યય અને દ્રૌવ્યની એકતારૂપ છે. દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિ એ જીવ અવિનાશી છે. પરંતુ તેના પર્યાયો બદલાતા રહે છે. પૂર્વ અવસ્થાનો નાશ તે વ્યય અને નવીન પર્યાયની ઉત્પત્તિ તે ઉત્પાદ. આ રીતે ઉત્પાદ, વ્યય અને દ્રૌવ્ય એ ત્રણે સમયે દ્રવ્યમાં હોય છે. જેમ કે સોનાના હારમાંથી કડુ બનાવ્યું તે સમયે સોનાના હારનો વ્યય થયો અને કડાનો ઉત્પાદ થયો. પરંતુ સોનું તો તેનું તે જ છે. તે નિત્ય છે, તેનો નાશ નથી. તેવી જ રીતે જીવના પર્યાય બદલાય પણ દ્રવ્યદૃષ્ટિથી તે નિત્ય છે. આવો જીવ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી પ્રગટ પ્રત્યક્ષ અનુભવરૂપ વસ્તુ છે, દ્રવ્ય છે. ચૈતન્યસ્વરૂપ પણાને લીધે આવે જે સત-ચિત્ત દૃશિ જ્ઞપ્તિ તે જીવ છે, સ્વ સ્વરૂપથી પ્રચ્યુત થતો નથી એટલે ટંકોત્કીર્ણ – ચિત્ત સ્વભાવમાં નિત્ય અવસ્થિત રહે છે. જેમ છે તેમ જ રહે છે. જીવનો ઉપયોગ સ્વ તરફ વળે ત્યારે સ્વ ને જાણે, ઉપયોગ પર તરફ વળે ત્યારે પર ને જાણે છે.

આવો જીવ પાંચ દ્રવ્યોથી સર્વથા ભિન્ન છે. તેના ચૈતન્યસ્વરૂપ અસાધારણ લક્ષણને કારણે વ્યવહાર દૃષ્ટિએ આત્મા અને તેના જ્ઞાન આદિ ગુણોમાં ભેદ છે. પણ નિશ્ચય દૃષ્ટિએ આત્મા જ્ઞાયક છે જે જ્ઞાતા છે તે જ આત્મા છે. આમ આત્માના જ્ઞાન ગુણમાં બધા ગુણો સમાઈ જાય છે. અને સંપૂર્ણ જ્ઞાન જ એકાંત સુખ છે. (પ્રવચનસાર ૧૫૯-૬૦). હવે સ્વસમય પરસમય વિભાગથી સમયનું દ્વિવિધપણું દર્શાવ્યું છે.

**સ્વસમય :**

સ્વસમય એટલે સ્વરૂપ સ્થિતિ.

**'શુદ્ધાત્મ અનુભવ સદા, તે સમય વિલાસ રે'**

શ્રી આનંદઘનજી

આવો આ સમય–આત્મા જ્યારે સકલ ભાવોના સ્વભાવના ભાસનમાં સમર્થ એવી વિદ્યાની સમુત્પાદક વિવેકજ્યોતિનાં ઉદ્‌ગમ થકી સમસ્ત પર દ્રવ્યથી પ્રચ્યુત થઈ દૃશિ-જ્ઞપ્તિ સ્વભાવમાં નિયતવૃત્તિ રૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન ચરિત્રમાં સ્થિતપણાને લીધે સ્વને એકત્વથી યુગપત (એકી સાથે) જાણે છે ને જુએ છે. તે સ્વસમય છે. પોતાના આત્મામાં સ્થિર થવું તે સ્વસમય છે. આ પ્રકારે એની પ્રક્રિયા છે. પ્રથમ તો આ જીવને વિવેક જ્યોતિ પ્રગટે છે એટલે સ્વસ્વભાવપર સ્વભાવના ભેદનું ભાન થાય છે તેથી આત્મજ્ઞાન પ્રગટે છે અર્થાત સ્વ-પર ભાવનું ભેદ વિજ્ઞાન જે થકી આત્મજ્ઞાત ઉપજે છે; એટલે આ પરદ્રવ્ય તે હું નથી અને મારું નથી એમ જાણી આ જીવ સમસ્ત પરદ્રવ્યથી પ્રચ્યુત થાય છે અને જીવ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે. સ્વથી એકત્વ અર્થાત્ અભિન્ન એવો આત્મા સ્પષ્ટપણે અનુભવાય છે. આવો આ સમય એટલે જીવ જ્યારે સ્વને, આત્માને પોતાને એકપણે એકીસાથે જાણે છે અને પરિણમે છે ત્યારે તે સ્વ સમય એમ પ્રતીત થાય છે.

આ પરથી સ્વસમય પ્રાપ્તિનો ક્રમ સ્પષ્ટ થાય છે.

(૧) ભેદજ્ઞાન – પ્રથમ તો સ્વ-પરનો ભેદજ્ઞાનરૂપ વિવેક પ્રગટે છે. જડ-ચેતનની ભિન્નતાની પ્રતીતિ થાય છે.

(૨) આત્મજ્ઞાન – સ્વરૂપનું જ્ઞાન-આત્મજ્ઞાન. એટલે નિજસ્વરૂપ ચેતન છે. પરથી વિભક્ત અને સ્વથી એકત્વ એવો આત્મા ભેદજ્ઞાન થતા સ્પષ્ટપણે અનુભવાય છે.

(૩) પરથી દૃષ્ટિ ઉદાસી આ પર દ્રવ્ય – જ્ઞેય પણ પરદ્રવ્ય છે. તે હું નહીં એમ જાણી પરથી પ્રચ્યુત થાય છે.

(૪) આત્મવૃત્તિ – બહિરાત્મા અવસ્થા છોડી અંતરાત્મા અને છેવટે પરમાત્મા અવસ્થા પ્રાપ્ત થાય છે. શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આત્મા આત્માથી જ જણાય છે.

ટૂંકમાં સહજાત્મસ્વરૂપનું થવું એ જ સ્વસમય છે.

**પરસમય :**

*'પરવડી છાંયડી જ્યાં પડે, તે પરસમય નિવાસ રે.'*

આ આત્મા જ્યારે એકી સાથે પરને એકત્વપૂર્વક જાણે છે અને પરમાં એકત્વપૂર્વક પરિણમે છે, ત્યારે તે પરસમય છે, તેમ પ્રતીત થાય છે. અનાદિ મિથ્યાત્વને લીધે મોહને જ્યારે આત્મા અનુસરે છે અને આત્મતત્ત્વથી પ્રચ્યુત થાય છે. અને પરદ્રવ્ય પ્રત્યયી અર્થાત્ મોહ-રાગ-દ્વેષાદિ ભાવોની સાથે એકત્વગતપણે વર્તે છે. ત્યારે પુદ્‌ગલ કર્મ પ્રદેશમાં સ્થિતપણાને લીધે, તે પરને એકપણે એકીસાથે જાણે છે અને પરિણમે છે તે પરસમય છે. પરમાં જોડાઈ જવું તે પરસમય છે.

'परमेकत्वेन युगपजानन् गच्छंश्च परसमयं इति परतीयते ।'

આમ દર્શન-જ્ઞાન-સ્વભાવી આત્મામાં નિયતપણે વર્તવારૂપ આત્મભાવથી પ્રચ્યુત થઈ પરભાવને એકપણે જાણી વર્તવું તે પરસમય છે. જીવ નામનો પદાર્થ એકત્વભાવને છોડીને મોહથી પરની સાથે જોડાય છે. તેથી જ વિસંવાદની પ્રાપ્તિ થાય છે. આત્મા પરદ્રવ્યથી અને પરદ્રવ્યના ગુણપર્યાયથી ભિન્ન છે, તેમજ પરદ્રવ્યના નિમિત્તે થતા મોહ, રાગ-દ્વેષના ભાવોથી પણ અપેક્ષાએ ભિન્ન જ છે. જીવને જ્યારે ભેદજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે તેના જ્ઞાનમાં પરથી વિભક્ત અર્થાત પરથી ભિન્ન અને સ્વથી એકત્વ અર્થાત્ અભિન્ન એવો આત્મા સ્પષ્ટપણે અનુભવાય છે પરંતુ આત્મા સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાં હોવા છતાં દર્શનમોહના કારણે કષાયના સમૂહ સાથે એકરૂપ થઈ જવાથી તેના પર કર્મનું આવરણ છવાઈ જાય છે અને તેનું શુદ્ધસ્વરૂપ ઢંકાઈ જાય છે. તે સમયે આ આત્મા પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી એકીસાથે, પરને એકત્વપૂર્વક જાણે છે અને પરમાં એકત્વપૂર્વક પરિણમે છે તેથી તે પરસમય કહેવાય છે. આત્મા જ્યારે જેવા ભાવો કરે છે ત્યારે તે તે રૂપે પરિણમે છે. અજ્ઞાનીને આત્મા અને કર્મ-નોકર્મ અભેદરૂપે દેખાય છે. પરસમય એટલે પરમાં સ્થિત આત્મા, આત્માની પરરૂપ સ્થિતિ. અજ્ઞાની પરપદાર્થો અને રાગાદિભાવોને પોતાના માને છે, પોતાને અને જડ પદાર્થો કે રાગાદિ ભાવોમાં અભેદરૂપે માને છે. પરસમય એટલે તે આત્મા જેને દ્રવ્યકર્મ

(૮ કર્મ), ભાવ કર્મ અને નોકર્મ (શરીરાદિ)માં, હું પણું છે – એટલે આત્મપ્રચ્યુતિ અને પરવૃત્તિ.

આચાર્ય કુંદકુંદે 'સમયસાર'માં જીવ-અજીવ અધિકારમાં આ સમજાવ્યું છે. તત્ત્વજ્ઞ આનંદઘનજી અરનાથ જિન સ્તવનમાં આ જ વાત કરે છે, કે આત્મા જ્યારે પુદ્‌ગલકર્મથી ખરડાયેલ હોય ત્યારે તે 'પર'ની છાયામાં આવે છે. કર્મથી રહિત આત્માનું સ્વરૂપ સ્ફટિક જેવું શુદ્ધ છે. કર્મ પુદ્‌ગલના સંસર્ગથી આત્મા તેની છાયામાં આવે છે ત્યારે તેની શુદ્ધતા ગુમાવે છે. ત્યારે તે પર-સમયમાં નિવાસ કરે છે તે આ પ્રકારે –

(૧) પ્રથમ તો મોહને લીધે સ્વ-પરનો ભેદ પરખાતો નથી અર્થાત્ અજ્ઞાન હોય છે.
(૨) તેથી આત્માનું જ્ઞાન ન હોવાથી મિથ્યાત્વ ઉપજે છે.
(૩) એટલે જોવું, જાણવું–સ્વભાવમાં નિયતવૃત્તિરૂપ આત્મતત્ત્વથી પ્રચ્યવન હોય છે.
(૪) તેથી પરદ્રવ્ય સાથે એકપણું વર્તે છે.
(૫) એટલે પુદ્‌ગલકર્મ પ્રદેશરૂપ પરરૂપમાં સ્થિતપણું વર્તે છે.
(૬) એટલે પરને એકપણે, જાણવા પરિણમવા રૂપ પરસમય હોય છે.

આચાર્ય અમૃતચંદ્ર 'આત્મખ્યાતિ'માં કહે છે – આમ મોહજન્ય ભેદજ્ઞાન – આત્મજ્ઞાન – સ્વપ્રચ્યુતિ – પ્રવૃત્તિ – પરરૂપ સ્થિતિ – પરસમય, એમ પરસમયતા તત્ત્વ વિજ્ઞાનનો ક્રમ છે.(અમૃતાચંદ્રાચાર્ય કૃત આત્મખ્યાતિ ટીકા).

બધા દોષોનું મૂળ મોહ છે. મોહને લીધે જ સ્વપરનું ભેદ અજ્ઞાન વર્તે છે. તેથી આત્મપ્રચ્યુતિ અને પરવૃત્તિ થતા આત્મા વિભાવ ભાવે પરિણમે છે. પરદ્રવ્યમાં સોપારાગ ઉપયોગવૃત્તિ તે પરચરિત છે. અને આ પરચરિત તે જ 'પરસમય' છે. જીવ પરભાવોમાં અહંત્વ – મમત્વ કરીને બંધાય છે, પરભોગમાં દુ:ખ પામે છે. શ્રી દેવચંદ્રજીના શબ્દોમાં –

*'પર પરિણતિ રાગીપણે, પરરસરંગે, રક્ત રે,*
*પર ગ્રાહક રક્ષકપણે, પરભોગે આસક્ત રે...'*

શ્રી દેવચંદ્રજી

**સ્વસમય પરસમયની તુલના**

જિનશાસન અનેકાંતમય છે કારણ કે વસ્તુ જ અનેકાંત સ્વરૂપે છે. સ્વસમય અને પરસમયના તુલનાત્મક અધ્યયન માટે નિશ્ચય વ્યવહારના સ્વરૂપને જાણવું જરૂરી છે. જે જીવ દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત છે તે સ્વસમય છે. અને જે જીવ પુદ્‌ગલ કર્મના પ્રદેશમાં સ્થિત છે તે પરસમય છે. જિનમતનું કથન સ્યાદ્‌વાદરૂપ છે. જીવ જ્યારે દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત થાય છે અને આત્મા તત્ત્વ સાથે એકરૂપ થઈને વર્તે છે ત્યારે એકી સાથે સ્વને એકત્વપૂર્વક જાણે છે અને એકત્વપૂર્વક પરિણમે છે તે સ્વસમય કહેવાય છે. પરંતુ જ્યારે અનાદિકાળથી પુષ્ટ થયેલા મોહના ઉદય અનુસાર પ્રવૃત્તિ થાય છે ત્યારે દર્શન જ્ઞાન સ્વભાવમાંથી નીકળી ને આ આત્મા પરના નિમિત્તથી ઉત્પન્ન થયેલ મોહ, રાગ–દ્વેષાદિ ભાવો સાથે એકમેક થાય છે ત્યારે આ આત્મા પુદ્‌ગલ પ્રદેશમાં સ્થિત હોવાથી એકી સાથે પરને એકત્વપૂર્વક જાણે છે અને પરમાં એકત્વપૂર્વક પરિણમે છે તેથી તે પરસમય કહેવાય છે. શુદ્ધ આત્મવૃત્તિ – આત્મા પરિણમતી તે સ્વસમય અને પરવૃત્તિ – પર પરિણતિ તે પરસમય. દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ આત્માનું સ્વરૂપ જાણવું તે નિશ્ચય દૃષ્ટિ છે જ્યારે વસ્તુના પર્યાયોના ભેદ તે વ્યવહાર દૃષ્ટિ છે. શુદ્ધ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે. તે તેના સ્વભાવને કદી છોડતો નથી. પરંતુ મોહનીય કર્મના ઉદયને કારણે આત્માની પરિણતિ અશુદ્ધ થાય છે. પર્યાયો મલિન થાય છે, અર્થાત્ દ્રવ્યદૃષ્ટિએ તો આત્મા શુદ્ધ જ છે. પર્યાયદૃષ્ટિ આત્માની જુદી જુદી અવસ્થાઓ છે.

આત્માનું અભેદ સ્વરૂપ તે નિશ્ચયનયથી છે. જ્યારે તેનું ભેદસ્વરૂપ તે વ્યવહાર નય છે. દ્રવ્યદૃષ્ટિથી આત્મા નિત્ય સ્વરૂપ છે જ્યારે ઉત્પાદ–વ્યયસ્વરૂપ તે વ્યવહારનય છે.

કર્મથી રહિત શુદ્ધાત્માનો અનુભવ થાય તે સ્વસમયનો આનંદ છે પરંતુ જ્યારે પુદ્‌ગલનો પડછાયો પડયો જણાય ત્યારે ત્યાં પરસમયનું સ્થાન છે; કારણ કે કર્મપુદ્‌ગલના સંસર્ગથી આત્માનું સ્વરૂપ મલિન થાય છે.

પ્રવચનસારના જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકારમાં કહ્યું છે પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે. દ્રવ્ય ગુણાત્મક કહ્યા છે અને દ્રવ્ય તથા ગુણોથી પર્યાયો થાય છે. પર્યાયમૂઢ જીવ પરસમય એટલે કે મિથ્યાદૃષ્ટિ છે. (ગાથા ૯૩)

જે જીવ પર્યાયોમાં લીન છે, તેને પરસમય કહેવામાં આવ્યો છે. જે જીવ આત્મસ્વભાવમાં લીન છે તેને સ્વસમય જાણવો. (ગાથા ૯૪)

જે માત્ર પર્યાયોને જાણે છે તેને જ સંપૂર્ણ તત્ત્વ સમજી લે છે, તે જીવ અજ્ઞાની પરસમય છે અને મિથ્યાદૃષ્ટિ છે.

જે સમ્યગદૃષ્ટિ છે, મુક્તિમાર્ગમાં ભાગી રહ્યાં છે, જેણે સહજાનંદ પ્રાપ્ત કરવાનો ઉપાય પ્રાપ્ત કરી લીધો છે એવા ચોથા ગુણસ્થાન-વાળા અને તેનાથી આગળ વધેલા બધા જીવ સ્વસમય કહેવાય છે. જે દ્રવ્યને જણાતો નથી, ગુણોને જણાતો નથી અને માત્ર પર્યાયોને જાણી તેમાં જ પોતાપણું સ્થાપિત કરે છે તે અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે, પર્યાય મૂઢ છે કારણ કે તે પર્યાયોમાં એકત્વબુદ્ધિ ધારણ કરે છે. મકાનમાં 'આ મારું છે' – આ મમત્વબુદ્ધિ રૂપ અને આપણા શરીરને 'આ હું છું', એ એકત્વ બુદ્ધિરૂપ મૂઢતા છે. એવો પર્યાયમૂઢ આત્મા જ પર સમય છે. ૧ થી ૩ ગુણસ્થાનવાળા જીવ પરસમય કહી શકાય.

છ ઢાળામાં કહ્યું છે 'દેહ જીવ કો એક ગીને બહિરાત્મ તત્ત્વમુદ્‌વાહ' – તત્ત્વના સંબંધમાં મૂઢ બહિરાત્મા શરીર અને જીવને એક જ માને છે.

આમ સમયનું દ્વિવિધપણું ઉદ્‌ભવે છે. સ્વસમય અને પરસમય એમ દ્વિપ્રકારપણુ જગતમાં ચાલી રહ્યું છે. એકબાજુ સ્વાત્મામાં જ સ્થિતિ કરનારા સહજાત્મસ્વરૂપમાં સ્થિત એવા જીવનમુક્ત આત્માઓ, અરિહંત ભગવંતો, સહજાત્મસ્વરૂપમાં સુરક્ષિત એવા

વિદેહ મુક્ત આત્માઓ અર્થાત્ સિદ્ધ ભગવંતો, શુદ્ધ ઉપયોગવંત આચાર્ય ઉપાધ્યાય અને સાધુ એમ પંચપરમેષ્ઠી રૂપ સ્વસમયનું દર્શન થાય છે અને બીજી બાજુ પરભાવમાં જ સ્થિતિ કરનારા બહિરાત્માઓ છે.

સ્વસમયનો ક્રમ છે – ભેદજ્ઞાન, આત્મજ્ઞાન, પરપ્રચ્યુતિ, આત્માવૃત્તિ, સ્વરૂપ સ્થિતિ – અને સ્વરૂપ સ્થિતિ એ જ સ્વરૂપ સ્વસમય છે અર્થાત્ જેમ છે તેમ સહજાત્મ સ્વરૂપ થવું. જ્યારે પરસમયનો ક્રમ છે – મોહભેદ અજ્ઞાન, આત્મ અજ્ઞાન, સ્વપ્રચ્યુતિ, પરવૃત્તિ, પરરૂપ સ્થિતિ જે પરસમય છે.

વિશ્વના સમસ્ત પદાર્થોનું જ્ઞાની પુરુષ સાપેક્ષપણે નિરંતર ચિંતન કરે છે. એમ કરતાં વસ્તુનું યથાર્થ સ્વરૂપ ઉપલબ્ધ થઈ સર્વ ભ્રમ ટળે છે.

આ સમગ્ર સ્તવનમાં નિર્ગ્રંથ પ્રવચનના રહસ્યરૂપ દ્રવ્યાનુયોગનો મહિમા જોવા મળે છે તેમ જ નિશ્ચયનય અને વ્યવહારનયનો ભેદ જાણી, નિશ્ચયનયની દૃષ્ટિએ આત્માના સ્વરૂપને જોવાપર ભાર મૂક્યો છે. પર્યાય દૃષ્ટિ છોડતા આત્મજ્ઞાન થાય છે, સ્વરૂપ સ્થિરતા થાય છે અને પરમ આનંદ પ્રાપ્ત થાય છે. આત્મા સત્ ચિત્ત આનંદરૂપ છે.

જૈનદર્શન પ્રમાણે આત્માની ત્રણ અવસ્થાઓ છે. (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા (૩) પરમાત્મા. બહિરાત્મા દશામાં વર્તતા જીવ આત્મભ્રાંતિમાં હોય છે. તેમાં દેહાત્મબુદ્ધિ હોય છે. પરિણામે સંસાર સ્થિતિના બીજ તે નિરંતર વાવ્યા કરે છે. અને કર્મબંધ કરી પરિભ્રમણ કર્યા કરે છે. સર્વ પુદ્ગલ સંબંધી પ્રવર્તનમાં આત્મત્વ બુદ્ધિવાળો બહિરાત્મા છે, મિથ્યાદૃષ્ટિ છે.

બહિરાત્મ ભાવનો ત્યાગ કરી આત્મામાં આત્મબુદ્ધિ રાખી જે વિકાસક્રમમાં આગળ વધેલા હોય છે તે ગ્રંથિ ભેદ કરી ભ્રાંતિ દૂર થતા આત્મસ્વરૂપ જાણે છે અને વિકાસક્રમમાં આગળ વધે છે. સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાનમાં ક્ષીણ મોહ ગુણસ્થાન પર્યંત અંતરાત્મ દશા ગણાય છે.

અંતરાત્મ દશામાં વર્તતા જીવોનું સાધ્ય પરમાત્મદશા છે જે સર્વોત્કૃષ્ટ દશા છે. ભવ્ય જીવોને સ્વસ્વરૂપનું દર્શન થવાથી શુદ્ધાત્માનો અનુભવ થાય છે. અને તે જીવ બહિરાત્મ દશામાંથી અંતરાત્મ દશા પામી જ્ઞાયક સ્વભાવમાં સ્થિત થઈ પરમાત્મ દશા પામે છે. તે પરમાત્મા સંયોગી કેવલી અરિહંત અને સિદ્ધ એમ બે ભેદે કહેવાય છે. અહીં આત્મા જાણનાર જ્ઞાયક દ્રવ્ય છે, પરભાવોને પરરૂપે જાણે છે અને તેને ત્યાગે છે અર્થાત્ સ્વમાં સ્થિરતા એ જ સ્વસમય છે. જ્યારે આ આત્મા મિથ્યાત્વને લીધે પરભાવમાં વૃત્તિ રાખે છે તે બહિરાત્મા પરસમય છે, જેને શુદ્ધ આત્માનું દર્શન થતું નથી. સ્વસમય અને પરસમયનો તફાવત ધ્યાનમાં રાખી નિશ્ચય દૃષ્ટિએ આત્મિક ભાવ આદરવા યોગ્ય છે. કુંદકુંદાચાર્ય પ્રવચનસારમાં કહે છે. (ગાથા ૮૦)

જે અરહંતને – દ્રવ્ય, ગુણ અને પર્યાયપણે જાણે છે; તે પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય નાશ પામે છે.।।૮૦।।

અહીં અરિહંતને દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણવાની વાત કહી છે જે મહત્ત્વની છે, કારણ કે જે અરિહંતને દ્રવ્ય, ગુણ પર્યાયથી જાણે છે તે ખરેખર પોતાના આત્માને જાણે છે, કેમ કે બન્નેમાં, નિશ્ચયથી અંતર નથી. અરિહંતના પર્યાયમાં જેવી સર્વજ્ઞતા અને વીતરાગતા પ્રગટ થઈ છે તેવો જ આપણો સ્વભાવ છે. જ્ઞાનસ્વભાવી આત્મા હું છું અને અન્ય સંપૂર્ણ જગતરૂપ અન્ય દ્રવ્ય હું નથી–એવું જાણવું તે મોહ ક્ષયનો ઉપાય છે.

'જે જ્ઞાનરૂપ નિજ આત્મને, પરને વળી નિશ્ચય વડે,
દ્રવ્યત્વથી સંબંધ જાણે, મોહનો ક્ષય તે કરે'.
(પ્રવચનસાર ૮૯)

સ્વ-પરનું ભેદ વિજ્ઞાન મહત્ત્વનું છે. મોક્ષ પ્રાપ્તિ માટે આમ સ્વસમય અને પરસમયના તુલનાત્મક અધ્યયન દ્વારા આત્માનું કલ્યાણ સાધી શકાય છે. સ્વરૂપ અસ્તિત્વ સદ્ભુત છે. આપણે સંસારી જીવોએ તે સ્વરૂપ અસ્તિત્વને છોડી પરની સાથે એકત્વ સ્થાપિત કર્યું છે. આ જ મિથ્યાદર્શન છે. આ જ પર્યાય મૂઢતા છે, પરસમયપણું છે. 'હું મનુષ્ય છું એવું જ્યારે કહીએ છીએ ત્યારે ત્યાં માત્ર જીવ દ્રવ્યના જ ગુણ–પર્યાય–સમાહિત નથી પરંતુ પુદ્ગલ દ્રવ્યના ગુણ પર્યાય પણ શામેલ છે. આ રીતે અહીં પરની સાથે એકત્વ સ્થાપિત કરવામાં આવે છે. આ એકત્વ અસદ્ભુત છે.

દેહ તે જીવ છે, તે માનવું સુલભ છે પરંતુ દેહ અને આત્માને ભિન્ન જાણવારૂપ ભેદજ્ઞાન દુર્લભ છે. અનાદિ કાળથી જીવ મિથ્યાદૃષ્ટિને લીધે પરભાવને એકરૂપ માને છે. સમ્યગ્દૃષ્ટિ ભેદજ્ઞાન કરે છે. જે જીવ સ્વધર્મની ભ્રાંતિથી અશુદ્ધ પરિણતિ વડે કર્મબંધ કરી સંસારમાં પરિભ્રમણ કરે છે તે જ જીવ તત્ત્વ રહસ્ય સમજી ભેદજ્ઞાન વડે પરભાવથી નિવૃત્ત થઈ શુદ્ધ આત્માના સ્વભાવમાં રમણતા કરે છે અને પરમાત્મસ્વરૂપનો સાધક બને છે. આ જ સ્વસમય છે – શુદ્ધ પરમાત્મારૂપ સાધ્ય પર જેની દૃષ્ટિ છે. સમ્યક્ પ્રકારે આત્મભાવમાં પરિણમેલા આત્માને અહીં જ મોક્ષ છે. આ જ સમયસાર છે જેનું માહાત્મ્ય અચિંત્ય છે.

અહીં, એ ઉલ્લેખનીય છે કે જૈનદર્શનમાં આત્માનું જે સ્વરૂપ કહ્યું છે, તે એટલું પરિપૂર્ણ છે કે તેમાં કોઈ જાતનો દોષ નથી આવતો. સમસ્ત આત્માઓ સ્વરૂપની દૃષ્ટિએ સમાન છે. બધામાં ઉપયોગ ગુણ છે. જ્ઞાન આત્માનો ગુણ છે અને ગુણ ગુણીમાં જ રહે છે તે કદી તેનાથી જુદો થતો નથી. મોક્ષનો અર્થ છે આત્માના પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવું અને પોતાના ગુણોનું અનાવરણ કરવું. કહ્યું છે –

'एगो मे सामओ अप्पा नाम दंस ण संजुओ।
सेसा मे बहिरा भावा, सव्वे संजोग लक्खणा ।।' –नियमसार १०२
અર્થાત્

'મારો આત્મા એકલો છે. શાશ્વત છે, જ્ઞાનદર્શન સહિત છે.

બીજા પદાર્થો મારાથી ભિન્ન છે. સર્વે સંયોગરૂપ છે.'

આમ પૌદગલિક ભાવ અને આત્મિકભાવ વચ્ચેનો તફાવત સમજી માત્ર નિશ્ચયનયે આત્મિકભાવ આદરવા યોગ્ય છે. નિશ્ચયનયની દૃષ્ટિએ મોક્ષમાર્ગ એક જ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'. નિશ્ચયનયની દૃષ્ટિથી આત્મા ના કર્તા છે, ન ભોકતા છે. તે તો એકમાત્ર જ્ઞાતા તેમ જ દૃષ્ટા છે.

'स्वश्रितो निश्चयः पराश्रितो व्यवहारः'

વ્યવહાર નય પરસાપેક્ષ પર્યાયોનું કથન કરે છે. નિશ્ચય નય પર નિરપેક્ષ સ્વભાવનું વર્ણન કરે છે. પદાર્થ મૂળ સ્વરૂપે નથી ભાસતો કારણ કે તે જુદા જુદા રૂપ ગ્રહણ કરે છે. દા. ત. સોનું સોનાની ધાતુ તે મૂળ સ્વરૂપ છે પણ તેના જુદા જુદા રૂપો – સોનાના ઘરેણા – કડુ, બંગડી વગેરેથી તે અનેક ભાસે છે. તેમાં મૂળસ્વરૂપને જોવું તે નિશ્ચય દૃષ્ટિ જ્યારે જુદા જુદા રૂપોને જેવું ને પર્યાયદૃષ્ટિ છે. આમ આત્માને પર્યાયદૃષ્ટિએ ન જોતાં નિશ્ચય નયની દૃષ્ટિથી જોવાથી શુદ્ધાત્માનો અનુભવ થઈ શકે છે. 'હું એકમાત્ર આત્મા છું'. 'एगे आया' (ઠાણાંગ સૂત્ર, પ્રથમ સ્થાન) શરીરાદિ પરથી સર્વથા ભિન્ન છું.

આત્માપણે પોતાને અને પરપણે જાણતા સર્વ અન્ય દ્રવ્યથી વિરામ પમાય છે, એટલે ચૈતન્યપણાને પ્રાપ્ત થયેલા પોતાના આત્મામાં જ રમણ કરતા આ આત્મા કર્મનો કર્તા કોઈ રીતે થાય નહીં.

'પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં, પોતાના જ શુદ્ધ જ્ઞાન,દર્શન, ચારિત્ર ગુણોમાં અને પોતાના શુદ્ધ પર્યાયોમાં પરિણતિ ભલી – પરદ્રવ્ય, ગુણ પર્યાયમાં તે ભલી નથી. (જ્ઞાનસાર ૬.૪)

મોહના ત્યાગથી જ્ઞાન થાય છે. આત્માના અનુભવથી, પરમશાંત રસથી તૃપ્તિ થાય છે માટે આત્મજ્ઞાનની ઉપાદેયતા છે. અધ્યાત્મનો અર્થ છે – આત્મસ્વરૂપ, વિશુદ્ધ જ્ઞાન પર્યાય તથા સ્વસ્વભાવમાં સ્થિરતા. શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે–

'આતમ રામ અનુભવ ભાજે, તજે પરતણી માયા,
એહ છે સાર જિનવચનનો એહ શિવતરુ છાયા.'
(સીમંધર સ્વામી સ્તવન)

સમયસારમાં તો સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે–

'नासत्सिर्वोऽपिसंबन्ध परद्रव्यात्मत्वयोः।

પરદ્રવ્ય અને આત્મતત્ત્વમાં કોઈપણ સંબંધ નથી. નવીન કર્મબંધનથી અળગા થવું હોય તો પરભાવ પરિણમન વૃત્તિ છોડવી અનિવાર્ય છે. તે માટે પુરુષાર્થ આદરવો જરૂરી છે. અર્થાત્ પરસમય પરિણમન યોગ્ય નથી. તીર્થંકર ભગવંતોએ જણાવ્યું છે કે જે આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનું અજ્ઞાન ટાળીને શુદ્ધાશુદ્ધ સ્વરૂપનો જાણકાર થાય અર્થાત્ સ્વસમય અને પરસમયનો બોધ પામે અને પછી પોતાના અશુદ્ધ સ્વરૂપને કર્મના સ્વરૂપને કર્મના હેતુરૂપે જાણી કર્મ પરિણામોથી અળગો થવાનો પ્રયત્ન કરી સ્વ-સ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત કરતો થાય તો તે અવશ્ય પરમાત્મ પદને પ્રાપ્ત કરવાવાળો થાય છે. યોગીરાજ આનંદઘનજી જણાવે છે કે

'બહિરાતમ તજી અંતર આતમરૂપ થઈ સ્થિરભાવ સુજ્ઞાની,
પરમાતમનું હો આતમ ભાવવું, આત્મા અરપણ દાવ, સુજ્ઞાની.'
(સુમતિનાથ સ્તવન)

આપણા આત્મસ્વરૂપ પર શ્રદ્ધા રાખવી તે સમ્યક્દર્શન છે. આત્મસ્વરૂપને જાણવું, સ્વ-પરનો યથાર્થ બોધ કરવો તે સમ્યક્જ્ઞાન છે અને આપણા આત્મ સ્વરૂપમાં સ્થિર રહેવું તે સમ્યક્ચારિત્ર છે. આ ત્રણેની સાધના એ જ મોક્ષમાર્ગ છે.

આત્મા જ્ઞાન સ્વભાવી છે. પરનો કર્તૃત્વસ્વભાવી નથી, પરનો ભોક્તૃત્વ સ્વભાવી નથી. ફક્ત જ્ઞાનસ્વભાવી છે. જાણવું અને જાણવું તે જ તેનો સ્વભાવ છે. આત્મા કેવળ જ્ઞાયક છે. જેણે આ જાણ્યું તેણે સમગ્ર જિનશાસન જાણી લીધું.

'सम्पहेए अप्पगमप्पणं'–

આત્માથી આત્માને સમ્યક પ્રકારે જુઓ (દશવૈકાલિક સૂત્ર)

શ્રી આનંદઘનજી મહારાજ સ્વસમય અને પરસમયની વિચારણા દ્વારા જગતના જીવોને આત્મજાગૃતિ કરાવે છે. તત્ત્વની પ્રાપ્તિ માટે એક મહત્ત્વપૂર્ણ સંદેશ તેઓશ્રી આપે છે, અને તે છે–આત્મિક દ્રવ્યની મહત્તા. સ્વરૂપદશાનું જ્ઞાન, સ્વપરનું ભેદ વિજ્ઞાનની સમજણ જરૂરી છે. પરમાત્મરૂપ આત્માની વાસ્તવિકતાનું દર્શન કરી, એમાં શ્રદ્ધા કરી, આનંદઘન સ્વરૂપ ચૈતન્યમૂર્તિ શુદ્ધ આત્માનું ધ્યાન કરવા યોગ્ય છે. આ રીતે સાધક પરભાવથી મુક્ત થતા સ્વરૂપાનંદનની મોજ માણે છે. તેથી જ તેમણે એક પદમાં ગાયું છે.

*'આશા ઓરનકી કયા કીજે જ્ઞાન – સુધારસ પીજે...'*

અંતમાં, આત્મધર્મના આરાધક શ્રી આનંદઘનજીએ સ્વસમય અને પરસમયની તુલના દ્વારા ચેતનના અર્થગંભીર રહસ્યોને વ્યક્ત કર્યો છે અને જૈનધર્મનું હાર્દ સમજાવ્યું છે.

**સંદર્ભસૂચિ**

(૧) આત્મખ્યાતિ-આચાર્યઅમૃતચંદ્ર
(૨) સમયસાર-આચાર્ય કુંદકુંદ
(૩) પ્રવચનસાર-આચાર્ય કુંદકુંદ
(૪) સમયસાર-નાટક બનારસીદાસ
(૫) આનંદઘન-ચોવીસી–સં. પ્રભુદાસ બેચરદાસ
(૬) સીમંધરસ્વામી સ્તવન-યશોવિજયજી
(૭) જ્ઞાનસાર-યશોવિજયજી
(૮) છહ ઢાળા-પં. દૌલતરામજી
(૯) તત્ત્વાર્થસૂત્ર-ઉમાસ્વાતિ
(૧૦) આચારાંગસૂત્ર
(૧૧) દશવૈકાલિક સૂત્ર
(૧૨) ઠાણાંગસૂત્ર
(૧૩) તાત્પર્યવૃત્તિ જયસેનાચાર્ય
(૧૪) આત્મસિદ્ધિ શ્રીમદ્ રાજચંદ્ર
(૧૫) નિયમસાર-આચાર્ય કુંદકુંદ
(૧૬) આનંદઘનજી સ્તવનો

✷ ✷ ✷

*મોબાઈલ : ૯૩૨૩૦૭૯૯૨૨*

# જ્ઞાન-પ્રાપ્તિનો જાદુઈ પ્રભાવ

❑ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.

અજ્ઞાન–જ્ઞાનિનો વિરલા:

એવો જ્ઞાની મળે કોક જાણે જે અજ્ઞાનને.

એક સવાલ એવો છે કે, અમાસની રાતે લાખો દીવડા પેટાવવામાં આવે, લાખ પાવરના કરોડો ગ્લોબમાંથી આંખો અંજાઈ જાય, એવો અજવાળાનો ધોધ વહેવડાવવામાં આવે અથવા તો મોટી મોટી મશાલો પેટાવવા ઉપરાંત ભડકે બળતી આગ ઠેરઠેર લગાડવામાં આવે, તો દુનિયામાં અજવાળાનું સામ્રાજ્ય વિશાળ હોય કે અંધારપટથી છવાયેલો પ્રદેશ જ વધુ વિશાળ અને વ્યાપક હોય? જવાબમાં કહેવું જ પડે કે, અમાસની રાતે સામ્રાજ્ય તો વધુ પ્રમાણમાં અંધકારનું જ છવાયેલું રહેવાનું! ગમે તેટલા દીવા, મશાલ કે આગના ભડકા ભલે ભડભડી ઉઠે, તોય એ અજવાળાં અંધકારની વિશાળતાને વામણી બનાવીને પોતાનું સામ્રાજ્ય સ્થાપવામાં કોઈ કાળે સફળતા હાંસલ ન કરી શકે, એ સાવ સામાન્ય માણસ પણ સમજી શકે, એવી હકીકત છે.

આપણને એમ પૂછવામાં આવે કે, કોઈ ગમાર ઢબુનો ઢ હોય અને કોઈની ગણના સર્વશ્રેષ્ઠ વિદ્વાનમાં થતી હોય, તો આ બંનેમાં જે વિદ્વાન ગણાતા હોય, એના મગજમાં તો જ્ઞાનની માત્રા વધુ હોય કે અજ્ઞાનની માત્રા વધુ હોય? તો જવાબ વાળવામાં ગોથું ખાઈ જઇએ અને એવો જવાબ આપી દઇએ કે, સર્વશ્રેષ્ઠ વિદ્વાન ગણાતી વ્યક્તિનું મગજ તો એ રીતે જ્ઞાનથી છલકાતું હોય કે એના અજ્ઞાનને સીમિત જ ગણવું પડે.

અજવાળું અને અંધકારના વિષયમાં અપાતો જવાબ સાવ સાચો ગણાય અને જ્ઞાન અને અજ્ઞાનને લગતા આવા જવાબને સાવ ખોટો ગણવો પડે, એ રીતે અજ્ઞાનનું એકછત્રી સામ્રાજ્ય આ વિશ્વમાં કઈ રીતે છવાયેલું છે, એનું દિગ્દર્શન પામવા સૌ પ્રથમ એક સંસ્કૃત સુભાષિતનો સામાન્ય અર્થ સમજી લઈને પછી આ વિષયમાં જરાક ઊંડી ડૂબકી લગાવવાનો પ્રયાસ કરીએ.

સુભાષિત એવો સંદેશ સંભળાવે છે કે, એવો જ્ઞાની વિરલ જ જોવા મળે કે, જેને પોતાના અજ્ઞાનનું જ્ઞાન હોય. 'અજ્ઞાન–જ્ઞાનિનો વિરલા:' આ સુભાષિત સાવ ટૂંકું અને સરળ જણાય છે, પણ ખૂબ ખૂબ રહસ્યોથી ભરપૂર હોવાથી આ સુભાષિતના સાગરમાં ડૂબકી મારીશું, તો રત્નસમાં અવનવાં જે કેટલાય રહસ્યો હસ્તગત થવા પામશે, એનો સામાન્ય આકાર-પ્રકાર નીચે મુજબનો હશે.

માણસ ગમે તેટલો પંડિત બને અને પંડિત-શિરોમણિ તરીકે પંકાય, પણ એનામાં પ્રાપ્ત જ્ઞાન કરતા અપ્રાપ્ત જ્ઞાનની માત્રા જ નિ:સીમ હોવાની, એટલે કે અજ્ઞાનનું સામ્રાજ્ય જ વધુ વિસ્તૃત હોવાનું.

થોડી માત્રામાં થતી જ્ઞાનપ્રાપ્તિ માણસમાં 'જ્ઞાની' તરીકેનો ગર્વ પેદા કરીને એની છાતીને ફુગ્ગાની જેમ ફૂલાવી શકે, પણ જેમ જેમ એને વધુ ને વધુ જ્ઞાનપ્રાપ્તિ થતી જાય, એમ એમ એને પોતાની અજ્ઞાનતાનો વધુ ખ્યાલ કરાવીને વધુ નમ્ર તથા જ્ઞાનપ્રાપ્તિ માટે વધુ પુરુષાર્થશીલ બનવાની પ્રેરણા પણ આવી જ્ઞાનપ્રાપ્તિના આલંબને જ મળતી રહેતી હોય છે.

એક માત્ર સર્વજ્ઞને છોડી દઈએ, જોકે સર્વજ્ઞમાં અભિમાન જાગવાની સંભાવના જ નથી, બાકી 'જ્ઞાની' તરીકે કોઈને પણ જ્ઞાનનો ગર્વ કરવાનો અધિકાર જ નથી, કારણ કે એ જ્ઞાનીએ મેળવેલું જ્ઞાન સાવ જ સીમિત છે, એની અપેક્ષાએ એનામાં રહેલું અજ્ઞાન તો એકદમ અસીમ છે. અમાસની રાતે જેમ અંધકારનું જ વધુ સામ્રાજ્ય વ્યાપક રહે, એમ માણસ માત્રમાં જ્ઞાન કરતાં અજ્ઞાનનું જ પ્રમાણ વધુ છવાયેલું રહેલું હોય છે.

હું કેટલું બધું જાણું છું, આ જાતના ગર્વને પ્રેરતું જ્ઞાન ખરી રીતે તો જ્ઞાન જ નથી, પણ વધુ અંધકાર સર્જીને વધુ અથડામણ પેદા કરતું અજ્ઞાન છે. હું કંઈ જ જાણતો નથી, આ જાતનું અજ્ઞાનતા અંગે સભાન બનાવતું થોડું પણ જ્ઞાન જ સાચું જ્ઞાન છે, કેમકે એથી જ્ઞાનનો પ્રકાશ વધુ ને વધુ પ્રગાઢ બનવો પ્રાપ્ત થઈ શકતો હોય છે, એથી અથડામણની સંભાવના દૂર ને દૂર થતી જાય છે. આ સંદર્ભમાં 'જ્ઞાન'નું અભિમાન એજ અજ્ઞાન અને અજ્ઞાનનું 'ભાન' એજ જ્ઞાન ગણાય!

અજ્ઞાન એવો અંધકાર છે કે, જે છતી આંખે અને છતે અજવાળે અંધાકરમાં આમતેમ અથડાવે, પરંતુ આના કરતાં પણ વધુ અથડાવનાર 'વિપરીત-જ્ઞાન' હોવાથી અજ્ઞાન કરતાં મિથ્યા એટલે વિપરીત-જ્ઞાનથી વધુ સાવધાન રહેવા જેવું ગણાય.

માન-કષાયના અનાદિથી લાગુ પડેલા રોગ માટે રામબાણ ઔષધની ગરજ સારનારી દવા 'જ્ઞાન' છે, પણ જો જ્ઞાન જ ગુમાન વધારનારું બનતું હોય, તો પછી કોના શરણે જવું? 'જ્ઞાન'ને રામબાણ સાબિત કરવું હોય, તો ગુમાનના કુપથ્યનો ત્યાગ કરવાપૂર્વક નમ્રતાના સુપથ્ય સાથે જ્ઞાનનું સેવન થવું જોઈએ, આવી રીતે થતી જ્ઞાનોપાસના જેમ જેમ આગળ વધતી જાય, એમ એમ જ્ઞાની વધુ ને વધુ વિનમ્ર બનતો જાય.

આ અને આવાં અનેક રત્નો સુભાષિતના સાગરમાં ડૂબકી મારનાર મરજીવાને હસ્તગત બની શકે એમ હોવા છતાં આમાંના એક એ જ મુખ્ય મુદ્દા પર વિશેષ રીતે મનન-વિવેચન કરીએ કે, અમાસની રાતે છવાયેલા અંધકારની જેમ માનવોની મન:સૃષ્ટિમાં

જ્ઞાન કરતાં અજ્ઞાનના સામ્રાજ્યની જ વધુ વ્યાપકતા કઈ રીતે યુક્તિયુક્ત ગણાય?

ગતિ ગજરાજની વખણાય છે, મતિમાં બૃહસ્પતિ અગ્રગણ્ય છે. કંઠ કોયલનો સુપ્રસિદ્ધ છે. સામર્થ્યમાં સિંહ બિનહરીફ છે, રૂપરંગમાં મોરને કોઈ પહોંચી વળે એમ નથી, સમૃદ્ધિમાં ચક્રવર્તી કે ઈન્દ્રની તુલનામાં કોઈ ટકી શકે, એ શક્ય નથી. માટે આ વિષયોમાં જેમ માનવ ગર્વિષ્ઠ બનવાનો અધિકારી નથી, એમ એ ગમે તેટલું ભણ્યો-ગણ્યો હોય, તોય 'જ્ઞાની' તરીકેનો ગર્વ કરવો, એ એના માટે અનધિકાર ચેષ્ટા જ ગણાય; કેમકે એણે જે કંઈ જ્ઞાન મેળવ્યું હોય, એના કરતાં કંઈગણું વધુ અમર્યાદ-જ્ઞાન મેળવવાનું એના માટે બાકી જ રહી જતું હોય છે. ખરી રીતે એવા જ્ઞાનની પ્રાપ્તિ તો એના માટે ગજા બહારની જ વાત ગણાય. એ કેવળજ્ઞાનની કક્ષા સુધી ન પહોંચે, ત્યાં સુધી મથીમથીને મરી જાય, તોય જ્ઞાનનું પલ્લું નમી જાય, એટલું અજ્ઞાન એ ઉલેચી શકતો જ નથી, એથી ગમે તેટલું જ્ઞાન-સંપાદન એ કરે, તોય એના અજ્ઞાનનું પલ્લું જ વધુ ભારેખમ રહેતું હોય છે.

વિષય ભાષા અને ગ્રંથ: આ ત્રણના માધ્યમે જ્ઞાનની પ્રાપ્તિ લગભગ શક્ય બનતી હોય છે, માટે જ માણસ અનેકાનેક વિષયોમાં વિશારદ બનવા, ભાષાઓ ભણવા તથા ગ્રંથોનું વાંચન-મનન કરવા માગતો જણાય છે. આ ત્રણે માધ્યમો દ્વારા વધુમાં વધુ 'વિશારદ વિદ્વાન' તરીકેની ખ્યાતિ-કીર્તિ કોઈને મળી જાય, તોય એના અંતરમાં જ્ઞાનનું પલ્લું ભારેખમ બનીને નમી શકતું નથી, નમેલું પલ્લું તો અજ્ઞાનનું જ રહે છે. વિષય, ભાષા અને ગ્રંથ: આ ત્રણે ક્ષેત્રે 'બિનહરીફ' સાબિત થનારા વિદ્વાનો માટે પણ જો આવી અજ્ઞાન-બહુલતાની અવદશા જ અનિવાર્ય ગણાતી હોય, તો પછી એકાદ ક્ષેત્રમાં જ અગ્રગણ્ય વિદ્વાનને માટે તો આવી હાલતને હડસેલવી ક્યાંથી જ શક્ય બને?

ભાષાને દૃષ્ટાંત બનાવીને આ મુદ્દો વધુ વિસ્તારથી વિચારીએ. ધારી લઈએ કે, કોઈ બુદ્ધિશાળીએ પાંચ-દશ ભાષાઓ પર પ્રભુત્વ મેળવી લીધું અને 'અનેક ભાષા વિશારદ'નું ગૌરવેય પ્રાપ્ત કર્યું, પણ આ વિશ્વમાં કેટલી બધી ભાષાઓનું પ્રચલન છે! ૬૦૦/૭૦૦ ભાષાઓના પ્રચલનનો અંદાજ આંકીએ, તોય દસેક ભાષાઓ પરના પ્રભુત્વવાળું જ્ઞાનનું પલ્લું વધે કે ૬૯૦ ભાષાઓની અજ્ઞાનતાથી લદાયેલું સામેનું અજ્ઞાનતાનું પલ્લું જ વધુ ભારેખમ સાબિત થાય? કહેવું જ પડશે કે, ભાષાવિષયક ભારે અજ્ઞાનતાની સામે દશેક ભાષા વિષયક જ્ઞાન તો કોઈ વિસાતમાં ન જ આવી શકે.

ભાષાની જેમ વિષયોની વિરાટતાને આંખ સામે લાવીએ તેમજ ગ્રંથોના ગંજના ખડકલાની કલ્પના કરીએ, તો એટલું તો કબૂલ કરવું જ પડે કે, ભાષાની જેમ અનેક વિષયોમાં વિશારદત્વ અને ગ્રંથોમાં પાંડિત્ય પામનારો પણ ઘણાં ઘણાં વિષયો અને ગ્રંથોમાં સાવ જ અજ્ઞાન-અબુધ હોવાનું આપોઆપ જ પુરવાર થઈ ગયા વિના ન રહે. હજી થોડાં વધુ ઊંડા ઉતરીએ: એક જ વિષયના કે ભાષાના ભેદ-પ્રભેદ અનેક હોઈ શકે છે તથા એ વિષયને લગતું સાહિત્ય પણ પાર વિનાનું હોય, એ અસંભવિત નથી, એથી વિષયો અને ગ્રંથો અંગે પણ થતી જ્ઞાન-પ્રાપ્તિ સાવ સીમિત જ હોઈ શકે, એની અપેક્ષાએ એ વિષયના અજ્ઞાનની માત્રા એટલી બધી અસીમ-અપાર હોવાની કે, જેની ગણના જ શક્ય ન બને.

આમ, વિષય, ભાષા તેમજ ગ્રંથને લગતું જ્ઞાન ખૂબ ખૂબ સીમિત હોવાનું અને આ વિષયક અજ્ઞાન તો એટલું બધું વ્યાપક તથા વિરાટ રહેવાનું કે, મેળવેલા એ જ્ઞાન અંગેના ગુમાનને તો કોઈ અવકાશ જ ન રહે. પાયાની આટલી વાત સમજાઈ જાય, તો અમાસની રાતે અંધકારના જ વ્યાપક સામ્રાજ્યને સમર્થન આપતા જવાબની જેમ દિગ્ગજ ગણાતા પંડિતોમાંય જ્ઞાન કરતાં અજ્ઞાનના જ વધુ સામ્રાજ્યનો સમર્થક જવાબ આપણા મોઢેથી એકદમ સાહજિકપણે નીકળ્યા વિના નહિ જ રહે, પછી તો આપણે પણ સુભાષિતના સૂરમાં સૂર પૂરાવતો એવો સ્વર નાભિના ઊંડાણમાંથી કાઢી શકવા સમર્થ સાબિત થઈશું કે, પોતાનામાં રહેલા અજ્ઞાનને જે જાણી શકે, એ જ ખરો જ્ઞાની! જેને સાવ સીધી અને સરળ આટલી હકીકત ન જ સમજાય, એ મોટામાં મોટા પંડિત તરીકે પ્રતિષ્ઠિત હોય, તોય એને ખરી રીતે તો મૂર્ખ-શેખર જ ગણવો રહ્યો.

મહાપુરુષો જેને મહાઅંધકાર, ભારેમાં ભારે કષ્ટ, જીવલેણ ઝેર જેવી અધમાધમ ઉપમાઓથી ઓળખાવે છે, એવા અજ્ઞાનના સંસાર-વ્યાપક સામ્રાજ્યને સમજવામાં સુભાષિત પરનું ચિંતન અત્યુપયોગી થાય એવું છે. આમાં જ પૂરક થાય, એવા ભતૃહરીના એક આત્માવલોકનમાં પણ ડોકિયું કરી લઈએ. એક શ્લોક દ્વારા એવો બળાપો એમણે વ્યક્ત કર્યો છે કે, હું કંઈક થોડું થોડું જાણતો થયો, ત્યારે હાથીની જેમ મદોન્મત બનીને જાતને સર્વજ્ઞ જેવી સમજીને ગર્વિષ્ઠ બની ગયો. પણ જ્યારે ગુરુચરણમાં સમર્પિત થઈને મેં જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કર્યો, ત્યારે જેમ વધુ જ્ઞાન મેળવતો ગયો ત્યારે મને એમ જ ભાસવા માંડ્યું કે હું તો મૂર્ખ અને અજ્ઞાની છું. આ રીતે જ્ઞાનનો મદ ઉતરી જતા મારામાં વધુ ને વધુ વિનમ્રતા આવતી ગઈ!

જ્ઞાનનો આ એક ચમત્કારિક અને જાદુઈ પ્રભાવ જ ન ગણી શકાય શું કે, જેમ જેમ જ્ઞાનપ્રાપ્તિ થતી જાય, એમ એમ પોતાની જાત વધુ ને વધુ અજ્ઞાની તરીકે છતી થતી જાય! આ રીતે આપણે 'જ્ઞાનયાત્રા'માં આગે બઢતા 'કેવળજ્ઞાન'ના સર્વોચ્ચ, પરમ અને ચરમ શિખરની ટોચ સર કરવામાં સિદ્ધ બનીએ કે, જ્યાં જ્ઞાનના પ્રવાસની સંપૂર્ણ પૂર્ણાહુતિ જ આવી જતી હોય, એની આગળ પછી કોઈ પંથ જ ફંટાતો ન હોય અને જેથી પ્રવાસ જ બાકી રહેતો હોય.

✷✷✷

*કલ્યાણ પ્રકાશન, કૈલાસ ચેમ્બર્સ, સુરેન્દ્રનગર.*

# મા કો કહાં ઢૂંઢો રે બંદે, મૈં તો તેરી પાસ મેં

**❑ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

*[ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રતિવર્ષ યોજાતી કથામાં આ વર્ષે 'બુદ્ધિસાગરજી મહારાજ કથા'નું આયોજન કર્યું છે. ૧૬ જૂન શુક્રવાર અને ૧૭ જૂન શનિવારે સાંજે ૬-૩૦ વાગ્યે અને ૧૮ જૂન રવિવારે સવારે ૧૦-૦૦ વાગ્યે, ભારતીય વિદ્યાભવન (ચોપાટી, મુંબઈ)માં યોજાનારી આ ત્રિદિવસીય કથા પ્રતિવર્ષની માફક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની જ્ઞાનયુક્ત, ચિંતનપૂર્ણ તથા પ્રવાહી અને મર્મગામી વાણીમાં પ્રસ્તુત થશે. આ સંદર્ભમાં ધ્યાનયોગી, જ્ઞાનયોગી, અધ્યાત્મયોગી, મસ્ત અવધૂત યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીના આત્મશક્તિ અને યોગશક્તિની ઓળખ આપતા કેટલાંક વિરલ પ્રસંગો જોઈએ. –***તંત્રી** ]

સાબરમતીના ખળખળ વહેતા નીર, એનો રમણીય તીર પ્રદેશ. હરિયાળા ડુંગરા અને માતાની ગોદ જેવી ગુફાઓ અને એની વચ્ચે બેસી સોહંના જાપ જપતો જોગી અદ્ભુત લાગે છે. મનના મેલ ટળ્યા છે. દિલના ડાઘ ગયા છે. દેહના અભિમાન ગયાં છે. બાળુડો જોગી જાણે રમણે ચડ્યો છે. અદ્ભુત છે એની એ રમતો!

પેથાપુર ગામ છે. કોઈ વાર પેથાપુરના રુદન ચોતરાની બાજુ ચાલ્યા જાય છે. દૂર દૂર કોતરોમાં ઊતરી જાય છે. એકલા છે. ઝાડીમાંથી અચાનક બે સૂવર નીકળે છે. નાની નાની દંતૂડી માણસને છેદવા પૂરતી છે પણ અહીં કોને ડર છે?

સૂવરો જુએ છે, પેલો બેધડક ચાલ્યો આવતો યોગી! આવીને સૂવરોની બોડ પાસે એ ધ્યાન ધરે છે. અડધો કલાક વીતી જાય છે. સાધુરાજ ખડા થઈને ચાલતા થાય છે. તા. ૧૭-૧૧-૧૫ની રોજનિશીમાં તેઓ લખે છે, 'નિર્ભય દશાની પરીક્ષા કરવા ધ્યાન ધર્યું. આત્માની નિર્ભયતા અનુભવી.'

વળી એક ઓર નિર્ભયતાની દશા દેખાય છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજી પેથાપુરના ગોળીબારના મેદાનમાં પાંચ શ્રાવક સંતાનોને યોગની પ્રક્રિયા શીખવી રહ્યા છે. પોતે સમાધિ લગાવી બેઠા છે. ત્યાં ઓતરાદિ દિશાના વાંઘામાંથી ફૂંફાડા મારતો એક સર્પ તેઓશ્રીની નજીક આવી પહોંચ્યો. પાંચે જણા બૂમ પાડી ઊઠ્યા, પણ સૂરીજી ન ડગ્યા. તેમણે હસતાં હસતાં કહ્યું, 'એ આપણાને ઉપદ્રવ કરવા આવ્યો નથી.'

સાપનો બીજો પ્રસંગ શ્રીયુત મોહનલાલ લખે છે. મહુડીના કોતરોનો વાસી મૂછાળો એ સર્પ હતો. શ્રી મોહનલાલ ભાખરિયા ગભરાઈ ગયા. સૂરિરાજે શાંતિથી કહ્યું, 'અરે, એ તો સંતોની પાસે આનંદ કરે છે. ડર મા!'

છેલ્લા વર્ષોમાં નિત્ય જંગલોનો સહવાસ અને તે પણ નિર્જન જંગલોનો! શહેરમાં માણસથી માણસ ભટકાય એમ જંગલમાં જાનવરે જાનવર અથડાય! એકાદ વાર વાંદરાના શિકારે નીકળેલા દીપડા પણ મળેલા. સાધુરાજ નજીક

---

**સંજોગોવશાત કથાની તારીખ બદલાઈ છે.**
**નોંધ લેવા વિનંતી.**

પ્રબુદ્ધ વાચકો, આચાર્યશ્રી બુદ્ધિસાગર સૂરિજીની સાહિત્ય સમૃદ્ધિ વિશે, આપણે છેલ્લા ત્રણેક અંકોથી માણી રહ્યા છીએ. જૂન ૧૬, ૧૭, ૧૮ તારીખે કર્મયોગી, ધ્યાનયોગી, અધ્યાત્મયોગી મસ્ત અવધૂત આચાર્યશ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીના સાહિત્ય સર્જન વિશે ડૉ. કુમારપાળ દેસાઈ જ્ઞાનયુક્ત, ચિંતનયુક્ત, પ્રવાહી અને મર્મગામી વાણીમાં કથા કહેશે.

**શ્રી ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત**
**ડૉ. કુમારપાળ દેસાઈની જ્ઞાનસભર વાણી દ્વારા**

**|| બુદ્ધિસાગરજી મહારાજ કથા ||**

તારીખ : ૧૬ જૂન, શુક્રવાર, સાંજે ૬-૩૦
૧૭ જૂન, શનિવાર, સાંજે ૬-૩૦
૧૮ જૂન, રવિવાર, સવારે ૧૦-૦૦
સ્થળ :
ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ

**આ ત્રિદિવસીય કથાના સૌજન્યદાતા**

**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**
**સાયલા**
**સ્મૃતિઃ શ્રી સી. યુ. શાહ**

**પ્રવેશપત્ર માટે જિજ્ઞાસુઓને તરત જ સંઘની ઑફિસનો સંપર્ક કરવા વિનંતી-23820296.**

પહોંચતા જ તેઓ શિકાર છોડી ચાલતા થઈ ગયા.

કોઈક વાર કરુણ દૃશ્ય જોતાં તેઓ વ્યાકુળ થઈ જતા. એકવાર પાદરાના વકીલ શ્રીયુત મોહનલાલ હેમચંદ સાથે માણસાના કોતરોમાં ફરતા હતા. અચાનક એક વાંદરો કૂદતાં ઠેક ચૂકયો અને કોતરોમાં પડ્યો. સામે છ કૂતરાં દોડયાં. સાધુરાજે બૂમ મારી 'વકીલજી, દોડો દોડો, પેલાં કૂતરાં વાંદરાને ફાડી ખાશે.'

બીજા દોડે, એ પહેલાં પોતાનો જબરદસ્ત દંડ ઉપાડી પોતે જ દોડ્યા. રસ્તો સારો ન હોવા છતાં ઠેકતાં-કૂદતાં ત્યાં આવી પહોંચ્યા. પણ કૂતરાઓએ કામ ખલાસ કર્યું હતું. પીંખી નાખેલા વાંદરા પાસે જઈ કાનમાં પુણ્ય મંત્ર સંભળાવતા સંભળાવતા સૂરિરાજે ગદ્ ગદ્ કંઠે કહ્યું, 'હે જીવ તારી શુભ ગતિ થાઓ!'

અને સ્વાભાવિક છે કે આટલી નિર્ભય આત્મદશા પ્રાપ્ત કર્યા પછી સ્વાર્થીલું જગત યોગી પાસે કંઈ કંઈ માગવા પણ આવે! જગત તો સ્વાર્થની પૂજા કરવા રસિયું છે. દેવ હોય કે ડાકણ, સંત હોય કે શેતાન, માણસ હોય કે દેવ, ગમે તે કાં ન હોય, પોતાની સ્વાર્થ સાધના માટે એ સહુને પૂજે! આ પવિત્ર આત્માની ખ્યાતિ થતી ચાલી. ઇચ્છિત પ્રાપ્તિ માટે અનેક રોગિયા-દોગિયા આવવા લાગ્યા. આ યોગીના હૃદયમાં સદાકાળ સહુના કલ્યાણના મંત્રો રટાતા હતા. માંગનારને માંગ્યું મળતું પણ ખરું! જેને ફળે તે મહિમાનો વિસ્તાર કરે.

જંગલમાં ગયેલા મહાન યોગી આનંદઘનજીને એવી વીતી હતી, તો બીજાની શી વાત! અપુત્રીઆ રાજાએ હઠ લીધી કે, 'વચન સિદ્ધિવાળા છો. એવો મંત્ર આપો, જેથી પુત્ર થાય.'

યોગીરાજે છૂટવા ઘણું કર્યું, પણ પેલો સ્વાર્થી માનવી એમ કંઈ છોડે?

યોગીએ મંત્ર આપ્યો. માદળિયું બનાવી બાંધવા કહ્યું. વર્ષે દહાડે તો રાજનો ભાવિ ધણી જન્મ્યો. રાજા તો ઠાઠમાઠથી યોગીરાજ આનંદઘનજીને વધામણે ચાલ્યો. જંગલની કોઈ ગુફામાં બેઠેલા યોગીએ કહ્યું, 'ભોળા રાજા! ચિઠ્ઠી ઉઘાડ! વાંચ તો કયો મંત્ર છે?'

રાજા માદળિયું તોડી વાંચે છે, 'રાજા કી રાની કો લડકા હો તો આનંદઘન કો ક્યા? ન હો તો ભી ક્યા?'

સહુ વિસ્મય પામ્યા. રાજા કહે, 'યોગીરાજ, તમારું વચન ને મારી શ્રદ્ધા ફળી.'

સૂરિરાજ જેમ જેમ બધાનો સંગ છોડતા ચાલ્યા, એમ એમ એમના સંગી વધવા લાગ્યા. અમદાવાદના શેઠ જગાભાઈ જેવા આવે, 'બાપજી, મલબાર ટીંબર નામની કંપની કાઢી છે.' હજી એ પૂરું કહે તે પહેલાં સાધુરાજ ટપ દઈને બોલી દે, 'ખોટું કર્યું. લીલા ઝાડ વાઢવાનો ધંધો બંધ કર.'

પણ કંપની લાખોની થાપણથી શરૂ થઈ ગઈ હોય. હવે બંધ કરવી એક માણસના હાથની વાત નથી. આખરે શબ્દો સાચા પડ્યા. કંપની શરૂ થતાં પહેલાં તૂટી ગઈ. કેસ ચાલ્યો, દીવાની તે ફોજદારી ચાલી. સજા થવાનો ઘાટ આવ્યો.

જગાભાઈ શેઠ સાધુમહારાજ પાસે આવ્યા. બહુ બહુ વિનંતીઓ કરી. આખરે એક માળા આપી. 'ગણજો. કર્યા કર્મ છૂટતાં નથી. છતાં ધર્મ પતાપે સારું થશે.'

દંડ તો દેવો પડ્યો પણ જેલની સજામાંથી છૂટી ગયા.

અને આવા તો અનેક કિસ્સા કહેનારા અમને મળ્યા છે. કોકને પેટની પીડા મટી છે. કોકને સંસારની પીડા મટી છે. કોક કહે, 'એમણે ના કહી, હું ન ગયો, ને મને લાભ થયો.'

એક સાધ્વીજીને રાત્રે સર્પ કરડ્યો. માત્ર પાણી મોકલાવ્યું ને સર્પ ઊતરી ગયો. એક બીજાને કરડ્યો, કહ્યું, 'નહીં ઉતરે, કાળ ચોઘડિયે કરડ્યો છે.'

ઘનિષ્ઠ પરિચય ધરાવનાર શ્રી ભાખરિયા કહે છે, 'મને ટાઈફોઈડ તાવ હતો. દાક્તરો ચિંતા કરતા હતા. ટેમ્પરેચર હઠે જ નહીં.'

મહારાજશ્રી ઘેર આવ્યા ને કહ્યું, 'ક્યાં છે તાવ?' અને જોયું તો તાવ નીચી ડિગ્રીએ જતો હતો. સવારે તો સારું થયું.

ચાતુર્માસ પ્રસંગે કોઈવાર શ્રાવકોને બોલાવીને સાધુરાજ કહે, 'આજે સ્ટેશને જજો. કોઈ આવનાર છે. જમવાની પણ જોગવાઈ રાખજો.'

'પણ કોઈનો કાગળ તો નથી.'

'છતાં જજો.'

ને એ દિવસે મહેમાનો આવે જ. આવા અનેક વિશ્વાસપાત્ર માણસો પાસેથી મેળવેલાં પ્રસંગો નોંધી શકાય છે પણ સુજ્ઞ વાચક કદાચ ડોકું હલાવશે. ના રે ભાઈ! આવું તે હોય, આ કાળમાં?

અમે કહીશું. સ્વામી રામકૃષ્ણ પરમહંસે જુવાન વિવેકાનંદનો અંગૂઠો દાબી પ્રભુજ્યોતિના દર્શન કરાવ્યા હતા ને નાસ્તિક સમા શ્રી વિવેકાનંદે કર્યા હતા. તમે શું એ માની લેશો?

અમે કહીશું. મુનિ દેવેન્દ્રસાગર અને ભાખરિયા પોપટલાલને તેઓએ આત્મજ્યોતિના દર્શન કરાવેલા.

તમારી એ વાત અમે માનીએ છીએ. યોગની અદ્ભુત વાતો માનવી માની શકતો નથી. દિવસે દિવસે માયકાંગલો બનતો સમાજ, હળવદિયા બ્રાહ્મણ સો લાડુ ખાતા એ વાત આજે નહિ તો પાંચ વર્ષે જરૂર ગપ માનશે, ને રામમૂર્તિ છાતી પર હાથી ઊભો રાખતો એ વાત એક દિવસ ઠંડા પહોરનાં ગપ્પાં માનશે. જમાનાને પોતાના ગજથી સહુ માપે છે. વિજ્ઞાનને નામે ગમે તે વાતો સ્વીકારવામાં સંકોચ ન

અનુભવતો આત્માના સામર્થ્યની વાતો આવતાં શંકા કરવા લાગે છે.

મંત્રની શક્તિથી સહુ કોઈ આજે અવિશ્વાસુ છે. કારણ કે એવું નિષ્કલંક વજ્રાંગ બ્રહ્મચર્ય આજે કોઈએ જોયું નથી. આત્માની એવી નિર્ભયતા જાણે લગભગ અદૃશ્ય બની છે. ઈમાન નથી, ધર્મ નથી. સગવડીઓ ધર્મ છે.

માન્યા માટે માથું આપવાની તમન્ના નથી. સેવામાંય સ્વાર્થની મોટાઈ છે. નિષ્કલંક ચારિત્ર્ય આજે દુર્લભ બન્યું છે. મૃત્યુભયની બેપરવાઈ આજે દેખાતી નથી. કલ્યાણનો પ્રેમનો ઝરો જાણે માનવીના હૃદયમાંથી શોષાઈ ગયો છે. ચિંતા, અસંતોષ અને ઇર્ષા આજે માનવજીવનના વિશિષ્ટ અંગ બન્યા છે. મોટાઈમાં ખપ્યા છે. દેહનું જ પૂરું ભાન નથી ત્યાં આત્માની યાદ કોને હોય!

પ્રેમનો એ અફાટ ઝરો, બ્રહ્મચર્યનો મહાન પ્રતાપ, આત્માનું એ દિવ્ય સામર્થ્ય જ્યાં ભેગું મળ્યું ત્યાં જે કાર્ય થાય તે આજે ચમત્કાર લાગશે.

સાધુરાજ લખે છે, 'એકવાર કબૂતર પર કવિતા લખતાં કબૂતર બીજી પંક્તિએ ડાયરી પર આવીને બેઠું.'

ઓટરમલજી નામના એક મારવાડી ભક્ત હતા. અદ્‌ભુત આજ્ઞાપાલક. એને દીક્ષા લેવાની ઇચ્છા થઈ. સૂરિરાજ ચાહતા હતા કે વધુ ધમાલ વગર દીક્ષા આપી દેવી. પણ ગામમાં ખબર પડી ને સહુ આવી પહોંચ્યા. બધાએ આમ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે એમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું.

'સંન્યાસનો દીક્ષા ઉત્સવ તો એવાઓને શોભે કે જે કાં તો લક્ષ્મી ત્યજીને આવતા હોય કાં સરસ્વતી લઈને આવતા હોય, બાકી શા વરઝોળા!'

આ ઓટરમલજી મુનિ વેશે ઉત્તમસાગરજી સૂરિજીના અનન્ય ભક્ત હતા. એકવાર સૂરિજીએ કહ્યું, 'મારી ગમે તેવી આજ્ઞા પાળે તેવો કોઈ શિષ્ય છે ખરો?'

ઉત્તમસાગરજી પાસે હતા. તેમણે કહ્યું, 'કૂવામાં પડવાની આજ્ઞા કરો તો કૂવામાં પડું. આજ્ઞા આપો.'

'નહીં પાળી શકો, આજ્ઞા!'

'જરૂર પાળીશ.'

'તો લંગોટ કાઢીને દોડવા માંડો.'

કૂવામાં ઝંપલાવવું સહેલું હતું. આ કાર્ય મુશ્કેલ હતું. એ રીતે સૂરિજીએ એમના અભિમાનને ફટકો માર્યો કે માનવીએ મગરૂરી ન કરવી. આજે જ્યાં પ્રેમ ત્યાં પ્રેમાભાવ થતાં વાર લાગતી નથી.

ભક્તો કહેતા, 'સાહેબજી, લોકો ટીકા કરે છે કે આપ હમણાં હમણાં જાત્રાએ જતા નથી.'

'શું જાત્રાએ જાઉં?' ને સૂરિજી ક્ષણભરમાં સમાધિમાં સ્થિર થઈ ગયા. થોડીવારે જાગીને કહ્યું, 'યાત્રા કરી આવ્યો. એટલો આનંદ મળી ગયો. બાકી તો જગ જે કહેતું હોય એ કહેવા દે! ભાઈ, પેલું યાદ છે ને!'

'મા કો કહાં ઢૂંઢો રે બંદે
મૈં તો તેરી પાસ મેં.'

આ સાધુરાજ તે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી! ✷ ✷

*૧૩ બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન ૦૭૯ ૨૬૬૦ ૨૬૭૫.
મો. ૦૯૮૨૪૦ ૧૯૯૨૫*

## વીતરાગમાં કરુણા નથી હોતી

એક પથિક મહાવીરથી બહુ પ્રભાવિક હતો અને તેમને માટે ખૂબ માન હતું. તેને મહાવીરની આંખોમાંથી જ નહીં પણ શરીરના અણુએ અણુમાંથી કરૂણા નીતરી રહેલી જણાય છે, આ વાત તેણે મહાવીરને કહી.

મહાવીરે મુસ્કુરાઈને કહ્યું: તું ચાહતો હોય તો હું જંગલમાં બીજીવાર સાધના કરું. મેં વર્ષો સુધી સાધના કરી. જંગલમાં એકલો રહ્યો. ભૂખ તરસ, ઠંડી અને ગરમીની ઉપેક્ષા કરી. કૃતકૃત્ય થયો. આજે પણ કરૂણા રહી છે તેનું આશ્ચર્ય થાય છે.

પથિક ચોંકી ઊઠ્યો અને સભાન બન્યો, વિચાર્યું કે એણે કંઈ ભૂલ તો નથી કરીને! તેણે કહ્યું: ભંતે મારી ભૂલ થઈ હોય તો ક્ષમા કરશો. હું આપની પાસેથી જાણવા ચાહું છું કે કરૂણા શું ખરાબ વસ્તુ છે? કરૂણાશીલ બનવું અભિશાપ છે? આપને બીજીવાર સાધના કરવાનો વિચાર કેમ આવ્યો?

મહાવીર: કરૂણા સારી કે ખરાબ એ પ્રશ્ન જ નથી. કરૂણા એ મનનો એક ભાવ છે. એ આત્માનો સ્વભાવ નથી. વીતરાગી મન બધી જાતના ભાવોથી મુક્ત હોય છે. તેમાં કરૂણા જ નહીં, સહજતા હોય છે.

પથિક: તો પછી આપ પ્રવચન કેમ કરો છો. જગતને દુ:ખી જોઈ આપ દ્રવિત થાઓ છો. પ્રવચનનો હેતુ તો એમનું દુ:ખ નિવારણ કરવાનો છે.

મહાવીર: હું કાંઈ પ્રવચન નથી કરતો. કર્તૃત્વ ભાવથી મુક્ત છું. જગત દુ:ખી છે એનું દુ:ખ નિવારણ કોઈ પણ રીતે સંભવ નથી.

પથિક: લોકો એમ કેમ કહે છે કે આપનું પ્રવચન કરૂણાપ્રેરિત હોય છે.

મહાવીર : આ તો એક શિષ્ટાચાર કે સ્તવના છે, તથ્ય નથી. જ્યાં કરૂણા ત્યાં વીતરાગતા નહીં એ જ તથ્ય છે.

પથિક : કરૂણાનું આ અભિનવ વિશ્લેષણ સાચે જ હૃદયસ્પર્શી છે. જય મહાસંત. ✷ ✷ ✷

**હિન્દી : સંત અમિતાભ ● અનુવાદ: પુષ્પા પરીખ**

# ઉપનિષદમાં દહરવિદ્યા

☐ ડૉ. નરેશ વેદ

ઐહિક જીવનમાંથી આધ્યાત્મિક જીવનમાં પ્રવેશવા માટે આપણને સંસારાભિમુખતા છોડી આત્માભિમુખતા કેળવવાનું કહેવામાં આવે છે. મતલબ કે આપણી દૃષ્ટિને બાહ્ય ભૌતિક જગત તરફથી પાછી વાળીને આંતરિક ભાવવિશ્વ તરફ કેન્દ્રિત કરીને આત્મા સુધી પહોંચાડવાનું સૂચવવામાં આવે છે. પરંતુ આપણાં શરીરમાં આત્મા ક્યાં રહેલો છે, એનો નિવાસ ક્યાં છે, એનું સ્વરૂપ કેવું છે, તેના સુધી પહોંચવું કઈ રીતે, એ બધું આપણે જાણતા નથી. આ બધી બાબતોથી આપણને માહિતગાર કરવા માટે ઉપનિષદના ઋષિએ જે વિદ્યા બતાવી છે, તે વિદ્યાનું નામ છે; દહરવિદ્યા. વધારે સ્પષ્ટ કરીને કહીએ તો તેને દહર પુંડરિક વિદ્યા કહીને ઓળખાવે છે. આ વિદ્યાના બીજાં પણ નામો છે, જેમ કે, હાર્દવિદ્યા, હૃદયાકાશવિદ્યા, કંખંબ્રહ્મવિદ્યા અને શૈવવિદ્યા. હૃદયદેશમાં પ્રગટ થનારી છે માટે હાર્દવિદ્યા, હૃદયસ્થ આકાશના સ્પર્શથી જાગનારી વિદ્યા છે માટે હૃદયાકાશવિદ્યા, સ્વરૂપસુખને જાગૃત કરનાર ચિદાકાશને લગતી વિદ્યા છે માટે કંખંબ્રહ્મવિદ્યા, આપણા અસલી શિવસ્વરૂપને આત્મરૂપે ઓળખાવનારી વિદ્યા છે માટે શૈવવિદ્યા કહે છે.

આ વિદ્યાની વાત મુખ્યત્વે છાંદોગ્ય ઉપનિષદ, બૃહદારણ્યક ઉપનિષદ અને તૈત્તિરીય ઉપનિષદમાં આવેલી છે, પરંતુ એ સિવાય અન્ય ઉપનિષદોમાં પણ એક યા બીજા રૂપે એની વાત થયેલી છે. ઋષિઓએ આ વાત કેવી રીતે કહી છે એ પહેલાં જોઈએ.

મનુષ્યશરીરને ઉપનિષદના ઋષિઓએ જુદાંજુદાં નામો આપીને ઓળખાવેલું છે. શરીરને ક્યારેક તેઓએ સુપર્ણચિતિ કહીને, ક્યારેક વસુધાનકોશ કહીને તો ક્યારેક બહિર્પુર કહીને ઓળખાવ્યું છે. આપણું અંગ-ઉપાંગવાળું અન્નપોષિત શરીર તે બહિર્પુર છે. તેમાં જેની ઉપાસના કરવાયોગ્ય છે તે બ્રહ્મ આત્મારૂપે નિવાસ કરે છે. તેથી આ શરીર ક્યારેક તેઓ બ્રહ્મપુર કહીને ઓળખાવે છે. આ બ્રહ્મપુરમાં સૂક્ષ્મ કમળના આકારનું એક સ્થાન છે. તેમાં સૂક્ષ્મ આકાશ છે. તેની અંદર જે તત્ત્વ છે તેની જિજ્ઞાસુઓએ શોધ કરવી જોઈએ.

આ બહિર્પુરરૂપી માનવશરીર બ્રહ્મપુર પણ છે, કારણ કે તે આત્માનું–બ્રહ્મનું–રહેઠાણ છે. આ બ્રહ્મપુરમાં કમળના આકારવાળા રહેઠાણમાં આત્મા ઉર્ફે બ્રહ્મ રહે છે. આપણા માનવશરીરમાં નાભિથી એક વહેંત ઊંચે છાતીના પોલાણમાં આપણું જે અંતઃપુર છે, તેને આપણે હૃદય કહી શકીએ. તે અધોમુખ (ઊંધા પડેલા) પુંડરિક (કમળ)ના આકારનું અને મનુષ્યની હાથની આંગળીઓ વાળવાથી બનેલી મુટ્ઠીના માપનું છે. તેને કોઈ કદ કે આકાર નથી. તે તત્ત્વતઃ તદ્દન અદૃશ્ય અને અવ્યક્ત તત્ત્વ છે. પરંતુ તે તત્ત્વ જ બ્રહ્મતત્ત્વ અથવા આત્મતત્ત્વ છે. એ તત્ત્વને આધારે જ માનવશરીર યંત્ર પોતાનું કાર્ય કરે છે. એટલે કે એ જ મનુષ્યનું મૂળ ચૈતન્યતત્ત્વ છે. હૃદયકમળમાં બિરાજતાં આ ચૈતન્યતત્ત્વ સુધી પહોંચવાની વિદ્યા તે દહરવિદ્યા. દહર એટલે સૂક્ષ્મ અને વિદ્યા એટલે મનુષ્યની વાસનાજાળને કાપી નાખતી શક્તિ. બહિર્પુરમાંથી અંતર્પુરમાં પ્રવેશ કરાવવા માટે પગદંડી એટલે દહરવિદ્યા. સ્વ–રૂપ સાથે અનુસંધાન સાધવામાં મનુષ્યને ભોગ અને મોક્ષરૂપે જે બે વિઘ્નો નડે છે, તે વાસનાજાળ અને મનોજાળ તેનાથી કપાઈ જાય છે.

ઋષિઓનું કહેવું છે કે આ હૃદયકમળમાં એક સૂક્ષ્મ આકાશ છે, તેની અંદર એક દિવ્ય તત્ત્વ છે, તે તત્ત્વ જાણવાયોગ્ય, ઉપાસના કરવાયોગ્ય અને સાક્ષાત્કાર કરવા યોગ્ય છે. એ માટે મુમુક્ષુએ દહરવિદ્યા શીખવી જોઈએ. હૃદયપુંડરિકની પગદંડીએ આગળ વધતાં સાધકે સૌ પ્રથમ ત્રણ આકાશ સમજવાના રહે. એ છે ભૂતાકાશ, ચિત્તાકાશ અને ચિદાકાશ. એમાંથી ભૂતાકાશ એટલે આંતર-બાહ્ય બંને રૂપે અનુભવાતો અવકાશ. તે મનુષ્યદેહની બહાર પણ અનુભવાય છે અને દેહની અંદર પણ પુરીતત્‌માં હૃદયકમળ જેમાં વ્યાપારવાન રહે છે, એ રીતે અનુભવાય છે. જે હૃદયકમળની અંદરની હૃદયગ્રંથિને સતેજ રાખે છે તે હિરણ્યગર્ભના હૃદયદેશ સાથે જોડાયેલું છે, તે ચિત્તાકાશ. તે સર્વગત અને ભૌતિક વિકારમાત્રથી નિર્લિપ્ત રહેતાં ભૂતાકાશથી ચડિયાતું છે, કારણ કે શબ્દમાત્રાથી ઘડાયેલા ભૂતાકાશ કરતાં જુદાં તત્ત્વોથી ઘડાયેલું હોય છે. અને જે ચિત્તાકાશની અંદર પણ રહેલું છે, જેમાં ચિત્ત તથા તેનું અધ્યક્ષ ચૈતન્ય વસી રહ્યું છે તે, ચિદાકાશ. આ ચિદાકાશ બધા સંસારધર્મોથી નિર્લિપ્ત છે. દહરવિદ્યાની આરંભશ્રુતિમાં 'જે નાના હૃદયપુંડરિકમાં નાનું અંતરાકાશ' એવું જણાવ્યું છે તે છે હિરણ્યગર્ભ ચિત્તાકાશ અને 'તેની અંદર જે કંઈ છે' એવું જણાવ્યું છે તે છે અંતર્યામીનું ચિદાકાશ.

દહરવિદ્યાના દેવતાનું નામ આકાશ છે અને તે ક્રમશઃ ચિદાકાશ, ચિત્તાકાશ અને ભૂતાકાશ – એમ ત્રણ ભૂમિકામાં અંતર્યામી, હિરણ્યગર્ભ અને વિરાટ એવા ભાવમાં ક્રમશઃ ઉપસવાયોગ્ય છે અને તે પણ હૃદયપુંડરિકમાં ચિંતન કરવાયોગ્ય છે, એમ ઉપનિષદના ઋષિએ કહ્યું છે.

ગુરુ જ્યારે આમ કહે છે ત્યારે શિષ્ય પૂછે છે કે, આ શરીરમાં જે નાનું કમળના જેવું હૃદયરૂપ ઘર છે, એમાં સૂક્ષ્મથીય સૂક્ષ્મ જે અંતર-આકાશ છે તેમાં એવું તે શું છે કે જેની શોધ કરવી જોઈએ અને એને ઓળખવું જોઈએ? ત્યારે ગુરુ ઋષિ તેને સમજાવે છે કે જેવડું આ બહાર દેખાતું આકાશ છે, તેવડું આકાશ હૃદયની અંદર પણ છે. એ એવડું મોટું છે કે, સ્વર્ગ અને પૃથ્વી, અગ્નિ અને વાયુ, સૂર્ય અને ચંદ્ર, વીજળી અને નક્ષત્રો, તથા આ જગતમાં માણસનું જે કાંઈ છે તે અને જે નથી તે પણ અંતર-આકાશમાં સમાઈ જાય છે. આ ઉત્તર સાંભળતાં જ શિષ્ય વળી પૂછે છે કે જો આ બધી વસ્તુઓ અને ઇચ્છાઓ

આ બ્રહ્મપુર (બ્રહ્મને રહેવાના નગર)માં સમાઈ રહેતી હોય, તો જ્યારે માનવનું શરીર ઘરડું થાય છે કે નાશ પામે છે, ત્યારે એ બધાનું શું થાય છે? એના ઉત્તરમાં આચાર્ય કહે છે કે, આ શરીર ઘરડું થવાથી કે નાશ પામવાથી એ હૃદયમાં રહેલું આકાશ ઘરડું કે જીર્ણ થતું નથી. આ શરીરનો નાશ થવાથી એ અંતર-આકાશનો નાશ થતો નથી. એ બ્રહ્મપુર તો સદાકાળ રહેનારું છે. બધી ઇચ્છાઓ એમાં જ સમાઈ રહે છે. આમ તેઓ એટલા માટે કહે છે હૃદયના એ ચિદાકાશમાં જે રહે છે તે તેનો આત્મા છે. એ આત્મા પાપ વગરનો, ઘડપણ વગરનો, અમર, શોક વિનાનો, ભૂખ અને તરસ વગરનો, સાચી ઇચ્છાઓ અને વિચારવાળો હોય છે. આવો એ આત્મા હૃદયમાં છે એટલે જ એને 'હૃદયમ્' કહે છે. એને બરાબર સમજવાની ઇચ્છા થવી જોઈએ.

આગળ ચાલતાં ઋષિ કહે છે, જેમ દાટેલા સોનાના ભંડારની ભૂમિ ઉપર ચાલવા છતાં, એની જેને ખબર ન હોય એવો માણસ એ સોનાને મેળવી શકતો નથી, એમ અજ્ઞાની માણસો ગાઢ સુષુપ્તિ (ગાઢ નિદ્રા) વખતે 'હૃદયાકાશ' નામના બ્રહ્મલોકમાં દરરોજ જાય છે છતાં આત્માને ઓળખી કે સમજી શકતા નથી. કારણ કે તેમને અસત્ય ત્યાંથી બહાર ખેંચી લાવે છે અને આત્માને ઓળખવા દેતું નથી. આ આત્મા એ બ્રહ્મ છે અને એ જ સત્ય છે. આગળ ચાલતાં તેઓ કહે છે, જેમ રાજાને અનુકૂળ થઈને રહેનાર રાજા દ્વારા પોતાની લૌકિક કામનાઓ સંતોષી શકે છે, તેમ આત્માને અનુસરીને રહેનાર પોતાની બધી ઇચ્છાઓ અને કામનાઓની સંતુષ્ટિ કરી શકે છે. માનવ શરીરમાં આત્મા રાજારૂપ છે. એ નિત્ય છે, સત્ય છે, સર્વ શક્તિમાન છે.

આ બધું વાંચ્યા પછી આપણા મનમાં કેટલાક પ્રશ્નો ઊભા થાય છે. આપણી પાસે માત્ર શરીર નથી, પણ આત્મા પણ છે, આ આત્મા સર્વ સત્તાધીશ રાજારૂપ નિત્ય, સત્ય, મુક્ત અને પ્રબુદ્ધ છે, એટલે શું સમજવું? એ શરીરના હૃદયમાં સૂક્ષ્મ કમળ આકારના નિવાસમાં રહે છે, એમાં ભૌતિક આકાશથી પણ મોટું ચિદાકાશ છે, એમાં બ્રહ્મતત્ત્વ આત્મારૂપે રહે છે, એટલે શું?

ઋષિના કહેવાનો મતલબ એ છે કે આપણી પાસે શરીર છે એમાં ચૈતન્ય આત્મારૂપે નિવાસ કરી રહ્યું છે. આપણા શરીરનાં અંગઉપાંગો, ઇન્દ્રિયો અને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર જેવાં અંતઃકરણો એની સહાયથી જ કાર્ય કરી શકે છે. એ ચૈતન્ય તત્ત્વ ઘણું શક્તિશાળી છે, તેમ અવ્યક્ત અને અદૃશ્ય છે. એનું સ્થાન આપણા શરીરના છાતીના પોલાણમાં, તંત્રશાસ્ત્રમાં જેને અનાહત ચક્રનું સ્થાન કહ્યું છે, ત્યાં રહેલું છે. મુઠ્ઠી જેવડા હૃદયમાં એક સૂક્ષ્મ કણ રૂપે રહેલું આ ચૈતન્યતત્ત્વ જ આપણને જીવંત રાખતું, સક્રિય રાખતું મૂળભૂત તત્ત્વ છે. એ આપણું આંતરસત્ત્વ (inner being) છે. એ સત્ત્વને ઓળખવું, સમજવું અને એની સાથે અનુસંધાન સાધી પરમ ચૈતન્ય (super conscious)ને પામી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો સ્વ-રૂપ સાથે અનુસંધાન સાધવાની વાત આ વિદ્યા સમજાવે છે. આપણે આપણા આ અંતર આત્મા સુધી કેવી રીતે પહોંચી શકાય, તે વાત આ વિદ્યા સમજાવે છે. આપણે એના સુધી પહોંચવું હોય તો સૌ પ્રથમ આપણા શરીરમાં એનું સ્થાન ક્યાં છે એ જાણવું પડે. એટલે પહેલાં એનું સ્થાન આપણા શરીરના છાતીના પોલાણમાં આવેલા હૃદયમાં છે એની સ્પષ્ટતા કરે છે. પછી એમાં પ્રવેશવાનો માર્ગ સૂક્ષ્મ છે એની સ્પષ્ટતા કરે છે. પછી એમાં ત્રણ અવકાશો આવેલા છે એ સ્પષ્ટ કરે છે. એમાં એનો નિવાસ ભૂતાકાશ કે ચિત્તાકાશમાં નહીં પણ ચિદાકાશમાં છે એ વાત સ્પષ્ટ કરી છે. વળી એ ચિદાકાશ ઘણું બૃહદ હોય છે. વિશ્વમાં બહારનું આકાશ જેમ નિઃસીમ અને વ્યાપક છે, એમાં અનેક સત્ત્વો-તત્ત્વો રહેલાં છે, તેમ આ ચિદાકાશ પણ ઘણું વિશાળ અને ભૂમારૂપ છે. એમાં ઇચ્છા, ક્રિયા, બુદ્ધિ બધાંનો સમાવેશ છે, એટલે કે બહારના જગતનું આકાશ macrocosm છે, તેમ આ આંતર આકાશ microcosm છે, એ વાત સ્પષ્ટ કરી છે. કારણ કે જે બ્રહ્માંડે છે, તે પિંડે છે.

આટલું સ્પષ્ટ કર્યા પછી હૃદયકમળમાં વસતા આ સ્વચૈતન્ય સુધી કેવી રીતે પહોંચી શકાય તેની તેઓ સ્પષ્ટતા કરે છે. બહારના જગતમાં કોઈ જગ્યાએ પહોંચવું હોય તો આપણે પગપાળા કે વાહન દ્વારા સ્થૂળ પ્રવાસ કરીને પહોંચી શકીએ, પણ આંતર વિશ્વમાં છેક હૃદયકમળના સૂક્ષ્મ પ્રવેશદ્વાર દ્વારા ચિદાકાશમાં અને ત્યાં પ્રવહમાન એવા ચૈતન્ય સુધી કેવી રીતે પહોંચી શકાય, તે સ્પષ્ટ કરે છે.

દક્ષિણ ભારતમાં ચિદમ્બરમ નામનું શહેર છે. એનો અર્થ થાય ચિદાકાશ. ત્યાં બે ખંડવાળું શિવમંદિર છે. આગલા ખંડમાં આકાશોન્મુખ ઊભું લિંગ છે અને પાછળ બંધ રહેતા બીજા ખંડનું નામ ચિદમ્બરરહસ્ય છે. દર્શનાર્થીઓની વિનંતીથી ત્યાંનો પૂજારી એ ખંડ ખોલી ઝાંખા દીવડાના પ્રકાશમાં એ ખંડની રિક્તતા (ખાલીપણા)માં રહેલી સભરતા દર્શાવે છે. એનો અર્થ એ છે કે એમાં માત્ર નટરાજની મૂર્તિ છે, તે નૃત્યરત મુદ્રાવાળી છે, તે સૂચવે છે કે સમસ્ત બ્રહ્માંડમાં નટરૂપ બ્રહ્મનો લીલા-વિલાસ છે જે નરી નજરે નિહાળી નથી શકાતો એવો પરમ ચૈતન્યનો આ લીલા-વિલાસ છે. આ ચૈતન્ય બ્રહ્મરૂપે સર્વત્ર વિલસી રહ્યું છે. એ અવ્યક્ત અને અદૃશ્ય હોવાથી એને નિહાળી શકાતું નથી. પરંતુ માણસ માત્રનો આ જીવનઉદ્દેશ હોવો જોઈએ કે એના શરીરમાં રહેલા આત્મચૈતન્યનો સંબંધ આ પરમ ચૈતન્ય સાથે જોડે. જો સમજ અને સંકલ્પરૂપે એ આ કાર્ય કરે તો એની સાદી ચેતના (consciousness) પરમ ચૈતન્ય (absolute consciousness) સાથે જોડાઈ જાય અને તે પરમ ચૈતન્ય જેવા ગુણધર્મો પ્રાપ્ત કરી શકે.

આ માટે આ વિદ્યા દ્વારા ઋષિએ આત્મચૈતન્ય સુધી પહોંચવાની સીડી પણ દર્શાવી આપી છે. જે પ્રત્યક્ષરૂપે થઈ શકતું નથી, તે ધારણા દ્વારા થઈ શકે છે. અંતરાત્મા દ્વારા સ્થૂળ પ્રયાસથી પહોંચી શકાય નહીં, તેથી ત્યાં પહોંચવા માટે ધારણા અને ધ્યાનની પગદંડી લેવી પડે. જિજ્ઞાસુએ આ પ્રક્રિયામાં કેવી રીતે આગળ વધવું એનું માર્ગદર્શન

પણ આ વિદ્યામાં સમાયેલું છે.

દહરવિદ્યાના દેવતાનું મુખ્ય નામ આકાશ છે, અને તે પણ ચિદાકાશ છે તેનું આ તત્ત્વપ્રધાન છે. તેનું બીજું નામ સોમ છે, તે નામ તેમનું કલાપ્રધાન છે. તેનું ત્રીજું નામ સાંબ છે, તે નામ ભુવનપ્રધાન છે. આ ત્રણ નામ પ્રમાણે દેવતાના વિગ્રહો પણ સૂક્ષ્મતર, સૂક્ષ્મ અને સ્થૂળ–એમ ત્રણ જાતનાં હોય છે. તે દેવતાના અંગો, ગુણો અને કર્મ વડે ઉપાસના કરવાની રહે છે. આ દેવતાના છ અંગોમાં છ ભાવોનો ઉપાસકે ભાવવિન્યાસ કરવાનો રહે, અને તે પણ દશ અવ્યયોનો પ્રાણરૂપે વિન્યાસ કરવાનો રહે. સાધક જ્યારે એ દેવતાની છ અંગોવાળી અને દશ અવ્યય ગુણોથી ગૂંથાયેલી સાંબશિવ, સોમશિવ અને અર્ધનારીનટેશ્વરની ઉપાસના કરવાની રહે છે. આ જાતની ઉપાસના કરનાર સાધક આંતરવિશ્વમાં દાખલ થઈ હૃદયકમળરૂપી નિવાસના સૂક્ષ્મ (દહર) દ્વાર વાટે ચિદાકાશ વ્યાપ્ત બૃહત્ ચેતનાના સંપર્કમાં જોડાઈ શકે છે.

વ્યક્તિચેતનાની સ્થૂળતાઓ ઓગાળીને વિશ્વચેતનાની ભૂમિકાએ પહોંચવાની અને એ ભૂમિકાએ રહેલ પરમ ચૈતન્ય સાથે અનુસંધાન સાધવાની પ્રક્રિયા સમજાવતી આ વિદ્યા છે. જોઈ શકાશે ઉપનિષદો માત્ર જીવન જીવવાની જ નહિ, ઉપરાંત જીવન સફળ અને સાર્થક કરવાની કળા પણ શિખવાડે છે. તેથી આ અને આના જેવી ઉપનિષદમાં રજૂ થયેલી, અન્ય વિદ્યાઓનો આજના વિજ્ઞાનના પ્રકાશમાં વિચાર થવો એટલો જ જરૂરી છે, એટલો ઉપયોગી પણ છે.

✷ ✷ ✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર,
વલ્લભવિદ્યાનગર (પીનકોડ-૩૮૮ ૧૨૦)
સેલ-૦૯૭૨૭૩૩૩૦૦૦. ટેલિફોન-૦૨૬૯૨ ૨૩૩૭૫૦

# જૈન–જૈનેતર–ચારણી–બારોટી હસ્તપ્રતો એટલે 'ભારતીય સનાતન ધર્મ સંસ્કૃતિનો મધુસંચય કોશ'

☐ ડૉ. નિરંજન રાજ્યગુરુ

અત્યંત પ્રાચીનકાળથી માંડીને આજ સુધીમાં આપણી ભારતીય સંસ્કૃતિ ઉપર અનેક પ્રકારની જુદી જુદી સંસ્કૃતિઓના આક્રમણો થતાં રહ્યાં છે, છતાં એનું મૂળભૂત નીજિ સ્વરૂપ જળવાયું છે એની પાછળ કારણભૂત છે આપણા વેદ-ઉપનિષદ-બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, બ્રહ્મસૂત્ર, શ્રીમદ્ ભગવદ્ગીતા કે મહાભારત-રામાયણ જેવા મહાકાવ્યો અને ધર્માચાર્યો, યોગીઓ, સિદ્ધ-સાધકો, સંતો-ભક્તો અને મરમી જૈન-જૈનેતર કવિઓની વાણી... આજના આધુનિક યુગમાં અનેક પ્રકારની વિદેશી સંસ્કૃતિઓના આક્રમણો વચ્ચે પણ ગામડાનો ભારતીય જનસમુદાય પોતાના મૂળ લોકધર્મી સંસ્કારોને જીવતા રાખી શક્યો છે તેની પાછળ આપણા રહસ્યવાદી-મરમી-સંત-ભક્ત કવિઓની પરંપરાઓ અને આપણું તમામ ધર્મ-પંથ-સંપ્રદાયોનું લોકકંઠે સચવાયેલું કે હસ્તપ્રતોમાં સંઘરાયેલું ધાર્મિક સાહિત્ય તથા જૈન-જૈનેતર ડિંગળ-પિંગળ-ચારણી-બારોટી સાહિત્ય કારણભૂત છે એમ જરૂર કહી શકાય. આત્મશુદ્ધિને કેન્દ્રમાં રાખીને આત્માનુભવ, આત્મ સાક્ષાત્કાર અને આત્મદર્શનને માનવ જીવનનો પરમ પુરુષાર્થ માનનારી કેટલીયે સંતપરંપરાઓ ભલે ધર્મ, સંપ્રદાય, સાધના કે સિદ્ધાંતોમાં વિચારભેદ દર્શાવતી હોય એમ લાગે પણ એમનું સંસ્કૃતિબીજ એક જ છે અને તે છે ભારતીય સંસ્કૃતિનું.

**એકોહમ્ બહુસ્યામ ભારતીય સંસ્કૃતિ**

ભારતીય સંસ્કૃતિ ત્રણ કાંડોમાં વિભાજિત છે. કર્મકાંડ, ઉપાસના કાંડ અને જ્ઞાનકાંડ. જીવમાત્રનું કલ્યાણ અને લૌકિક કે પરલૌકિક ઉન્નતિ દ્વારા પરમસુખ કે મોક્ષગતિ પ્રાપ્ત કરવા માટે, ધર્મશાસ્ત્રો દ્વારા પ્રતિપાદિત સમ્યક્ અલંકૃત ચેષ્ટાઓ દ્વારા સર્વ સામર્થ્યમય પૂર્ણ સંસ્કૃતિનું નિર્માણ થયું. હજારો વર્ષ જૂની આપણી ભારતીય સંસ્કૃતિનું અધ્યયન કરવા માટે અનેક ભારતીય અને પરદેશી વિદ્વાનોએ પ્રયત્નો કર્યા છે. એમાં કોઈ ધર્મસંપ્રદાયોનાં ફાંટાઓ વિશે વાત કરતા હોય, કોઈ ભારતના જુદા જુદા પ્રાંતોમાં ફેલાયેલી ભાષાઓ અને બોલીઓ તથા એના સાહિત્યની વાત કરતા હોય, કોઈ જાતિ કે જ્ઞાતિગત ઇતિહાસ મુજબ સંસ્કૃતિને મૂલવતા હોય, કોઈ રાજનૈતિક પાસાંને આવરીને સંસ્કૃતિ વિશે વિચાર કરતા હોય, કોઈ લોકજીવનના રીત-રિવાજ, વેષ-ભૂષા, ગીત-સંગીત, નૃત્ય, નાટ્ય, ચિત્ર, શિલ્પ-સ્થાપત્ય, શાબ્દી કે અશાબ્દી વિદ્યાઓ કે કલાઓ વિશે વાત કરતા હોય. આ બધી બાબતો સંસ્કૃતિના અધ્યયન માટે અત્યંત આવશ્યક હોવા છતાં ભારતીય સંસ્કૃતિનો પૂર્ણ પરિચય કરાવવા માટે તો અસમર્થ જ રહે છે. ઉપર જણાવ્યા તે તમામ પાસાંઓને એકત્ર કરીને ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવવા ધારીએ છતાં કંઈક એવું તત્ત્વ બાકી રહી જાય છે, જે સંસ્કૃતિનો પૂર્ણ પ્રમાણભૂત પરિચય આપી શકે.

સમગ્ર વિશ્વમાં ભારતનું સ્થાન નાભિકેન્દ્રનું છે. માનવપિંડની ઉત્પત્તિનું કેન્દ્ર નાભિસ્થાન છે. અને એ કેન્દ્રમાંથી જેમ પિંડનો વિકાસ

થાય છે, તેમ ભારતમાંથી ચારે દિશાઓ અને ચારે ખૂણાઓ તરફ એટલે કે ચોગરદમ ભારતીય સંસ્કૃતિનો પ્રચાર અને પ્રસાર સેંકડો વર્ષોથી થતો રહ્યો છે. એશિયાખંડમાં ઈરાન અને અફઘાનિસ્તાન ભારતની પશ્ચિમ દિશામાં આવે, ઉત્તર દિશામાં તિબેટ ચીન આવે, પૂર્વમાં બ્રહ્મદેશ, સિંગાપુર, સીયામ, ઈન્ડોચીન અને ઈન્ડોનેશિયા આવે તો દક્ષિણમાં સામે શ્રીલંકા, એ તમામ દેશો સાથે ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ સંકળાયેલો છે. ભારતીય સંસ્કૃતિએ આ તમામ દેશોને પોતાનો ધર્મ, સાધના અને વિચારધારાનો વારસો આપ્યો છે. ભારતમાંથી બૌદ્ધ ધર્મ અને અનેક કલાઓ સમગ્ર એશિયા ખંડમાં પ્રસાર અને પ્રચાર પામી છે. આ બધા દેશો સાથે ભારતનો જળ અને સ્થળ માર્ગ ધાર્મિક અને વ્યાપારિક થતો રહ્યો છે. સૌરાષ્ટ્રમાં હડપ્પા અને મોહેન્જો દડોની પ્રાચીન સંસ્કૃતિના અવશેષો મળ્યા છે. આ અવશેષોને આધારે ભારતીય સંસ્કૃતિ અને ચોતરફ વસેલી જુદી જુદી સંસ્કૃતિઓ સાથેનું અનુસંધાન આપણાં સંશોધકો જોડી આપે છે. જ્યાં જ્યાં ભારતીય લોકો ગયા છે ત્યાં ત્યાં ભારતીય સંસ્કૃતિને પહોંચાડી છે. અનેક સંસ્કૃતિઓ એકબીજાની તદ્દન નજીક હોવા છતાં અતિ પ્રાચીન યુગથી આજ સુધી ભારતીય સંસ્કૃતિએ પોતાના મૂળ સ્વરૂપને જાળવી રાખ્યું છે.

જ્ઞાન, ભક્તિ, યોગ અને કર્મ (સેવા) એ ચાર તત્ત્વો ભારતીય સંસ્કૃતિના મૂળભૂત પાયા છે જેનો સંબંધ ધર્મ કે અધ્યાત્મ સાથે છે. ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ કે લાક્ષણિકતાઓ જોઈએ તો– (૧) મનુષ્યને માનવિકાસના ઉચ્ચત્તમ શિખરે પહોંચાડીને જીવન-મુક્તિની અવસ્થામાં પ્રતિષ્ઠિત કરાવવો. (૨) ગુરુ માહાત્મ્ય, ગુરુપૂજા, ગુરુભક્તિ. (૩) સમગ્ર બ્રહ્માંડનું સર્જન, પાલન-પોષણ અને સંહાર કરનારા પરમતત્ત્વ સાથે અનુસંધાન. (૪) કોઈપણ વર્ણ કે જાતિના ભેદભાવ વિના પરમતત્ત્વની પ્રાપ્તિનો અધિકાર તમામ જીવને એવી ભાવના. (૫) માનવીને પોતપોતાના અધિકાર કે શક્તિ મુજબ મંત્રયોગ, તંત્રયોગ, હઠયોગ, સહજયોગ, કર્મયોગ, લયયોગ, પ્રાણયોગ, આત્મયોગ, શબ્દ સુરતિયોગ, નાદાનુસંધાન કે રાજયોગ મુજબ ભક્તિ-અધ્યાત્મના ક્ષેત્રમાં પરમતત્ત્વની પ્રાપ્તિ સુધી પહોંચાડવા મદદગાર થવું એ ભારતીય સંતસંસ્કૃતિનો મુખ્ય હેતુ છે. અને એટલા માટે તો ધર્મ કે અધ્યાત્મસાધનાના અનેક માર્ગોનો વિકાસ થયો છે. (૬) પરંપરિત વેદધર્મ પ્રણિત માન્યતાઓ સાથે અનુસંધાન અને વિશ્વાસ, પાંચતત્ત્વ, ત્રણગુણ, પચીસ પ્રકૃતિ–પંચીકરણ, શિવ સ્વરોદય, અષ્ટાંગ યોગ, ષટ્ચક્રભેદન, પ્રાણાયામ. (૭) જન્મ-પુનર્જન્મની માન્યતા. (૮) સગુણ-નિર્ગુણ ઉપાસના. (૯) નિયંતા (ઈશ્વર) અને નિયતિ. (૧૦) કર્મને જીવનનું આવશ્યક લક્ષણ મનાયું છે. જે કર્મ સ્વાર્થ સહિત હોય અને જેમાં જ્ઞાનનો ભાવ ન હોય તો કર્મ માનવીનું કલ્યાણ કરતું નથી. (૧૧) ત્યાગ અને આત્મનિયંત્રણ. (૧૨) પિંડમાં બ્રહ્માંડનું દર્શન–સોહમ્ સાધના. (૧૩) રહસ્યવાદ – નામ વચનની સાધના. (૧૪) અહિંસા દરેક જીવ પ્રત્યે સમાનતા અને પ્રેમનો ભાવ-અહિંસાનો સિદ્ધાંત. (૧૫) બ્રહ્મચર્ય અને ક્ષમાતત્ત્વ. (૧૬) તમામ ધર્મ, પંથ, સંપ્રદાય પ્રત્યે સહિષ્ણુતા.

ભારતીય દર્શનો મુજબ સંસ્કૃતિના પાંચ મુખ્ય અંગ છેઃ ધર્મ, દર્શન, ઇતિહાસ, વર્ણ અને રીતરિવાજ. કોઈ પણ દેશ કે જાતિનો આત્મા સંસ્કૃતિ જ છે. જેનાથી કોઈપણ દેશ કે જાતિના સંસ્કારોનો બોધ થાય છે. અંગ્રેજીના કલ્ચર શબ્દ સાથે સામ્ય ધરાવતો આ શબ્દ આપણા ભારતીય જનસમાજમાં સંસ્કાર તરીકે પણ ઓળખાય છે. ભારતીય સંસ્કૃતિ વેદમૂલક સંસ્કૃતિ છે. આપણા ઋષિ-મુનિઓ દ્વારા, શાસ્ત્રકારો અને સ્મૃતિકારો દ્વારા ધર્મ, સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસ્તેય, ત્યાગ, તપ, દાન, બ્રહ્મચર્ય, કર્મ, જીવ, ઈશ્વર, બ્રહ્મ, માયા, અને પરમ તત્ત્વના સાક્ષાત્કાર વિશે જે ગાઢ ચિંતન થયું તેના પરિણામ સ્વરૂપ ભારતીય સંસ્કૃતિનો ઉદ્ભવ અને વિકાસ થતો રહ્યો છે. અને આપણી આ જ ધરતી પરથી બૌદ્ધ, જૈન, શીખ જેવા ધર્મોનો ઉદ્ભવ થયો, અને ઈસ્લામ, સૂફી, ખ્રિસ્તી કે જગતના લગભગ તંમામ ધર્મોના અનુયાયીઓને આપણી ધરતીએ આવકાર્યા. કાળનું અવિરત ચક્ર સદૈવ ફરતું રહે છે. જેમાં અનેક માનવ સંસ્કૃતિઓનો ઉદ્ભવ, વિકાસ અને વિનાશ થતો રહે છે. પ્રાચીનકાળથી માંડીને આજ સુધીમાં જગતમાં અનેક સંસ્કૃતિઓ અવિર્ભાવ પામી છે. જેમાં મિસરની સંસ્કૃતિ, સુમેરિયન સંસ્કૃતિ, બેબીલોન સંસ્કૃતિ, એસિરિયન સંસ્કૃતિ, ચીનની સંસ્કૃતિ, ઇરાનની સંસ્કૃતિ, ગ્રીસની સંસ્કૃતિ, રોમન સંસ્કૃતિ અને ભારતીય આર્ય સંસ્કૃતિને નોંધપાત્ર કે અતિ મહત્ત્વની સંસ્કૃતિઓ તરીકે ઓળખાવી શકાય.

ભારતીય ચિંતનધારાના પ્રવાહ મુજબ–હજારો વર્ષથી ભારતમાં થયેલી વેદ ધર્મની સનાતન ધર્મની સ્થાપના, અને એ વૈદિક ચિંતન ધારામાંથી સમયે સમયે જે નવા અંકુરો ફુટ્યા તે બૌદ્ધ, જૈન, શૈવ, શાકત, વૈષ્ણવ વગેરે સંપ્રદાયોમાં વિકસિત થતા રહ્યા. આચાર્ય ક્ષિતિમોહન સેન તેમના 'બાંગ્લાની સાધના' પુસ્તકમાં જણાવે છે તેમ ભારતવર્ષના તમામ અધ્યાત્મમાર્ગી સંતો-ભક્તોએ ઉપાસના કરી છે. સત્‌ની–સત્યની. સત્ય એ જેમની જીવન સાધના. કબીર સાહેબ ગાતા હોય. *'સાંચ બરાબર તપ નહીં, જૂઠ બરાબર પાપ, જાકે હિરદે સાંચ હૈ, તા કે હિરદે આપ.'* તો ભક્ત સાધક દાદુ કહે છે- *'સુધા મારગ સાચકા, સાચા હોઈ સો જાઈ, ઝૂઠા કોઈ ના ચલે, દાદુ દિયા દિખાઈ.* તમામ ધર્મ, પંથ, સંપ્રદાય અને એની વિવિધ સાધના ધારાઓમાંથી સંત કબીર સાહેબે સમન્વયની સાધનાનું સર્જન કર્યું. શૈવ, શાક્ત, વૈષ્ણવી પ્રેમસાધના, ઈસ્લામ કે સૂફી, જ્ઞાનમાર્ગી, યોગમાર્ગી, ભક્તિમાર્ગી, જૈન, બૌદ્ધ, તંત્ર એમ તમામ પ્રકારની ભક્તિ/સાધના કે સંત સાધનાની સરવાણીઓ

આપણને કબીર સાહેબ પછીના વિધ વિધ ભારતીય ભાષાઓના સંત/ભક્તકવિઓની વાણીઓમાં જોવા મળે છે; કારણ કે આપણી સંસ્કૃતિ સમન્વયની સંસ્કૃતિ છે.

ભવિષ્યની પેઢીઓ સુધી આપણો શુદ્ધ અને સાત્ત્વિક જ્ઞાનવારસો જળવાઈ રહે એ માટે પ્રાચીન ભારતમાં નાલંદા, તક્ષશીલા, વલભી અને વિક્રમશીલા જેવી વિદ્યાપીઠોના સરસ્વતી ભંડારો જગપ્રસિદ્ધ હતા. શિક્ષણ શબ્દ શીખ્ શીખવું પરથી ઉતરી આવ્યો છે. પ્રાચીન સમયમાં તો વેદોના ઉચ્ચાર માટે શક્તિશાળી બનાવે તે જ સાચું શિક્ષણ–તે જ સાચી શિક્ષા એમ મનાતું. અને એટલે શિખાધારી એ જ બની શકે જે શિક્ષિત હોય. વેદને સમજવા માટે છંદ, કાવ્ય, નિરુક્ત, વ્યાકરણ અને શિક્ષા એ છ શાસ્ત્રોનો અભ્યાસ અનિવાર્ય ગણાતો. આપણે ત્યાં શિક્ષાગ્રંથોની કેવડી સુદીર્ઘ પરંપરા ચાલી આવી છે? પ્રાચીન ઋષિકુલો–ગુરુકુલો–મઠો–આશ્રમોમાં તદ્દન નિ:શુલ્ક મૌખિક શિક્ષણ કે કેળવણી આપાતાં. જેમાં છાત્ર-વિદ્યાર્થીનો બહુમુખી વિકાસ થતો. વેદ, ઉપનિષદ, પુરાણો, નીતિશાસ્ત્ર, ખગોળ, તર્ક, રાજવ્યવસ્થા, બ્રહ્મવિદ્યા, જ્યોતિષ, વ્યાકરણ, છંદ, કાવ્ય, આયુર્વેદ, કૃષિ, ગોપાલન, વાણિજ્ય, અસ્ત્રશસ્ત્ર, લોકવિદ્યાઓ... એમ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થો વિશેની સર્વાંગ સંપૂર્ણ જાણકારી આપીને, એક સુસંસ્કૃત સમાજના ઘડતરમાં તે છાત્રનું યોગદાન કેવું અને કેટલું હશે તેની અગમચેતી દાખવીને જે તે છાત્ર જીવતરના અંતિમ શ્વાસ લગી સાચો વિદ્યાર્થી બની રહે એવી કેળવણી અપાતી. અને એ માટે ગ્રંથો-પુસ્તકો લખાતાં. એટલે તો પુસ્તકને આપણા ઋષિ મુનિઓ કલ્પવૃક્ષ તરીકે ઓળખાવતા હતા. કલ્પવૃક્ષ એટલે એવું વૃક્ષ જેની છાયામાં ઊભા રહીને જે કંઈ કલ્પના કરીએ તે સાકાર થઈ જાય. પુસ્તક એટલે એકાન્તનો મિત્ર, મસ્તકનો ખોરાક, મનનો જમણવાર, ચિત્તનો પ્રવાસ, શબ્દોનો શ્વાસ, માર્ગદર્શક, અજ્ઞાન, અંધારામાં અજવાળું પાથરનારો દીપક, દીવાદાંડી, જીવનની સમસ્યાનું સમાધાન, નીતિ અને મૂલ્યોનું મહાગાન, દેવસ્થાનક કે જંગમ તીર્થ, એક પેઢીની વિદ્યાને બીજી પેઢી સુધી લઈ જનાર સેતુબંધ.

અને એટલે જ ભારતીય સંસ્કૃતિના કલ્પવૃક્ષ સમી ભારતના અને વિશ્વના હસ્તપ્રત ભંડારોમાં સચવાયેલી હસ્તપ્રતોમાં સંકલિત થયેલી સામગ્રી ભવિષ્યની પેઢીઓ માટે અમૂલ્ય એવો વારસો સાચવીને બેઠી છે. જેમાં ચારવેદ, વેદના અંગો–વેદાંગ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, પુરાણો, ષડ્દર્શનો, મહાકાવ્યો અને લોકપરંપરાના ધાર્મિક અંગો વિશે ઠેરઠેરથી–ધર્મગ્રંથો, સંદર્ભગ્રંથો, અભ્યાસગ્રંથોમાંથી સામગ્રીનું એકત્રીકરણ કરવામાં આવ્યું છે, બૌદ્ધ તથા જૈનસાહિત્યનો વિપુલ જ્ઞાનરાશિ આ હસ્તપ્રતોમાં જ સચવાયો છે. શૈવ, વૈષ્ણવ, શાક્ત, મહાપંથ, નાથ, દશનામ, પ્રણામી, જૈન, બૌદ્ધ, સ્વામિનારાયણ જેવા તમામ ધર્મ-પંથ-સંપ્રદાયો અને લોકધર્મી સંત પરંપરાઓ ઉપરાંત બ્રાહ્મણ, ક્ષત્રિય, ચારણ, બારોટ જેવા જાતિ-જ્ઞાતિવિશેષોની વિવિધ શાખા પરંપરાઓ, એની ધર્મ અનુષ્ઠાન સંબંધી માન્યતાઓ, વિધ વિધ દેવી-દેવતાઓ, એકથી શરૂ કરીને જુદી જુદી સંખ્યાઓ–અંકો સાથે જોડાયેલી સંજ્ઞાઓનો પરિચય... એમ અનેકવિધ દૃષ્ટિકોણથી, અનેકવિધ પાસાંઓનો પરિચય આપણને હસ્તપ્રતોમાંથી પ્રાપ્ત થાય છે. આપણે ત્યાંના અને છેક વિદેશી ગ્રંથાલયોમાંના હસ્તપ્રતભંડારોમાં સચવાયેલી તમામ હસ્તપ્રતોમાં જળવાયેલી સામગ્રીની સંપૂર્ણ પ્રમાણભૂત-સર્વાંગ સૂચિઓ પણ પ્રાપ્ય નથી. અનેક હસ્તપ્રત ભંડારોની પ્રકાશિત સૂચિઓ મારી પાસે છે, જેમાં 'ગૂટકો', 'પદસંગ્રહ', 'વિવિધ કવિઓના પદો-કીર્તનો' જેનાં શીર્ષકોથી હસ્તપ્રતનોંધણી થઈ છે. એમાંયે જે હસ્તપ્રતોમાં કશો જ સમયનિર્દેશ પ્રાપ્ત નથી થતો એવી તો સેંકડો હસ્તપ્રતોમાં છૂટક-ગૌણ કવિઓ-સંતો-ભક્તો અને જૈન-ચારણ-બારોટ જ્ઞાતિના કવિઓ દ્વારા હજારોની સંખ્યામાં રચાયેલી પદ્યરચનાઓ નોંધણી અને સૂચિ માટે કોઈક અભ્યાસુની રાહ જોઈ રહી છે, જેની નોંધ આજસુધી આપણી સંશોધન સંસ્થાઓ કે વિશ્વવિખ્યાત સંશોધકો દ્વારા પણ નથી લેવાઈ એ ગુજરાતી ભાષા-સાહિત્ય સાથે સંકળાયેલા સૌ વિદ્વાનો અને સંશોધકો માટે શરમજનક હકીકત છે.

આપણા પ્રાચીન કંઠસ્થ પરંપરાના ગુજરાતી સાહિત્યમાં સુભાષિતો, લોકોક્તિ, ઉખાણા, પ્રહેલિકા, સમસ્યા અને ગૂઢાર્થ ઉક્તિઓની એક સુવિશાળ પરંપરા નજરે ચડે છે. લોકજીવનમાં વાતવાતમાં વાતડાહ્યા ચતુર માણસો નવરાશના સમયે આવો વાઙ્મય ભંડાર પીરસતા રહે.

લોકકંઠે આવું સાહિત્ય સૈકાઓ સુધી સચવાતું-જળવાતું-તરતું રહે અને એમાંથી જરૂરત પડ્યે પ્રશિષ્ટ સાહિત્યના જૈન-જૈનેતર સર્જક કવિ-આખ્યાનકારો અને ડિંગળી સાહિત્ય સર્જનારા ચારણ-બારોટ કવિઓ પોતાની રચનાઓમાં આવી ઉક્તિઓને વણી લે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં કોપીરાઈટ કે પોતાના આગવા મૌલિક સર્જન એવા સંકુચિત ખયાલો જ નહોતા. જ્યાંથી કંઈપણ સારું લાગે તેનો પોતાના સાહિત્યમાં સમાવેશ કરીને પોતાની રચનાઓ લોકોના આત્મકલ્યાણ અને લોકમનોરંજન માટે પ્રયોજવાની પરિપાટી આપણને વ્યાપક રીતે ફેલાયેલી જોવા મળે. સંસ્કૃત, સાહિત્ય, પ્રાકૃત કે અપભ્રંશ સાહિત્ય, અન્ય ભારતીય ભાષાઓના સાહિત્ય કે કંઠસ્થ પરંપરાના લોકસાહિત્યમાંથી આવી ઉક્તિઓ લઈને એનું પોતાની ભાષામાં રુપાંતર કરીને-ગુજરાતીકરણ કરીને પોતાના ગદ્ય-પદ્ય સર્જનને વધુ સઘન બનાવવાનો યત્ન આપણા દરેક મધ્યકાલીન સર્જકે કર્યો છે. ગુજરાતના હસ્તપ્રતભંડારોમાં 'સુભાષિતરત્નભાંડાગાર' જેવી સંકલન પામેલી અનેક હસ્તપ્રતો પણ મળી આવે છે જેમાં ઉપર જણાવ્યું તેવી સામગ્રી ગુજરાતી

ભાષામાં રુપાંતર કરીને સંકલિત કરવામાં આવી હોય. અલબત્ત જૂની ગુજરાતી એટલે મધ્યકાળમાં સંપૂર્ણ ભારતમાં વ્યાપ્ત એવી સધુક્કડી ભાષા. જેમાં કચ્છી, સિંધી, મરાઠી, મારવાડી કે રાજસ્થાની ડિંગળનું સંમિશ્રણ થયેલું જોવા મળે છે, જે ખાસ કરીને ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં વ્યાપક રીતે ફેલાયેલી જોવા મળે છે. એ સમયના સર્જકોની એ રાષ્ટ્રીય ભાષા હતી. જેથી સમગ્ર ભારત વર્ષના સંત-ભક્ત-કવિ સર્જકો પોતપોતાની સ્થાનીય-પ્રાંતીય ભાષા-બોલી સાથે અનુસંધાન જાળવીને આ સધુકકડી ભાષામાં સર્જન કરતા હતા. અને એ રીતે વિવિધ ભારતીય પ્રાંતોના સંત-ભક્ત સાહિત્યની પારિભાષિક શબ્દાવલી, સાધનાત્મક પરિભાષા, સંગીતના ઢાળ, રાગ, તાલ, ઢંગમાં એકાત્મતા જોવા મળે છે. ભારતભરના હસ્તપ્રત ભંડારોમાં ખાસ કરીને ચારણ-બારોટ જ્ઞાતિના સર્જકો-સંપાદકો-લહિયાઓ દ્વારા લખાયેલી જૈન/જૈનેતર હસ્તપ્રતોમાં આપણને વિવિધ વિષયની સામગ્રી જોવા મળે, જેમાં વિવિધ રાજવંશોના ઇતિહાસ, વંશાવળી, વાત, વિગત, તવારીખ, રાસો, પવાડા (સંગ્રામ કથાઓ), વિનોદ, વિલાસ, સાગર, શિણગાર, કવિત, કુંડળિયા, છંદ, ઝમાળ, ઝુલણા, વીસી, બાવીશી, પચ્ચીશી, બહુંતેરી, સલોકા જેવા પ્રકારોમાં ઐતિહાસિક સામગ્રી સચવાયેલી છે તો પુરાણ, મહાભારત અને રામાયણાદિનાં આખ્યાનો, દેવીસ્તવનો, અંબા, આઈ વરુડી, કરણીજી, ચાલકનેચી, ચાંપબાઈ, ચોસઠ જોગણી જગદંબા, જવલબાઈ, જ્વાળામુખી, જાનબાઈ, જેતબાઈ, તોરણવાળી (મહેસાણા), દેવલબાઈ, પદ્માવતી, પીઠડ, બહુચરાજી, મહાલક્ષ્મી, મેલડી, રાજબાઈ, સરસ્વતી, હિંગળાજ વગેરે શક્તિનાં સ્વરૂપો વિશેની ગદ્ય-પદ્ય રચનાઓ, રામ, કૃષ્ણ, ખેતરપાળ, ગણેશ, પ્રભુ, પારસનાથ, પીર, રાધાકૃષ્ણ, રામ, સૂર્ય, શનિ, શંખેસર પાર્શ્વનાથ, શિવ, હનુમાન વગેરે દેવતાઓના સ્વરૂપો વિશેની રચનાઓ ઉપરાંત અશ્વશાસ્ત્ર, આગમ, આરોગ્ય (ગામઠી ઔષધો), આર્થિક, કર્મકાંડ, કામશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, ગામો અને શહેરો વસવા વિષે, ગુરુ ભક્તિ, ગૂઢ ભાષા, ગૂઢાર્થ, ચરિત્ર, છંદશાસ્ત્ર, જ્યોતિષ, જાદુ, તીડ, ત્રાગાંના કથાગીતો, ત્રાગાંના કરારખતો, તિથિ, ધર્મદંભ, દાણલીલા, દુર્ગુણ, દુષ્કાળ, નદીસ્તવન, નાયિકાભેદ, નિંદા-ઉપાલંભ, પશુઓનું યુદ્ધ, પક્ષીઓનું યુદ્ધ, પ્રથય, પ્રારબ્ધ, ભીખનિંદા, ભેંસ, ભૌગોલિક, બારમાસા, મરશિયા, મસ્તકદાન, મંત્રો-તંત્રો, માનવનાં વેચાણખતો, મૈત્રી, રાજનીતિ, ઋતુવર્ણન, લોકકથાઓ, લોકવ્યવહાર (નીતિ), વર્ષાવિજ્ઞાન, વ્રતકથા, વૃક્ષો, વ્યસન, વ્યાકરણ, વિવાહ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ, સતી, સંગીત, સંત સ્તવન, સ્થાપત્ય, સાંપ્રદાયિક, સુભાષિત, સૌંદર્ય (નારીનું), શબ્દકોશ, શસ્ત્રો, શિકાર, શુકન, શૃંગારરસ, હવામાન નોંધ, હાથીનું વર્ણન અને દાન, હાસ્યરસ... એમ જીવનનાં અનેકવિધ વિષયો ઉપરનું સાહિત્ય આ હસ્તપ્રતોમાં સંઘરાયું છે. એટલે 'ભારતીય સનાતન ધર્મ સંસ્કૃતિના મધુસંચય કોસ' તરીકે એનું સ્થાન અને માન કાયમ જળવાવાનું છે.

**લોકવાઙ્મયને જીવતું રાખવામાં સૌથી વિશેષ, મહત્ત્વનો ફાળો આપનારી સમૃદ્ધ પરંપરાના વાહક : ચારણો**

લોકસંસ્કૃતિ અને લોકજીવન સાથે સંબંધ ધરાવતી લોકવિદ્યાઓ વિશે વાત કરવાની હોય; લોકવાઙ્મયના એક અંગ તરીકે લોકસાહિત્યના ઉદ્ભવ, પ્રચાર અને પ્રસારની વાત કરવી હોય કે ભારતીય સનાતન ધર્મસંસ્કૃતિને લિખિતરૂપમાં જાળવનારી પરંપરાઓની વાત કહેવી હોય ત્યારે અમુક જાતિવિશેષને યાદ કર્યા વિના ચાલે જ નહીં, અને એ જાતિવિશેષોમાં ચારણજાતિ અતિ અગત્યનું આગવું સ્થાન અને માન ધરાવતી જાતિ છે. લોકસાહિત્યના ગદ્ય, પદ્ય કે અપદ્યાગદ્યમાં રચાયેલા વાઙ્મય પ્રકારોમાં કથા, વાર્તા, દંતકથા, ટૂચકા, ઓઠાં, ગીતો, દૂહા, છકડિયા, ભજનો, આખ્યાન અને એવા અગણિત પ્રકારો હોય કે વ્રજભાષા કે ડિંગળી શૈલીમાં રચાયેલા ચારણી સાહિત્યના છંદ ગીત કવિત-દૂહા-સોરઠા જેવા વીર, શૃંગાર, કરુણ કે ભક્તિરસના મુક્તકથી માંડીને પ્રબંધપવાડા કે આખ્યાન જેવા દીર્ઘકાવ્યો હોય એનું સર્જન અને રજૂઆત કરનારી ખાસ લોકજાતિ તરીકે ચારણ કવિઓ તથા કલાકારોને ક્યારેય ન ભૂલી શકાય. સાહિત્ય અને સંસ્કૃતિને જાળવનારી પરંપરાઓમાં ચારણ એક એવી જાતિ છે જેણે એક તરફથી શુદ્ધ શાસ્ત્રીય અભિજાત સાહિત્ય (ક્લાસિકલ લિટરેચર) સાથે સંબંધ જાળવ્યો છે તો બીજી તરફથી લોકજીવન સાથેનો પ્રત્યક્ષ સંપર્ક અને સંબંધને કારણે લોકસાહિત્યને તથા લોકપ્રિય–લોકભોગ્ય સાહિત્યને પણ જીવતું રાખ્યું છે. વેદો, ઉપનિષદો, પુરાણો, અન્ય ધર્મગ્રંથો, વિવિધ ધર્મ પંથ સંપ્રદાયો અને તેની શાખાઓ, જ્ઞાતિ-જાતિ વિષયક ઇતિહાસો, દંતકથાઓ, અધ્યાત્મ સાધના પરંપરાઓ, ષોડશ સંસ્કારો, ઇતિહાસ, વિવિધ કલાઓ, સાહિત્ય, સંગીત અને વિવિધ કલાઓ તથા જીવનના અનેકવિધ વિષયો પરનાં સેંકડો ગ્રંથો વાંચીને એમાંથી મધુસંચય વૃત્તિથી જે કંઈ સંગ્રહ કરવા યોગ્ય લાગ્યું એવી સામગ્રીનું સંકલન તેઓ પોતાની હસ્તપ્રતોમાં કરતા રહ્યા, જેના પરિણામ સ્વરૂપ ભારતીય સનાતન સંસ્કૃતિના મૂળભુત પ્રાણવાન તત્ત્વો અને વિધવિધ ધર્મોની તમામ દિશાઓ વિશે ચારણો દ્વારા લખાયેલી હસ્તપ્રતોમાંથી વિપુલ સામગ્રીનું એકત્રીકરણ થતું રહ્યું છે.

✷✷✷

આનંદ આશ્રમ, સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર, ગૌસેવા-ગોસંવર્ધન ગૌશાળા,
મુ. પો. ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટ-૩૬૦૩૧૧.
Mob. : 098243 71904
Email : satnirvanfoundation@gmail.com

# અહિંસા : ગઇકાલની અને આજની

❑ ભદ્રાયુ વછરાજાની

આપણાં પાંચ મહાવ્રતો ગણાવાયાં છે:

૧. અહિંસા, ૨.અપરિગ્રહ, ૩. અચૌર્ય, ૪. અકામ, ૫. અપ્રમાદ.

હકીકતમાં જોઈએ તો આ પાંચ મહાવ્રતો લેવાની આપણે જરૂર જ નથી. કારણ કે આ પાંચ તો આપણો સ્વભાવ છે, એને પામી ન શકાય, એ તો છે જ.

હા, હિંસા-પરિગ્રહ-ચોરી-કામ-પ્રમાદ આપણો સ્વભાવ નથી. તે તો મેળવેલા છે, તે અર્જિત છે. It is acheived. તેથી જે પાંચને મેળવવાનાં છે તે હિંસા-પરિગ્રહ-ચોરી-કામ-પ્રમાદ આપણી શોધ છે, આપણું જ નિર્માણ છે... આ પાંચ ન થઈ જાય તે માટે પ્રયત્ન કરવાના છે, એ પ્રયત્નમાં સફળ થયા એટલે 'અહિંસા' તો છે જ... અપરિગ્રહ છે જ... અચૌર્ય છે જ... અકામ છે જ... અપ્રમાદ છે જ... It exists. It is not to be achieved. પાંચ મહાવ્રતો ખાસ લેવાની જરૂર નથી. કારણ It is inherant... It is natural instinct !

આપણે સ્વભાવથી હિંસક નથી. માણસ સ્વભાવથી હિંસક હોઈ જ ના શકે. હિંસાથી દુ:ખ જન્મે છે તે જાણ્યા પછી કોઈ દુ:ખને ચાહે ખરું? હું કે તમે ૨૪x૭ હિંસક નથી. હું ચોવીસેય કલાક હિંસક રહી શકું ખરો? ના, હરગિઝ નહીં, એ શક્ય જ નથી. તેનો અર્થ એવો કે અહિંસા આપણાં લોહીમાં છે. હકીકતમાં તો હિંસા સાંયોગિક છે, એક અકસ્માત છે.

જે ધર્મની ધજા પકડીને આપણે જીવી રહ્યા છીએ તે ધર્મની ભાષામાં તો બે શબ્દો જ વિધાયક છે, હકારાત્મક છે અને તે છે: સત્ય અને બ્રહ્મચર્ય, બાકીના બધા શબ્દો નકારાત્મક છે! બાકીના બધા એટલે: હિંસા, પરિગ્રહ, ચૌર્ય, કામ, પ્રમાદ... બસ, આ પાંચ નકારાત્મક છૂટી જાય એટલે બે હકારાત્મક (સત્ય અને બ્રહ્મચર્ય) જોડાય જાય. આમ કેમ બની શકે એવો પ્રશ્ન થાય તો આ રહ્યો જવાબ: સત્યનો અર્થ છે અંદરથી જાણવું. બ્રહ્મચર્યનો અર્થ છે બહારથી જીવવું. પાંચેય નકારને અંદરથી જાણીશું તો તેને બહારથી જીવવાનું કપરું બનશે.

અહિંસા શબ્દમાં હિંસા શબ્દ છે જ, પણ જરા જુદી રીતે. અહિંસા એટલે હિંસાનું ન હોવું, હિંસાની અનુપસ્થિતિ, હિંસાનો અભાવ. જરા ઊંડાણથી વિચારીએ તો: અહિંસાનો વિચાર આવ્યો ક્યાંથી? જવાબ વિચિત્ર મળે છે. અહિંસાનો વિચાર તેને જ આવે છે કે જે ચોવીસ કલાક હિંસામાં રત રહે છે. જેના હાથમાં તલવાર કે બંદૂક છે તેવા ક્ષત્રિયો કે હિંસકો પાસેથી જ 'અહિંસા'નો વિચાર પ્રગટ થયો! ઇતિહાસ સાક્ષી પૂરે છે આ વાતની. જૈનોનાં ચોવીસ તીર્થંકરોમાં એકપણ બ્રાહ્મણ નથી, એકપણ વૈશ્ય નથી, બુદ્ધ સહિત બધા જ ક્ષત્રિય હતા. આખી જમાત હિંસકોની, કદાચ તેથી જ તેઓને સમજાયું કે હિંસા આપણી પીડા છે, આપણું દુ:ખ છે; હિંસા આપણો આનંદ નથી, એ આપણો અંતરાત્મા નથી. આ જેને સમજાયું તે તીર્થંકર થયા!! શું હું અને તમે તીર્થંકર થઈ શકીએ ખરા? અવશ્ય શક્ય છે, પણ શું આપણે હિંસાને ઓળખીએ છીએ ખરા? આપણી હિંસાએ અહિંસાનાં વસ્ત્રો નથી પહેરી લીધાં ને? આપણે અહિંસક મ્હોરાં તો નથી પહેરી લીધાં ને? આપણે જાણી જોઈને આપણા શિષ્ટાચારને મૂળ મૂલ્યબોધ પર હાવી નથી કરી લીધો ને? આપણે વાતોમાં અહિંસક અને છાના વ્યવહારમાં હિંસક તો નથી થઈ ગયા ને? આપણું સાચું પોત શોધવું પડે તેમ છે? આપણે 'હું' સિવાયના પ્રત્યેક જીવને 'બીજો' ગણી દ્વૈતનાં માર્ગને વ્હાલો નથી કરી લીધો ને?... આવા અનેક પ્રશ્નાર્થો ઘેરી વળે અને આપણે તેમાંથી સ્વચ્છ-સ્પષ્ટ-સ્વસ્થ થઈને બહાર આવીએ તો આપણે પણ તીર્થંકરના માર્ગના યાત્રિકો છીએ.

જ્યાં પૉલ સાર્ત્રે કહે છે: The other is Hell. The otherness is Hell. જે બીજો છે તે નર્ક છે કારણ કે બીજાને બીજો સમજવામાં જ નર્કાગાર છે, બીજાને પોતાનો સમજવામાં પ્રેમ છે! 'પોતે અને પોતાનાં' આ બે શબ્દોમાં 'હું અને અન્ય' એવો અર્થ સમાયેલ છે. અન્ય એટલે NOT ME ! પતિ-પત્ની-બાળકો-માબાપ પોતાનાં એટલે તે પોતે તો નહીં જ, THE OTHER... બસ, અહીંથી હિંસાની શરૂઆત થઈ ગઈ... સમાજે આ વ્યવસ્થા ગોઠવી છે, એ વ્યવસ્થા હિંસાની એક સૂક્ષ્મતમ જાળ છે. જેમાં આત્મન ખતમ થઈ જાય છે, વ્યક્તિ મરી જાય છે પણ સમાજ કે લૅબલ જીવી જાય છે. આવું લૅબલ લાગેલી વ્યક્તિ તરીકે હું અને તમે હિંસક જ છીએ, કારણ આ લૅબલમાં એક આદેશ છે, એક અપેક્ષા છે, એક આશા છે. હિંસા બે શરીરો વચ્ચે થાય છે. અન્ય દ્વારા ઉત્પન્ન થતી ચેતના તે હિંસા અને સ્વયં વડે ઉત્પન્ન થતી ચેતના તે અહિંસા. તેથી તો આપણે તારવ્યું કે બીજાને બીજો સમજવામાં હિંસા છે, નરક છે. બીજાની હાજરી તમને ખલેલ પહોંચાડી હિંસા પ્રેરે છે, તો તમારી હાજરી બીજા માટે ખલેલ કે હિંસા છે; તેથી આ 'બીજો' કે 'અન્ય' કે 'પોતાના' જેવા શબ્દોને દેશવટો આપીએ.

મહાવીર સ્વામીને નિમિત્ત બનાવીને આજે આપણે અહિંસાની દુહાઈ દઈ રહ્યા છીએ. 'મહાવીર માંસાહારી ન હતા, તેથી અમે માંસાહારી નથી'. 'મહાવીર કશુંક–તશુંક ખાતા ન હતા, તેથી અમે પણ કશુંક–તશુંક ખાતા નથી.' 'મહાવીર રાત્રે પાણી પીતા ન હતા, તેથી અમે પણ રાત્રે પાણી નથી પીતા.' યાદ રાખવા જેવું

છે કે આમ કરવાથી ધાર્મિક નથી થઈ જવાતું. સમજવા જેવું છે કેઃ મહાવીર સ્વામી આમ કરતા–તેમ કરતા–આમ ન કરતા–તેમ ન કરતા તેથી તેઓ ધાર્મિક ન હતા, પરંતુ મહાવીર ધર્મપરાયણ હતા તેથી આમ કરતા–તેમ કરતા–આમ ન કરતા કે તેમ ન કરતા. મહાવીર સ્વામીની ગઈકાલની અહિંસા સહજતામાંથી પ્રગટી જ્યારે આપણી આજની અહિંસા દંભ અથવા નકલ અથવા 'કટ-કૉપી-પેસ્ટ'માંથી બની છે. મહાવીર સ્વામીએ કશું પણ કોઈને દેખાડવા માટે નહોતું કર્યું, આપણે જે કરીએ છીએ તે કોઈ નોંધ લે તે માટે કરીએ છીએ.

આપણી હિંસાની બે હઠ છેઃ (૧) મારી વાત નહીં માનો તો તમને મારી નાખીશ. (૨) મારી વાત નહીં માનો તો હું મરી જઈશ... આ બન્ને ગલત છે. બન્નેમાં એકસરખી હિંસા છે. પરપીડનમાં તો હિંસા છે જ, પણ સ્વપીડનમાં પણ હિંસા છે. એક પ્રશ્નનો જવાબ આપોઃ એક માણસ બીજાને ભૂખ્યો મારે તો તે અધાર્મિક ગણાય તો પછી એક માણસ પોતાને ભૂખ્યો મારે તે ધાર્મિક કેમ ગણાય? આ તે વળી ક્યાંનો ન્યાય? ઉપવાસ મહાવીર સ્વામી કરે તે, આપણે કરીએ તે તો અનશન. ઉપવાસનો અર્થ એટલા આનંદમાં રહેવું કે ભૂખનું ભાન જ ન રહે. અનશનનો અર્થ ભૂખે મરવું અથવા અન્ય કંઈક ઝાપટવું. ઉપવાસ કરવાનો ઉદ્દેશ્ય સ્પષ્ટ : To be nearer to oneself... આપણા માટે ભોજનનો પણ આનંદ છે તો મહાવીરસ્વામી માટે આનંદ પણ ભોજન છે!

આજે આપણે સૌએ કહ્યુંઃ (૧) હું શરીર છું.

મહાવીર સ્વામીએ કહ્યુંઃ (૧) હું શરીર નથી.

આજે આપણે પ્રશ્ન કર્યોઃ (૨) હું શરીર નથી તો શું છું?

મહાવીર સ્વામીએ જવાબ વાળ્યોઃ (૨) હું શરીર નથી તો શું છે તેની પણ ચિંતા નહીં.

આજે આપણે દલીલ કરીઃ (૩) એ ન જાણું તો હું ધાર્મિક કેમ ગણાઉં?

મહાવીર સ્વામીએ સામે પ્રશ્ન કર્યોઃ (૩) ધાર્મિક ગણાવવા માટે જાણવાની શી જરૂર!

આજે આપણે પકડ્યો ધાર્મિક લાગવાનો શિષ્ટાચાર, તો

મહાવીર સ્વામીએ ધાર્મિક લાગવું નહીં પણ હોવું જરૂરી તેવો મૂલ્યબોધ આપ્યો. આપણે સ્વયંને કે અન્યને પીડવા તત્પર છીએ, મહાવીર સ્વામી પર કે સ્વયંની પીડાથી જોજનો દૂર રહ્યા! આપણે કંઈ ન કરીએ તો ય અહિંસક ન લાગીએ અને મહાવીર બધું જ કરે છતાં હિંસક ન લાગે! આપણે પરમ આનંદની પળમાં દુઃખી રહેવા ટેવાયેલા જ્યારે આપણા મહાવીર અસીમ દુઃખમાં પણ પરમ આનંદી રહ્યા... આપણે મોંઘાદાટ વસ્ત્રો પહેરવા છતાં આપણી વૈચારિક નગ્નતા છૂપાવી નથી શકતા, જ્યારે આપણા મહાવીર સ્વામી નિર્વસ્ત્ર હોવા છતાં તેમની નગ્નતા શોધી શકાતી નથી. આપણે અલ્પવસ્ત્ર રહીને પાછું ઢાંક્યા કરવું છે, મહાવીરને ઢાંકવા જેવું લાગ્યું જ નથી.

ગઈકાલની હિંસા અને આજની અહિંસાનો ભેદ મુદ્દાસર જાણવો છે? ચાલો યાદી બનાવીએઃ

- ગઈકાલે સારા-ખરાબનું મૂલ્યાંકન હતું, આજે સાચાં-ખોટાનું.
- ગઈકાલે સજાગતાની ચિંતા હતી, આજે એકાગ્રતાની.
- ગઈકાલે શુભની ખેવના હતી, તો આજે શ્રેષ્ઠની.
- ગઈકાલે હિતકારી શું છે તે જાણવા મથતા, તો આજે જાણકારી શું છે તેની મથામણ.
- ગઈકાલે દોષ ન થઈ જાય તેની કાળજી હતી, તો આજે દુઃખ ન થઈ જાય તેની.
- ગઈકાલે સ્વતંત્રતા પસંદગી હતી, તો આજે સગવડતા.
- ગઈકાલે 'સમજીએ'ની અપેક્ષા હતી, આજે 'જાણીએ'ની.

આજના સમયમાં હિંસાનાં સ્થૂળ નહીં પણ સૂક્ષ્મ સ્વરૂપને પકડવાની જરૂર છે. ક્યાં-ક્યાં છે હિંસા?

૧. જરૂરત ન હોય તો પણ બોલવું.
૨. જરૂરત પડે ત્યારે ન બોલવું.
૩. 'હા' માં 'હા' ભણ્યા કરવી.
૪. સતત 'ના'ના પક્ષે જ રહેવું.
૫. ઊંચા ટૉનમાં બોલવું, સંગીત વગાડવું, હોર્ન વગાડ્યા કરવું.
૬. ગંભીર દેખાવા હસવાનું હોય ત્યારે ન હસવું.
૭. લાફીંગ ક્લબમાં જઈને પરાણે હસવું.
૮. ના પાડવી હોય ત્યાં હા પાડી દેવી.
૯. હા પાડ્યા પછી ગલ્લાંતલ્લાં કરવા.
૧૦. સમયપાલન ન કરવું.
૧૧. પતિ-પત્ની-સંતાનો માટે સમય ન ફાળવવો.
૧૨. જે બને છે તેનો સહજ સ્વીકાર ન કરવો.
૧૩. થૂંકવું, ફેંકવું, પછાડવું.
૧૪. બાળકને રેઢું કે રોતું છોડી નવકાર મંત્રની માળા જપવી.

આજે અહિંસા ક્યાં-ક્યાં છે?

૧. સદાય પ્રસન્ન રહેવું.
૨. સદાય નિર્દંભ રહેવું.
૩. હરપળ હસતા રહેવું.
૪. હંમેશાં સ્વીકારભાવથી જીવવું.
૫. ભૂલતા શીખવું.
૬. વળગણ રહિત રહેવું.
૭. જીવવા માટે કમાવવું.
૮. સદાય cosmosના લયનો આદર કરવો.

આટલું થઈ શકે તો તો મહાવીર પણ રાજી!

✶ ✶ ✶

bhadrayu2@gmail.com

# જીવ આવ્યો તિમ જાશો એકલો

❑ કીર્તિદા શ્રેણિક શાહ

## નાગદત્ત શેઠની સજ્ઝાય

નગરી ઉજ્જયની રે નાગદત્ત શેઠ વસે, યશોમતિ નામે નારી રે,
પુત્ર છે નાનો તેહને વાલહો, નાણું વિવિધ પ્રકારો રે,
મમકર મમતા રે સમતા આદરો. ૧
તેહ શેઠને મહેલ ચણાવતાં, બાર વરસ વહી જાય રે,
ચિતરા પછી તેણે તેડાવીયા, ભલામણ દીયે ચિત્ત લાય રે. ૨
વાદળીયા રંગના પૂરજો વળી, કોઈ દિન તે નવિ જાય રે,
તિહાં કને ચઉનાણી મુનિ નીકળ્યા, હસવું કરે તેણે ઠામ રે. ૩
શેઠ જોઈને મનમાં ચિંતવે, મુનિ આચાર ન ગણાય રે,
હું ભલામણ દઉં મુજ મ્હેલની, તેમાં મુનિનું શું જાય રે. ૪
નવરો થાઉં તો જાઉં મુનિ પૂછવા, એમ ચિંતી જમવા આવે રે,
પુત્ર જે ન્હાનો તેહને હુલરાવતો, કરે માત્રું બાળ સ્વભાવે રે. ૫
છાંટા પડીયા તેહ માત્રાતણા, તેહની થાળી મોઝારો રે,
તે નવિ ગણકારી ખાવા મંડીયો, ઘૃતપરે તેણી વારો રે. ૬
મુનિ પણ ફરતા ફરતા ગોચરી, આવ્યા તેહને ગેહો રે,
વળી પણ મુનિને હસવું આવીયું, તે જોઈ ચિંતવે તેહો રે. ૭
સંશય પડિયો નાગદત્ત શેઠને જમી દુકાને આવે રે,
બોકડો લેઈ કસાઈ નીકળ્યો, તે દુકાને ચડી જોવે રે. ૮
કહે કસાઈ તું આપને મુજને, નહિ કાં દે તસ નાણું રે,
નાગદત્ત ચિંતે એ નાણાતણું, દિસે નહિ ઠેકાણું રે. ૯
એમ ચિંતી વસ્ત્ર આડું કરે, બોકડો ઉતરી જાવે રે,
ઊતરે ત્યાં તેને આંસુ પડે, ત્યાં તો અણગાર આવે રે. ૧૦
આંસુ દેખી મુનિ મ્હોં મલકીયું, ચિંતે શેઠ તે આમ રે,
એ મુનિ ત્રણ વેળા હસવું કરે, શું કામ એણે ઠામ રે. ૧૧
એમ તિહાં શેઠ મનમાં ચિંતવી, ખાઈ પછી મુખવાસ રે,
ઊઠી તિહાંથી પૌષધશાળામાં જઈ બેઠો મુનિ પાસ રે. ૧૨
મુનિને પૂછે તુમે હાસ્ય કર્યું, ત્રણ વાર શે કાજ રે?
તેહનું કારણ આવ્યો પૂછવા, કહો મહેર કરી મહારાજ રે. ૧૩
પેલી ચિતારાને ભલામણ કરું, ત્યાં કરી તુમે હાંસી રે,
ઘરનું કામ રે કોણ કરતા નથી, દેખી થયો નિરાશી રે. ૧૪
તેહનું કારણ મુજને કીજીએ, જેમ મન રાજી થાય રે,
મુનિ કહે તુજ પૂછયાનો કામ નહિ, ગુણ દેવાનું પ્રિય ભાઈ રે. ૧૫
તો પણ શેઠે હઠ લીધો આકરો, મુનિ બોલ્યા તેણી વાર રે,
સાત દિવસનું છે તુજ આયખું, સાંજે કરીશ તું કાળ રે. ૧૬
મહેલની ભલામણ જગજગની દીયો, તારું ભાતુંન થાવે રે,
તેહ થકી મને હસવું આવીયું, એ કારણ પરભાવે રે. ૧૭
શેઠે પૂછ્યું વળી મુનિવર ભણી, શે રોગે મુજ કાળ રે,
મુનિ કહે શૂળ થશે કપાળમાં, આકરો રોગ પ્રકાર રે. ૧૮
જીવ આવ્યો તિમ જાશે એકલો, પર ભવ નહિ સથવારો રે,
પુત્ર માતા પરિગ્રહ અસાર છે, કલત્રાદિક પરિવારો રે. ૧૯
વનમાં એક વડ વૃક્ષ મોટો હતો, બહોળી શાખા જેહની રે,
પંખી આશરો ત્યાં લેતાં ઘણાં, શીતળ છાયા તેહની રે. ૨૦
દવ લાગ્યો માંડ્યા ઊડવા, રહે એકીલો તરુ સાર રે,
તેમ જીવ પરભવ જાતાં એકલો, પાપ છે દુઃખ દેનાર રે. ૨૧
જેમ કોઈ શહેરે રાજકુંવર હતો, એકણ ગયો પરદેશે રે,
ભાતું ન લીધું રે મુંઝાયો ઘણો, તિમ પરભવ દુઃખ સહેશે રે. ૨૨
જેમ કોઈ મેમાન જ ઘરે આવીયું, તેને જાતાં શી વારો રે?
તિમ ઊઠી ઓચિંતુ ચાલવું, જુએ ન નક્ષત્ર તિથિ વારો રે. ૨૩
ઘરનાં કામ તો સર્વ અધવચ રહ્યાં, કોઈ ન લે દુઃખ વહેંચાય રે.
તું ભલામણ દેતો હતો મહેલની, પણ પરભવ શું થાય રે? ૨૪
વાલેશ્વર વિના એક જ ઘડી, નવિ સોહાતું લગારો રે,
તે વિના જનમારો વહી ગયો, નહિ કાગળ સમાચારો રે. ૨૫
તેણે કારણ શેઠજી ડરો પાપથી, અંતર કરીને વિચારો રે,
સુધી ધર્મકરણી સમાચારો, તો તરશો એ સંસારો રે. ૨૬
વળી પણ શેઠે પ્રશ્ન જ પૂછીયો, હું મુજ પુત્ર રમાડું રે,
ત્યાંય પણ તુમે હસવું કર્યું, મુજ મન તેથી ભમાડ્યું રે. ૨૭
મુનિ કહે તે તુજ સ્ત્રીનો જાર છે, તે તારે હાથે માર્યો રે,
તે વેર લેવા તુજ કુળ આવીયો, હવે સાંભળ તેનો વિચારો રે. ૨૮
ઝેર દઈ તુજ નારીને મારશે, વરતશે ભૂંડે આચારે રે,
નાણું ખોશે વ્યસની અતિ ઘણો, મૂરખ બહુ અવિચારે રે. ૨૯
મોટો થાશે ને મ્હેલ જ વેચશે, નહિ રહેવા દે કાંય રે,
પેશાબ તું પીતો હતો તેહનો, તેણે મુજ હસવું થાય રે. ૩૦
વળી શેઠે ત્રીજો પ્રશ્ન પૂછીયો, જે બોકડાનો દૃષ્ટાંત રે,
ત્યાં શે કારણે તુમે હસવું કર્યું, તે ભાખો ભગવંત રે. ૩૧
મુનિ કહે કૂડ-કપટ પ્રભાવથી, વળી કૂડા તોલા ને માપ રે,
તે પાપેથી રે તિર્યંચ ઊપજે, જૂઠ માયાને પ્રતાપ રે. ૩૨
એક દિન શેઠ બેઠોતો દુકાનમાં, ત્યાં આવ્યો ચંડાલ રે,
રૂત લેવાને નાણો આપીયો, કેળવે કપટ અપાર રે. ૩૩
કપટ કેળવી રૂત ઓછો કીધો, ખાઈ ગયો દોય સારો રે,
ઘેર જઈ તેણે રૂત જ તોલીયો, થયો કદાગ્રહ અપારો રે. ૩૪
ક્લેશ થયો પણ પાછો નવિ દીયો, દેણું રહી ગયું તામ રે,
મરીને તુજ બાપ જ થયો બોકડો, મારવા લઈ જાય તેણી ઠામ રે. ૩૫

તે લઈ જાતાં દુકાને જ આવીયો, તુજ બાપ જ તેણી વારો રે,
જાતિસ્મરણ દેખી ઊપજ્યું, પેઠો દુકાન મોઝારો રે. ૩૬
લોભના વશથી રે તું ન લઈ શક્યો, મેષ ઊતરતાં તિવારો રે,
આંસુ ચોધારાં રે તેને પડ્યા, આવ્યો ક્રોધ અપારો રે. ૩૭
તવ તે શેઠ જ પાધરો ઊઠીયો, જ્યાં ચાંડાલ ત્યાં આય રે,
કહે મુજને તું દેને બોકડો, તે કહે રહ્યો આ રંધાય રે. ૩૮
દેવા માંડ્યો ત્યારે નવિ લીધો, તેને મેં મારી નાંખ્યો રે,
ભાંગે પગલે તે પાછો વળ્યો, પુછે મુનિને તે દાખો રે. ૩૯
મુજ તાત પ્રભુ કઈ ગતિ સંચર્યો, તવ મુનિવર કહે તામ રે,
રૂદ્રધ્યાન આવ્યો તુજ ઉપરે, તેણે પેલી નરકે ઠામ રે. ૪૦
નરકે ગયો તે દુઃખ બહુ અનુભવે, કપટતણે પ્રભાવે રે.
એમ સુણી રે નાગદત્ત ધ્રુજીયો, મનમાં તે પસ્તાવે રે. ૪૧
તવ તે મુનિવરને કહે શેઠીયો, સાત દિવસ મુજ આય રે,
હવે હું ધર્મ જ શી રીતે કરું? મુનિ કહે મત પસ્તાય રે. ૪૨
એક દિવસનું ચારિત્ર્ય સુખ દીયે, લહે સુર-સંપદ સાર રે,
જેવાં ભાવ તેવા ફળ નીપજે, નહિ કર ચિંતા લગાર રે. ૪૩
એમ સુણીને નાગદત્ત શેઠજી, લેવે ચારિત્ર સાર રે,
એહ પરિગ્રહ સઘળો અસાર છે, મુક્તાં ન કરી વાર રે. ૪૪
ચાર દિવસ તેણે ચારિત્ર પાલીયું, ત્રણ દિન કર્યો સંથારો રે,
સાતમે દિવસે કપાલમાં શૂલ થયું, કરે આરાધના સારો રે. ૪૫
શરણાં લેતાં કરી પૂરું આયખું, રહી શુભ ધ્યાન મઝારો રે,
સુધર્મા દેવલોકે ઉપજયો, સુખ વિલાસે શ્રીકારો રે. ૪૬
એમ જાણીને ધર્મ જ આદરો, તો સુખ પામો અપારો રે,
જ્ઞાનવિમલસૂરિ ગુરુ એમ કહે, ધર્મે જય જયકારો રે. ૪૭

* **

'નાગદત્ત શેઠની સજ્ઝાય'ના કવિનું નામ છે જ્ઞાનવિમલસૂરિ. કવિનું દીક્ષાનામ નયવિમલગણિ. કવિનો જન્મ ઈ. સ. ૧૬૩૮માં થયો હતો અને તેમનું દેહાવસાન ઈ. સ. ૧૭૨૬, આસો વદ ૪, ગુરુવારના રોજ થયું હતું. કવિ તપગચ્છની વિમલશાખાના જૈન સાધુ હતા. આ જૈન સાધુ કવિએ કાવ્ય, તર્ક, ન્યાય અને યોગ જેવા શાસ્ત્રોમાં પ્રાવિણ્ય મેળવ્યું હતું, શીઘ્રકવિત્વ તેમની વિશેષતા હતી. સંસ્કૃત ભાષામાં એમણે શીઘ્રકવિતા રચી હતી તેથી પ્રભાવિત થઈને વિજયપ્રભસૂરિએ તેમને જ્ઞાનવિમલસૂરિ તરીકે સંબોધ્યા હતા.

આ કવિએ ગુજરાતી ભાષામાં વિપુલ પ્રમાણમાં કૃતિઓ રચી છે. તેમની કૃતિઓ કથાત્મક, તત્ત્વવિચારાત્મક, બોધાત્મક, સ્તુત્યાત્મક એમ બધા પ્રકારની છે. આ રચનાઓમાં કવિના પાંડિત્ય ઉપરાંત છંદ, અલંકાર વગેરેની કુશળતાનો પરિચય થાય છે. આ જૈન સાધુ કવિની કથાત્મક સજ્ઝાયો ૧૦૦ ઉપરાંત મળે છે. અહીં વાત કરીએ ૪૭ કડીની 'નાગદત્ત શઠની સજ્ઝાય' વિશે. સજ્ઝાયમાં લાઘવથી નાગદત્ત નામના શેઠની એક દિવસની જીવનચર્યા કવિએ રજૂ કરી છે. જેમાં ક્રમશઃ વિવિધ પ્રસંગો રજૂ કર્યા છે. કવિએ નાટ્યાત્મક રીતે રજૂઆત કરેલ છે. જુઓ બધી ઘટનાઓ આપણી સમક્ષ સાક્ષાત થાય છે. ઉજ્જયની નામની નગરીમાં ખૂબ ધનવાન નાગદત્ત શેઠ રહે છે. તેની યશોમતિ નામની પત્ની છે. તેને એક પુત્ર છે. ખૂબ સંપત્તિ હોવાથી શેઠે એક મહેલ બનાવ્યો છે જેને બનતા બાર વર્ષ થયા છે. આ મહેલને સુંદર રંગ કરાવવા માટે શેઠ ચિતારાઓને બોલાવે છે અને કહે છે 'વાદળીયા રંગ પૂરજો વળી, કોઈ દિન તે નવિ જાય રે' પ્રસ્તુત પ્રસંગ દરમિયાન એક ત્રિકાળજ્ઞાની મુનિ ત્યાંથી પસાર થાય છે તેઓ આ વાત સાંભળે છે ને તેમને હસવું આવે છે. શેઠ મનમાં વિચારે છે આ મુનિનું આ પ્રકારનું આચરણ યોગ્ય નથી. હું મારા મહેલ માટે ભલામણ કરું એમાં એમનું શું જાય? નવરાશના સમયે એમને આ વિશે પૂછીશ. આ પછી બીજો પ્રસંગ બને છે. શેઠ જમવા માટે ઘરે આવે છે. જમતાં જમતાં પોતાના પુત્રને રમાડે છે ત્યારે પુત્રને પેશાબ થાય છે. એના પેશાબના છાંટા એની જમવાની થાળીમાં પડે છે પણ શેઠ એ ગણકાર્યા વિના ખાવાનું ખાઈ લે છે. આ સમયે વળી પાછા મુનિ મહારાજ ગોચરી લેવા આવ્યા ને તેમણે નાગદત્ત શેઠને દીકરાના પેશાબવાળું જમવાનું ખાતા જોયા એટલે એમને હસવું આવ્યું, એ નાગદત્ત શેઠે જોયું ને વિચારમાં પડી ગયા. એમને શંકા ગઈ કે મુનિ મહારાજ કેમ હસ્યા? જમીને શેઠ પોતાની દુકાને આવે છે. દુકાન પાસેથી એક કસાઈ એક બોકડાને લઈને પસાર થાય છે. બોકડો શેઠની દુકાનમાં ચઢી જાય છે. કસાઈ કહે છે મને આ બોકડાના પૈસા આપ ને તું એને રાખ. શેઠ પૈસા આપવાની ના પાડે છે. બોકડો જાતે તે દુકાનમાંથી નીચે ઊતરી જાય છે. દુકાનમાંથી ઊતરતા બોકડાની આંખમાંથી આંસુ પડે છે. આ પ્રસંગ દરમિયાન પણ મુનિ મહારાજ ત્યાંથી પસાર થાય છે. એ બોકડાની આંખમાં આંસુ જોઈને હસે છે. શેઠ મુનિને હસતા જુવે છે ને વિચારે છે કે આ મુનિ ત્રીજીવાર કેમ હસે છે? દુકાનેથી ઘરે આવી જમીને શેઠ પૌષધશાળામાં જઈને મુનિને મળે છે. મુનિને પૂછે છે કે તમે ત્રણવાર હાસ્ય કેમ કર્યું? શેઠ કહે છે જ્યારે હું ચિતારાને રંગની ભલામણ કરતો હતો ત્યારે તમે હસ્યા એનું કારણ મને કહો. મુનિએ જરા આનાકાની કરી પણ શેઠે જાણવાનો આગ્રહ રાખ્યો. મુનિએ કહ્યું, 'સાત દિવસનું છે તુજ આયખું, સાંજે કરીશ તું કાળ રે' તારું મૃત્યુ નજીક છે અને તું ચિતારાને 'કોઈ દિન તે નવિ જાય રે' એવા રંગ કરવાનું કહેતો હતો એટલે મને હસવું આવ્યું. મુનિ કહે છે જો ભાઈ તને માથામાં શૂળ ઉપડશે અને તારું મૃત્યુ થશે. તું એકલો આવ્યો છે ને એકલો જઈશ. પુત્ર, માતા, સંપત્તિ અસાર છે. મુનિ મહારાજ એક મોટા વડના વૃક્ષનું, રાજકુમારનું અને મહેમાનનું દૃષ્ટાંત આપી આ જીવની અનિશ્ચિતતા અને એના એકલા હોવાપણાના સત્યની વાત સમજાવે છે. મુનિ કહે છે 'તું ભલામણ દેતો હતો મહેલની પણ પરભવ શું થાય રે?' માટે શેઠ પાપથી

ડરો તો સંસાર તરશો.

શેઠે મુનિને બીજો પ્રશ્ન કર્યો હું પુત્રને રમાડતો હતો ત્યારે તમને શા માટે હસવું આવ્યું? મુનિએ કહ્યું તારો પુત્ર ગત જન્મનો તારી પત્નીનો પ્રેમી છે જેને તેં ગયા જન્મે મારી નાખ્યો હતો. તે તારા કુળનું વેર લેવા આવ્યો છે. એ તારી પત્નીને ઝેર આપીને મારી નાખશે. તારી સંપત્તિનો પણ નાશ કરશે. એના પેશાબવાળું તું જમતો હતો તેથી મને હસવું આવ્યું.

મુનિ શેઠને કહે છે, જો ભાઈ મનુષ્ય જીવનમાં જે કૂડકપટ કરે છે એ બીજા જન્મે તિર્યંચયોનિમાં જન્મે છે. તારા પિતાએ એના ગત જન્મમાં એક ચાંડાલને એ ઘી લેવા આવ્યો ત્યારે માપમાં ઘાલમેલ કરી ઘી ઓછું આપ્યું હતું. ઘેર જઈને એણે તોલ્યું તો ઘી ઓછું હતું. એને ખૂબ દુઃખ થયું. બીજા જન્મમાં તારો બાપ બોકડો થયો અને ચાંડાલ કસાઈ થયો. તારા બાપનું દેણું રહી ગયું હતું તે પૂરું કરવા ચાંડાલમાંથી બીજા જન્મે કસાઈ બનેલો તે તારા બાપને વધસ્થાને મારવા લઈ જતો હતો. તારા બાપને દુકાન પાસે આવતા જાતિ સ્મરણ થયું. તેને થયું દુકાન મારી છે. મારો છોકરો આ કસાઈને પૈસા આપી દે તો વધ થતો બચી જાય. પણ તેં પૈસા આપવાની ના પાડી એટલે બોકડાને 'આંસુ ચોધાર તેને પડ્યા, આવ્યો ક્રોધ અપારો રે.'

મુનિએ કહ્યું આ દૃષ્ય મેં જોયું એટલે મને હસવું આવ્યું. નાગદત્ત શેઠ મુનિની વાત સાંભળી કસાઈની પાછળ બોકડાને છોડાવવા માટે દોડ્યો. કસાઈએ કહ્યું, 'દેવા માંડ્યો ત્યારે નવિ લીધો, તેને મેં મારી નાંખ્યો રે?' શેઠ દુઃખી થઈને મુનિ પાસે પાછા ફર્યા. મુનિને પૂછ્યું, મારા પિતા કઈ ગતિમાં ગયા? ત્યારે મુનિએ કહ્યું 'નરકે ગયો તે દુઃખ બહુ અનુભવે, કપટતણે પ્રભાવે રે'. નાગદત્ત શેઠ ઘણાં દુઃખી થયાં. મુનિને પૂછ્યુંઃ 'હવે હું ધર્મ જ શી રીતે કરું? મુનિ શેઠને કહે છે તારું મૃત્યુ નજીક છે પણ 'જેવા ભાવ તેવા ફળ નીપજે, નહિ કર ચિંતા લગાર રે.' નાગદત્ત શેઠે પરિગ્રહ વ્રત લીધું. 'મુકતા ન કરી વાર રે' બધી જ વસ્તુઓનો ક્ષણમાત્રમાં ત્યાગ કરી દીધો. પ્રભુની શરણાગત લીધી. શેઠને મુનિના કહેવા પ્રમાણે સાતમા દિવસે માથામાં શૂળ ઉપડ્યું ને તેમનું આયખું પૂર્ણ થયું. સુધર્મ નામના દેવલોકમાં શેઠ ગયા. અંતે કવિ જ્ઞાનવિમલસૂરિ કહે છે 'એમ જાણીને ધર્મ જ આદરો, તો સુખ પામો અપારો રે.

જોઈ શકાશે કે આ રચનામાં કવિએ કલાત્મક પ્રયુક્તિનો ઉપયોગ કરીને ચારિત્ર્ય, શીલ, ધર્મ, સત્, પ્રામાણિકતા જેવા મૂલ્યોની વાત કરી છે. વાર્તારસ અને આનંદ સાથે બોધનું સંયોજન કલાત્મક રીતે કરતી કવિની આ રચના ઉત્તમ કથાત્મક સજ્ઝાય છે. ✷ ✷ ✷

મોબાઈલઃ ૯૮૨૪૩૩૯૧૭૬.

# મોરારજીભાઈ દેસાઈના આધ્યાત્મિક વિચારો

☐ ડૉ. મહેબૂબ દેસાઈ

મોરારજીભાઈ એક રાજકારણીય ઉપરાંત એક ઉત્તમ અધ્યાત્મિક વિચારક પણ હતા. ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં આવતા ત્યારે નિયમિત સાંજે પ્રાર્થના સભામાં આધ્યાત્મિક પ્રવચનો આપતા. એ પ્રવચનો 'સંતોની જીવન દૃષ્ટિ', 'શ્રી રામચરિતમાનસ', 'ગીતા દર્શન', 'શ્રીકૃષ્ણજીવનસાર', 'ગીતાઃ એક અનુશીલન' અને 'સર્વધર્મસાર' નામક પુસ્તક રૂપે પ્રસિદ્ધ થયા છે. ૨૮ ફેબ્રુઆરી ૧૮૯૬ના રોજ જન્મેલ અને ૧૦ એપ્રિલ ૧૯૯૫ના રોજ નિર્વાણ પામેલ મોરારજીભાઇની ૨૨મી પુણ્યતિથિ નિમિત્તે તેમના આધ્યાત્મિક વિચારો વિષે આજે થોડી વાત કરવી છે.

સૌપ્રથમ તો મોરારજીભાઈની ધર્મની પરિભાષા જાણવા જેવી છે. તેઓ કહે છે, 'ભર્તૃહરિએ ધર્મના મહત્ત્વ વિષે સુંદર વાત કરી છે. પ્રાણીમાત્ર, સર્વજીવો ખાવામાં, સુવાબેસવામાં, પ્રજોત્પત્તિમાં એક સરખી રીતે વર્તે છે. છતાં માનવીને શ્રેષ્ઠ શા માટે ગણવામાં આવ્યો છે? કારણ કે માનવીમાં ધર્મની વિશેષતા રહેલી છે. જે બીજા પ્રાણીઓમાં નથી. જે ધર્મ બુદ્ધિ માનવીમાં રહેલી છે તે પ્રાણીમાં નથી. માનવીમાં સદ્‌વિવેક રહેલો છે. સારું શું, ખરાબ શું, સાચું શું, ખોટું શું એવો ભેદ કરવાની વિવેકશક્તિ માનવીમાં છે, એટલે કે માનવીમાં ધર્મશક્તિ છે. એટલે જ કહ્યું છે કે માનવીને માનવી બનાવે તે સાચો ધર્મ.'

'ધર્મ શબ્દ દરેક ભાષામાં જુદો જુદો અર્થ અને ઉચ્ચાર ધરાવે છે. હિંદુ ધર્મમાં ધર્મ શબ્દ સંસ્કૃત ભાષામાંથી ઉતરી આવ્યાનું મનાય છે. 'ધૃઃ ધરું પરથી આવેલા ધર્મ શબ્દનો અર્થ થાય છે 'પકડી રાખવું.' જ્યારે ઈસ્લામમાં ધર્મ શબ્દ માટે 'મઝહબ' શબ્દ વપરાયો છે. તેનો અર્થ થાય છે 'માર્ગસૂચક' – જે સત્યનો માર્ગ ચીંધે તે મઝહબ.

ઈસ્લામ ધર્મ સાથેના તેમના પરિચય અંગે મોરારજીભાઈ લખે છેઃ 'સેમેટિક ધર્મોના બે મુખ્ય ધર્મો–યહૂદી અને ખ્રિસ્તી ધર્મ. ત્રીજો ધર્મ ઈસ્લામ. આ ઇસ્લામ ધર્મનો મને નિકટનો પરિચય જેલમાં થયો. જેલમાં હું કુરાને શરીફ વાંચી શક્યો. એ વાંચતા મને કુરાન અને ગીતા વચ્ચે જે સામ્યતા છે તેની પ્રતીતિ થઈ. એ પછી મેં હઝરત મહંમદ પયગમ્બર સાહેબના જીવન વિષે વાંચ્યું અને ત્યારે મને સમજાયું કે એમનું જીવન કેવું સરળ, સુંદર અને ઉદાર હતું. તેઓ કેવા અહિંસક હતા. આ પહેલાં તેમની અહિંસા વિષે મને ખાસ

સમજાયું ન હતું, જે આ વખતે સમજ્યો. આપણે આ કે તે કેટલીક રૂઢ માન્યતાઓને લઈને ચાલતા હોઈએ એવું અવાનરવાર બને છે. અને તેને કારણે ઝગડાઓ થાય છે. જો આપણે બરાબર એ માન્યતાના મૂળમાં ઊંડા ઉતરીને તપાસ કરીએ તો નિરર્થક ઝગડાઓ રહે નહિ.'

મહંમદ સાહેબના જીવન કાર્યનું આલેખન કરતા મોરારજીભાઈ કહે છે: 'મહંમદ સાહેબે ધર્મ દ્વારા મોટું સુધારણા કાર્ય અરબસ્તાનમાં કર્યું. જે પ્રજા અનેક જંગલી રૂઢિઓ વચ્ચે જીવતી હતી. તેને તેમણે ઘટિત ધર્મોપદેશ દ્વારા માનવધર્મની દીક્ષા આપી. તેમણે સૌને પ્રેમભાવથી વર્તતા શીખવાડ્યું છે. કોઈના પર વેર નહીં રાખવું જોઈએ. દયા ક્ષમા એ જ માણસનું ભૂષણ છે. સહુએ અલ્લાહને શરણે જવું જોઈએ અને સર્વસમર્પણ કરવું જોઈએ. કોઈની પાસે કંઈ નહિ માગવું જોઇએ. નમાઝ પણ પૂરા સમર્પણ ભાવથી પઢવી જોઈએ.'

જેલ જીવન દરમિયાન મોરારજીભાઈની આધ્યાત્મિકતા વધુ સબળ બની હતી. આ અંગે તેઓ લખે છે, 'જેલવાસ દરમિયાન મેં સંકલ્પ કર્યો કે ગીતા મોઢે કરવી. અઠવાડિયાના સામાન્ય દિવસે ૧૨ કલાક ખોલીમાં બંધ રહેવાનું હતું અને રવિવારે ૧૭ કલાક અંદર રહેવાનું થાય. એટલે કે એકાંતનો સમય સારો સરખો મળતો. તેનો લાભ લઈને ગીતા મોઢે કરવાનું શરૂ કર્યું. રોજ દોઢ બે કલાકમાં એક અધ્યાય પાઠ કરી લેતો. એ રીતે અઢાર દિવસમાં અઢાર પાઠ મોઢે કરી લીધા.'

ભગવદ્ ગીતા વિશેનો મોરારજીભાઈ કહે છે, 'ગીતા આ દેશમાં આપણને મળી છે. ગીતા જેવું પુસ્તક દુનિયાભરમાં થયું નથી. આજે હિંદુસ્તાનમાં જે ધર્મ અને સંસ્કૃતિ છે તેનો બધો નિચોડ ગીતામાં આવેલો છે. અને એ બધા માણસોને માટે, બધા કાળને માટે સનાતન છે. મને પોતાને તો એનાથી દરેક વખતે શંકાનું સમાધાન થયું છે, અને શાંતિ અને નિર્ભયતા મળી છે.' અને એટલે જ મોરારજી કહે છે, 'બધા જ ધર્મો છેવટે તો માનવી આધ્યાત્મિક શાંતિ મેળવી શકે માટે છે.'

ધર્મને નામે થતાં ઝગડાઓ અંગે મોરારજીભાઈ લખે છે, 'ધર્મના નામે લડાઈઓ થાય છે. તે ધર્મ નથી, પણ એ અધર્મ છે. ધર્મ લડાઈ કરાવે જ નહિ. ધર્મ તો માનવીને માનવી બનાવે છે. માનવીને સેવા કરવાનું શીખવે છે, નહીં કે લડાવાનું. પણ દરેક જગ્યાએ દૂષણ પેસે છે તેમ ધર્મમાં પણ પેસે છે.'

ગીતા અને કુરાન શરીફ અંગે તેઓ કહે છે, 'ગીતા જીવન રહસ્ય વ્યક્ત કરે છે. જ્યારે કુરાને શરીફ જીવન કળા વ્યક્ત કરે છે.'

૧૯૭૩માં ગુજરાત વિદ્યાપીઠમાં ભગવદ્ ગીતા ઉપર આપેલા તેમના વ્યાખ્યાનો 'ગીતા: એક અનુશીલન' નામે પ્રસિદ્ધ થયા છે. એ જ રીતે ૧૨ થી ૧૭ ઓક્ટોબર ૧૯૮૧ દરમિયાન તેમણે ભારતના સંતો ઉપર ગુજરાત વિદ્યાપીઠની સાંજની પ્રાર્થના સભામાં આપેલ વ્યાખ્યાનો 'સંતોની જીવન દૃષ્ટિ નામક પુસ્તક રૂપે પ્રસિદ્ધ થયા છે. તેમાં તેમણે મુસ્લિમ સંતો હઝરત રાબીયા, નિઝામુદ્દીન ઓલિયા, ખ્વાજા ગરીબ નવાઝ જેવા મુસ્લિમ સંતો વિષે પણ સુંદર છણાવટ કરી છે.

હઝરત રાબીયા વિષે તેઓ લખે છે: 'હઝરત રાબીયા ખૂબ સાદગીથી રહેતા. કાળી કફની જ પહેરતા, એ પણ બરછટ ઉનની બનેલી. એમની પાસે એક સાદડી હતી. તેના પર મહેમાનોને બેસાડતા. અને પોતે હંમેશાં ભોંય પર જ બેસતા. પણ ખુદા સાથે તેમને નિકટનો નાતો હતો.'

આવા મોરારજીભાઈને સો સો સલામ. ✷ ✷ ✷

*[શ્રી મોરારજી દેસાઈ લોકકેળવણી પ્રતિષ્ઠાન, વલસાડ તરફથી મોરારજી દેસાઈની ૧૨૨મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ૧૯ માર્ચના રોજ ડૉ. મોઘાભાઈ દેસાઈ મેમોરીયલ હૉલ, વલસાડમાં 'મોરારજી દેસાઈ' વિષયક મારું વ્યાખ્યાન મા. ગફુરભાઈ બિલખીયાની અધ્યક્ષતામાં યોજાયું હતું. એ સંદર્ભે મોરારજીભાઈ અંગે થોડો વધુ અભ્યાસ કરવાની તક સાંપડી.]*

અમદાવાદ, મોબાઈલ : ૦૯૮૨૫૧૧૪૯૪૮.

**'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ સીધું બૅંક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે–**

Bank of India, Current A/c No. 003920100020260, Prarthana Samaj Branch, Mumbai - 400 004.

**Account Name : Shri Mumbai Jain Yuvak Sangh**

IFSC BKID 0000039

પેમેન્ટ કરીને નામ અને સરનામું આ ફોર્મમાં ભરીને મોકલવું અથવા મેલ પણ કરી શકાય છે.

'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક / ત્રિવર્ષિય / પાંચવર્ષિય / દસ વર્ષિય લવાજમ ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ............ દ્વારા આ સાથે મોકલું છું / તા. ............. ના રોજ 'પ્રબુદ્ધ જીવન' માટે ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે અંક મોકલશો.

વાચકનું નામ..............................................

સરનામું..............................................

..............................................

પીન કોડ............... ફોન નં...............................

મોબાઈલ નં. ................. Email ID............................

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦**

ઑફિસ: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટેલિફોન: ૦૨૨ ૨૩૮૨૦૨૯૬. Email ID : shrimjys@gmail.com

# શ્રીમત્ ભાગવતમાં અપાયેલી કલિયુગના જીવોએ કરવાની ભગવત્-સ્તુતિ

☐ ડૉ. રક્ષાબેન પ્ર. દવે

*[ કૉલેજના નિવૃત્ત પ્રાધ્યાપિકા, સારા વક્તા અને લેખક, કવયિત્રી, બાલસાહિત્યકાર તરીકે આજે ૭૦ વર્ષની વયે પણ પ્રવૃત્ત છે. ૭૧ જેટલાં પુસ્તકો લખ્યાં છે. ભાવનગર જિલ્લા જેલમાં જઈને ૧૫ દિવસ સુધી ગીતા પ્રવચનો આપ્યાં હતાં. ]*

શ્રીમત્ ભાગવતના એકાદશમા સ્કંધમાં એક એવો પ્રસંગ આવે છે કે એક દિવસ નારદજી વસુદેવને ઘરે પધાર્યા ત્યારે વસુદેવજીએ તેમની પૂજા કરીને પૂછ્યું કે પહેલા જન્મમાં મેં મુક્તિદાતા ભગવાનની આરાધના તો કરી'તી, પણ મુક્તિ મળે એટલા માટે નહોતી કરી. મારી આરાધનાનો ઉદ્દેશ ભગવાન મને પુત્ર તરીકે પ્રાપ્ત થાય, એ હતો. હવે આપ મને આ જન્મમૃત્યુ રૂપ ભયાવહ સંસારથી મુક્ત થવાનો ઉપદેશ આપો.

નારદજીએ કહ્યું કે તમારા આ પ્રશ્નના સંબંધમાં સંતપુરુષો એક પ્રાચીન ઇતિહાસ કહે છે તેમાં ઋષભદેવના નવ યોગીશ્વર પુત્રો અને મહાત્મા વિદેહનો સંવાદ છે. આ નવ યોગીશ્વરો હતા કવિ, હરિ, અન્તરિક્ષ, પ્રબુદ્ધ, વિપ્પલાયન, આવિહેત્રિ, દ્રુમિલ, ચમસ અને કરભાજન.

તેમાંથી કરભાજન અને મહાત્મા વિદેહ નિમિનો સંવાદ કહેવાનો અત્રે ઉપક્રમ છે. રાજા નિમિએ પૂછેલું કે ભગવાન ક્યારે કેવા રંગનો કેવો આકાર સ્વીકાર કરે છે અને મનુષ્ય ત્યારે ક્યાં નામો અને વિધાનોથી એમની ઉપાસના કરે છે? કરભાનજીએ સત્ય, ત્રેતા, દ્વાપર, કલિ ચારેય યુગની વાત કરી છે તેમાંથી કલિયુગના મનુષ્યો કઈ સ્તુતિ કરે છે તે અત્રે પ્રસ્તુત છે.

માત્ર બે જ શ્લોક છે. વસંતતિલકા છંદ છે. તેનું બંધારણ છે 'તારાજ ભાનસ જભાન જભાન ગાગા' (ત ભ જ જ ગા ગા) અને એમાંય બન્ને શ્લોકોનું ચોથું ચોથું ચરણ તો એક જ છે કે – 'वंदे महापुरुष ते चरणारविंदम्।'

(હે મહાપુરુષ! આપનાં ચરણારવિંદને હું વંદન કરું છું.) એ ચરણારવિંદ કેવા છે? બન્ને શ્લોકોમાં એ ચરણારવિંદનાં ઘણાં વિશેષણો આપેલાં છે. એ વિશેષણોનો અર્થ સમજવાથી દુ:ખાલય સમા આ સંસારમાં આશ્વસ્ત બની શકાય છે. તો એ દ્વિશ્લોકી સ્તુતિ આ પ્રમાણે છે:-

ध्येयं सदा परिभवदनमभीवृदोहम्
तीर्थास्पदं शिवविरंचिनुतं शरण्यम्।
भृत्यार्तिहं प्रणतपाल भवाब्धिपोतम्
वंदे महापुरुष! ते चरणारविंदम्।। भा. ११-१५-३३।।
त्यकत्वा सुदुस्त्यान-सुरेप्सितराज्यलक्ष्मीम्
धर्मिष्ठ आर्यवचसा यदगादरण्यम्।
मायामृगं दयितयेप्सितमन्वधावद्
वन्दे महापुरुष ते चरणारविन्दम्।। ११-५-३४।।

'હે પ્રભો! આપનાં ચરણારવિંદ સદા ધ્યાન કરવા યોગ્ય છે; સાંસારિક પરાજયોનો અંત કરનાર છે; અભીષ્ટ વસ્તુઓનું દાન કરનાર છે; તીર્થોને પણ તીર્થ બનાવનાર સ્વયં પરમ તીર્થસ્વરૂપ છે; શિવ-બ્રહ્મા આદિ મોટા મોટા દેવતાઓ એ ચરણોને નમસ્કાર કરે છે; અને જે કોઈ શરણે આવે તેને સ્વીકારી લે છે; સેવકોની વિપત્તિ અને આર્ભિને હરી લેનાર છે; પ્રણતજનોને પાળનાર છે; સંસાર-સાગરની પાર જવા માટે જહાજ સમાન છે; એવાં આપનાં ચરણારવિન્દોની હે મહાપુરુષ! હું વંદના કરું છું.' (૩૩)

'હે પ્રભો! રામાવતારમાં પોતાના પિતા દશરથજીનાં વચનોથી દેવતાઓ માટે પણ વાંછનીય અને જેનો ત્યાગ કરવાનું કઠિન લાગે એવી રાજ્યલક્ષ્મીને છોડીને ધર્મનિષ્ઠ એવાં આપનાં ચરણારવિંદ વન-વન ઘૂમતાં ફર્યાં. પ્રિયતમા સીતાજીના ઇચ્છવાથી આપના ચરણકમલ માયામૃગની પાછળ દોડ્યાં તે આપનાં ચરણારવિન્દની હું વંદના કરું છું.' (૩૪)

હવે આપણે આ એક એક વિશેષણને ઊંડાણથી સમજવા પ્રયત્ન કરીએ.

ભગવાનને 'મહાપુરુષ' તરીકે સંબોધવામાં આવ્યા છે. સાતમા યોગીશ્વર દ્રુમિલજીને નિમિએ ભગવાનની અવતાર-લીલા પૂછેલી ત્યારે દ્રુમિલજીએ કહેલું કે 'ભગવાને જ પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ, આકાશ એ પંચ મહાભૂતોની પોતાના દ્વારા પોતાનામાં સૃષ્ટિ કરીને જ્યારે તેઓ તેમાં લીલા દ્વારા અંતર્યામી રૂપે પ્રવેશ્યા ત્યારે તેઓ 'પુરુષ' કહેવાયા. આ તેમનો પ્રથમ અવતાર.'

पुरि शेते इति पुरुषः(દેહ રૂપી નગરીમાં જે સૂએ છે તે દેહી પુરુષ કહેવાયો.) આ પુરુષ એટલે 'નર, માદાથી વિરુદ્ધ જાતિનો' એવો અર્થ અહીં લેવાનો નથી. કઠોપનિષદનું ભાષ્ય કરતી વખતે આદ્ય શંકરાચાર્યે કહ્યું છે કે 'पुरुषं पुरि शयनात्।' (શરીર રૂપી પુરમાં શયન કરવાથી તે પુરુષ કહેવાય છે.) મુંડકોપનિષદમાં તેમણે કહ્યું છે કે, 'पुरुषः पूर्णःपुरिशयो वा।' (જે પૂર્ણ છે તે પુરુષ અથવા પુરમાં શયન કરે તે પુરુષ.)

મહાત્મા કબીરે આ પુરુષને સાંઈ નામ આપ્યું છે:

'घट घट में वोही सांई रमता।'

નર અને નારી બંનેમાં આ પુરુષ બેઠો છે. કીડીમાં પણ આ જ પુરુષ બેઠો છે, કુંજરમાં પણ આ જ પુરુષ બેઠો છે.

सर्वस्य चाहं हृदि सन्निविष्टोः ।। ભ. ગી. ૧૫-૧૫।।

(હું સહુના હૃદયમાં પ્રવેશીને રહું છું.)

આ શરીરમાં તો જીવ રહે છે. તો જીવ એટલે આ પુરુષ? ના, આ પુરુષ તો જીવ અને શરીર બન્નેનો દૃષ્ટા છે. તેનું નામ આત્મા છે. ગીતાના પંદરમા અધ્યાયમાં ભગવાને ત્રણ પુરુષો ગણાવ્યા છે. તેમાંનો જે ત્રીજો પરમાત્મા નામે છે, તે પુરુષ. તે બીજા બન્ને પુરુષથી ઉત્તમ છે. તેથી તેનું નામ 'મહાપુરુષ' છે. એ બીજા પુરુષો ક્યા?

द्वाविमौ पुरुषौ लोके क्षर श्चाक्षर एवं च।

क्षर: सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ।। ભ. ગી. ૧૫-૧૬।।

(આ શ્લોકમાં ક્ષર એટલે નાશવંત અને અક્ષર એટલે અવિનાશી એવા બે પુરુષો છે. સર્વ ભૂતો નાશવન્ત પુરુષ છે અને તેનામાં રહેલો કૂટસ્થ (જીવાત્મા) પુરુષ તે અક્ષર પુરુષ છે.)

उत्तम: पुरुषस्त्वन्य: परमात्मेत्युदाहृत:।

यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वर: ।। ભ. ગી. ૧૫-૧૭।।

(પરંતુ આ ક્ષર–અક્ષરથી પણ ઉત્તમ એવો પુરુષ તો બીજો જ છે. તે પરમાત્મા કહેવાય છે. તે ઇશ્વર ત્રણે લોકમાં પ્રવેશ કરીને સર્વનું ધારણ પોષણ કરે છે.)

यस्मात्क्षरमतीतोऽहम्, अक्षरादपिचोत्तम:।

अतोऽस्मि लोके वेदे च प्रयित: पुरुषोत्तम: ।। ભ. ગી. ૧૫-૧૮।।

(તો હું ક્ષરથી પણ પર છું અને અક્ષરથી પણ પર છું. ઉત્તમ છું તેથી લોકોમાં અને વેદોમાં હું 'પુરુષોત્તમ' નામથી પ્રસિદ્ધ છું.)

તો આ પુરુષોત્તમ એટલે 'મહાપુરુષ'. એ મહાપુરુષનાં ચરણોની અહીં વંદના કરવામાં આવી છે. આમ તો એ બધામાં રહેલો છે તેથી

आकाररूपगुणयोगविवर्जितोऽपि

भक्त्यानुकम्पननिमित्तगृहीतमूर्ति: (પરમહંસસ્વામી બ્રહ્માનંદ)

તે આકાર, રૂપ, ગુણ, યોગ વગરનો છે. છતાં તે ભક્તો ઉપર અનુકંપા કરવા માટે મૂર્તિ ધારણ કરે છે. તો એવા મૂર્ત મહાપુરુષનાં ચરણોની અહીં વંદના કરવામાં આવી છે.

તે ચરણો ધ્યાન કરવા યોગ્ય છે. જગતમાં બીજું કશુંય અને બીજું કોઈ ધ્યાન કરવા લાયક નથી. કારણ કે તે બધું બદલાતું રહે છે. આજે ભાઈ ભાઈને બહુ બનતું હોય. કાલે કટ્ટર દુશ્મન થઈ જાય. જે સ્થિર નથી તે વિશ્વસનીય નથી. જે વિશ્વસનીય ન હોય તેનું ધ્યાન ધરાય કે? ભગવાનનાં ચરણો તો સદા સર્વદા ધ્યાન કરવા લાયક છે કારણ કે તે અચ્યુત છે.

પરિભવ (પરાજય)નો નાશ કરનાર છે. માયામોહને કારણે સંસારમાં પરાજયોનો અનુભવ થાય છે. આપણે જેને બહુ ચાહીએ છીએ તેની પાસેથી આપણાં પ્રેમનો પડઘો ન પડે તો આપણને દુ:ખ થાય. આપણે હેત કર્યું અને એ વ્યક્તિ આપણું ખાઈ પીને આપણું ખોદે છે તો આપણી કેવડી મોટી હાર થઈ?! પણ ભગવાન આપણને તે દુ:ખથી પર બનાવે છે. સ્વામી શ્રી રામસુખદાસજી કહેતા કે-

'मैं केवल भगवान का ही हूँ।

केवल भगवान ही मेरे अपने है।'

આ પાઠ પાકો થઈ જાય તો માયા મોહ ટળી જાય. પછી સાંસારિક પરાજયો જખ મારે છે.

अभीष्टदाहें, अभि+इष्ट=अभीष्ट. આપણને શું અભીષ્ટ છે? આપણને સુખશાંતિ અભીષ્ટ છે. એ ભગવાન સિવાય બીજે ક્યાંયથી લભ્ય નથી. મેં એક વખત શ્રી પ્રમુખસ્વામીના પ્રવચનમાં એક સરસ વાત સાંભળેલી કે ભગવાન લક્ષ્મીજીની સાથે એક વખત માણસોએ જે કંઈ માગ્યું'તું તે બધી વસ્તુઓના કોથળા ભરી ભરીને આપ્યા અને જાહેર કર્યું કે જેણે જે કંઈ માગ્યું છે તે આવીને લઈ જાય. લોકો આવ્યા. ભગવાને કોથળા ઠલાવ્યા પણ પછી પોતાનો એક ચરણ લંબાવીને કોઈને ખબર ન પડે તેમ એક વસ્તુ પોતાની તરફ ખેંચીને પગ નીચે દબાવી દીધી. લક્ષ્મીજીએ પૂછ્યું, 'એ શું છે?' પ્રભુ કહે, 'એ શાંતિ છે. તે તો એને જ મળશે કે જે મારે ચરણે, શરણે આવશે.'

तीर्थास्पदं: ભગવાન સૌથી મોટું તીર્થ છે. તેને મળવા માટે, તેના દર્શન કરવા માટે, તેમાં સ્નાન કરવા માટે ગાડી ભાડું ય ખરચવાનું નથી. તે સર્વસ્થળે છે. તેને મળવાનો કોઈ મુકર્રર સમય પણ નથી. કારણ કે તે સદાકાળ છે. તીર્થ આપણને પવિત્ર કરે છે તેમ ભગવાનનું નામ પણ આપણને પવિત્ર કરે છે. પુણ્યદંતે ગાયું છે કે-

मम त्वेतां वाणीं गुणकथन-पुण्येन भवन:।

पुनामित्यर्थेऽस्मिन् पुरमथनबुद्धिर्व्यसिता ।।शिवमहिम्न:३।।

(આપના ગુણકથન દ્વારા જન્મતાં પુણ્ય વડે હું મારી વાણીને પવિત્ર કરું એ અર્થે મારી બુદ્ધિ આ સ્તુતિ કરવા તત્પર બની છે.)

शिवविरंचिनतं – આ ચરણોને કોઈ આલિયામાલિયા નહીં, પણ શિવ અને બ્રહ્મા જેવા મોટા દેવતાઓ વંદે છે તેથી એ જરૂર વંદનીય છે.

शरण्यम् – શરણે આવે તેને સ્વીકારી લે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાને કહ્યું છે કે-

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।

साधुरेव स मंतव्य: सम्यक् व्यवसितो हि स: ।। ૯-૩૦ ।।

(કોઈ અત્યંત દુરાચારી થયો હોય પણ પાછળથી અનન્ય ભક્ત થઈ જો મને, ભજે તો તે સાધુ જ સમજવો; કારણ કે તે સારા ઉદ્યોગમાં લાગેલો છે.) રામાવતારમાં પણ ભગવાન વિભીષણને સ્વીકારતી વખતે બોલેલા કે-

सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते।

अभयं सर्वभूतेभ्यो ददामि तद् व्रतं मम् ।।

(એક વખત પણ જો કોઈ મારે ચરણે પડીને હું તમારો છું એમ યાચે તો હું એ સર્વને અભય આપું છું–તે મારું વ્રત છે.)

भृत्यार्तिहन् એટલે પોતાના સેવકોનાં કષ્ટ તે કાપી નાખે છે.

'વહાલે ઉગાર્યો પ્રહ્‌લાદ હિરણ્યાકંસ માર્યો રે.' (ગેમલ) આવાં અનેક દૃષ્ટાંતો છે.

प्रणतपालं – प्रणत એટલે પોતાને ચરણે નમેલા, ને સૌને પ્રભુ

પાળે છે. न मे भक्त: प्रणश्यति । એવી તેમણે ભગવદ્ ગીતામાં પોતાની પ્રતિજ્ઞા જાહેર કરેલી છે. (ભ.ગી. ૯.૩૧)

भवाब्धिपोतं – ભવ દરિયો તરવા માટે ભગવાન સરસ વહાણ છે. મીરાંબાઈએ ગાયું છે કે-

'રામનામનું જહાજ બનાવશું
એમાં બેસીને તરી જાશું
રાણાજી! અમે ગોવિંદના ગુણ ગાશું.'

આ શ્લોક તો કોઈપણ માણસ પોતાના કોઈપણ ઈષ્ટદેવ પ્રતિ ગાઈ શકશે, પણ બીજો શ્લોક તો શ્રીરામની ચરણવંદનાનો છે.

એ ચરણો કેવાં છે? પિતાનાં વચનોથી તે વનમાં ગયાં છે. દેવતાઓને પણ વાંછવું ગમે તેવું, છોડવું કઠિન લાગે તેવું રાજ્ય ઘડીના છઠ્ઠા ભાગમાં છોડીને શ્રીરામ વનમાં ગયા. દશરથે કહ્યું'તું હું નથી કહેતો કે તું વનમાં જા. હું તો એમ કહું છું કે–क्षत्रिये येन केन प्रकारणे રાજ્ય મેળવવું જોઈએ. પણ હું કૈકેયી સાથે વચનોથી બંધાયેલો છું તેથી તું મને કેદ કરીને રાજ્ય કર. લક્ષ્મણ, કૌશલ્યા પણ એ મતનાં હતાં. છતાં શ્રીરામ એવા ધર્મિષ્ઠ હતા કે તેમણે પુત્રધર્મ પાળી બતાવ્યો. અષ્ટ ઋષિમંડળમાં જે જન્મેલા હતા તેમણે તો એમ પણ કહ્યું કે કોઈ કોઈનો બાપ નથી અને કોઈ કોઈનો સદાકાળ પુત્ર નથી. જીવન તો બહુ લાંબું છે, તે મૃત્યુ પછી પણ ચાલુ છે. તેથી કોઈ સદાકાળ પિતા નથી રહેતું. પણ રામે દલીલ કરી કે આજે હું પુત્ર છું તો પુત્રધર્મ પાળીશ જ. ભરતે કહ્યું કે તમારે બદલે હું વનમાં જાઉં. તો રામે કહ્યું કે વચનપાલનમાં પ્રોક્સી ન ચાલે. આવા ધર્મિષ્ઠ રામ. તેમનાં આવાં ધર્મિષ્ઠ ચરણોને હું વંદું છું. વળી તેઓ સીતાની ઈચ્છા સંતોષવા માયામૃગની પાછળ દોડ્યા. સીતાજીની કઈ ઇચ્છા હતી? આપણે ત્યાં લોક કથાકારોએ સીતાજીને અને દ્રૌપદીને બહુ અન્યાય કર્યો છે. દુર્યોધન જ્યારે જલમાં સ્થલને સમજીને લપસી પડ્યો ત્યારે દ્રૌપદી એમ બોલી કે 'આંધળીના આંધળા.' આ વચનમાં મહાભારત યુદ્ધનાં બીજ છે–આ વાત સાવ ખોટી છે. મહાભારતમાં દ્રૌપદી આવું બોલી હોય એવો ઉલ્લેખ છે જ નહીં. એવી રીતે લોકો કહે છે કે સીતાજીએ કહ્યું કે આ સુવર્ણમૃગની મારે કાંચળી સિવડાવીને પહેરવી છે માટે તેનો શિકાર કરી લાવો–આ વાત સાવ ખોટી છે. મધ્યકાલીન કવયિત્રી કૃષ્ણાબાઈએ પણ 'સીતાની કાંચળી' નામક કવિતામાં આવું લખ્યું છે. મૂળ વાલ્મીકિ રામાયણમાં વાંચો તો ખ્યાલ આવશે કે સીતાએ એમ કહ્યું છે કે આ સુવર્ણમૃગને જીવતો લઈ આવો. હવે આપણે એક જ મહિનો અયોધ્યા જવામાં બાકી છે. તેથી આ મૃગ આશ્ચર્યની વસ્તુ બનશે. અયોધ્યામાં સૌ એને જોઈ વિસ્મિત બનશે. (અરણ્યકાંડ-૪૩-૧૭) આપણું આ મૃગ આપણા અંતઃપુરની શોભા બનશે. (અરણ્ય. ૪૩-૧૭). આ મૃગ ભરત માટે અને મારી સાસુઓ માટે વિસ્મય બનશે. (અરણ્ય ૪૩-૧૮). અને જો કદાચ જીવતો ન પકડી શકો તો એનું ચામડું પણ બહુ સુંદર હશે તેથી ઘાસ-ફૂસની બનેલ ચટાઈ ઉપર આ સુવર્ણમય ચર્મ પાથરી હું તેની ઉપર આપની સાથે બેસવા ઇચ્છું છું. (૪૩-૨૦) લક્ષ્મણ જ્યારે સમજાવે છે કે આ માયામૃગ જ છે. ત્યારે શ્રીરામ પણ કહે છે કે જો એ રાક્ષસી માયા જ હોય તો આપણે તો રાક્ષસોને મારવાના જ છે. તે આપણું કર્તવ્ય છે. તો રામ સુવર્ણમૃગની પાછળ ગયા તેનું ખરું કારણ રાક્ષસને મારવાનું હતું. શ્રીરામની સાથે જ રાજ્યસુખ છોડીને વનમાં આવનાર સીતાજીને કાંચળી પહેરવાનો મોહ ન થાય. તે સામાન્ય ન હતાં. વસિષ્ઠે તો કહ્યું હતું કે 'રામને વનવાસ મળે છે તો રામ વનમાં જશે. સીતા તો રાજા થશે.' છતાં સીતા વનમાં ગયા.

તેથી दयितयेप्सित – પ્રિય પત્નીની ઇચ્છા સંતોષવા આ ચરણો વનમાં દોડ્યાં એ સાચું પણ તે ઈચ્છાહીન ઇચ્છા ન હતી.

તો વનમાં દોડતાં રહ્યાં ૧૪ વર્ષ સુધી એ ચરણારવિંદને વંદન.

ચરણારવિંદની વંદના કરવાનું પણ શ્રીમત્ ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણે સમજાવ્યું છે કે વંદન કરવાની એક રીતિ છે. જમણા હાથથી ભગવાનના જમણા ચરણને અને ડાબા હાથથી ભગવાનના ડાબા ચરણને સ્પર્શવાનું. એમ કરવા માટે બન્ને હાથની ચોકડી કરવી પડે. તો જ ભગવાન સાથે એક સર્કિટ ચાલુ થાય અને આપણી અંદર તેમની દિવ્ય ઊર્જા પ્રવેશે.

शिरो मत्पादयो: कृत्वा बाहुभ्यां च परस्परम्।
प्रपन्नं पाहि मामीश भीतं मृत्युग्रहार्णवात् ।।૧૧-૨૭-૪૬।।

ભક્તે પોતાનું શિર મારા ચરણો પર રાખી દેવું અને પોતાના બન્ને હાથોથી જમણે હાથે મારો જમણો ચરણ અને ડાબે હાથે મારો ડાબો ચરણ (बाहुभ्यां च परस्परं) પકડીને કહેવું કે હે ભગવાન, આ સંસાર સાગરમાં હું ડૂબી રહ્યો છું. મૃત્યુ રૂપી ગ્રાહ મારો પીછો કરી રહ્યો છે. હું એનાથી ડરીને આપને શરણે આવ્યો છું તો આપ મારું રક્ષણ કરો. ✶✶✶

મોબાઈલ: ૦૯૮૯૮૦૬૦૯૦૦

## પ્રેમને સન્નિવેશે

*નિરુદ્દેશે*
*સંસારે મુજ મુગ્ધ ભ્રમણ*
*પાંશુમલિન વેશે.*

*ક્યારેક મને આલિંગે છે.*
*કુસુમ કેરી ગંધ;*
*ક્યારેક મને સાદ કરે છે*
*કોકિલ મધુરકંઠ,*
*નેણ તો ઘેલાં થાય નિહાળી*
*નિખિલના સૌ રંગ,*
*મન મારું લઈ જાય ત્યાં જાવું*
*પ્રેમને સન્નિવેશે.*

*પંથ નહિ કોઈ લીધ, ભરું ડગ*
*ત્યાં જ રચું મુજ કેડી,*
*તેજછાયા તણે લોક, પ્રસન્ન*
*વીણા પૂરવી છેડી,*
*એક આનંદના સાગરને જલ*
*જાય સરી મુજ બેડી,*
*હું જ રહું વિલસી સંગે*
*હું જ રહું અવશેષે.*

**–રાજેન્દ્ર શાહ**

# સુખ ઉપજે તેમ કરો

□ ડૉ. ગુલાબ દેઢિયા

અમુક શબ્દો જાદુ લઈને આવે છે અને જાદુ કરીને જાય છે. આપણા મનને જીતી લે છે. મનમાં વારંવાર ગૂંજે છે. આમ તો આ શબ્દો ઘણાં સાદા સીધા છે. ઔપચારિક પણ લાગે એવા છે. એ શબ્દોને પૂછીએ તો અંદર મર્મ ભારોભાર છે.

શિષ્ય કંઈ પણ કામ કરતાં પહેલાં ગુરુજીની પાસે જાય છે અને વિનયપૂર્વક પૂછે છે. 'સાહેબ, હું આમ કરું કે?' ગુરુજી કહે છે, 'તમને સુખ ઉપજે તેમ કરો.' પછી શિષ્ય પોતે કરવા ધારેલું કાર્ય આરંભે છે.

આ સંવાદમાં પહેલી નજરે પરવાનગી લેવાની વાત થઈ. પરંતુ એનો મૂળ અર્થ ઊંડો છે અને જુદો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, એવા કામ કરવા જેનાથી સુખ ઉપજે. સાધક માટે તો આત્મસુખ એ જ પ્રધાન ધ્યેય હોય છે. એટલે શિષ્ય સ્વાધ્યાય કરે, ભિક્ષાર્થે બહાર જાય કે કોઈ સાથે વાર્તાલાપ કરે પણ એણે કોઈ પણ કાર્ય કરતાં પહેલાં વિચારવાનું રહે કે આમ કરવાનું પરિણામ શું આવશે? જૈન પરિભાષામાં 'પરિણામલક્ષિતા' એ મજાનો શબ્દ છે. કંઈ પણ કાર્ય કરતાં પહેલાં એના પરિણામનો વિચાર કરવો.

પહેલેથી વિચારવાની તૈયારી એ આગમબુદ્ધિ છે. આમ કરવાથી આવું પરિણામ આવી શકે. થોડી વધઘટ–આમ તેમ તો ચાલી શકે પણ પરિણામનું લક્ષ્ય હોય તો કામમાં ગાફેલ ન રહેવાય, ખોટું પગલું ભરતાં અટકી જવાય.

શિષ્ય પૂછે, 'હું શું કરું?' એમાં વિનય છે. ગુરુની આજ્ઞા લેવાની તત્પરતા છે. ગુરુના જવાબમાં સાવધાની છે, સાથે સ્વતંત્રતા પણ આપે છે. નર્યો હુકમ નથી આપતા; આમ જ કરો. આપણો સાથી જે કોઈક બાબતે આપણાથી જુનિયર છે, એને એનું ધાર્યું કરવા દેવું એ સાધુજીવનમાં કે ગૃહસ્થજીવનમાં કેટલી મોટી વાત છે!

આપણે ચોમેર સંબંધોથી ગુંથાયેલા છીએ. આ સંબંધોની સુવાસ અહીં છે. 'તમને સુખ ઉપજે તેમ કરો.' આ વાક્ય દિલથી તમે બોલી તો જુઓ. મહેંકનો અનુભવ થશે.

સાંભળનારને સુખ મળે એવી શુભ ભાવના અહીં છે. સાથોસાથ વિચારીને કરજો જેથી આધિ, વ્યાધિ કે ઉપાધિ નહિ પણ પ્રસન્નતા કે સમાધિ મળે એવો ભાવ પણ અહીં છે.

આપણો અધિકાર કોઈની ઉપર ગમે ત્યારે, ગમે તેમ થોપવાનો નથી. સામી વ્યક્તિને સ્પેસ આપવાની જરૂર છે. એને ખીલવા માટે એની જગા આપો. મારો જ કક્કો ખરો એ ભ્રમમાંથી છૂટવાની ચાવી પણ અહીં છે.

સંબંધો બીજું કંઈ નહિ સૌથી મોંઘી વસ્તુ આત્મિયતા માગે છે. નિકટતા વધે, ચર્ચા થાય મોકળાશમાં મહાલવા મળે એ મહત્ત્વની વાત છે.

ખરેખર તો માણસના મનમાં પ્રશ્નો જાગે એનું મૂલ્ય અમાપ છે. બીજાને પૂછવા જવામાં, જાણતલનો સંગ કરવામાં ડહાપણ છે, વિવેક છે. સહકાર માગવાની તૈયારી એ મનનું ખુલ્લાપણું છે.

શિક્ષક-વિદ્યાર્થી, પતિ-પત્ની, પિતા-પુત્ર, માતા-દીકરી, સાસુ-વહુ અન્ય સૌ સ્વજનો વચ્ચે આવો વ્યવહાર હોય તો સંબંધો કેવાં ખીલી ઊઠે!

મુક્તિ અને બંધન કેવાં સમીપે છે. તમને તમારી રીતે, સ્વેચ્છાએ જે કરવું હોય તે કરવાની છૂટ છે પણ એટલું જરીક જોજો કે એમાંથી સુખ ઉપજે. હા, 'ઉપજે.' ઉપજે શબ્દ ખરો રળિયાત છે. ગમી જાય એવો છે. ઉપજે એટલે બહારથી મળે નહિ, લેવાય નહિ પણ અંદરથી પ્રગટે. અંદરથી ઉમટે. ઉપજવું એ સર્જન છે. જેમ ધરતીમાંથી ધાન ઉપજે છે.

થોપવાને બદલે રોપવું, ટાળવાને બદલે નિહાળવું. એમ પણ કહી શકાય, 'તમને જેમ કરવું હોય તેમ કરો, મને શું પૂછો છો?' આ તિરસ્કાર છે. તોછડાઈ છે. અંતર વધે એવું છે.

'તથાસ્તુ' જેવો શબ્દ કેટલી મોટી સંપદા લઈને આવે છે! તથાસ્તુ બોલવામાં જે આશીર્વાદનો ભાવ છે, જે લાગણીનો રંગ છે તે માણવા જેવો છે. કોઈના મનની ઇચ્છાને વધાવવી, એના કોડ પૂરા થાય તેમાં રાજીપો બતાવવો તે માટે લાંબું કંઈ ન કહેતાં એક સમર્થ શબ્દ તથાસ્તુ છે. માત્ર દેવતાઓ કે મહાજનો જ ઉચ્ચારે એવુ કંઈ નથી, આપણે પણ કોઈ માટે ભાવપૂર્વક તથાસ્તુ કહી શકીએ. કહી જુઓ.

આપણા પૂર્વજો શબ્દશક્તિથી વાકેફ હતા તેથી તો કહ્યું, 'શબ્દ સંભાળી બોલીએ, શબ્દ કે હાથ ન પાંવ; એક શબ્દ હૈ ઔષધિ એક શબ્દ હૈ ઘાવ.' આપણને આ બન્ને પરિણામોનો સારો એવો અનુભવ છે.

દરેક વાતચીત, વાર્તાલાપ નિરાંત માગે છે. નિરાંત તો જ્યાં હોય ત્યાં સૌન્દર્ય પ્રગટાવી શકે છે. નાની નાની વાતોની મજા લેવા નિરાંતની જરૂર છે. મનનું સરોવર શાંત હોય ત્યારે જ 'તમને સુખ ઉપજે તેમ કરો' એ શબ્દો ઉચ્ચારી શકીએ છીએ. ક્રોધ, નારાજી કે અહંકાર વખતે આ બધું તો જોજનો દૂર થઈ જાય છે.

સલાહ-શિખામણના વણમાગ્યા અદ્રાવ્ય પાણા ફેંકવાને બદલે સમજીને બોલવામાં, થોડુંક પ્રોત્સાહન, થોડીક છૂટ, થોડીક ભલામણ, થોડીક કાળજી, અહોહો...કેટલું બધું થઈ ગયું!

શબ્દો ઉચ્ચારીએ મુખથી પણ એનું ઉગમસ્થાન તો મન છે. મનમાં રહેલો ભાવ શબ્દોમાં આવી જ જાય છે. હૈયે તેવું હોઠે થાય જ છે, એ ઇચ્છીએ કે ન ઇચ્છીએ તો પણ વાતચીતમાં આવી શકે છે. તેથી જ કદાચ નક્કર શબ્દ અને બોદા શબ્દનો રણકો જુદો હોય છે.

પછીથી ઉમેરેલી મીઠાશ અને કુદરતી મીઠાશમાં તો દેખીતો ફેર

રહેવાનો જ વળી. બોલાતા શબ્દોનું પણ એવું જ છે. મૌન અને ચિંતનના પડખાં સેવીને આવેલા શબ્દો ભાવનું ભાથું લાવે છે. તે હૈયાના બોલ હોય છે અને કાન સુધી જ નહિ હૈયા લગી પહોંચવાની પહોંચ લઈને આવે છે. વાણીના ધોધની નહિ ભાવના ઝરણાની ભાઈબંધી માગીએ.

હું તમને પૂછું છું: હવે હું શું કરું? અહીં વિરમું?

તમે કહેશોઃ તમને સુખ ઉપજે તેમ કરો. તો લ્યો આ વિરમ્યા. તમને પણ સુખ ઉપજશે. અને મને પણ... ✷ ✷ ✷

૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર, ચાર બંગલા, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૫૩. મોબાઈલઃ ૯૮૨૦૬૧૧૮૫૨.

# પ્રારબ્ધ અને પુરુષાર્થ

☐ નટવરભાઈ દેસાઈ

ઈશ્વરે દરેક જીવાત્માને ચાર શક્તિઓ આપેલ છે. તે ચારેય ઓછીવત્તી માત્રામાં દરેક જીવાત્મામાં જોવા મળે છે. આ શક્તિઓ યોગ્ય સમયે, યોગ્ય રીતે ઉપયોગમાં લેવામાં આવે તો તે વ્યક્તિનું જીવન સાર્થક થયું ગણાય. આ ચાર પરિબળો–આત્મબળ, મનોબળ, સંકલ્પબળ અને પ્રારબ્ધબળ, એ પ્રમાણે દરેક જીવાત્મામાં પ્રભુએ મૂકેલ છે. ગીતામાં ત્રણ યોગ : કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ સૂચવેલ છે અને પ્રભુએ પોતે કહેલ છે કે આ સર્વેનો કર્તા, હર્તા અને ભોકતા તે પોતે જ છે. પ્રબળ પુરુષાર્થ કરતો હોવા છતાં ઘણી વખત માણસ પોતાના પ્રારબ્ધબળને કારણે સફળ અથવા તો નિષ્ફળ થતો હોય છે. દરેક વ્યક્તિએ પોતે પુરુષાર્થ કરી આગળ વધવાનું હોય છે. પ્રારબ્ધમાં હશે તો જરૂર થશે એવું માનીને પુરુષાર્થ ન કરવો તે માણસની પોતાની આળસનું લક્ષણ છે. બહુ જૂના વખતની એક કવિતામાં કવિએ કહેલ છે કે 'અરે! પ્રારબ્ધ તો ઘેલું, રહે તે દૂર માંગે તો, ન માંગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.' આ કવિતામાં જે કહેલ છે તેનો સાચો અર્થ પ્રારબ્ધ ઉપર વિશ્વાસ મૂકી બેસી રહેવાય નહીં તે છે. કર્મ કર્યા સિવાય પ્રારબ્ધનું બળ સારું કે ખરાબ મળે નહીં. `God helps them, those who help themselves.' જે માણસ પુરુષાર્થ કરે તેને પ્રભુનો સાથ મળે, વગર પુરુષાર્થે પ્રભુ કોઈ કૃપા કરતો નથી, 'ચલના જીવન કી કહાની, રુકના મોત કી નિશાની.' પડ્યા રહેવાથી પ્રભુ મળતો નથી. સતત કર્મ કરો અને તે યોગ્ય કર્મ હશે તો જરૂર વહેલી મોડી પ્રભુકૃપા થશે.

પુરુષાર્થ સિવાય પ્રારબ્ધ પ્રાપ્ત થતું નથી. તમો તમારો ધર્મ, તમારી ફરજ અને તમારી જવાબદારી નિષ્ઠાપૂર્વક સંભાળો તો તે ઈશ્વરને ગમે અને તેના ફળસ્વરૂપે તમોને યોગ્ય પ્રારબ્ધ પ્રાપ્ત થાય. ઘરમાં બેસી રહી માળા ફેરવ્યા કરો અને સારા પ્રારબ્ધની રાહ જોયા કરો તો તે કદી મળે નહીં. પ્રભુમાં શ્રદ્ધા હોવી તે અત્યંત જરૂરી છે, પરંતુ તે આવીને આપણને ન્યાલ કરી દેશે તેવી અપેક્ષા રાખવી તે અયોગ્ય છે. નરસિંહ મહેતા જેવા પ્રભુના અનન્ય ભક્ત જેણે બધું પ્રભુ ઉપર છોડી દીધું હોય અને પ્રભુમાં તેની અડગ શ્રદ્ધા હોય તેવા જીવાત્માને પ્રભુ ઓળખી જાય છે અને તેને ઉગારી લે છે. એટલી શ્રદ્ધા અને એટલો આત્મવિશ્વાસ ભાગ્યે જ આપણામાં આવે એટલે આપણે તો આપણું કર્મ કરતાં રહેવું સાથે સાથે પ્રભુને સ્મરણમાં રાખી જે કાંઈ થઈ રહેલ છે તે ઈશ્વરને કારણે થઈ રહેલ છે તેવું ખરેખર શ્રદ્ધાપૂર્વક માનીએ અને તેનામાં પૂરો વિશ્વાસ રાખીએ તો જરૂર પ્રભુ તમારી હૂંડી સ્વીકારે. નરસિંહ મહેતાએ પણ ચોવીસ કલાક પ્રભુ ભક્તિનો પુરુષાર્થ કરેલ અને તેની અખૂટ શ્રદ્ધા તથા સંપૂર્ણ શરણાગતીને કારણે પ્રભુએ તેની બધી જ જવાબદારીઓ ઉપાડી લીધી. ઘણાંના નસીબ ખૂબ જ બળવાન હોય તો તેને ઓછી મહેનતે વધુની પ્રાપ્તિ થાય અને જેના નસીબ નબળા હોય તેને ખૂબ મહેનત પછી પણ ખૂબ જ અલ્પ પ્રાપ્તિ થાય તે હકીકત છે, પરંતુ પુરુષાર્થ કર્યા સિવાય કોઈને પ્રાપ્તિ થાય તેવું માનવું જોઇએ નહીં. આવી શ્રદ્ધા અને શરણાગતી અત્યંત કઠિન છે અને તે પણ જીવાત્મા ઉપર પ્રભુની કૃપા સિવાય શક્ય થતું નથી. તમારું મનોબળ અને સંકલ્પબળ ખૂબ જ દૃઢ હોય અને તેને માટે 'ઇસપાર યા ઉસપાર' જેવો નિર્ણય કરી તમારો જીવ હોડમાં મૂકો તો અત્યંત કટોકટી વખતે ઈશ્વર તમારી મદદે આવે તે ચોક્કસ છે, પરંતુ પૂરેપૂરી કસોટી વિના તે આવતો નથી. 'કરેંગે યા મરેંગે' આ મંત્ર જીવનમાં ઉતારીએ અને પ્રબળ પુરુષાર્થથી આપણું કર્તવ્ય નિભાવતા રહીએ તો વહેલો મોડો તે તમારી વહારે ચોક્કસ આવશે તેવી શ્રદ્ધા તમારામાં હોવી જરૂરી છે, પરંતુ પ્રબળ પુરુષાર્થ અને અડગ શ્રદ્ધા સિવાય તે શક્ય નથી.

જીવનમાં અનેક નાના મોટા પ્રસંગો આવતાં હોય છે અને ઘણાં ગંભીર નિર્ણયો લેવા પડે ત્યારે તેમાં શ્રદ્ધાપૂર્વક આપણાં અંતરાત્માના અવાજને સાંભળીએ અને તે પ્રમાણે આપણે પુરુષાર્થ કરતાં રહીએ અને તે દરમ્યાન પ્રભુને વિનંતી કરતાં રહીએ કે તમો મને સાચી દિશામાં લઈ જશો. તેના તરફની આપણી શ્રદ્ધા ડગે નહીં તે અત્યંત જરૂરી છે.

પ્રારબ્ધ અને પુરુષાર્થ બન્ને જીવમાત્રનાં જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે, પરંતુ પુરુષાર્થ પહેલાં અને પછી પ્રારબ્ધ તેવો પ્રભુનો નિયમ છે. આપણે સૌ ઈશ્વરાધીન જીવો આપણું કર્તવ્ય બજાવતાં રહીએ, પુરુષાર્થ કરતાં રહીએ અને તેનાં ફળની આશા રાખ્યા સિવાય આપણી ફરજ બજાવતાં રહીએ તો 'પ્રારબ્ધ તો ઘેલું, રહે તે દૂર માંગે તો, ન માંગે તો દોડતું આવે' એ વાત સાચી સાબિત થાય. આ વિષયમાં જીવમાત્રે પોતાની ક્ષમતા મુજબ પુરુષાર્થ કરી પ્રારબ્ધ પ્રભુ ઉપર છોડે તો ચોક્કસ તેનો યોગ્ય પ્રતિસાદ મળે અને જીવન સાર્થક થાય. ✷ ✷ ✷

મોબાઈલ: ૯૩૨૧૪૨૧૧૯૨.

# બાવીસ પરીષહોનું ગદ્યપદ્યમય અદ્ભુત વર્ણન

☐ ડૉ. પ્રવિણભાઈ સી. શાહ

**તજે ચૌદ અંતર ગ્રંથીને પરીષહ જિતે બાવીશ**

**અંગ ઇગ્યાર પૂર્વધરાઓમિત્તા પરીષહ સહે બાવીશ**

આ ૨૨ પરીષહ સાધક જીવનની સમત્વભાવનાની કસોટી છે. દેહનું મમત્વ ત્યાગી સમત્વભાવની સાધના કરવી તે જ સાધક જીવનનું કર્તવ્ય છે.

શ્રામણ્યનો સાર જ ઉપશમભાવ છે માટે વિનયશીલ સાધકે પરીષહને સ્વેચ્છાએ કર્મ નિર્જરાર્થે તથા સંયમમાર્ગમાં સ્થિર રહેવા માટે સમભાવપૂર્વક સહન કરી લેવા જોઇએ.

'પરીષહ' આ શબ્દનો સામાન્ય અર્થ ચારે બાજુથી આવનારા કષ્ટોને સમતાપૂર્વક સહન કરવા એવો થાય છે. પરીષહ અને તપસ્યામાં ફેર એ છે કે–ઉપવાસ આદિમાં સ્વેચ્છાએ ભૂખ-તરસ આદિ સહન કરવાના હોય છે, જ્યારે પરીષહમાં ક્ષુધા-આદિની ઇચ્છા હોવા છતાં નિર્દોષ ન મળે ત્યારે પ્રતિક્રિયા કર્યા વિના સમભાવે કષ્ટને સહન કરી લેવા તે પરીષહ છે.

ક્ષુધા-પરીષહ, તૃષા-પરીષહ, શીત-પરીષહ, ઉષ્ણ-પરીષહ, દંશમશક-પરીષહ, અચેલ-પરીષહ, અરતિ-પરીષહ, સ્ત્રી-પરીષહ, ચર્યા-પરીષહ, નૈષેધિકી-પરીષહ, શય્યા-પરીષહ, આક્રોશ-પરીષહ, વધ-પરીષહ, યાચના-પરીષહ, અલાભ-પરીષહ, રોગ-પરીષહ, તૃષ્ણસ્પર્શ-પરીષહ, જલ્લ-પરીષહ, સત્કારપુરસ્કાર-પરીષહ, પ્રજ્ઞા-પરીષહ, અજ્ઞાન-પરીષહ અને દર્શન પરીષહ, આ બાવીસ પરીષહ છે.

કાવ્ય રચના પ. પૂ. મોક્ષરતિ વિ. પ્ર. સા.

*'સુખ ભૂંડું ને દુ:ખ રૂડું' આ તુજ દેશનો સાર છે સુખ છોડવા દુ:ખ વેઠવા મુજ મન હવે તૈયાર છે,*

*જે સાધના આપે કરી દુ:ખ વેઠીને સુખ છોડીને તે સાધના હું પણ કરું મન રેડીને તન તોડીને,*

*જનમ જનમ દુ:ખો સહ્યાં. કિંતુ કર્માધીન આ જન્મે દુ:ખો સહું, રહી જિનાજ્ઞાધીન.*

**૧. ક્ષુધા પરીષહ**

કાયા અત્યંત કૃશ થઈ જાય, તોય સાધુ દોષિત ગોચરીન વહોરે...
શુદ્ધ ભિક્ષા પણ સ્વાદથી ન વાપરે, ભૂખથી વધુ ન વાપરે...
નિર્દોષ ગોચરી ન મળે તો મુનિ દીન ન બને...
જ્યારે સતાવે ભૂખ કે, રહેવાય ના, સહેવાય ના
ઘર ઘર ફરૂં પણ ગોચરી, નિર્દોષ લાધે ક્યાંય ના
ખાલી રહે ઝોળી ભલે, છલકાય મારી સાધના!

**૨. પિપાસા પરીષહ**

ગમે તેવી તરસ લાગે તોય સાધુ સચિત્ત કે દોષિત જલ ન વાપરે,
નિર્દોષ અને નિર્જીવ જલ ન મળે તોય સાધુ પ્રસન્ન રહે.
સૂકાય બંને હોઠ શોષાય અંદરથી ગળું
મોં સાવ સુક્કું ભઠ બને ને જીભ જાણે પાંદડું
નિર્દોષ જળ ન મળે છતાં રહે લીલુંછમ સમતાતરુ.

**૩. શીત પરીષહ**

'ઠંડી તો નરક-તિર્યંચ દુર્ગતિઓમાં આનાથીય વધુ ઘણીવાર વેઠી છે...'
આવું વિચારીને સાધુ ઠંડીને સહન કરે. ક્યારેય એવું ન વિચારે કે
'મારી પાસે સારૂં મકાન નથી. તો લાવ, તાપણું સેવું'
હો પોષ ને હો માઘ ને બહુ જોસભેર હવા વહે
થીજે ભલે જળ, ભાવઝરણું અનવરત વહેતું રહે
ગાત્રો ભલે ધ્રૂજે છતાં મન સ્થિર રહી બધું સહે.

**૪. ઉષ્ણ પરીષહ**

ગમે તેવી ગરમી પડે, મુનિ સ્નાનનો વિચાર ન કરે,
શરીર પર પાણી ન છાંટે, ન પંખો વીંઝે...
આકાશ વરસાવે અગન જ્વાલા સખત લૂ વાય ને
કણ-કણ બને અંગાર ને જાણે ધરા ભઠ્ઠી બને
આવી પળોમાં પણ અનુભવું આસપાસ પ્રભુ! તને

**૫. દંશ મશક પરીષહ**

મચ્છ-જૂ-માંકડ જેવા જંતુઓ કરડે ત્યારે મુનિ ત્રાસ ન પામે,
ખેદ ન કરે, કકળાટ ન કરે...દેહની ઉપેક્ષા કરે જંતુઓની કરુણા કરે.
દિવસેય પજવે સતત રાતે ઊંઘ લેવા દે નહીં,
મચ્છર ભલે ડંખ્યા કરે મારું હૃદય ડંખે નહીં
તૃપ્તિ મળે છે એમને, સંતોષ છે મુજને અહીં.

**૬. અચેલ પરીષહ**

કપડાં જૂના, જાડાં કે ખરબચડાં મળે...
અથવા ઓછાં મળે ત્યારે મુનિ દીનતા ન કરે.
જાડાં મળે જૂનાં મળે, પ્રતિકૂળ સૌ કપડાં મળે
ઠંડી ભલે ખૂબ જ પડે, ઓછાં રહે કપડાં ભલે
જાગે ન મનમાં દીનતા, ના હૃદય શોક તરફ ઢળે.

**૭. અરતિ પરીષહ**

લોચ-વિહાર આદિ કષ્ટોમાં મુનિ અરતિ (ખેદ) ન કરે પ્રસન્ન રહે!
રસ્તો ખરાબ વિહાર લાંબો વસ્તી હોય અગવડભરી

ઘોંઘાટ હો દુર્ગંધ હો નહિ ભાવતી હો ગોચરી
ખેંચી કઢાય બધાય વાળ છતાં રહું સમતા ધરી.

**૮. સ્ત્રી પરીષહ**

'કર્મબંધનો મુખ્ય હેતુ એટલે સ્ત્રીઓ!
મોક્ષમાર્ગમાં મહાવિઘ્ન એટલે સ્ત્રીઓ!'
જે મુનિ આટલું સમજી લે એનું શ્રામણ્યસફળ!
જ્યારે વિજાતીય રૂપ સુંદર નયનમાં આવી વસે
ત્યારે ન આનંદિત બને મન, હોઠ-આંખો ના હસે
'મહાપાપ છે આ' ભાવ આ ત્યારેય મનથી ના ખસે.

**૯. ચર્ચા પરીષહ**

મુનિ વિહારનાં કષ્ટો સહી લે, પણ એક સ્થાને ન રહે.
ભક્તો ઉપર મારાપણાનો ભાવ ના જાગે કદી
કોઈ જ્ઞાતિ કોઈ નગર પર, મમતા નહીં જાગે કદી,
મુજ હૃદયગિરિમાં અસ્ખલિત, વહેતી રહે ઉપશમનદી.

**૧૦. નૈષેધિકી પરીષહ**

ઉપદ્રવો આવે કે ઉપસર્ગો આવે, મુનિ સહન કરે,
સ્થિર રહે, સમતા રાખે, ધર્મધ્યાનથી વિચલિત ન થાય,
સ્થિર સ્થાનમાં શુભધ્યાનમાં રહી સાધના એવી કરું
ઉપસર્ગ આવે ઉપદ્રવો આવે પરંતુ ના ડરું
એવી કૃપા કરજો ઝળાહળ સફળતા-સિદ્ધિ વરું.

**૧૧. શય્યા પરીષહ**

ઉપાશ્રય સગવડવાળો મળે કે અગવડવાળો મળે,
મુનિ હર્ષ-શોક ના કરે.
અનુકૂળ પામી સ્થાન હૈયે હર્ષ ના આનંદ ના
પ્રતિકૂળ પામી સ્થાન હૈયે શોક ના આક્રંદ ના
'જ્યાં પણ રહું મુજ હૃદયમાં રહેજો પ્રભુ!' છે પ્રાર્થના.

**૧૨. આક્રોશ પરીષહ**

કોઈ ગુસ્સો કરે, ગાળો આપે, તુચ્છકારથી બોલાવે,
કર્કશ શબ્દો વાપરે, કઠોર ભાષા પ્રયોગ કરે...પણ મુનિ શાંત રહે.
કોઈ ગાળ આપે ઝેર ઓકે આકરો ગુસ્સો કરે
કોઈ જીભ જાણે છરી હુલાવે આગ વરસાવે અરે!
વર્તન રહે મુજ મિત્ર જેવું હૃદયથી અમૃત ઝરે.

**૧૩. વધ પરીષહ**

કોઈ અજ્ઞાની શસ્ત્ર ઉગામે ત્યારે મુનિ લેશ પણ દ્વેષ ન કરે,
વિચારે કે 'મારું આયુષ્ય કર્મ પૂરું થવા પર છે.
અને કર્મબંધમાં નિમિત્ત હું બની રહ્યો છું...
નાશ તો શરીરનો થશે, આત્મા અમર છે!'
અજ્ઞાનતા કે શત્રુતાવશ કોઈ ફેંકે પથ્થરો
લઈ લાકડી આવે કોઈ, કોઈ ઉગામે ખંજરો
આ 'કર્મક્ષય-સહાયક' ઉપર, વરસાવી દઉં કરુણાઝરો.

**૧૪. યાચના પરીષહ**

'સાધુ જીવનમાં તો એક એક વસ્તુ માંગીને જ મેળવવી પડે...
એના કરતાં તો સંસારવાસ સારો!' આવું મુનિ ન વિચારે,
વિચારે કે 'સંસારવાસ તો પાપમય છે!'
બિલકુલ અજાણ્યા ઘેર જઈ કરવી હવે તો યાચના
નિર્દોષ સંયમ પાળવા સઘળી સહી લઉં યાતના
નિરપેક્ષ ભાવે આદરું મોક્ષલક્ષી સાધના.

**૧૫. અલાભ પરીષહ**

ભિક્ષા ઓછી મળે, ખરાબ મળે, કે ન મળે...
મુનિ સંતાપ ન કરે, દાતા પર ક્રોધ ન કરે!
ના અન્ન દે કોઈ, ઓછું દે કોઈ, કોઈ બગડેલું ધરે
માથું ગરમ ના થાય ના આંખોથી અંગારા ખરે,
મનમાં રહે સમતા અને મુખથી મધુર વચનો સરે.

**૧૬. રોગ પરીષહ**

જિનકલ્પિક મુનિ રોગોની ચિકિત્સા કરાવવાનો વિચાર પણ ન કરે.
સ્થવિરકલ્પી મુનિ સહન થાય ત્યાં સુધી ચિકિત્સા ન કરાવે.
દુર્લભ ખરેખર કર્મક્ષયનો આ ભવે અવસર મળ્યો
આવું વિચારી રોગપીડા સહન કરું સમતાભર્યો,
હે નાથ! મેં તો આજથી આ દેહ તુજ ચરણે ધર્યો.

**૧૭. તૃષ્ણ પરીષહ**

રુક્ષ ત્વચા, ઉષ્ણ વાતાવરણ અને શુષ્ક તૃષ્ણાનો સંધારોઃ
આવો દુષ્કર પરીષહ જિનકલ્પિક મુનિઓ પ્રસન્નતાથી સહન કરે.
કોઈ સ્પર્શ ખરબચડો મળે, કોઈ સ્વાદ અણગમતો મળે
દુર્ગંધ આવે કે જુગુપ્સાજનક કોઈ રૂપ રે,
કર્કશધ્વનિ અથડાય કાને તોય મન ના ખળભળે.

**૧૮. મલ પરીષહ**

પરસેવાથી રેબઝેબ શરીર કે કપડાં પર ધૂળ, માટી,
મેલ, કાદવ લાગે તો મુનિ તેને સહન કરે.
શરીર-કપડાં ભલે બગડે, મનને બગડવા ન દે!
પગ કાદવે ખરડાય, અંગોપાંગ ધૂળિયા હો ભલે
કપડાં ભલે કાળાં પડે, રેલાય પરસેવો ભલે,
વ્રત વિમલ રહેવું જોઇએ, મુજ દેહ હો મેલો ભલે.

**૧૯. સત્કાર પરીષહ**

અલ્પકષાયી, અલોલુપ, નિસ્પૃહ મુનિ સત્કાર-સન્માનની
ઈચ્છા પણ ન કરે...સત્કાર મળે કે તિરસ્કાર મળે, મુનિ સ્વસ્થ રહે!
કોઈ કરે સત્કાર જો, તો તોષ હું ના અનુભવું
કોઈ તિરસ્કારો કરે તો રોષ હું ના અનુભવું,
સંયમ અને સંતોષમાં તૃપ્તિ સદા હું અનુભવું.

**૨૦. પ્રજ્ઞા પરીષહ**

કર્મોદયે બુદ્ધિ ઓછી મળે કે ક્ષયોપશમથી બુદ્ધિ

વધુ મળે...મુનિ રાગ-દ્વેષને આધીન ન થાય!
બુદ્ધિ ખીલે ક્યારેક એવી બધું સમજાવી શકું
સઘળી પરિસ્થિતિ અવગણી સંયમગુણે વિચરી શકું.

**૨૧. અજ્ઞાન પરીષહ**

ક્ષયોપશમથી ક્યારેક જ્ઞાન વધે કે કર્મોદયે જ્ઞાન ક્યારેક
ન પણ મળે...બંને સ્થિતિમાં મુનિ અસ્વસ્થ રહે...ન ગર્વ કરે, ન ગ્લાનિ!
જ્ઞાનાવરણ કર્મોદયે સૂત્રાર્થ ગાથા ના ચડે
કર્મો હટે ક્યારેક ને સૂત્રાર્થ ઝટપટ આવડે,
ગ્લાનિ નહીં કે ગર્વ ના, સમભાવ એવો સાંપડે

**૨૨. સમ્યક્ત્વ પરીષહ**

વૈજ્ઞાનિક આવિષ્કારો, અન્ય ધર્મીઓના ચમત્કારો જોઈને કે
કુતર્કો સાંભળીને અથવા સાધનાનું ફળ અનુભવાય નહીં ત્યારે
મુનિ શ્રી જિનેશ્વર ભગવંતનાં વચનોમાં શંકા ન કરે!
તે સાચું તે શંકા વિનાનું જે કહ્યું શ્રી જિનવરે
'સંસાર દુઃખમય મોક્ષ સુખમય' હૃદય મુજ શ્રદ્ધા ધરે.
આવે ભલે તર્કો હજારો, બુદ્ધિ મારી ના ફરે.

સર્વજ્ઞકથિત ધર્મની આરાધનાનો સાર સમતા છે. સહનશીલતા વિના સમતા આવે નહિ, અને સમતા વિના સર્વજ્ઞતા-વીતરાગતા પ્રગટે નહિ. પરી + સહ = 'પરી' એટલે ચારેબાજુથી અર્થાત્ સંપૂર્ણ રીતે, 'સહ' એટલે સહન કરવું – તે છે પરીષહ.

સુખદુઃખમાં તુલ્ય મનોવૃત્તિ કેળવવા માટે પરીષહ એ પરીક્ષા છે. સુખ-દુઃખ, માન-અપમાન, લાભ-હાનિ, પ્રહાર-પૂજા, શત્રુ-મિત્ર, પ્રીતિ-અપ્રીતિ ઇત્યાદિ પ્રસંગોમાં મનનું સમતોલપણું જાળવી રાખવું તે છે – પરીષહ વિજય.

સમતાની સમૃદ્ધિના મૂળમાં છે જીવમૈત્રી! જગતના સર્વજીવો પ્રત્યે આત્મીયતાનો ભાવ જાગે તો દુશ્મન પ્રત્યે પણ દ્વેષ ન જાગે. સ્કંધકના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલવા છતાં પાલક પ્રત્યે તેઓને રોષ કે દ્વેષ ન થયો અને 'વધ'નો પરીષહ હસતા મુખે સહન કરી મુક્તિપુરીમાં સિધાવી ગયા. તે જ રીતે ગજસુકુમાલ, મેતારજમુનિ વગેરે પણ સમજવા.

સંસારમાં વર્તુળને છોડે, સંયમ સાથે જીવન જોડે, સમતાધર્મમાં રમે તો જ સંસારનો અંત થઈ શકે, માટે સહનશીલતા ગુણ કેળવવાનો અભ્યાસ અનિવાર્ય છે. સાધકને જ્ઞાની સમજાવે છે કે –

'સંસારમાં સહન કરવું પડે માટે સંયમમાં સહન કરો
પરવશે સહન ન કરવું પડે માટે સ્વેચ્છાએ સહન કરો
કરોડો ભવમાં સહન ન કરવું પડે માટે આ ભવમાં જ સહન કરો
કર્મવશ સહન ન કરવું પડે માટે ધર્મમાં સહન કરો.'

પરીષહથી પરાજિત ન થતાં પરિષહને પરાજિત કરો. ભવભ્રમણનો અંત કરવા કષ્ટોને કલ્યાણપ્રદ માનો, મોક્ષના પુરસ્કારને પ્રાપ્ત કરવા ઉદયજન્ય પીડાને પ્રેમે સ્વીકારો, અનંતગુણોની કમાણી કરવા કાયક્લેશને હોંશે વધાવો.

બસ, પરીષહવિજેતા બને તે જ સાધક ભાવમાં સંયમજીવનની સંપૂર્ણ સફળતાને પ્રાપ્ત કરી શકે.

માટે હે સાધક!

*'હસતા હસતા સહન કર, સહતા સહતા સમતા ધર,*
*અનંત કર્મોની નિર્જરા કર, શિવ રમણીને શીઘ્ર વર.'* ✷ ✷

*૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*
*ફોન નં. ૨૬૬૦૪૫૯૦, ૨૬૬૧૨૮૬૦. (મો.) : ૯૯૯૮૩૩૬૯૯૨.*

## મનનો કચરો

એક મહાત્માજી હતા. કોઈ ઘરમાં ભિક્ષા માટે ગયા. ઘરની સ્ત્રીએ ભિક્ષા આપી અને હાથ જોડીને કહ્યું: 'મહાત્માજી! કોઈ ઉપદેશ આપો.'

મહાત્માજીએ કહ્યું, 'આજે નહિ, કાલે ઉપદેશ આપીશ.'

સ્ત્રીએ કહ્યું, 'તો કાલે પણ ભિક્ષા માટે આવજો.'

બીજા દિવસે જ્યારે મહાત્માજી ભિક્ષા માટે આવ્યા તો મહાત્માજીએ કમંડળમાં થોડું છાણ લઈ લીધું. બીજો કચરો પણ નાખ્યો. કમંડળ લઈને સ્ત્રીના ઘરે આવ્યા. સ્ત્રીએ તે દિવસે સરસ દૂધપાક બનાવ્યો હતો. તેમાં સૂકોમેવો સરસ રીતે નાખ્યો હતો. મહાત્માજીએ તે ઘર પાસે આવી બૂમ પાડી: 'ભિક્ષા દે માતા.'

તરત જ સ્ત્રી દૂધપાકનો વાટકો લઈ બહાર આવી. મહાત્માજીએ પોતાનું કમંડળ આગળ ધર્યું. સ્ત્રી તેમાં દૂધપાક નાખવા લાગી તો જોયું કે તેમાં તો છાણ અને કચરો હતો. થોભીને બોલી: 'મહાત્માજી! આ કમંડળ તો ખરાબ છે.'

મહાત્માજીએ કહ્યું: 'હા, ખરાબ તો છે. તેમાં છાણ અને કચરો છે. પરંતુ હવે શું કરવું? દૂધપાક એમાં જ રેડો.'

સ્ત્રીએ કહ્યું: 'નહિ મહારાજ! એમાં નાખવાથી દૂધપાક ખરાબ થઈ જશે. કમંડળ મને આપો હું સાફ કરી નાખું છું.'

મહાત્માજી બોલ્યા: 'સારું માતા! જ્યારે કમંડળ સાફ થઈ જશે ત્યારે દૂધપાક રેડજો.'

સ્ત્રીએ કહ્યું, 'હા જી.'

મહાત્માજી બોલ્યા: 'આ જ મારો ઉપદેશ છે. મનમાં જ્યાં સુધી ચિંતાઓનો કચરો અને ખરાબ સંસ્કારોનું છાણ ભરેલું છે ત્યાં સુધી ઉપદેશના અમૃતનો લાભ નહિ મળે. ઉપદેશનું અમૃત મેળવવું છે તો પહેલાં મનને શુદ્ધ બનાવવું જોઈએ, ખરાબ સંસ્કારોને સમાપ્ત કરવા જોઈએ, તો જ ઇશ્વરનું નામ ચમકી શકે છે અને તો જ જીવનમાં સુખ અને શાંતિ, આનંદની જ્યોતિ જાગી શકે છે.'

**સાભાર : 'ક્ષણે ક્ષણે અમૃત' : સંકલનકર્તા–નીલેશ મહેતા**

જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૨

# વિદ્યાદેવી સરસ્વતીના ઉપાસક ડૉ. ભોગીલાલ સાંડેસરા

❑ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

ભારતના શ્રેષ્ઠ વિદ્વાનોમાં જૈન સારસ્વત ડૉ. ભોગીલાલ સાંડેસરાને અચૂક સંભારવા પડે. શ્રુત દેવી સરસ્વતીની કૃપા ક્યાં અને કોની પર ઊતરે છે તે એક રસમય રહસ્ય છે. ભોગીલાલ સાંડેસરાની ઉંમર હજુ ૧૫ વર્ષની પણ નહોતી, ત્યારે તેઓ અવારનવાર પાટણના વિખ્યાત જૈન જ્ઞાન ભંડારમાં જતા. જ્ઞાન ભંડારના પુસ્તકો અને હસ્તપ્રતો નિહાળ્યા કરતા. એમણે નોંધ્યું છે કે મને જ ખબર નહોતી પડતી કે જ્ઞાન ભંડારમાં જવાનું મન વારંવાર કેમ થાય છે!

મહા વિદ્વાન જૈન મુનિ શ્રી પુણ્યવિજયજી એ સમયે પાટણમાં બિરાજે. પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજી કલકત્તાથી પાટણ આવેલા. એમને પોતાના શોધકાર્ય માટે પાટણ રોકાવાનું થયું.

જિનવિજયજી દિવસના થોડા કલાક જ્ઞાન ભંડારમાં ગાળે. અનેક હસ્તપ્રતો, પુસ્તકો એમને લાઈબ્રેરિયન લાવીને આપે. જિનવિજયજી એ તપાસે અને પોતાને જરૂરી હોય તે નોંધ કરે.

વિદ્યાર્થી ભોગીલાલ તે સમયે ત્યાં આવે. જિનવિજયજીને કામ કરતાં જુએ. જિનવિજયજીએ ભોગીલાલમાં તેજ જોયું. એ તેમને પુણ્યવિજયજી પાસે લઈ ગયા.

ભોગીલાલ કહે, 'મહારાજશ્રી, મને આ હસ્તપ્રત વાંચતાં શીખવો.'

પુણ્યવિજયજી કહે, 'જરૂર શીખવું, પણ તારે રોજ આવવું પડશે. ધીરજ રાખીને પ્રાચીન ભાષા શીખવી પડશે.'

ભોગીલાલ કહે, 'હું રોજ આવીશ.'

પુણ્યવિજયજીએ બાળક ભોગીલાલને ઘડવા માંડ્યા. એમને જૂની ભાષા વાંચતાં શિખવાડી. હસ્તપ્રતો ઉકેલતાં શિખવાડી. હસ્તપ્રતોનું સંપાદન કેવી રીતે થાય તે કળા શિખવાડી.

ભોગીલાલ સાંડેસરાની વિદ્યાપ્રીતિ અદ્‌ભુત હતી. તેમણે ધીરજ રાખીને પુણ્યવિજયજીએ જે શીખવ્યું તે શીખી લીધું. એક દિવસ જૂની હસ્તપ્રત હાથમાં લીધી. એ 'રૂપસુંદર કથા' હતી.

ભોગીલાલે તેની નકલ ઉતારી. તેનું સંપાદન કર્યું. તે કથાની બીજી પ્રતો મેળવીને પાઠાંતરો ઉમેર્યા. તે સંપાદન એટલું શાસ્ત્રીય અને આધુનિક હતું કે પુણ્યવિજયજી મહારાજે તે પ્રગટ કરવા માટે મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાને મોકલ્યું. તે સમયના વિદ્વાનોએ એ સંપાદન સ્વીકાર્યું અને ફાર્બસ ગુજરાતી સભા તરફથી પ્રગટ કર્યું.

તે સમયે ભોગીલાલ સાંડેસરાની ઉંમર હતી ૧૫ વર્ષની.

ભોગીલાલ સાંડેસરા સ્કૂલમાં ભણવા જતા હતા, પણ હજુ તો મેટ્રિક પણ પાસ થયા નહોતા ત્યારે તેમનું સંપાદન 'રૂપસુંદર કથા' યુનિવર્સિટીએ એમ. એ.ના પહેલા વર્ષમાં પાઠ્યપુસ્તક તરીકે સ્વીકાર્યું. બન્યું એવું કે ભોગીલાલ સાંડેસરા મેટ્રિક પાસ થયા પછી કૉલેજમાં આગળ વધ્યા અને ૧૯૪૩માં જ્યારે તેઓ એમ.એ.નો અભ્યાસ કરવા માટે કૉલેજમાં ગયા ત્યારે પોતાના સંપાદનનું પુસ્તક પોતાને ભણવાનું આવ્યું! જે વ્યક્તિએ હજુ મેટ્રિક પણ પાસ નથી કર્યું તેનું પુસ્તક પાઠ્યપુસ્તક બને તે એક વિરલ સિદ્ધિ બની રહી. ગુજરાતના વિદ્વાનોમાં ભોગીલાલ સાંડેસરાનું નામ આદરથી લેવાતું થઈ ગયું.

ડૉ. સાંડેસરા પ્રાચીન જૈન સાહિત્ય અને જૈન દર્શનના અભ્યાસમાં ઊંડા ઊતરી ગયા. શ્રી પુણ્યવિજયજી અને શ્રી જિનવિજયજીનું શિષ્યત્વ એમણે શોભાવ્યું. તેમના સમયમાં દીર્ઘદૃષ્ટિ ધરાવતા વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે વડોદરામાં સયાજીરાવ યુનિવર્સિટી બનાવવા માટે એક કરોડ રૂપિયા ફાળવ્યા હતા. ગુજરાતમાં સૌથી પહેલી યુનિવર્સિટી વડોદરામાં સ્થાપિત થઈ ત્યારે તેના વાઈસ ચાન્સેલર તરીકે શ્રીમતી હંસાબેન જીવરાજ મહેતા નિમાયાં. તે સમયે ગુજરાતી વિષયના પ્રોફેસર તરીકે કોને નીમવા તેની ચર્ચા ખડી થઈ. ગુજરાતના વિદ્યાજગત અને અધ્યાપક જગતમાં આ ચર્ચા ઉત્તેજક બની રહી. સૌ એમ માનતા હતા કે પ્રોફેસરનો આ ગૌરવશાળી હોદ્દો કવિ ઉમાશંકર જોષીને અપાશે, પણ તે માટે તેમણે કોઈ રસ ન દાખવ્યો. છેવટે હંસાબેન મહેતાએ તે માટે કમિટી નીમી. તેના અધ્યક્ષ હતા વિખ્યાત લેખક રમણલાલ વસંતલાલ દેસાઈ. એ કમિટીએ ગુજરાતી ભાષાના સર્વપ્રથમ પ્રોફેસર તરીકે ડૉ. ભોગીલાલ સાંડેસરાની નિમણૂક કરી અને ડૉ. ભોગીલાલ સાંડેસરાનું નામ વિશ્વમાં વિખ્યાત થઈ ગયું.

ડૉ. ભોગીલાલ સાંડેસરા હસ્તપ્રતોના સંશોધનમાં પોતાની કાબેલિયત પુરવાર કરી ચૂક્યા હતા. તેમના હાથ નીચે અનેક વિદ્યાર્થીઓએ પીએચ. ડી. કર્યું અને પોતાના ક્ષેત્રમાં આગળ વધ્યા. ભારતમાં સ્થળે સ્થળે ડૉ. ભોગીલાલ સાંડેસરાને આમંત્રિત કરવામાં આવતા. ભારતની અને વિદેશની અનેક યુનિવર્સિટીઓએ તેમને પીએચ. ડી.ના અધ્યાપક તરીકે સ્વીકાર્યા હતા. ન્યૂ યૉર્કના રોકફેલર ફાઉન્ડેશન તરફથી તેમને કાયમી સભ્ય તરીકે સ્વીકારવામાં આવ્યા હતા. વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરમાં તેમની ડાયરેક્ટર તરીકે નિમણૂક થઈ. તે સમયે તેમણે હરગોવિંદદાસ કાંટાવાળા તરફથી બંધ પડેલી ગ્રંથશ્રેણી પુનઃ શરૂ કરાવી અને 'સ્વાધ્યાય' માસિકનો આરંભ કર્યો. આ પ્રવૃત્તિએ તેમને યશકલગી આપી.

શ્રી સાંડેસરા પોતાના જીવનમાં ઘડતર માટે જિનવિજયજીના મેળાપને કદી ભૂલ્યા નહીં. તેમણે શ્રી જિનવિજયજીનું જીવનચરિત્ર પણ લખ્યું છે. તેઓ જે હસ્તપ્રતો વાંચતા તેના સેંકડો સેંકડો શ્લોકો તેઓ કંઠસ્થ કરી લેતા. ડૉ. સાંડેસરા કહેતા કે, 'જેને જૂના શ્લોકો આવડે છે અને હસ્તપ્રતોના સંશોધનમાં તેને જે કામે લગાડી શકે છે તે જ સાચો વિદ્વાન.'

જૂની પરંપરાના શ્રેષ્ઠ વિદ્વાનોમાં એક ડૉ. ભોગીલાલ સાંડેસરા માત્ર જૈન વિદ્વાન નહોતા, પણ ભારતીય દર્શનો અને ભારતીય સાહિત્યના ઉત્તમ વિદ્વાન હતા. જ્યારે જ્યારે ભારતીય પ્રાચીન સાહિત્યની પ્રત ખૂલશે ત્યારે આવા તપસ્વી વિદ્વાનો અચૂક સાંભરશે. ✷ ✷ ✷

# તૃતિય બાહ્યતપ વૃત્તિસંક્ષેપ

❑ સુબોધીબેન સતીશ મસાલીઆ

*ફેબ્રુઆરી-૨૦૧૭ના અંકમાં જ્ઞાન-સંવાદમાં સવાલના જવાબમાં, પેજ નં. ૨૭ પર પ્રિન્ટીંગમાં ક્ષતિ થઈ છે. છેલ્લી લાઈનમાં 'સાચા અર્થમાં પુરુષાર્થ તરીકે અપનાવી ભવનો વિસ્તાર પામીએ' એવું છપાયું છે પરંતુ **'વિસ્તાર'** શબ્દને બદલે **'નિસ્તાર'** શબ્દ વાંચવો. ભવનો વિસ્તાર એટલે ભવ વધારવા, ને નિસ્તાર એટલે ભવભ્રમણથી અટકવું. સંપૂર્ણ અર્થનો અનર્થ થઈ જાય છે. ઉત્સુત્ર ભાષણ થઈ જાય છે. માટે દરેક વાચકે આ વસ્તુ ધ્યાનમાં લેવા વિનંતી છે. ]*

વૃત્તિસંક્ષેપનો અર્થ આપણે એટલો જ કરીએ છીએ કે પરિગ્રહ ઓછો કરવો, વસ્તુઓનો ત્યાગ કરવો...અરે ભાઈ...આ વૃત્તિસંક્ષેપ છે, વસ્તુસંક્ષેપ નહીં. વસ્તુઓનો ત્યાગ કરવાથી વૃત્તિ સંક્ષેપાઈ જ જશે એવી કોઈ ગેરંટી નથી... ધારો કે મેં સોના-ચાંદી-હીરા-મોતી બધા જ પ્રકારના ઘરેણાંનો ત્યાગ કર્યો... એક ઘડિયાળ હાથમાં પહેરૂં છું... તો મારો બધો મોહ ભેગો થઈ એક ઘડિયાળમાં પણ સમાઈ શકે છે... આ ઘડિયાળ વધુ સારી લાગશે કે પેલી? મોહ અને વૃત્તિઓ જીવંત છે... જો ફક્ત વસ્તુઓનો ત્યાગ કરવાથી જ વૃત્તિસંક્ષેપ થતો હોત તો તો આ તપ બહુ સરળ થઈ જાત. તો પછી આ તપને ત્રીજા સ્થાને મૂકવાની જરૂર ન હતી. અનશન કરતાં ઉણોદરી અઘરૂં, ઉણોદરી કરતાં વૃત્તિસંક્ષેપ અઘરું છે. જેમકે કોઈ હાથમાં પથ્થરો લઈને જઈ રહ્યું છે. વિવિધ આકારના સુંદર સુંદર પથ્થરો અલગ અલગ જગ્યાએથી શોધ્યા છે. પણ જો આગળ ચાલતાં રસ્તામાંથી હીરા જડ્યા તો પથ્થર ક્યાંય છૂટી જશે ને હાથમાં હીરા આવી જશે... પથ્થરો ક્યારે ને ક્યાં છૂટી ગયા તે પણ ધ્યાન નહીં રહે... **તેવી જ રીતે જો વૃત્તિઓ છૂટી ગઈ તો વસ્તુઓ છોડવી નહીં પડે... વસ્તુઓ એની જાતે ક્યારે ક્યાં છૂટી જશે તેની ખબર પણ નહીં પડે.**

વૃત્તિ એટલે ઈચ્છા, આપણી વૃત્તિઓ, ઈચ્છાઓ, કામનાઓ, જે ચારે બાજુ ફેલાયેલી છે, તેને આપણી અંદર, આપણા આત્મામાં, આપણી અંદર રહેલા દરેક વૃત્તિઓના કેન્દ્રમાં સંક્ષેપી લેવાની છે. બહાર ફેલાયેલી વૃત્તિઓને, ઈચ્છાઓને અંદરની તરફ વાળવાની છે. જન્મ્યા ત્યારથી વૃત્તિઓ બહાર જ ભાગી છે. કોઈ ઘટના બહાર બની રહી છે, વૃત્તિ તરત ત્યાં ભાગશે ને બહારની ઘટનાને અંદરની ઘટના બનાવી દેશે. દા. ત. કોઈ કાર પસાર થઈ રહી છે. આ બહારની ઘટના છે. આપણી સાથે એને કોઈ સંબંધ નથી. પરંતુ તેને જોતાની સાથે જ ચિત્તવૃત્તિ ત્યાં ભાગશે. 'જોયું? આ લેટેસ્ટ કાર છે. આવી ગાડી મારી પાસે હોય તો કેવું સારૂં?' ને બસ. આ બહારની ઘટના અંદરની ઘટના બની જશે.

**બહારની ઘટનાને બહાર જ રાખી, વિવેકબુદ્ધિથી ચિત્તવૃત્તિને અંદર પાછી વાળવી એ જ છે વૃત્તિસંક્ષેપ.** હવે આપણે વિચાર કરીએ કે ફક્ત એક જ દિવસમાં સવારે ઉઠ્યા ત્યારથી રાતના સૂઈ જઈએ ત્યાં સુધીમાં વૃત્તિઓ ક્યાં ક્યાં ભાગી? કોઈના સારા કપડાં જોયા તો વૃત્તિ ત્યાં ભાગી... કોઈ સારો ફ્લેટ, બંગલો, બગીચો, ભલે જોયાં નથી તો પણ તેને વિષે જાણ્યું, સાંભળ્યું કે વાંચ્યું તો વૃત્તિ ત્યાં ભાગી, કોઈએ અપમાન કર્યું તો વૃત્તિ ત્યાં ભાગી, કોઈએ માન આપ્યું તો વૃત્તિ ત્યાં ભાગી... અરે કેટલું લીસ્ટ બનાવશું? એક જ દિવસનું લીસ્ટ બનાવતા થાકી જશું...આપ કહેશો કે એવું તો થાય જ ને... સ્વાભાવિક છે... ભાઈ સ્વાભાવિક કેમ છે? કેમકે અનંતા અનંતા જન્મોથી વિભાવમાં જઈ જઈને આપણે આવો જ આપણો સ્વભાવ બનાવી દીધો છે. માટે એ સ્વાભાવિક લાગે છે... પણ આત્માનો આ સ્વભાવ નથી...

તો સ્વભાવને પલટવો કઈ રીતે? આ સ્વભાવને પલટવા માટે જરૂરી છે આત્માની જાગૃતતા. **વૃત્તિઓ એના સ્વભાવ પ્રમાણે જેવી ભાગશે કે... આત્મા જાગ્રત હશે. તે જાણશે કે આ વૃત્તિ ફલાણી જગ્યાએ ભાગી ને તરત તેને ત્યાંથી પાછી વાળવાનો પ્રયત્ન કરશે. ભાગેલી વૃત્તિને પાછી વાળવાનો પુરુષાર્થ એ જ છે વૃત્તિસંક્ષેપ.** આપણે તો એજ નથી જાણતા કે વૃત્તિઓ કેવી ભાગી રહી છે, ક્યાં ભાગી રહી છે? એનું સભાન હોવું તેનું નામ છે જાગ્રતતા. એ સભાન હોઈશું તો એને પાછી વાળવાનો પ્રયત્ન કરીશું ને? એની અભાનતા એજ પ્રમાદ.

ભગવાને ગૌતમને કીધું કે 'સમયં મા પમાયં ગોયમ્' 'હે ગૌતમ તું એક સમય માટે પણ પ્રમાદ ન કરીશ...' આપણે આ પ્રમાદ શબ્દનો અર્થ શું સમજ્યા? પ્રમાદ એટલે આળસ કરવી? ઉંઘી જવું? શું તમને એમ લાગે છે કે ચાર જ્ઞાનના ધણી એવા ગૌતમને મહાવીરે એમ કહેવાની જરૂર હતી કે હે ગૌતમ આળસ ન કરીશ... હે ગૌતમ ઉંઘી ન જતો... વૃત્તિઓનું પરમાં જવું, આત્માના ઉપયોગનું પર માં જવું એજ પ્રમાદ... આપણા માટે આપણું શરીર પણ પરપદાર્થ છે. ગૌતમ માટે મહાવીર પણ પર હતા... જેમાં ગૌતમની વૃત્તિ રાગ સ્વરૂપે ભાગતી હતી... માટે મહાવીર કહે છે... કે હે ગૌતમ એક સમય પણ પ્રમાદ ન કરીશ નહીં તો મોક્ષ છેટું થઈ જશે... (સમય એટલે કાળનો નાનામાં નાનો અવિભાજ્ય ભાગ કે એક વાર આંખ મીંચીને ઉઘાડીએ એટલી વારમાં અસંખ્યાતા સમય વિતી જાય. માટે વિચાર કરજો... સમય એ કેટલો નાનો એકમ છે.)

કોઈ કોઈ જગ્યાએ પ્રવચન આપતાં એ સવાલ આવે છે કે 'બેન વૃત્તિસંક્ષેપ તો બહુ અઘરૂં છે, અમારા માટે તો અશક્ય છે.' અઘરૂં જરૂર છે પણ સાચી દિશામાં પુરુષાર્થ થાય તો અશક્ય નથી... ભલે આ પંચમ કાળમાં આ સંઘયણ દ્વારા ઘણો વધારે પુરુષાર્થ ન કરી

શકીએ પણ વૃત્તિ ક્યાં ભાગી રહી છે તે જાણવાનો પ્રયત્ન તો કરીએ. દિવસની હજારો વૃત્તિઓમાંથી બે-પાંચ વૃત્તિને તો પાછી વાળીએ. વૃત્તિસંક્ષેપની શરૂઆત તો કરીએ. બીજ તો વાવીએ.

પદાર્થોનો ત્યાગ કરવાથી તેનું મૂળ ખતમ નહીં થાય, જેમકે એક વૃક્ષનું મૂળ અંદર છે. તેના ફળ, ફૂલ, પાનનો ફેલાવો બહાર છે. હવે તેના ફળ, ફૂલ, પાન કાપવાથી થોડો ટાઈમ બહાર એવું લાગશે કે વૃક્ષ સંકોચાઈ ગયું. પરંતુ મૂળ તો એટલું જ બળવાન છે. પછી બાહ્ય કેટલી પણ વસ્તુઓનો ત્યાગ કરીને બાહ્ય દૃષ્ટિએ કદાચ ખૂબ ત્યાગી પણ લાગીશું... પરંતુ વૃત્તિઓ અંદર તરફ પાછી નથી વળી ત્યાં સુધી વૃત્તિસંક્ષેપ તપ થશે નહિ. જેવી વૃત્તિઓ સંકોચાઈ કે ત્યાગ આપોઆપ થઈ જશે, કરવો પડશે નહિ. પરિગ્રહ આપોઆપ ઓછો થઈ જશે, કરવો પડશે નહિ.

વૃત્તિઓ મનને ઘેરી રાખે છે. જરા ઊંડાણથી સમજીએ કે વૃત્તિઓ કેવી રીત સંક્ષેપ પામે? બુદ્ધિનું કામ છે અનુભવમાંથી શીખવાનું કે 'જે વસ્તુમાંથી સુખ મળશે એમ ધાર્યું હતું તે ખરેખર મળ્યું કે નહિ? જો સુખ ન મળ્યું હોત તો એ અનુભવને યાદ રાખી ફરીથી એ વસ્તુની ઈચ્છા ન કરવી.' પ્રત્યેક વૃત્તિનો એની શુદ્ધતામાં અનુભવ થઈ જાય, અને સ્પષ્ટ થઈ જાય કે વૃત્તિઓ અને વાસનાઓમાંથી દુ:ખ જ મળે છે... આપણી બુદ્ધિ આ અનુભવનો સંગ્રહ કરે, આપણા એક એક રૂંવાટામાં આ અનુભવ સમાઈ જાય તો આપણી અંદરની વૃત્તિઓથી ઉપર આપણી પ્રજ્ઞા ને બુદ્ધિમતા ઉપર ઉઠશે. જેમ જેમ પ્રજ્ઞા ઉઠશે, તેમ તેમ વૃત્તિઓ સંકોચાઈને નષ્ટ થશે. ઈચ્છાઓને સમભાવપૂર્વક રોકવાથી વૃત્તિઓનો સંસાર ઓછો થઈ જશે.

વૃત્તિઓ હંમેશાં બહિર્મુખ રહે છે. કારણ કે આપણે જે છીએ ને આપણી પાસે જે છે, તેનાથી આપણે રાજી નથી. કાંઈક વધુ જોઈએ છે. કાંઈક વધુ થવું છે. આવી વૃત્તિને કારણે જ આપણે દુ:ખી છીએ. 'પરથી મને સુખદુ:ખ નથી' એવી સમજણ પ્રાપ્ત થાય, તો જ દર્શન સમ્યક બને. જે છે તેના માટે સ્વીકારભાવ કેળવાય તો જ વૃત્તિ અંદર તરફ વળે. 'હું જે પરિસ્થિતિમાં છું, મને ધન વગેરે જે કાંઈ પદાર્થ મળ્યા છે, જેવું પણ શરીર મળ્યું છે, જેવા પણ સગાં સંબંધી મળ્યા છે, જે કાંઈ બની રહ્યું છે અને જે છે તે મને સ્વીકાર્ય છે... આવો ભાવ રહે તો ફરિયાદની કે ફેરફાર કરવાની વૃત્તિ જ ન રહે. તો જ આકાંક્ષાઓ કે ઈચ્છાઓ ન જાગે. કારણ કે ઈચ્છા એટલે જ વર્તમાનનો અસ્વીકાર. ગમે એટલો સ્વાધ્યાય કે શાસ્ત્રાભ્યાસ કરશો પણ જો સ્વીકાર ભાવનો અભ્યાસ નહીં હોય, તો દુ:ખ ઓછું નહીં થાય. આત્માનો રસ પ્રાપ્ત નહીં થાય.

**આત્મા સિવાય જે જે પદાર્થો છે તે પ્રત્યેથી ઉપયોગ પાછો વાળવો, તે ઉપયોગને અંતર્મુખ કરવો, ચિત્ત વૃત્તિ નિરોધ કરવી એ જ વૃત્તિસંક્ષેપ છે.** સંસારનું ક્ષણભંગુરપણું, અનિત્યપણું, અસારપણું, અશરણપણું, જાણી પરપદાર્થમાંથી વૃત્તિને પાછી વાળવી ને ચૈતન્ય સ્વરૂપ આત્મામાં રમણતા કરવાનો અભ્યાસ કરવાથી વૃત્તિ સંક્ષેપ પામે છે. હવે તમે કહો કે વૃત્તિસંક્ષેપ તપ વિના અનશન તપ અધૂરો છે કે નહિ?

બીજું એ પણ સમજી લઈએ કે આપણે આ પંચમકાળના બાળજીવો છીએ. આપણા માટે વસ્તુ વગેરે પરપદાર્થનો ત્યાગ કરવો જરૂરી છે. પરંતુ ત્યાગ કર્યો એટલે ગઢ જીતી લીધો એવો સંતોષ માનીને બેસી જવાની જરૂર નથી; કેમકે આપણે બાળમંદિરથી આગળ વધી માસ્ટરની ડિગ્રી મેળવવી છે. માટે વૃત્તિસંક્ષેપ તપને ઊંડાણથી સમજ્યા પછી... વસ્તુ-પરપદાર્થના ત્યાગની સાથે સાથે બહાર ભાગતી વૃત્તિઓ, ઈચ્છાઓ, આકાંક્ષાને જાણી તેને અંદરમાં પાછી વાળવાનો પ્રયત્ન કરવાનો છે... આ પ્રયત્ન અત્યારથી જ આ ઘડીથી ચાલુ કરવાનો છે... ને જો આ પુરુષાર્થ સહી અર્થમાં થશે તો આપણે કરેલો ત્યાગ એવો ત્યાગ બની જશે કે તે છોડેલી વસ્તુ ક્યારેય પાછી આવશે નહિ. એના પ્રત્યે કોઈપણ જાતનો મોહ ઉત્પન્ન થશે નહિ. આમ આપણે બાળમંદિરમાંથી એક એક ધોરણ આગળ વધતા જશું... ને 'ઈચ્છા નિરોધ તપ:' એ આગમના વાક્યને સમજીને સાકાર કરી શકીશું. કાંઈપણ જીનાજ્ઞા વિરૂદ્ધ લખાઈ ગયું હોય તો સુજ્ઞો, પંડિતો મારું ધ્યાન દોરે.. મને જરૂર ગમશે.

[પુસ્તક પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧માં તત્ત્વજ્ઞાન વિષયક ૩૫૦ સવાલ જવાબ છે, જે વિનામૂલ્ય પ્રાપ્ય છે. જેને વાંચવાની ભાવના હોય તે શ્રી બાબુભાઈ પારેખને ૯૮૭૦૯૮૬૦૨૦–આ નંબર પર ફોન કરી મેળવી શકે છે. આજ પુસ્તકનો ભાગ-૨ જેમાં બીજા ૩૫૦ સવાલ-જવાબ હશે તે ટૂંક સમયમાં બહાર પડશે. આ પુસ્તક 'પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨'માં કોઈને પણ લાભ લેવાની ભાવના હોય તો મારો સંપર્ક કરવા વિનંતી છે. સુબોધીબેન મસાલીયા- ૯૮૯૨૧૬૩૬૦૯, ૮૨૬૮૫૫૦૭૭૩]

* * *

'પ્રબુદ્ધ જીવન' કોર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો

ગાંધી વાચનયાત્રા

# મહાત્માનાં અર્ધાંગિનીની અજોડ પ્રેરક કહાણી

☐ સોનલ પરીખ

ઑગસ્ટ ૧૯૯૭. મહાત્મા ગાંધીના પૌત્ર અરુણ ગાંધીએ તેમનાં દાદી કસ્તૂરબા પર લખેલું એક સુંદર પુસ્તક પ્રગટ થયું, 'ધ ફરગોટન વુમન'. ડૉ. અરુણ ગાંધી, મહાત્મા ગાંધીના પુત્ર મણિલાલ ગાંધીના પુત્ર. ફિનિક્સ આશ્રમમાં જન્મેલા, બાપુચીંધ્યા માર્ગે ઉછરેલા, કિશોર અને તરુણાવસ્થામાં બા-બાપુ સાથે સેવાગ્રામમાં થોડું રહેલા અરુણ ગાંધી ભારતમાં થોડો સમય ગ્રામીણ ગરીબો માટે કામ કરી અમેરિકામાં સ્થિર થયા છે અને પોતાને શાંતિ અને અહિંસાના બીજ વાવનાર 'પીસ ફાર્મર' કહે છે. મહાત્મા ગાંધીની વિરાટ પ્રતિભાની પડછે કંઈક ઢંકાઈ ગયેલાં, કંઈક ભુલાઇ ગયેલાં તેમનાં સાદાં, શાંત પણ તેજસ્વી પત્ની કસ્તૂરબાની જીવનકથા એ આ પુસ્તકનો વર્ણ્યવિષય છે. કસ્તૂરબા પરનું વિદેશના માઉન્ટન પબ્લિકેશને પ્રગટ કરેલું આ પુસ્તક 'અનટોલ્ડ સ્ટોરી ઑફ કસ્તૂરબા' અને 'કસ્તૂરબા અ લાઇફ' નામથી જયકો અને પૅંગ્વિન પ્રકાશને પણ પ્રગટ કર્યું છે.

કસ્તૂરબાને કોણ નથી જાણતું ? પણ કસ્તૂરબાને સાચી રીતે કોણ જાણી શક્યું છે ? બાપુએ બા માટે લખ્યું છે, 'બાનો ભારે ગુણ સ્વેચ્છાએ મારામાં સમાઈ જવાનો હતો. તેની ઇચ્છાશક્તિ ખૂબ મજબૂત હતી. આ મજબૂત ઇચ્છાશક્તિને લીધે તે અજાણતા જ અહિંસક સત્યાગ્રહની કળામાં મારી ગુરુ બની. મારું જાહેર જીવન ખીલતું ગયું તેમ બા ખીલતી ગઇ અને પુખ્ત વિચારપૂર્વક મારામાં એટલે કે મારા કામમાં સમાતી ગઇ. અમે અસાધારણ દંપતી હતાં. ૧૯૦૬માં એકબીજાની સંમતિથી અમે આત્મસંયમ સ્વીકાર્યો ત્યારથી અમારો સંબંધ સાચા મિત્રનો થયો. અમારી ગાંઠ પહેલાં કદી નહોતી તેવી દૃઢ બની. તે સાચે જ મારું શુભતર અર્ધાંગ બની. મારે જન્મોજન્મ સાથીની પસંદગી કરવી હોય તો હું બાને જ પસંદ કરું.'

બ્રિટનમાં જેમને 'ગાંધીઝ ઇન્ટરપ્રિટર' કહેવામાં આવતા તે હોરેસ ઍલેકઝાન્ડરે લખ્યું છે, 'બા અને બાપુ એક ઘરમાં હોય, પાસે પાસેના ઓરડામાં હોય, એકબીજા સાથે બોલે નહીં, પણ આખો વખત આપણને લાગ્યા કરે કે બંને એકમેકને ખૂબ સમજે છે.'

તેર વર્ષની ઉંમરે પોતાનાથી થોડા મહિના નાના મોહનદાસ સાથે કસ્તૂરનાં લગ્ન થયાં. એ વખતે સાતઆઠ વર્ષની ઉંમરે કન્યાઓને પરણાવી દેવાતી, પણ કસ્તૂર શ્રીમંત અને થોડા સુધારક વેપારીની એકમાત્ર પુત્રી એટલે તેનાં લગ્ન થોડાં મોડાં અને બરાબરિયા ખાનદાનના નબીરા મોહન સાથે થયાં. ગાંધીકુટુંબ પરિચિત, તેમનું ઘર નજીક અને એમનું ફળિયું મોટું એટલે કસ્તૂર ત્યાં રમવા જતી. મોહન અને કસ્તૂર આમ એકબીજાંને ઓળખતા તો હતાં, પણ સાથે રમ્યાં પણ હતાં. બાસઠ વર્ષનાં દાંપત્ય દરમ્યાન મોહનદાસ ઈંગ્લૅન્ડ જઇ બૅરિસ્ટર બન્યા, દક્ષિણ આફ્રિકામાં અને ભારતમાં વિરાટ કાર્યો કર્યાં, દેશને બ્રિટિશ શાસનથી મુક્ત કર્યો અને સમગ્ર વિશ્વના શોષિતોને પાંખમાં લેવા ધાર્યું. વિચારોના વિશાળ ગગનમાં વિહરતા, સતત પરિવર્તનશીલ, સત્યશોધક અને સિદ્ધાંતો માટે મોટા ભોગ આપવા અને અપાવવા કટિબદ્ધ મહાપુરુષ પતિનાં અર્ધાંગિની બનવાનું બા માટે સરળ તો નહીં હોય, બલકે કપરું અને ગજુ માગી લેનારું જ બન્યું હશે. બાપુની પડખે રહીને બાએ પણ એમનાં વિરાટ કાર્યોમાં પોતાની પ્રાણશક્તિ સીંચી હશે. કાઠિયાવાડની એક નિરક્ષર કન્યામાંથી રાષ્ટ્રમાતા સુધીની બાની યાત્રામાં કેવા કેવા પડાવો અને વળાંકો આવ્યા હશે એ જાણવું બહુ રસપ્રદ છે.

બાને નજીકથી જાણ્યા ન હોય એવા મોટાભાગના લોકો માટે બા એક એવાં અલ્પશિક્ષિત, સાધારણ અને સુશીલ, પતિપરાયણ સન્નારી છે – જેણે પતિને અનુસરવાનો ધર્મ બરાબર પાળ્યો છે, પણ પતિનાં વિરાટ કાર્યો વિશે ભાગ્યે જ કંઇ સમજ્યાં છે અને આદર્શ ભારતીય સ્ત્રીની જેમ પતિની જોહુકમીને સહી લેતાં રહ્યાં છે. 'હું આવું માનવા તૈયાર ન હતો. મારા અને મારાં માતાપિતાના અનુભવો જુદું કહેતા હતા.'

અરુણ ગાંધી સ્પષ્ટપણે માને છે કે બાનું ઔપચારિક શિક્ષણ ભલે ઓછું હતું, પણ તેઓ અલ્પમતિ કે અજ્ઞાન ન હતાં – 'આફ્રિકાનો રંગભેદ કે ભારતમાં બ્રિટિશ સરકારનો અન્યાય જોઈ મારું લોહી ઊકળી ઊઠતું ત્યારે બા મને પ્રેમથી વારતાં. કહેતાં કે આ આક્રોશને પરિવર્તન માટેની શક્તિ બનાવતાં શીખ. આ બા સાધારણ કેવી રીતે હોઇ શકે?' સ્વાતંત્ર્યસંગ્રામમાં બાની પણ એક અગત્યની ભૂમિકા હતી અને બાપુને મહાત્મા બનાવવામાં બાનો મોટો ફાળો હતો. બાનું સમર્પણ ફક્ત બાપુની ઇચ્છા પૂરી કરવા માટે ન હતું, તેમનું સમર્પણ તેમની પોતાની એ પ્રતીતિને લીધે પણ હતું કે આ રસ્તો સાચો છે. અંધ અનુસરણ બાના સ્વભાવમાં ન હતું. બા નિષ્ક્રિય અનુગામિની નહીં, પણ સમજદાર સંગિની હતાં. પોતાને જે સાચું લાગે તેને મક્કમતાથી ટેકો આપતાં પણ પતિની વાત ગળે ન ઊતરે ત્યારે એવી જ મક્કમતાથી પણ આક્રમક થયા વિના પરિસ્થિતિને સાચા માર્ગે વાળતાં પણ ખરાં. આહિંસાના તત્ત્વજ્ઞાનનો આ જ અર્ક છે તેમ બાપુ કહેતા. તેમનું માતૃત્વ પોતાનાં સંતાનો અને સંતાનોનાં સંતાનોના નાનકડા પરિઘમાંથી વિસ્તરી હજારો લાખો દેશવાસીઓ સુધી અને ત્યાર પછી વિશ્વની કચડાતી માનવતા સુધી પહોંચ્યું હતું. આવાં બાનું વ્યક્તિત્વ 'ધ ફરગોટન વુમન'નાં પૃષ્ઠો પર બહુ પ્રેમ, નજાકત, નિસબત, કલ્પનાશીલતા અને આધારભૂતતાથી સાકાર થયું છે.

પણ એ સહેલું ન હતું. બા વિશે જાણવાનું જ બહુ મુશ્કેલ, કારણ કે તેમણે પોતે કશું લખ્યું નથી અને તેમના જન્મ વગેરેના સંદર્ભો મળતા નથી. બાના માતાપિતા અને ભાઈઓ વહેલી વયે મૃત્યુ પામ્યાં હતાં. બાપુએ પોતાનાં લખાણોમાં આપેલા સંદર્ભો સિવાય બા વિશે

કશું મળ્યું નહીં, એટલે અરુણભાઈ અને તેમનાં પત્ની સુનંદાએ મૌખિક ઇતિહાસ પરથી સામગ્રી એકઠી કરવા માંડી, પણ મૌખિક ઇતિહાસ આપનારની દૃષ્ટિ બાપુથી અંજાયેલી હોય એટલે બા વિશેની વાતો કઢાવવામાં અપાર ધીરજ અને ખંતની જરૂર પડે. ૧૯૬૦થી કરવા માંડેલા સંશોધન પરથી તૈયાર થયેલું પુસ્તક પહેલી વાર ૧૯૭૯માં જર્મન ભાષામાં પ્રગટ થયું, ૧૯૮૩માં સ્પૅનિશ ભાષામાં અને છેક ૧૯૯૭માં અંગ્રેજીમાં. કારણ સૌનો પહેલો પ્રતિભાવ એ હોય કે 'તમે તમારા દાદા મહાત્મા ગાંધી વિશે કેમ નથી લખતા? કસ્તૂરબામાં કોને રસ પડે?'

'ધ ફરગોટન વુમન' હવે ગુજરાતીમાં પણ ઉપલબ્ધ છે. તેનો મેં એટલે કે સોનલ પરીખે કરેલો અનુવાદ 'બા: મહાત્માનાં અર્ધાંગિની' ૨૦૧૬ના ઑક્ટોબર મહિનામાં નવજીવન પ્રકાશન તરફથી બહાર પડ્યો છે. વાચકોને એ જાણવાનું ગમશે કે બાના પૌત્રએ અંગ્રેજીમાં લખેલી વાત બાની પૌત્રીની પૌત્રીએ ગુજરાતીમાં મૂકી છે! અનુવાદમાં 'જીવ' આવે ત્યારે તે માત્ર અનુવાદ ન રહેતાં અનુસર્જન પણ બને. મેં પૂરી મહેનત કરી છે, મહિનાઓ સુધી બા સાથે તદાકાર રહી છું, તેમના સમયમાં તેમના ફલક પર જીવી છું અને તેમની સાથે વલોવાઈ પણ છું. એ આશાથી કે આપણાં સૌનાં બાની આ રસપૂર્ણ અને પ્રેરક જીવનકથા ગુજરાતી વાચકોની નવી પેઢીને પહોંચે. બાની જીવનકથા સાથે બહુ જ સ્વાભાવિકતાથી મહાત્મા ગાંધીના જીવનના અને દેશના ઇતિહાસના સંદર્ભો વણાતા આવ્યા છે. અરુણ ગાંધી પત્રકાર અને લેખક પણ ખરા – તેમની કલમમાં ભારોભાર સર્જકતા, તાજગી અને પ્રવાહિતા છે. વિદેશીઓને પશ્ચાદ્‌ભૂમિકાનો સંદર્ભ મળે તે માટે તેમણે જરૂર પડી ત્યાં ભારતીય પરંપરાની વિગતો પણ આપી છે.

૨૮ પ્રકરણ અને ૨૭૦ પાનાંમાં વિસ્તરેલા નવજીવન પ્રકાશનના પુસ્તક 'બા: મહાત્માનાં અર્ધાંગિની'નું મૂલ્ય રૂા. ૨૦૦ છે. ✷✷✷

મોબાઈલ: ૯૮૩૩૭૦૮૪૯૪.


## પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો

**રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૮ | જિન વચન | ૨૫૦ |
| ૯ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૦ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૧ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૨ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબહેન ર. શાહ લિખિત** | |
| ૧૪. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૧૫. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧. | ૧૦૦ |
| | **ડૉ. કલાબહેન શાહ લિખિત** | |
| ૧૬. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૧૭. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| ૧૮. | ઊગ્યો મુક્તિનો અરુણોદય સમ્યગ્દર્શન | ૨૦૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૧૯. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૦. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૧. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૨. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૩. | નવપદની ઓળી | ૫૦ |
| ૨૪. | ભગવદ ગીતા અને જૈન ધર્મ | ૧૫૦ |
| | **ઈલા દીપક મહેતા સંપાદિત** | |
| ૨૫. | **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ | ૩૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૬. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૨૭. | વિચાર મંથન | ૧૮૦ |
| ૨૮. | વિચાર નવનીત | ૧૯૦ |
| | **આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત** | |
| ૨૯. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૦. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૧. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૨. | પ્રભાવના | ૧૨ |
| ૩૩. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૦ |
| ૩૪. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| ૩૫. | JAIN DHARMA [English] | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૩૬. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | ૩૦૦ |
| ૩૭. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ |
| | **ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત** | |
| ૩૮. | રવમાં નીરવતા | ૧૨૫ |
| | **પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત** | |
| ૩૯. | પંથે પંથે પાથેય | ૧૨૫ |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**

રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# પાપ અને પુણ્ય કોને કહેવું ?

☐ તત્ત્વચિંતક વી. પટેલ

ગીતા એ કૃષ્ણ ભગવાનની વાણી છે, એમાં અર્જુનને જે જે પ્રશ્નો યુદ્ધના મેદાન પર ઉત્પન્ન થયા તેના જવાબો કૃષ્ણ ભગવાને જ્ઞાનમાં સ્થિર થઈને દીધા છે ને અર્જુનને સંશય મુક્ત કરી અભયમાં સ્થિર કરેલ છે. તેને લડાવ્યો છે, આજ તેનું મહત્ત્વ છે. ગીતા ઉપર અનેક માણસોએ પોતપોતાનો હાથ અજમાવ્યો છે. કોઈએ તેમાં ભક્તિ નિહાળી છે, તો કોઈએ તેમાં નિષ્કામ કર્મ યોગ નિહાળ્યો છે, તો કોઇએ તેમાં જ્ઞાનયોગ નિહાળ્યો છે, તો કોઇએ તેમાં યોગ નિહાળ્યો છે, તો કોઇએ તેમાં સમત્વ યોગ નિહાળ્યો છે. આમ જુદી જુદી રીતે ગીતાને જોવામાં આવી છે. ગીતા ઉપર ઓશોએ ગીતાને સર્વ બાજુથી સર્વજ્ઞ રીતે સમજવા પ્રયત્ન કરેલ છે અને સમજાવેલ છે, તેથી તેમનું વક્તવ્ય ખૂબ જ મહત્ત્વનું અને અદ્‌ભુત છે. તેમાં ગીતાને સમગ્ર રીતે સમજીને સર્વજ્ઞતાપૂર્વક સમજાવી છે. આવું અદ્‌ભુત ભાષ્ય બીજા કોઈનું નથી. એકેએક શ્લોકની જે રીતે વિગતે સમજુતી આપી છે, આ રીતે ગીતાને સર્વજ્ઞતાપૂર્વક સમજાવેલ છે. ગીતાના અર્થથી જણાવે છે, જગતમાં પાપ શું છે? પુણ્ય શું છે? મોક્ષ શું છે? જન્મ શું છે? બંધન કોને કહેવાય? મુક્તિ કોને કહેવાય? ધર્મ શું છે? ત્યાગ શું છે? સાધુ કોને કહેવાય? સંત કોણ? ધર્મના નામે જે અડ્ડાઓ છે તેમાં શું ધર્મ છે ખરો? ભક્તિ શું છે? ભક્તિ કોને કહેવાય? વગેરે બાબતો અંગે કૃષ્ણની દૃષ્ટિએ સ્પષ્ટ સમજુતી આપેલ છે. તેમણે આ બધી જ બાબતો ગીતાના શ્લોકના અર્થ સાથે સમજાવેલ છે. તેમણે એમ કહ્યું છે કે આ જગતનો પહેલામાં પહેલો કોઈ માનસશાસ્ત્રી હોય તો તે છે કૃષ્ણ. તેમણે માણસના મનને સમજીને તેના તમામ પ્રશ્નોના ઉકેલ ગીતામાં આપ્યા છે તેજ તેની વિશેષતા છે.

જગતમાં માનવ ચેતનાના ત્રણ પ્રકારના રૂપો હોય છે જેમાં વિચાર, કર્મ ને ભાવના તે અનુસાર ત્રણ નિષ્ઠા આધ્યાત્મિક જગતે આપી છે જેમાં ભાવપ્રધાન માટે ભક્તિ, ક્રિયાપ્રધાન માટે કર્મયોગ અને વિચારપ્રધાન માટે જ્ઞાનયોગ. આમ ત્રણ પ્રકારની સાધના પદ્ધતિ આપણે ત્યાં અમલમાં મુકાયેલ છે. આ ત્રણે સાધના પદ્ધતિ દ્વારા પહોંચવાનું તો એક જ સ્થળે છે જેનું નામ છે પરમચેતના. અહીં સૌને ભેગા થવાનું છે. આમ જુદી જુદી કેડી દ્વારા શિખરે પહોંચવાનું છે. અંતે તો બધાએ યોગનો આશ્રય લઈને નિર્વિચારતા પ્રાપ્ત કરવાની હોય છે, એટલે કે મનને ખાલી કરી નાખવાનું છે, શૂન્ય મન કરી નાખવાનું હોય છે જેથી પરમ ચેતના તેમાં દાખલ થઈ શકે ને સ્થિર થઈ શકે. આજ વાત ગીતાની છે. એટલે કોઈ પણ રસ્તો પકડો પણ તેમાં બાહ્યાચાર કામ લાગશે નહિ, એટલે કે કર્મકાંડ ક્રિયાકાંડ, આરતી, પૂજા, ટીલા, ટપકા, માળા, નોટબૂકો ભરવાનું, આવા બધા જ કામો કામ લાગશે જ નહીં. જે કર્મ દ્વારા આંતરશુદ્ધિ થાય તેજ કામ લાગશે તેમ ગીતા કહે છે. જેના દ્વારા તમારા રાગદ્વેષ, અહંકાર, આસક્તિ, કામના વાસના, ઇચ્છા તૃષ્ણા ઓછા થાય, નિયંત્રણમાં આવે, ખતમ થાય અને મન એકાગ્ર થાય, મન, બુદ્ધિ ને વાસના શુદ્ધ થાય તેવી કોઈ પણ સાધનાનો ઉપયોગ કરવાનું ગીતા કહે છે, પછી તે ભક્તિ હોય, જ્ઞાનયોગ હોય, કર્મયોગ હોય કે, યોગ હોય, માણસ પોતાની પ્રકૃતિ પ્રમાણે ફાવે તે અખત્યાર કરીને આંતરિક શુદ્ધતા પ્રાપ્ત કરે તેમ ગીતા કહે છે. આંતરિક શુદ્ધતા એજ જીવનનું લક્ષ છે, ને હોવું જોઈએ. આમ ગીતા સમન્વય વાદી છે. આમ ગીતામાં કોઈ એક જ વાતને મહત્ત્વ આપવામાં આવ્યું છે તેવું નથી. જગતના માણસના માનસને ધ્યાને રાખીને બધા જ પાસાંનો વિચાર ગીતામાં કરવામાં આવેલ છે અને તેજ વાત સત્ય છે એમ સમજાય છે.

આમ આચાર્ય શંકર ગીતામાં જ્ઞાન માને છે, વલ્લભાચાર્ય ભક્તિ માને છે જ્યારે તિલક નિષ્કામ કર્મ માને છે જ્યારે જ્ઞાનેશ્વર યોગ માને છે. આમ બધાએ પોતાની જે વિચારસરણી, માન્યતા હોય તે માન્યતા ગીતાની પણ છે, તેમ પ્રતિપાદન કરવા બધાએ પ્રયત્ન કરેલા છે, તે અધૂરું જ્ઞાન છે. આ બધા તટસ્થતાપૂર્વકના વિવેચન નથી.

પૂરી તટસ્થતાપૂર્વકનું વિવેચન ઓશોનું છે તેમ સ્પષ્ટ લાગે છે અને તે ભાષ્ય સાચું ભાષ્ય છે, સત્યના આધારે કરેલ છે ને પૂરી તટસ્થતાપૂર્વક થયેલ ભાષ્ય છે અને દરેક બાજુથી ગીતાને જોવા પ્રયત્ન થયેલો જોઈ શકાય છે, તે તેની વિશિષ્ટતા છે. તેઓ કહે છે કે માણસ જે કાંઈ કર્મ કરે તે કર્મ જો તેણે જાગૃતિપૂર્વક સચેતનતામાં સ્થિર થઈને કરેલ હશે તો તે કર્મ પુણ્યશાળી જ હોવાનું. તે સુખ, શાંતિ જ પ્રદાન કરશે. અને જો માણસે અજ્ઞાનમાં, અજાગૃતતામાં સ્થિર થઈને કર્મ કર્યું હશે તો તે પાપયુક્ત જ હોવાનું. એટલે કે તે દુઃખ, અશાંતિ, પ્રદાન કરશે. આમ પાપ પુણ્યનો આધાર માણસના મન ઉપર રહેલો છે. ગીતા સ્પષ્ટ કહે છે કે પાપ–પુણ્યનો આધાર કર્મ પર નથી પણ કર્મ કરનારના માનસ ઉપર આધારિત છે. ગીતા બહુ જ સ્પષ્ટ રીતે કહે છે કે જ્ઞાની માણસ કાંઈ પણ ખોટું કામ કરશે જ નહીં. તેનાથી જે કાંઈ કર્મ થશે તે સાત્વિક જ શુદ્ધ હોવાનું. આમ પાપ-પુણ્ય, સારું-ખરાબ, શુદ્ધ-અશુદ્ધ કર્મનો આધાર કર્મ પર નથી પણ કર્મ કરનારની માનસિક સ્થિતિ પર જ આધારિત છે, તેમ સ્પષ્ટ કહે છે. જીવનમાં જાગૃતતા, સચેતનતા કે જ્ઞાનમાં સ્થિર થઈને કરેલું કોઈ પણ કર્મ સુખ, શાંતિ આપશે. જ્યારે અજ્ઞાનમાં, અજાગૃતિમાં, અચેતનતામાં કરેલું કોઈ પણ કર્મ દુઃખ જ આપશે. ચિંતા જ પ્રદાન કરશે એમ ગીતા સ્પષ્ટ કહે છે.

ઓશો ગીતાના ભાષ્યમાં સ્પષ્ટ કહે છે કે નિષ્કામ કર્મયોગ એ કૃષ્ણની આગવી ઉત્તમોત્તમ શોધ છે તે ક્યાંય ઉપનિષદોમાં કે વેદમાં છે જ નહીં. તેજ રીતે સ્થિતપ્રજ્ઞ પણ ગીતાનો આગવો શબ્દ છે. આ બન્નેમાં જો માણસ સ્થિર થઈ જાય તો બીજું કશું પણ તેને કરવાપણું રહેતું નથી તે મોક્ષને પાત્ર બનેજ. આ બન્ને સ્થિતિ એવી છે જેમાં સાધકને પરમ શાંતિનો અનુભવ થાય છે.

શંકરાચાર્યના કહેવા અનુસાર પાપ અને પુણ્ય કર્મો જીવનમાં

વધતા રહેવાના કારણે માણસને સારા અને ખરાબ જન્મો થાય છે અને સુખદુ:ખની પ્રાપ્તિ થાય છે, જેથી માણસજન્મ મરણના ચક્રમાંથી બહાર નીકળી શકતો નથી. આથી સંસારમાંથી નિવૃત્ત થઈ શકતો નથી.

આચાર્ય કુન્દ કુન્દે સમયસારમાં પુણ્ય અને પાપાચાર બાબતે ખૂબ જ સ્પષ્ટ કહ્યું છે કે અશુભ કર્મને તમો કુશીલ કર્મ કહો છો અને શુભ કર્મને સુશીલ કર્મ કહો છો. આમ બન્ને કર્મો માણસને સંસારમાં ઘસડી જ લાવે છે તે તો નક્કી જ છે. જે કર્મ સંસારમાં લઈ આવે તે કર્મ સુશીલ કેમ કહી શકાય? કારણ કે સંસાર જ દુ:ખદાયક છે. જે રીતે લોખંડની સાંકળ બાંધે છે તે જ રીતે સોનાની સાંકળ પણ બાંધે છે. એજ રીતે માણસે કરેલું કર્મ પછી શુભ હોય કે અશુભ હોય તે બાંધે જ છે. એટલે કર્મ માત્ર બંધનકારક છે, માટે કર્મથી નિવૃત્ત થાવ. એટલે કે બંનેમાં રાગ રાખો નહિ અને સંસર્ગ પણ ન કરો... કારણ કે સંસર્ગ અને રાગથી સ્વાધીનતાનો વિનાશ થાય છે.

ગીતા સ્પષ્ટ કહે છે કે કર્મ બાંધતા જ નથી. પછી તે ખરાબ હોય કે સારા હોય એ પ્રશ્ન જ નથી. કર્મમાં બાંધવાની શકિત જ નથી. કર્મ તો નિર્જીવ છે, તેમાં બાંધવાની કે છોડવાની શકિત જ નથી. તે કેમ બાંધી શકે? જે કાંઈ બાંધે છે તે કર્મમાં રહેલી, આપણી ફલાશા, અહંકાર, આસક્તિ, મોહ, મમતા, વાસના અને ઇચ્છા. ફલાશાની પાછળ આ બધા લંગર લાગે જ છે, માટે ગીતા કહે છે કે ફલાશા છોડીને કર્મ કર્યા જ કરો, બંધનકારક લાગશે નહીં. અને કર્મ છોડું છું એમ કહેવાથી કર્મ છુટતા જ નથી કારણ કે જીવવું એ પણ કર્મ છે. માટે ગીતા કહે છે કે ફલાશા છોડવી એજ ઉત્તમ રસ્તો છે. આ રીતે કર્મ કરવાથી શાંતિમાં ભંગ થતો નથી, અને કર્મ પણ સારી રીતે થાય છે, આપણી શકિત પૂરેપૂરી કર્મમાં રેડાય છે જેથી ફળ સારું મળે છે. ફલાશા છોડવાનો એવો અર્થ નથી કે ફળ મળતું જ નથી એવું નથી, પણ હજાર ગણું સારું મળે છે, કારણ કે આપણી શાંતિમાં ભંગ થતો નથી. જે કાંઈ મળે તે પ્રસાદ તરીકે સ્વીકારો એટલે આનંદમાં વધારો થવાનો. આમ ગીતા કહે છે કર્મ બંધાતા નથી. આ રીતે કર્મ કરનાર મોક્ષ પ્રાપ્ત કરે જ છે. કારણ કે કર્મ ચિત્તની શુદ્ધિ કરે છે અને શુદ્ધિ એજ સિદ્ધિ છે.

શંકર ભાષ્યમાં શોક અને મોહ ને સંસારનું બીજ કહ્યું છે, જ્યારે આચાર્ય કુન્દ કુન્દએ પ્રવચન સારમાં મોહ અને ક્ષોભરહિત આત્માનું પરિણામ સામ્યભાવ કહ્યો છે અને તેના મતથી સામ્યભાવ જ ધર્મ છે અને ધર્મ જ મોક્ષનું બીજ છે એમ કહ્યું છે. જ્યારે ગીતા સ્પષ્ટ કહે છે કે સમતા અને સમત્વ એજ મોક્ષનો દરવાજો છે. એટલે કે સમતા, સમત્વમાં જે સ્થિર થાય તે મોક્ષનો અધિકારી બને જ. ગીતાનો સ્પેશ્યલ શબ્દ છે સ્થિતપ્રજ્ઞ. આ સ્થિતિએ માણસ પહોંચે એટલે આત્મ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

કુન્દ કુન્દ સમયસારમાં જણાવે છે કે સામ્યભાવમાં સ્થિરતા એજ આત્મજ્ઞાનની પ્રાપ્તિ છે, એજ પરમાર્થ પ્રાપ્તિ છે. જે માણસ પરમાર્થની બહાર છે, એટલે કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ નથી થઈ તેવો માણસ વ્રત કરે, નિયમોનું પાલન કરતો હોવા છતાં અને શીલમાં સ્થિર થયો હોય અને તપ પણ કરતો હોય તો પણ તે મોક્ષનો અધિકારી થતો જ નથી. પરમાર્થ રૂપ એટલે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેજ જીવ જ શુદ્ધ છે, કેવલી છે, મુનિ છે વગેરે નામ પ્રાપ્ત કરેલ હોય તેને જ મોક્ષ મળે છે, નિર્વાણપ્રાપ્ત થાય છે તેમ સ્પષ્ટ કહે છે. આમ આત્મજ્ઞાન જ મોક્ષ માટે જરૂરી છે એમ કુન્દ કુન્દ કહે છે. તેજ વાત ગીતા પણ કહે છે. ગીતા સ્પષ્ટ કહે છે સ્વ. સ્વરૂપને જાણો, તેમાં સ્થિર થાવ એજ મોક્ષ છે, સ્વ સ્વરૂપને જાણવું એજ આત્મજ્ઞાનની પ્રાપ્તિ છે.

ગીતામાં જ્ઞાનનિષ્ઠા, કર્મનિષ્ઠા, ભક્તિ અને યોગનું અલગ અલગ વર્ણન છે તે જોવા મળે છે. સૌની સાધનાની ખાસિયતો અલગ અલગ છે, પણ બધામાં અંતે તો શુદ્ધ જ થવું પડે છે ને બધાનું ફળ તો આત્મજ્ઞાન છે. ગીતા સ્પષ્ટ કહે છે જ્ઞાન જ મુક્તિ દાતા છે, અને જ્ઞાન જેવી પવિત્ર કોઈ ચીજ આ દુનિયામાં નથી અને જ્ઞાનની પ્રાપ્તિ પછી કાંઈ જાણવાનું બાકી રહેતું નથી, તમામ સંશયો ખતમ થાય છે, ને અભયમાં સ્થિત થઈ જવાય છે ને અભય એજ મુક્તિ છે.

આત્મામાં જન્મથી છ વિકારોનો અભાવ છે જેથી તે અકર્તા છે, જે સાંખ્યબુદ્ધિ છે, અને કર્મ યોગથી થવાવાળી નિષ્ઠા યોગબુદ્ધિ છે, સમયસારમાં જ્ઞાનનિષ્ઠાને નિશ્ચયની દૃષ્ટિથી અને કર્મનિષ્ઠાને વ્યવહાર દૃષ્ટિથી નિરૂપણ કરવામાં આવેલ છે. જ્યારે આચાર્ય શંકરના અનુસાર જ્ઞાન અને કર્મ આ બન્નેનું એક જ માણસમાં હોવાનું અસંભવ છે એમ કહે છે, જ્યારે જૈન દર્શન અનુસાર એ બન્ને એક જ માણસમાં હોવાનું સર્વથા ન હોય એમ કહેવું ઉચિત નથી પણ ક્યારેક સંભવ છે એમ કહે છે.

ગીતા અનુસાર શરીરધારી આત્માની આ વર્તમાન અવસ્થામાં જેમ બાલ્યાવસ્થા, તરુણાવસ્થા અને વૃદ્ધાવસ્થા આ પરસ્પર ત્રણ અવસ્થાઓ હોય છે. એ જ રીતે આત્માને દેહાંતરની પ્રાપ્તિ એટલે કે આ શરીરથી બીજા શરીરની પ્રાપ્તિ થાય છે. બુદ્ધિમાન માણસ આ વિષયમાં મોહિત થતો નથી. આમ શરીર, મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોથી સંપૂર્ણ, સર્વથા સર્વ રીતે વિચ્છેદતા ધારણ કરે છે, ને આત્મામાં જ રમણ કરે છે. તેવો માણસ સુખદુ:ખથી અલિપ્ત રહે છે. આવો માણસ સુખ-દુ:ખ, લાભ-નુકસાન, માન-અપમાન, કીર્તિ-અપકીર્તિ, નિંદા-પ્રશંસા અને જય-પરાજયને સમાન ગણીને સહન કરે તેણે સમતા ધારણ કરેલ છે. ગીતામાં કહેવાયું છે સમતા અને સમત્વ એજ મોક્ષનો દરવાજો છે. જૈન દર્શન આ મુદ્દા પર સહમત છે.

જૈન દર્શન સ્પષ્ટ કહે છે કે જે માણસ શત્રુ અને મિત્રના સમૂહને સમાન ભાવથી જુએ, સુખ અને દુ:ખ એક સમાન છે તેવા ભાવમાં સ્થિર થાય, તેમજ પથ્થર અને સોનું બંનેને એક સરખું ગણે અને જીવન અને મૃત્યુમાં એક જ ભાવમાં સ્થિર થયેલો સાચો સાધુ છે, સાચો શ્રમણ છે એમ કહે છે.

ગીતા સ્પષ્ટ કહે છે કે સુખ-દુ:ખ લાભ-નુકસાન, જય-પરાજય ને સમાન માનીને કોઈપણ ચેષ્ટા કરે કે યુદ્ધ કરે તો તેને પાપ લાગતું જ નથી, એટલે કે જ્ઞાની માણસ કદી પણ પાપ કર્મ કરી શકતો જ

નથી તેમ સ્પષટ કહે છે. તેથી જ કૃષ્ણ અર્જુનને ગીતામાં કહે છે કે તું અનાસક્ત ભાવમાં સ્થિર થઈને યુદ્ધ કર. આમ સિદ્ધિ અને અસિદ્ધિને સમાન ગણીને કર્મ કરવું તે જ સમત્વ, સમતા છે તેમ કૃષ્ણ કહે છે.

સમત્વ યોગ ધારણ કરનારને ગીતા સ્થિતપ્રજ્ઞ કહે છે જ્યારે જૈન દર્શન તેને સમ્યક્ દૃષ્ટિ કહે છે. જ્યારે માણસ બધી જ મનોગત કામનાઓ, વાસનાઓ, ઈચ્છાઓ રાગદ્વેષ, અહંકાર, તૃષ્ણા વગેરે છોડીને આત્મામાં સંતુષ્ટ થાય છે, તેમાં જ સ્થિર થાય છે તેને ગીતા સ્થિતપ્રજ્ઞ કહે છે. તાત્પર્ય એ છે કે માણસ પોતાના અંતરાત્મ-સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે તે બહારના કોઈપણ જાતના લાભની, લાલચની અપેક્ષા રાખતો નથી. પોતે પોતાની રીતે સંપૂર્ણ સંતોષી રહીને એટલે કે, પરમાર્થ દર્શનરૂપ અમૃતરસના લાભથી તૃપ્ત હોય છે, ને અન્ય અનાત્મ પદાર્થોથી અસંગ બુદ્ધિવાળો અને તૃષ્ણા રહિત માણસ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે, એટલે કે જેમની બુદ્ધિ આત્મ-અનાત્મના વિવેકથી ઉત્પન્ન થઈ સ્થિર થઈ ગઈ છે, તે જ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. આવો જ માણસ જ્ઞાની છે એમ ગીતા કહે છે ને જ્ઞાની માણસ જ મોક્ષ પામે છે. મોક્ષ માટે જ્ઞાન અનિવાર્ય છે, એમ ગીતા સ્પષ્ટ કહે છે.

જૈન દર્શન સ્પષ્ટ કહે છે કે આત્મ-અનાત્મજ્ઞાન વિના જે જે ક્રિયાઓ માણસ કરે છે તે ક્રિયાઓ શરીર અને ઈન્દ્રિયોને ક્ષીણ કરનાર છે. પુત્ર, ધન અને લાભની તમામ તૃષ્ણાઓનો ત્યાગ કરનાર સંન્યાસી છે, આત્મારામ છે, આત્મક્રીડક છે અને સ્થિતપ્રજ્ઞ છે એમ છહઢાંલમાં કહેવામાં આવ્યું છે. જે માણસ દુઃખોમાં ઉદ્વેગ પામતો નથી, સુખોમાં જેમની સ્પૃહા નથી અને રાગદ્વેષ, ભય તથા ક્રોધ નષ્ટ કર્યા છે તે વ્યક્તિ સ્થિતપ્રજ્ઞ છે.

રાગના વિષયમાં આચાર્ય કુન્દ કુન્દ સમયસારમાં કહે છે કે રાગી જીવ કર્મને બાંધે છે એટલે કે આસક્ત માણસ બંધાય છે, જે ગીતા પણ કહે જ છે, અને વૈરાગી માણસ કર્મથી છૂટે છે, આ જિનેન્દ્ર ભગવાનનો ઉપદેશ છે; માટે કર્મોમાં રાગ ન જ કરો. ત્યાં ગીતા બહુ જ સ્પષ્ટ કહે છે કે કર્મ છોડવાનું કહેવાથી છુટતા જ નથી. જીવવું એ પણ કર્મ જ છે તો છુટીને જશો ક્યાં? આમ કર્મ છોડવાની વાત બરાબર નથી તેમ ગીતા સ્પષ્ટ કહે છે; પણ કર્મની પાછળ જે આપણી ફલાશા છે, રાગ છે તે છોડવો જોઈએ જે છૂટી શકે છે.

સમયસારની ગાથામાં કહેવામાં આવ્યું છે કે સમ્યક્ દૃષ્ટિ જે માણસને પ્રાપ્ત થાય તે સાવ શંકા રહિત થઈ જાય છે; એટલે કે તેના તમામ સંશયો નાબુદ થઈ જાય છે ને અભયી બની જાય છે અને તે સત્યમય બની રહે છે.

ગીતામાં કહેવાયું છે કે જે માણસ શરીર વગેરેથી અલિપ્ત થઈ ગયો હોય તે શુભ કે અશુભ પ્રસંગથી નથી સુખી થતો કે નથી દુઃખી થતો, તેની પ્રજ્ઞા સ્થિર થઈ છે. અને જે જ્ઞાનનિષ્ઠામાં સ્થિર થયેલો છે તેવો માણસ કાચબો જેમ પોતાના અંગો સંકોરી લે છે તેમ જ્ઞાની તમામ વિષયો અને વિષયોની વૃત્તિ સંકોરી લે છે, અને સારી રીતે રોકી લે છે. અને આવા માણસની બુદ્ધિ પ્રતિષ્ઠિત થયેલી હોય છે, તેને જ સ્થિતપ્રજ્ઞ કહ્યો છે.

જ્ઞાનાર્ણવમાં કહેવામાં આવ્યું છે કે જે માણસ પ્રાપ્ત થયેલી પાંચ ઇન્દ્રિયો દ્વારા પરાધીન છે, બંધાયેલો છે, બંધનયુક્ત છે અને બંધન જ દુઃખનું કારણ છે, ઇન્દ્રિયજન્ય દુઃખનું કારણ હોવાથી સમયસારમાં કહેવાયું છે કે શુભપયોગ અને અશુભપયોગ બન્નેને સમાન બતાવવામાં આવેલા છે. જ્યારે શરીર દુઃખ ભોગવતું હોય ત્યારે જીવનો શુભ ઉપયોગ કઈ રીતે થઈ શકે? જે માણસ પુણ્ય અને પાનમાં વિશેષતા જોતો નથી તેવો માણસ મોહ આચ્છાદિત થઈને ભયાનક સંસારમાં ભટકતો રહે છે.

ગીતાએ કહ્યું છે કે આત્મા મરતો નથી. કોઈનાથી નષ્ટ થતો જ નથી તે શાશ્વત છે, ને અનંત છે, સંપૂર્ણ છે, સર્વજ્ઞ છે, અને સર્વત્ર છે. તેને જાણ્યા પછી જગતમાં કાંઈ પણ જાણવાનું બાકી રહેતું જ નથી. જાણનાર પોતે જ સર્વજ્ઞ બની જાય છે, તે તેની વિશેષતા છે.

સમયસારમાં જણાવ્યું છે, જે માણસ એમ માને છે કે હું બીજા જીવને મારું છું એમ માનનાર મૂઢ છે, અજ્ઞાની છે ને આનાથી વિપરીત માનનાર જ્ઞાની છે એટલે કે અહિંસાનું ચુસ્તરીતે પાલન કરનાર જ્ઞાની છે, એમ કહે છે. પણ આ અધૂરું લાગે છે. કારણ કે અહિંસા બાહ્ય કર્મ છે, આંતરિક કર્મ નથી માટે તેને જ્ઞાની કહી શકાય નહિ. જ્ઞાની એ છે જેમણે આંતરિક શુદ્ધતા પ્રાપ્ત કરી છે. અહિંસક આંતરિક રીતે શુદ્ધ થયેલો ન પણ હોય આવું બને જ. આપણે સમાજમાં જોઈએ છીએ કે અહિંસામાં માનનારા અપ્રમાણિક વ્યવહારો કરતા જ હોય છે, કપટ કરીને પૈસા બનાવે જ છે. બીજા પાસેથી ઝૂંટવી લેવું, અનીતિ આચરવી તે પણ હિંસા છે. આમ અહિંસા માત્ર પશુને મારવા પુરતી મર્યાદિત નથી તેનો વ્યાપ ઘણો મોટો છે.

ગીતામાં કહેવાયું છે કે જે રીતે માણસ જૂનાં કપડાં કાઢી નાખીને નવા કપડાં પહેરે છે તે જ રીતે આત્મા જૂનું શરીર છોડીને નવું શરીર ધારણ કરે છે. આ અભિપ્રાયને આચાર્ય પૂજ્યપાદે સમાધિતંત્રમાં આ પ્રમાણે કહ્યું છે. બુદ્ધિમાન માણસ જે રીતે પોતાના વસ્ત્રો જૂના થવાથી પોતે જૂનો, ઘરડો છે એમ માનતો નથી તેમ તે જ રીતે માણસ ઘરડો થવાથી આત્મા ઘરડો થતો નથી તેમ કહ્યું છે.

ગીતામાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે આત્માને કોઈ શસ્ત્ર કાપી શકતું નથી, અગ્નિ તેને બાળી શકતું નથી, પાણી તેને ભીંજવી શકતું નથી, વાયુ તેને ઉડાડી શકતું નથી અને આત્મા સાવ જ અસંગ છે, તેનામાં કોઈ વૃત્તિ નથી. આ જગતમાં જેણે જન્મ લીધો તેનું મૃત્યુ નિશ્ચિત છે, તેમાં કોઈ ફેરફાર કરી શકતું જ નથી. તેમાં પરમાત્મા પોતે પણ હાથ નાખતો નથી. જે વસ્તુ નિશ્ચિત છે, તેનો મનમાં શોક કરવો વ્યર્થ છે, એમ ગીતાનું ને જૈન દર્શનનું બન્નેનું મંતવ્ય છે. એટલે જે થવાનું જ છે તેને આનંદ સાથે સ્વીકાર કરવામાં જ શાંતિ છે, તેમાં રોકકળ કરવાનો કોઈ જ અર્થ નથી, સ્વીકારવામાં જ મઝા છે. જે નિશ્ચિત છે તેને માટે ચિંતા કરવાનો કોઈ જ અર્થ નથી. તેની પાછળ કોઈ જાતના વિધિવિધાન કરવાનો કોઈ જ અર્થ નથી. બનવા કાળે બનવાનું જ છે તેમ માનીને ચાલો તેમાં જ મજા છે.

ગીતામાં કહેવામાં આવ્યું છે કે નિરાહારી વિષયોથી નિવૃત્ત હોય

છે, તેમજ આત્મજ્ઞાન અથવા બ્રહ્મનિષ્ઠ થવાથી અને આસક્તિ, મોહ, અહંકાર, રાગદ્વેષ, તૃષ્ણા, ઈચ્છા વગેરેથી નિવૃત્ત થનાર મોક્ષ પ્રાપ્ત કરે છે. એજ રીતે પ્રવચન સારમાં મુનિની નિરાહારી હોય છે માટે તેથી તે વિષયોથી નિવૃત્ત થયેલો હોય છે ને મુનિનો આત્મા પરદ્રવ્યને ગ્રહણ ન કરતો હોવાથી નિરાહારી સ્વભાવવાળો જ હોય છે. એ જ એમનું આંતરિક તપ છે, અને મુનિ હંમેશાં આંતરિક તપની ઇચ્છા કરતા હોય છે અને આંતરિક શુદ્ધિમાં તેઓ સ્થિર થયેલ હોય છે. એષણા, મોહ, મમતા, તૃષ્ણા, લોભ, કામના, વાસના, ઇચ્છા વગેરેથી મુક્ત હોય છે ને તેઓ આહાર કરતાં હોવા છતાં નિરાહારી છે એમ જૈન દર્શન કહે છે.

ગીતામાં કહેવામાં આવ્યું છે કે રાગ અને દ્વેષથી રહિત અને પોતાના વશમાં તમામ ઈન્દ્રિયો કરેલી હોય અને તે કોઈ વિષયોને ગ્રહણ કરતો ન હોય તેવો માણસ પ્રસાદને પ્રાપ્ત કરે છે એટલે કે પરમ શાંતિ પ્રાપ્ત કરે છે. એજ રીતે નિયમસારમાં પણ કહેવામાં આવ્યું છે કે જે માણસ રાગાદિ વિષયો પર વિજય મેળવે છે તે યોગી કહેવાય છે અને યોગી એટલે આંતરિક શુદ્ધિ જેમણે પૂરેપૂરી પ્રાપ્ત કરી છે.

ગીતાના કહેવા અનુસાર પોતપોતાના વિષયમાં વિચારતી ઈન્દ્રિયો જે વિષયમાં જાય છે ત્યાં એની પ્રજ્ઞા ખત્મ થઈ જાય છે. જે રીતે દરિયામાં હવા જહાજને લઈ જાય છે તેમ ઈન્દ્રિયો ભમ્યા કરે છે. મન કદીપણ સ્થિર હોતું નથી તેમજ એકાગ્ર પણ હોતું નથી. આમ તેનું જીવન રૂપી વહાણ ખરાબે ચડી જાય છે. જ્ઞાનાર્ણવમાં કહેવામાં આવ્યું છે કે જે માણસ વિષયોમાં ભરપૂર દટાઈ ગયો છે, શામેલ થયો છે, એટલે કે વિષયોમાં જ મગ્ન છે તેની વિષયેચ્છા ખૂબ જ વધી જાય છે અને તેનો સંતોષ નષ્ટ થઈ જાય છે અને વિવેકનો નાશ થઈ જાય છે.

ગીતા કહે છે કે જે માણસ પોતાની ઈન્દ્રિયોને વિષયોમાં જતી રોકે છે એની બુદ્ધિ સ્થિર થાય છે, જ્યારે જ્ઞાનાવર્ણમાં કહેવાયું છે કે ચિત્તને સ્થિર કરવાથી બુદ્ધિ પ્રતિષ્ઠિત થાય છે, તેવો ઉપદેશ દેવામાં આવ્યો છે. હે આત્મન્ આ મારી ઈન્દ્રિયોના વિષયોને ઠીક કરવા માટે જ હું પ્રવૃત્ત થયો છું એમ હું માનું છું; માટે મારા ચિત્તને સ્થિર કરો અને વિષયોમાં કલંકિત ન થાય તેવું કરો, તેવી પ્રાર્થના પણ આપેલ છે.

ગીતા બહુ જ સ્પષ્ટ માને છે કે જે માણસ સમસ્ત કામો, વાસનાઓ, તૃષ્ણાઓ, ઈચ્છાઓ અને અહંકાર છોડી દઈને નિસ્પૃહ થઈને સમાજમાં વિચારે છે અને જે મમતા, આસક્તિ, મોહથી રહિત છે તે પરમ શાંતિ પામે છે.

આચાર્ય શંકરે કહ્યું છે કે જે સંન્યાસી સંપૂર્ણ કામનાઓ ને ભોગોનો અશેષતઃ ત્યાગ કરીને જીવન માત્રમાં નિમિત્ત જ ચેષ્ટા કરવાવાળો થઈને વિચરે છે તથા જે સ્પૃહાથી રહિત છે એટલે કે નિમિત્ત માત્ર પણ જેમની લાલસા, તૃષ્ણા નથી અને મમતાથી રહિત છે એટલે કે શરીર જીવવા માટે આવશ્યક પદાર્થોના સંગ્રહમાં પણ આ મારો પદાર્થ છે એવો ભાવ પણ ન જ રાખે તથા અહંકાર રહિત છે એટલે કે વિદ્વત્તા વગેરેના સંબંધમાંથી થવાવાળું આત્માભિમાનથી સાવ જ રહિત છે એવા સ્થિતપ્રજ્ઞ બ્રહ્મવેત્તા જ્ઞાની સંસારના તમામ પ્રકારના દુઃખોથી નિવૃત્ત રૂપ મોક્ષ નામની પરમ શાંતિ પ્રાપ્ત કરે છે. જ્યારે જ્યારે જ્ઞાનાવર્ણમાં કહેવામાં આવ્યું છે કે જો માણસ કામ ભોગોથી વિરક્ત થઈને શરીરની સ્પૃહા છોડીને નિર્મમતાને પ્રાપ્ત થાય તો ધ્યાતા બની શકે છે અન્યથા નહીં તેમ કહ્યું છે.

નિર્મમત્વના વિષયમાં ઈષ્ટોપદેશમાં કહેવામાં આવ્યું છે કે મમતાયુક્ત જીવ બધેજ છે, તથા મમતા રહિત માણસ મુક્તિને પામે છે એટલે સમસ્ત શક્તિથી નિર્મત્વનું ચિંતન કરો એમ કહ્યું છે. ટૂંકમાં મોહ અને અહંકારથી મુકત થાવ તોજ સિદ્ધિ હાથવગી થાય છે.

ગીતામાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે કર્મોમાં અભિમાન અને આસક્તિનો ત્યાગ કરવાથી માણસ નિત્ય તૃપ્ત રહી શકે છે. આવો માણસ કર્મ કરવા છતાં કાંઈ જ કરતો નથી એજ તેની વિશેષતા છે. કારણ કે તે અકર્તૃત્વમાં સ્થિર થયેલો છે જેથી તે કર્મ કરતો હોવા છતાં કરતો જ નથી એમ ગીતા ઠોકી ઠોકીને કહે છે તેજ કર્મ કરવાની સાચી રીત છે તેમ કહે છે. આ રીતે કર્મ કરવાથી માણસની શાંતિમાં ભંગ થતો નથી અને સુખદુઃખથી પર થઈ જાય છે. સમયસારમાં પણ કહેવામાં આવ્યું છે કે જ્ઞાની માણસ બધા જ દ્રવ્યોમાંથી રાગ છોડનાર છે એટલે કર્મ કરવા છતાં તેનાથી લિપ્ત થતો નથી અસંગ રહી શકે છે. જીવનમાં અસંગતા જ શાંતિ આપે છે ને પરમ શાંતિ એજ જીવનની સિદ્ધિ છે.

ગીતામાં કહેવાયું છે કે જે માણસ સમસ્ત આશાઓથી દૂર થઈ જાય છે તે ચિત્ત અને શરીર બહુ જ સારી રીતે વશમાં કરી જ લે છે અને જેમણે તમામ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કર્યો છે તે માણસ ગમે તે કામ કરે તો તેને પાપ લાગે જ નહીં એટલે કે જ્ઞાની માણસ કદી પણ પામ કામો કરે જ નહીં; તેનાથી જે કામ થાય તે પુણ્યશાળી હોવાનું એમ ગીતા સ્પષ્ટ કહે છે, એટલે અજ્ઞાની દ્વારા જે કંઈ કર્મો થાય તે પાપયુક્ત જ હોવાના.

ગીતા કહે છે કે પોતે પોતાની રીતે પ્રાપ્ત કરેલ વસ્તુ, પદાર્થથી જે માણસ સંતુષ્ટ છે જે તમામ પ્રકારના દ્વન્દ્વોથી અલિપ્ત છે, તેમાંથી બહાર નીકળી ગયેલ છે. જેના ચિત્તમાં વિષાદ નથી, ઇર્ષા નથી, સિદ્ધિ, અસિદ્ધિથી પર થઈ ગયેલ છે તેવો માણસ કર્મ કરતો હોવા છતાં તેને બંધનકારક કર્મ બનતું જ નથી. પ્રવચન સારમાં કહેવાયું છે કે આલોકથી નિરપેક્ષ અને પરલોકની આકાંક્ષા રહિત સાધુ કષાય રહિત થઈ જાય છે એટલે કે ક્રોધ, લોભ, માન અને માયા રહિત થઈ જાય છે. તે યોગ્ય રીતે આહાર વિહાર કરનાર હોય છે. આ તેમનું અંતર તપ છે અને નિરંતર તપ કરવાની ઇચ્છા રાખે છે અને તમામ પ્રકારની ઈર્ષાથી મુક્ત હોય છે. આમ શુદ્ધ થઈ ગયેલ હોય છે. શુદ્ધતા એજ જીવનની સિદ્ધિ છે.

ટૂંકમાં બન્ને આંતરિક શુદ્ધતા પર ભાર મૂકે છે અને આંતરિક શુદ્ધતા એજ જ્ઞાનની પ્રાપ્તિ છે ને જ્ઞાનની પ્રાપ્તિથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે. મોક્ષ એટલે પરમ શાંતિ, પરમ આનંદ અને પરમ સુખની સ્થિતિ અને જન્મ મરણના ચક્રમાંથી મુક્તિ, આજ અંતિમ ઉપદેશ છે. ✷

# ફૂલનું વિકસવું, સુગંધનું ફેલાવું

**❑ ગીતા જૈન**

રોટેરીયન ડૉ. એલ. કે. શર્માએ ૫ આંગનવાડી કેન્દ્રોથી, એપ્રિલ-૨૦૧૨માં રોટરી ક્લબ દ્વારા અયોજિત, 'અટલ બાળ મિત્ર યોજના'માં કુપોષિત બાળકોની જવાબદારીના પ્રોજેક્ટની શરૂઆત કરી.

આ પ્રોજેક્ટ વિસ્તૃત પ્રમાણમાં વિસ્તારીત થાય, એ આશયથી ભાઈ ગુલનશજીએ મારી મુલાકાત ડૉ. શર્મા સાથે તા. ૧૮-૫-૨૦૧૬ના રોજ કરાવી. એ ઉપરાંત ગર્ભવતી મહિલાઓ માટે દવાના વિતરણ કાર્યક્રમમાં મને સામેલ કરી.

WHOની વાત મારા હૃદયને સ્પર્શી ગઈ. જન્મ લઈ ચૂકેલ, ઓછા વજનવાળા બાળકોના ઉપચાર કરવા કરતાં, ગર્ભવસ્થા દરમ્યાન સ્ત્રીઓની સારી સંભાળ કરવાથી કુપોષિત બાળકોનું જન્મ પ્રમાણ ઘટશે અને તંદુરસ્ત બાળકોનું જન્મ પ્રમાણ વધશે.

ડૉ. શર્મા સાહેબને ઉપચાર કરતાં પહેલા સંભાળની વાત ખૂબ જ પસંદ પડી ગઈ અને તેઓએ આ કાર્યક્રમ ૨૦૧૨માં પૂરા જોમ સાથે આગળ વધાર્યો. ચાર વર્ષ દરમિયાન કેટકેટલી સમસ્યા, અડચણો સાથે તથા તકલીફોનો સામનો કરતાં તેઓ થાકયા ન હતા. હવે તેમની પાસે કુશળ ટીમ તૈયાર થઈ ગઈ છે. આજે ૯ આંગનવાડી કેન્દ્રોથી લગભગ ૨૦,૦૦૦ પછાત વસતી સ્ત્રીઓ સુધી આ પ્રોજેક્ટ વિસ્તારીત થયો છે.

આ કાર્યને આગળ વધારવા નીચેના મુદ્દાઓ ઉમેર્યા.

-ક્ષેત્રની દરેક ગર્ભવતી મહિલાઓને પ્રોજેક્ટમાં દાખલ કરવી અને નિઃશુલ્ક સલાહ આપવી.

–આ ગર્ભવતી મહિલાઓની સોનોગ્રાફી, લોહી તથા પેશાબની નિઃશુલ્ક તપાસ કરવી.

–વિટામીન તથા લોહી માટે નિઃશુલ્ક દવા આપવી, નિઃશુલ્ક રસી મૂકાવી, સમતોલ આહાર તથા તપાસણી કરવા આંગનવાડીના કાર્યકર્તાઓની સેવા લેવી.

–નિઃશુલ્ક પ્રસવની સગવડ, સિજેરીયન તથા અન્ય મુશ્કેલ ઉપચાર જિલ્લા ઉપચાર કેન્દ્ર અથવા સાથી સહયોગી પાસે કરાવવા.

–આ બધી વ્યવસ્થા 'માનસી મા બેટી', સેવા સમિતિ, રોટરી ક્લબ, તથા આઈ.સી.ડી. એસ. દ્વારા કરાવવામાં આવે છે.

ગર્ભમાં જીવિત ભ્રૂણની ચિંતા કરવાવાળા ડૉ. શર્મા સાહેબ સાથે વાતચીત કરતા, તેમના મનની સંવેદનશીલતાનો અનુભવ થયો. હૃદયથી તેઓ વગર બોલે આ યોજના આગળ ચલાવે છે, જે ભવિષ્યમાં આનંદ સાથે ઉગી નીકળશે અને બીજાઓને તેમની પ્રેરણા મળશે.

આ પ્રોજેક્ટ દ્વારા બાળ કુપોષણને ગર્ભથી અટકાવશે ઉપરાંત બાળ મૃત્યુના પ્રમાણમાં ઘટાડો થશે. નિશ્ચિત રૂપે આ પરિણામ ઉત્સાહપ્રેરક છે.

આ વિષયના મહત્ત્વને સમજીને, ભવિષ્ય માટે, વર્તમાનની પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કરનાર ડૉ. શર્મા સાહેબ પ્રોજેક્ટની સફળતા માટે આત્મીયતા-પૂર્વક સાથે જોડાઈ ચૂક્યા છે. એક પ્રોજેક્ટને સફળ બનાવવા માટે કંઈ કેટલાય સામાજિક અવરોધનો સામનો તથા સ્વાર્થનો ત્યાગ કરવો પડે છે. ડૉ. શર્મા સાહેબે આ બધું કરી બતાવ્યું અને તેને કારણે ડૉ. શર્મા સાહેબ હૉસ્પિટલની દરેક પ્રવૃત્તિઓમાં સહભાગી થઈ શકતા નહીં.

નાનકડા ગામડાઓમાં અશિક્ષિત અથવા અર્ધશિક્ષિત સ્ત્રીઓમાં જાગૃતિ લાવવાનું મુશ્કેલ કાર્ય આ પ્રોજેક્ટ દ્વારા શક્ય બન્યું છે. એક સ્ત્રીનો સફળતાનો અનુભવ મોઢે મોઢે કરેલી વાતોથી વધુ પ્રચાર થતો ગયો. અન્ય ગર્ભવતી સ્ત્રીઓને પણ તંદુરસ્ત બાળક માટે આશા વધતી ગઈ અને પ્રોજેક્ટમાં જોડાતી ગઈ. દરેક વિસ્તારમાં તંદુરસ્ત બાળક જન્મ લેશે તેમ આ પ્રોજેક્ટના કાર્યથી માતૃભૂમિની સેવા ઉત્તમ ગણાશે.

## પંથે પંથે પાથેય

ડૉ. શર્મા સાહેબ તથા તેમની સંપૂર્ણ ટીમનું કાર્ય ધીરે ધીરે સફળતાના શિખર પર પહોંચવા લાગ્યું. લગભગ ત્રણ વર્ષના સમયમાં, આશ્ચર્યજનક પરિણામ જોવા મળ્યું. મહિલા તથા બાળ વિકાસના પ્રમુખ મંત્રી જે. એન. કસોટિયાને જ્યારે પ્રોજેક્ટની ઉપયોગીતાનો ખ્યાલ આવ્યો કે તરત જ રાજ્ય સ્તરના બીજા જિલ્લાઓમાં આ યોજના શરૂ કરવાનો નિર્ણય લીધો. રાજ્યમંત્રી કે. એલ. અગ્રવાલ પણ આ યોજનાની જાણકારી મેળવી ખૂબ જ પ્રસન્ન થયા. ઘણી ચાહનાથી ડૉ. શર્મા સાહેબ માતૃ-શિશુ સ્વાસ્થ્ય મોડેલનું કાર્ય નિખાલસતાથી વિસ્તૃત કરતા રહ્યા. ઘણા ફેરફાર કર્યા જેથી યોજના જીવિત થઈ. આ મહેનતયુક્ત કાર્યને પાર પાડનાર ડૉ. શર્મા સાહેબે પોતાના કિંમતી સમય સાથે સાથે તન-મન-ધનનો ભોગ આપ્યો. જ્યારે આ યોજનાને રાજ્ય સ્તર પર પહોંચાડવાનો નિર્ણય લીધો ત્યારે તેમની આંખમાંથી હર્ષના આંસુ વહી રહ્યા હતા.

જ્યારે નિઃસ્વાર્થ ભાવથી અને પૂરી નિષ્ઠાથી કોઈ પણ અપેક્ષા વિના ભાવી પેઢીને ધ્યાનમાં રાખી, જે કામ થયું, તેનું પરિણામ મળે તેની પ્રતીતિ ડૉ. શર્મા સાહેબે કરી બતાવી.

સન્માન ઉપરાંત એવોર્ડથી પણ ઉપર આ પ્રોજેક્ટને લઈ જનાર ડૉ. શર્મા સાહેબ ખરા સમયે, સાચા વિચારોથી અને સાચી દિશામાં આગળ વધાર્યો.

કોઈપણ યોજના, તેના આધાર વગર સંભવ નથી. તેવી જ રીતે આ યોજનામાં ચાર આધાર જિલ્લા પ્રસાશન, માનસી મા-બેટી સેવા સમિતિ, આઈ.સી.ડી.એમ., રોટરી ક્લબ સહયોગી થઈ જોડાયા. તેથી આ યોજના ઉભી કરનાર ડૉ. શર્મા સાહેબ સન્માનપાત્ર બની રહ્યા. ✷ ✷ ✷

*મોબાઈલ : ૯૯૬૯૧૧૦૯૫૮.*

**અનુ. બીપીન એમ. શાહ**

# જ્ઞાન-સંવાદ

**સવાલ પૂછનાર : અનિલ એન. શાહ–અમદાવાદ**

**સવાલ :** તીર્થંકર મહાવીરે સાડા બાર વર્ષ તપ કર્યું. તો એ વર્ષો દરમિયાન દીર્ઘ ઉપવાસ સિવાય શું કર્યું? કોઈ ખાસ પ્રકારનું ધ્યાન ધર્યું હતું? જૈન આગમો પર આધારિત કોઈ વિદ્વાન આનો જવાબ આપશે તો મારા જ્ઞાનમાં વધારો થશે. (શું દ્વાદશાંગીમાં આનો ઉલ્લેખ છે?)

**જવાબ આપનાર : ગોંડલ સંપ્રદાયના પ. પૂ. શ્રી ધીરજમુનિ**

**અને સંકલનકર્તા : વિદ્વાન વિદૂષી ડૉ. પાર્વતીબેન ખીરાણી**

**જવાબ :** ચરમ તીર્થંકર શાસનનાયક શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કારતક વદ ૧૦ના સંયમ સ્વીકારી કર્મશત્રુ સામે જંગ ખેલી, મોહની સેનાને પરાસ્ત કરી કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરી.

સાડા બાર વર્ષની ઉગ્ર સાધના અપ્રમત્તભાવે કરી, એક બાજુ ૨૩ તીર્થંકરના કર્મ અને બીજી બાજુ પ્રભુ મહાવીરના કર્મ, બંનેની સરખામણી કરીએ તો પ્રભુ મહાવીરના કર્મો વધારે હતા, તેમ છતાં તપ-ત્યાગની, ધ્યાનની, આત્મરમણતાની, કાઉસગ્ગની એવી ધૂણી ધખાવી કે કર્મલાકડાંને ભસ્મિભૂત કરી નાંખ્યા.

પ્રભુ વીર ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં. ક્યારેક શૂન્ય ખંડેરોમાં, ક્યારેક સભા ભવનમાં, ક્યારેક પરબોમાં–દુકાનોમાં નિવાસ કરતા હતા, તો વળી ક્યારેક લુહાર, સુથાર, સોની આદિની દુકાનોમાં તો વળી ક્યારેક ઘાસની ઝૂંપડીમાં નિવાસ કરતાં હતા. તેસ્થાનોમાં રહી આર્ત-રૌદ્રધ્યાનને દૂર કરી ધર્મધ્યાનમાં-કાયોત્સર્ગમાં સ્થિર થયા. તે સમયે તિર્યંચોના-મનુષ્યોના અને દેવોના ઉપસર્ગોની ઝડીઓ વરસી છતાં પણ પ્રભુ ધ્યાનસાધનામાંથી ચ્યૂત ન થયા. દેહાધ્યાસનો ત્યાગ કરી આત્મસ્વભાવમાં મગ્ન બન્યા. સમતાભાવને કદી ખંડિત થવા નથી દીધો. કેવી સહનશીલતાની સાથે તપની જ્યોત એવી જલાવી કે જે સાંભળતાં આશ્ચર્યચકિત થઈ જવાય. છમાસી તપ, પાંચમાસી–ચતુર્માસી તપ, માસખમણ, ૧૫ દિવસના ઉપવાસ, અઠ્ઠાઈ, છક્કાઈ, અઠ્ઠમ, છઠ્ઠ, તપ કર્યા. ઉપરાઉપરી બે દિવસ કદી વાપર્યું નથી. એકાસણાંથી ઓછું તપ નહીં. રાત્રીના સમયે પણ નિદ્રા નહીં કરવાની. સાધના કરતાં શરીર થાકી ગયું હોય તો સાડા બાર વર્ષમાં બહુ જ અલ્પ નિદ્રા કરેલી છે. પલાંઠી વાળીને કદી બેઠાં નથી. ઊભાં ઊભાં સાધના કરી. કોઈની સાથે વાતચીત નહીં કરવાની, કોઈ પૂછે કે તમે કોણ છો? 'હું ભિક્ષુ છું' એટલો જ જવાબ આપે.

અરે! કર્મ ખપાવવા માટે અનાર્યદેશમાં ગયા. ત્યાં છ-છ મહિના સુધી ભયંકર પરીષહો, ઉપસર્ગો સમભાવથી સહ્યા. તે ઉપસર્ગોનું વર્ણન સાંભળતાં આપણાં હાજાં ગગડી જાય. દિલ દ્રવી જાય.

જેમ કવચધારી યોદ્ધો યુદ્ધના મોરચે શસ્ત્રોથી વીંધાય તો પણ તેની પરવા ન કરે તેમ સંવર તપનું કવચ ધારણ કરી પ્રભુ વીર પરિષહોની, ઉપસર્ગોની સેનાથી પીડિત થવા છતાં કઠોરતમ કષ્ટોને સહન કરવામાં મેરૂપર્વતની જેમ અડગ રહી અપ્રમત્તભાવે સાધનામાં આગળ વધતાં જ રહ્યાં...

ઉનાળામાં ઉક્કડ આસન કરી સૂર્યાભિમુખ બેસી આતાપન લેતા અને પારણામાં પણ કોદ્રવ, બોરકૂટ, અડદા આદિ રૂક્ષ આહારથી શરીરનો નિર્વાહ કરતા.નિર્દોષ આહારની ગવેષણા કરતા, ભિક્ષુ–પક્ષીઓને કોઈને પણ અંતરાય ન થાય તેવી રીતે ભિક્ષા માટે જતા, ભોજન મળે કે ન મળે, પદાર્થ અનુકૂળ હોય કે પ્રતિકૂળ હર હાલતમાં માન મળે કે અપમાન થાય, કોઈ નિંદા કરે કે સ્તુતી કરે, શાતા આપે કે અશાતા આપે હર સંયોગોમાં પ્રસન્નતાથી તરબતર રહેતા હતા.

આ રીતે એકાંત, મૌન અને ધ્યાન કાયોત્સર્ગ તપની, તત્ત્વચિંતનની અપ્રમત્તભાવે સાધના કરી પ્રભુ વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા અને જગતજીવોનાં હિતાર્થે ધર્મ તીર્થની સ્થાપના કરી અનેક આત્માનો ઉદ્ધાર કર્યો.

આપણાં સૌનાં ઉપકારી પ્રભુ વીરનો જય હો–વિજય હો. જિનશાસન જયવંત વર્તો...

**શ્રી આચારાંગ સૂત્ર ગાથા ૧૪-૧૫ અનુસાર.**

आवि झाइ से महावीरे आसणत्थे अकुक्कुए झाणं।

उड्ढं अहे य तिरियं च, पेहमाणे समाहिमपडिण्णे।। १४

ભગવાન મહાવીર ઉક્કડુઆસન, વીરાસનાદિ આસનોમાં સ્થિત સ્થિરચિત્ત બનીને ધ્યાન કરતાં, ઊર્ધ્વ, અધો, મધ્યમ લોકમાં રહેલા જીવાદિ પદાર્થોના દ્રવ્ય પર્યાય નિત્યાનિત્યને ધ્યાનનો વિષય બનાવતા હતા અને સંકલ્પો વિકલ્પોથી દૂર રહીને આત્મસમાધિમાં જ લીન રહેતા હતા.

अकसायी विगयगेही य सद्-रूवेसु अमुच्छिए झाइ।

छअमत्थे विप्परक्कममाणे ण पमायं सइं पि कुव्वित्था।।

ભગવાન ક્રોધાદિ કષાયોને શાંત કરી, આસક્તિનો ત્યાગ કરી, શબ્દ રૂપ આદિના વિષયો પ્રત્યે અમૂર્ચ્છિત થઈ ધ્યાન કરતા હતા. આ રીતે છદ્મસ્થ અવસ્થામાં વિચરણ કરતાં તેઓએ ક્યારે પણ પ્રમાદ કર્યો ન હતો. અર્થાત્ સંયમમાં કોઈ પણ પ્રકારનો દોષ લગાડ્યો ન હતો.

✶ ✶ ✶

પાર્વતીબેન : ૦૯૮૬૯૭૮૭૬૯૨.

# ભાવ-પ્રતિભાવ

[*હાલમાં 'પ્રબુદ્ધ જીવન' વિશે એક પ્રશ્નાવલિ સહુ સભ્યોને મોકલી હતી અને એમાં સૂચનો મંગાવ્યા હતા. સહુ સભ્યોએ અમને પ્રોત્સાહિત કરતા જવાબો આપ્યા છે, જેમાંનાં કેટલાક જવાબો તમારી સમક્ષ રજૂ કરીએ છીએ.* LM*એટલે* Life Member.]

LM-88 – પ્રવિણ સી. શાહ Mum-4, Tel. 23885834. તંત્રી પદનો વારસો (Legacy) સેજલબેન ખૂબ જ સરસ રીતે મુરબ્બી શ્રી ધનવંતભાઈની પરંપરામાં આગળ ધપાવી રહ્યા છે. અભિનંદન/ શુભેચ્છાઓ.

LM-171 – કલ્પા હસમુખ શાહ Mum-6, Tel. 23678797 સંઘ યુવાન બને ટીમ સ્પીરીટથી ખભેખભા મીલાવી નવી ઉંચાઈઓને આંબે એ જ અપેક્ષા.

LM-247 – ધીરેન્દ્ર ન. મહેતા Mum-6, Mo. 91-932358002. Very Useful Magazine.

LM-180 – પ્રફુલ કાંતિલાલ શાહ, Mum-6. Mo. 9819861671. ઉત્તરોત્તર પ્રગતિ કરે એજ શુભેચ્છા.

LM-313 – અરુણા અજીત ચોકસી. Mum-6, Tel. 23631706. Awaited Eagerly.

LM-112– બસંરી પારેખ. Mum-4. Tel. 23852137. કાળક્રમે વાચક વર્ગ ઓછો થતો જાય છે. પ્રકાશનનો ખર્ચ ઉત્તરોત્તર વધતો જાય છે. આવા સંજોગોમાં સંઘ તરફથી અન્ય સામાજિક સેવા કરતી સંસ્થાઓને આર્થિક મદદ થાય, વિશેષ ધ્યાન અપાય તે યોગ્ય છે.

LM-184 – પ્રકાશ ડી. શાહ, Mum-6, Tel. 23691403. જૈન ધર્મનું જ્ઞાન આપતું ખૂબ જ લોકપ્રિય માસિક. સરસ્વતી દેવી (જુદા જુદા સ્વરૂપે).

LM-117 – વસંત કાંતિલાલ મોદી, Mum-6, Tel. 23692260. 'પ્રબુદ્ધ જીવન' ખૂબ જ પ્રેરણાદાયી, ઉત્કૃષ્ટ અને સવિસ્તાર માહિતી સભર હોય છે. કોઈ પણ જાતની કોમર્શિયલ જાહેર ખબર વગર આ માસિક સતત ૮૪ વર્ષથી પ્રગટ થાય છે.

`Long Live Prabudhha Jeevan.'

LM-111 – ડાહ્યાલાલ દ. વખારીયા, Mum-4, Tel. 23869632. આપના તરફથી પ્રકાશિત થતું માસિક ખૂબ જ સુંદર અને ધર્મ વિશે જાણવા માટે ખૂબ જ મહત્ત્વનું છે.

LM-894 – સુરેશ ચોકસી, Mum-26, Tel. 23532670. સુંદર વાંચવા યોગ્ય અને ઘણી બાબત જાણવા યોગ્ય છે.

LM-1480 – ધનસુખલાલ બી. દોશી, Mum-86, Mo. 9892175579. આપની સંસ્થાની દરેક સામાજીક/ધાર્મિક પ્રવૃત્તિ ખૂબ જ સારી છે. ધન્યવાદ.

LM-1179 – અરુણ સી. શાહ, Mum-58, Tel. 26207828. 'પ્રબુદ્ધ જીવન' ખરા અર્થમાં સંસ્કાર સમૃદ્ધ મુખપત્ર છે.

LM-1234 – હિમાંશુ રતિલાલ પાલેજવાલા, Mum-58, Mo. 098 20795435. ખૂબ જ સુંદર પ્રવૃત્તિ, સમાજ ઉપયોગી પ્રવૃત્તિ, સ્ટાફ વિનયી તથા વિવેકી. ધન્યવાદ.

P-114 – શૈલેષ મહાદેવીયા, Mum-7, Tel. 23804782. આપનું કાર્ય સંતોષકારક અને વખાણવાલાયક છે. શુભેચ્છાઓ.

LM-1324 – હિંમતરામ રતનશી ધડમ, Mum-67, Mo. 9819812017. ઉત્તમ સાહિત્ય ઘણું બધું નવું નવું જાણવા મળે છે.

LM-1322 – લક્ષ્મીચંદ ઉમરશી મારૂ, Mum-67, Tel. 28071266. આધ્યાત્મિક વાંચન સતત પીરસતા રહેશો.

LM-1863 – શાંતિલાલ પોપટલાલ વોરા, Tel. 24013884. ધાર્મિક તથા સંસ્કારી મુખપત્ર.

LM-1691 – પ્રદીપ મ. તલસાણીયા, Mum-28, Mo. 9821149778. અમારો સહયોગ 'પ્રબુદ્ધ જીવન' સાથે જ છે.

LM-1639 – રસિકલાલ ડી. જુથાની, Mum-2, Mo. 9819252672. 'પ્રબુદ્ધ જીવન'ની લાંબી મંગળયાત્રામાં દરેક વિદ્વાન તંત્રીએ સમય-સંજોગોને અનુસરીને ફેરફાર કર્યા છે. આનંદની વાત તો એ છે કે પ્રકાશનની નીતિનો પૂરતો આદર થતો રહ્યો છે. આજે ગુજરાતી ભાષા માટે ચિંતા થઈ રહી છે ત્યારે શ્રદ્ધા પથદર્શક બની રહેશે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એક સંસ્થા જ નથી એ ધર્મ આધ્યાત્મિક અને સેવાનો વડલો છે. કાળ સામે વડલો અજય રહે એ જ પ્રાર્થના.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એટલે સત્યમ્ શિવમ્, સુંદરમ્નું મધુગાન.

LM-1446 – કિરીટ ગોહીલ, Mum-77, Mo. 9820154763. આપ ખૂબ જ સુંદર સેવા કરી રહ્યા છો. 'પ્રબુદ્ધ જીવન'નું પ્રકાશન અને તેમાં આવતા લેખો ખરેખર મનનીય, પ્રેરણાદેય અને ઉત્તમ હોય છે.

LM-1645 – પ્રવિણ ન. શાહ, Mum-55,Tel. 26141520. 'પ્રબુદ્ધ જીવન' આધ્યાત્મિક ફળદાયક છે. આ પુસ્તિકાનું પ્રકાશન ચાલુ જ રાખશો.

LM-1293 – સુરેશ પી. દલાલ, Mum-64, Tel. 288272333. જ્ઞાન ભક્તિ પ્રેમનો સુંદર સમન્વય એટલે 'પ્રબુદ્ધ જીવન' – આભાર અભિનંદન, સુંદર સર્જન.

LM – ભૂપેન્દ્ર શાહ, Mum-58, Tel. 8260841. 'પ્રબુદ્ધ જીવન' દ્વારા જ્ઞાન સંપાદન થાય છે જે બેમિસાલ છે. ગ્રંથો સાચવી રાખવા જેવા છે.

LM-0732 – ભવાનજી પી. નાગડા, Mum-19, Mo.

9821897863. શુભ કાર્યો કરનાર સર્વેને મારા નત મસ્તક પ્રણામ. નમસ્કાર પ્રવૃત્તિઓ ચાલુ રાખશો આની કદર ચાર, પાંચ દાયકા પછી થશે. Excellent Magazine in Present Time.

P-7 – ધીરજલાલ ફુલચંદ શાહ, Mum-26, Tel. 23514730. ગુજરાતી ભાષામાં આવા માસિકો બહુ ઓછા છે માટે 'પ્રબુદ્ધ જીવન' બંધ કરવાનો વિચાર ન કરવો.

LM-0074 – રસિકચંદ ધીરજલાલ તુરખીયા-ખંભાત, Mo. 09377325521. 'પ્રબુદ્ધ જીવન' ઘણું સુંદર છે. લેખોનું સ્તર ઘણું ઊંચું છે. ઉપયોગી અને વિચારણીય છે. મુદ્રણ સુંદર છે. પ્રગતિ તેવી શુભભાવના.

LM-1449 – લીલાબેન હ. શાહ, Mum-77, Mo. 9769968292. 'પ્રબુદ્ધ જીવન' ખરેખર વાંચનારને પ્રબુદ્ધ કરે છે. ખૂબ જ સુંદર લેખો આવે છે. ખાસ કરીને છેલ્લું પાનું (પંથે પંથે પાથેય).

LM-698 – હસમુખ એમ. શાહ, Mum., Mo. 9322230022. સારા લેખો આપે છે. સારું વાંચવા મળે છે અને જાણવાનું બહુ જ મળે છે. આભાર.

PJL-016 – જયંતીલાલ જીવણલાલ શેઠ, Mum-26, 23823110. સારું કામ કરો છો. વ્યાખ્યાનોનો ઘણો લાભ લેવાય છે. પુસ્તકો પણ સારા પ્રકાશિત થાય છે. દરેક પ્રવૃત્તિઓ આવકારવા તથા વખાણવા લાયક છે.

LM-165 – અર્ચના પ્રદીપ દેસાઈ, Mum-6, 23693108. 'પ્રબુદ્ધ જીવન' ચાલુ રાખવું. બધા લેખો સારા અને જ્ઞાન કોષમાં વધારો કરે એવા આવે છે.

LM-1449 – હર્ષદકુમાર બી. દોશી, Mum-77, 9320223144. 'પ્રબુદ્ધ જીવન' વાંચન સામગ્રી જ્ઞાનવર્ધક છે.

LM-0068 – શ્રીમતી જવેરબેન સોની, Mum-2, 9820069625. ઉત્તમ લેખો, ઉત્તમ પ્રિન્ટીંગ, અલગ અલગ સરસ્વતીજીના ફોટા. આભાર. ઉત્તરો ઉત્તર શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રગતિ કરે એજ ઈશ્વરને પ્રાર્થના.

LM-647 – કુંવરજી કેનીયા, Mum-19, 9869036900. 'પ્રબુદ્ધ જીવન'ની ક્વોલિટી ઉત્તરોત્તર સુધરી રહી છે. 'પ્રબુદ્ધ જીવન' ૩૦% અંગ્રેજીમાં આવે તેવું કરો.

LM-341 – પ્રદીપ કોઠારી, Mum-6, 9820856394. No words to express feeling. Excellent.

LM-850 – મહેશ પી. શાહ, Mum-26, Mo. 9969711458. આજના ગુજરાતી માસિકમાં સર્વોત્તમ છે તો 'પ્રબુદ્ધ જીવન' ચાલુ રાખશો. જૈન સમાજ માટે ઉપકારી બનશે.

LM-176 – સુહાસીની આર. કોઠારી, Mum-36, Mo. 9820647554. 'પ્રબુદ્ધ જીવન' એવું માસિક છે કે જેનાથી ઘણું જાણવા મળે છે. હાથમાં લીધા પછી જલ્દીથી મુકવાનું મન થતું નથી. જે પ્રમાણે નવું નવું આપો છો તેમજ આપતા રહેશો. 'પ્રબુદ્ધ જીવન' ચાલુ રહે તેવી મારી અંતરની પ્રાર્થના છે.

LM-439 – રવજી ગેલાભાઈ શાહ, Mum-7, Tel. 23095231. 'પ્રબુદ્ધ જીવન'નું વાંચન સરસ છે. એનાથી વધારે રસિક ધાર્મિક લેખો આવે તો દર મહિને ક્યારે 'પ્રબુદ્ધ જીવન' અંક આવે એની આતુરતાપૂર્વક રાહ જોવાય.

LM- શ્રીમતી સ્મિતાબેન આર. મહેતા, Mum-8, Tel. 23086724. તત્ત્વજ્ઞાનની સમજણ ખૂબ જ સુંદર હોય છે. તે માટે સર્વ લેખકો-લેખિકાઓનો ખૂબ ખૂબ આભાર. ખૂબ જ સુંદર કાર્ય થાય છે.

LM 551 – હિંમતલાલ ગાંધી, Mum-15, Tel. 22081293. ઉત્તમ ઊંડાણપૂર્વકના જૈન ધર્મ અંગેના લેખો ખૂબ જ ઉપયોગી છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઉમદા પ્રવૃત્તિઓ બદલ સમાજ હંમેશાં ઋણી રહેશે. અભિનંદન. આભાર.

LM 915 – ચંદ્રકુમાર જવેરી. Tel. 23511722. જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ, ખંભાલા હીલ. ભારતમાં ઉત્તમોત્તમ મેગેઝીન છે.

LM- ધારા એમ. કરોડીયા, Mum-7, Tel. 23803789. મારા ઘરમાં આખો પરિવાર આ સામયિક વાંચે છે. અંગ્રેજીમાં અમુક લેખ હોવાથી મારા ઘરમાં બીજા લોકો પણ વાંચે છે. મારા પાડોશી મુસલમાન છે તે પણ વાંચે છે.

LM-589 – ચંદુલાલ શાહ. Mum-19, Tel. 24145733. 'પ્રબુદ્ધ જીવન'ના લેખો ખૂબ જ સંસ્કારી, શિષ્ટ અને ધાર્મિક હોય છે. 'પ્રબુદ્ધ જીવન' વાંચવાથી અમારું તેમ જ અમારા સંતાનોનું જીવન સમૃદ્ધ બને છે અને બનતું રહે એવી નમ્ર ઈચ્છા રાખું છું.

LM-435 – તૃપ્તિબેન કોટડીયા, Mum-7, Tel. 23805125. 'પ્રબુદ્ધ જીવન'માં લેખો ઘણાં સારા હોય છે. 'પ્રબુદ્ધ જીવન' માસિક રેગ્યુલર પ્રકાશિત થવું જોઈએ.

LM-1439 – વિપિન એસ. સંઘવી, Mum-86, Tel. 25094137. ગુજરાતી ભાષા લખવા વાંચવામાંથી લુપ્ત થાય છે. આપ ખૂબ જ સારી વાંચન સામગ્રી આપો છો તે પડકાર રૂપ છે.

LM – ભારતી દિલીપ શાહ, Mum-26, Tel. 23649517. 'પ્રબુદ્ધ જીવન' ખૂબ જ વ્યવસ્થિત છે. પદ્ધતિ પ્રમાણે ચાલે છે. આપ ખૂબ જ મહેનત કરો છો. અભિનંદન.

LM-1451 – ચીમનલાલ એસ. મહેતા, Mum-77, Tel. 25062009. 'પ્રબુદ્ધ જીવન'માં જે લેખો આવે છે તે ખૂબ જ મનનીય હોય છે. મંડળની પ્રવૃત્તિઓ સરાહનીય છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા હૃદયવર્ધક છે.

LM-69 – નિરંજન એસ. ઠક્કર-બનાસકાંઠા, Tel. (02747) 222827. આપનું સામયિક અમારા પરિવારનું માનીતું અને પ્રિય

મેગેઝીન બની રહ્યું છે. તે સતત ચાલુ રહે અને સમૃદ્ધ બનતું જાય તેવી જીનેન્દ્ર પ્રભુને પ્રાર્થના.

LM-1276 – રસિકલાલ જે. શાહ, Mum-64, Tel. 28897554. ઘણું સારૂં મેગેઝીન છે અને ઉત્તરોત્તર પ્રગતિ પામે એજ શુભેચ્છા.

LM-83 – ભરત બી. ગાંધી, સુરત, Mo. 9727681535. હું વર્ષોથી 'પ્રબુદ્ધ જીવન' વાંચતો આવ્યો છું. મેં મારા જીવન દરમ્યાન 'પ્રબુદ્ધ જીવન'ને દિવસે દિવસે પ્રગતિ કરતું જોયું છે. હું સિનિયર સિટીઝન હોવાથી આવું સુંદર તેમજ જ્ઞાનના ભંડારવાળું પ્રકાશન મળી રહે છે, તેને મારું સદ્ભાગ્ય ગણું છું. મારે માટે 'પ્રબુદ્ધ જીવન' એક ટોનીકની ગરજ સારે છે. આભાર.

LM-502 – ભારતી શિરીષ મારૂ, Mum-19, Tel. 24103238. 'પ્રબુદ્ધ જીવન' રેગ્યુલર મળે છે. એનાથી જૈન ધર્મની પ્રેરણા મળે છે.

LM-1589 – સુંદરજી મંગલદાસ પોપટ (પૂના), Mob. 09371097416 ભાવ પ્રતિભાવ, સર્જન સ્વાગત તથા અંગ્રેજીના લેખોને લીધે ગુજરાતી લેખો ઘટી ગયા છે તે મને ગમ્યું નથી.

માનદ્ તંત્રી તથા અન્ય લેખકોના લેખોમાં જોડણીવાલા અક્ષરો જેવા કે ધર્મગ્રાહી પુણ્યાદિને સાદી રીતે જેમ કે ધર્મ આગ્રહી અથવા પુણ્ય આદિ શબ્દોનો ઉપયોગ થાય એવી ઈચ્છા છે.

પરદેશી વિદ્વાનોના વિચાર મત વગેરેના સંદર્ભ આપવાને બદલે આપણા દેશના ગુરુવંતો વગેરેના સંદર્ભ અને મત, વિચાર વાંચવા મળે તો વધુ સારું.

LM-288 – વલ્લભદાસ આર. ઘેલાણી, Mum-6, Mo. 9819093717. જમાના પ્રમાણે દરેક લેખ સાથે લેખકનો નાનકડો ફોટો છાપવો જોઈએ. થોડા લેખો અંગ્રેજીમાં નિયમિત છાપવા જોઈએ.

LM-141 – મગનલાલ મોતીચંદ સંઘવી-અમદાવાદ, Mo. 09824144596. ધાર્મિક ઉપરાંત વર્તમાન સમાજને અસર કરતા થોડાક લેખ આપી શકાય. મૂળભૂત સિદ્ધાંતો સિવાયની બાબતો ઉપર ખુલ્લી ચર્ચા આમંત્રી શકાય. (દીક્ષા-બાળદીક્ષા, તપશ્ચર્યા, તીર્થસ્થાનો).

LM-1550 – અનોપચંદ ખીમચંદ શાહ, Mum-101, Mo. 9820112031. મૂળભૂત ધ્યેય સામાજિક પરિવર્તનનું હતું. ધાર્મિક લખાણો ઉચ્ચ કોટીના આવે છે. થોડાક ફેરફાર સામાજિક/આર્થિક વિકાસના લક્ષ્ય સાથે થોડાક સાહિત્યિક લેખો પ્રકાશિત કરવા જોઈએ.

LM-429 – મહેન્દ્રભાઈ વોરા, Mum-7, Mo. 9823105827. આ મેગેઝીન ચિત્રલેખા, India Today જેવું બનાવવું જોઈએ. અર્થકારણ, ફાઈનાન્સ જનરલ નોલેજ મળે તેવું કરવું જોઈએ. Advertisement લેવી જોઈએ. હવેના જમાનામાં આવું ગાંધીના હરીજન જેવું સામયિક ન હોવું જોઈએ.

LM-1452 – અરવિંદ આર. શાહ, Mum-77, Mo. 9324088185. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિનો વ્યાપ વધારવો જરૂરી છે તેમજ નવા બંધારણની દરેકને જાણ કરવી જોઈએ.

સાધર્મિક પ્રવૃત્તિની પણ ખાસ જરૂર છે. સભ્યોને પ્રોગ્રામ યોજી આકર્ષવા જરૂરી છે. યુવા કાર્યકર્તાઓની ખાસ જરૂર છે. યુવા શિબિરનું પણ (વેકેશનમાં) આયોજન કરી શકાય.

અમુક પ્રોગ્રામ પરામાં પણ યોજવા જરૂરી છે. જનરલ બોડીમાં સૂચનો મંગાવવા અને તેના અમલ માટે શું કરી શકાય તેની ચર્ચા કરવી જરૂરી છે.

સંઘનું કોર્પસ ફંડ વધારવાની ખાસ જરૂર છે.

LM-18 – કુ. નીના એન. શાહ, Mum-57, Mo. 9967342742. જૈન સમાજના અગત્યના સમાચાર તથા ઘટના વિષે ટૂંકમાં જણાવો. એકાદ વખત વ્યાખ્યાન ભાઈદાસ હૉલ પાર્લામાં ગોઠવી શકાય તો ગમશે. જૈન ધર્મનો, તત્ત્વજ્ઞાન વગેરેનો અભ્યાસ મુંબઈમાં તથા અન્ય જગ્યાએ કયાં કરી શકાય, શરૂઆત ક્યારે થાય તે જણાવો તો સારું.

LM-209 – હીરાલાલ ગાંધી, Mum-6, Mo. 91- 9819584060. Young generation is not interested in Jainism. Articles with very difficult and hard language in earlier times of Shri C. C. Shah, Shri P. K. Kapadia & Dhanvantbhai `Prabhudda Jeevan' was more popular than today. General principles of Jainism is most welcome & interested.

LM-676 – મહેન્દ્ર તલસાણિયા, Mum-20, Mo. 7506228255. થોડી સામગ્રી આજની પેઢીને ધ્યાનમાં રાખી વિવિધતા લાવવા સૂચન કરું છું. ઉપરાંત થોડા વર્તમાન પ્રવાહને અનુરૂપ લેખો છાપવા, ઉતારવા વિનંતી છે.

LM-61 – રાજીવ વિનોદ શાહ-અમદાવાદ, Mo. 09825066277. Add a few articles other than Jainism like it was in the times of Shri Chimanbhai Chakubhai Shah.

LM-1011 – સુરેશ જે. નાગડા, Mum-28, Mo. 9821119944. નાના બાળકો જે અંગ્રેજી માધ્યમમાં ભણે છે એમના માટે જૈન ધર્મને લગતી ટૂંકી બોધ વાર્તાઓ સરળ અંગ્રેજી ભાષામાં એકાદ બે પાનામાં હોય તો નાના બાળકોને વાંચવામાં સરળતા રહે તથા તેમના જ્ઞાનમાં જૈન ધર્મ બાબત વધારો થાય.

LM-993 – કિશોર શેઠ, Mum-26, Mo. 9819295331. ધર્મ કથાઓ વધારવાની જરૂર છે. રાજનીતિ કે રાજકારણને લગતા લેખો બંધ કરવા વિનંતી.

LM-884 – મહેન્દ્ર ઉજમશી શાહ, Mum-26, Mo. 9820544436. સામાન્ય જ્ઞાન ધરાવતા વાચક વાંચી શકે તેવા લેખો આવકાર્ય.

LM-367 – ભાનુબેન એન. કાપડિયા, Mum-6, Mo. 9869356361. 'પ્રબુદ્ધ જીવન' એટલે મોક્ષ માર્ગ તરફ આગળ વધવાનું સોપાન. વાંચવાની બહુ મજા આવે છે.

LM-61 – પ્રમિલાબેન શાહ, Mum-2, Mo. 9819268802. બધા જ સભ્યોની ધાર્મિક ગંભીર લેખો વાંચવાની શક્તિ નથી હોતી. જો જયભિખ્ખુના લખેલા અમુક ઐતિહાસિક પાત્રો ઉપર લખેલા પુસ્તકો દર મહિને હપ્તેથી છપાય તો સારૂં.

* * *

## ભાવ–પ્રતિભાવ

તંત્રી લેખ સુંદર ભાવાત્મક રહ્યો. રત્નસુંદરસૂરિજીનાં લખાણો અન્યત્ર પણ વાંચતો રહું છું, જે સર્જનાત્મક હોય છે. પ્રતિક્રમણમાં, જૈનેતરને પણ રસ લેતાં કરવા બદલ ડૉ. સર્વેશ પ્ર. વોરાને મારા હાર્દિક અભિનંદન.

*તલાશે તલય મેં વો લિજ્જત મિલી હૈ,*

*દુવા કર રહા હૂં કિ મંઝિલ ન આયેં.*

પંક્તિ સુંદર–અર્થપ્રધાન છે, ડૉ. નરેશભાઈ વેદની ઉપનિષદમાં મધુવિદ્યા વાંચવી ગમી. જેમાંથી મધુર પ્રબુદ્ધ જીવન ટપકતું રહ્યું. શાસ્ત્રોએ પણ જીભની આગળ મધ ચોપડવાનું કહ્યું છે, આપણે વિવિધ રસ-રંગની મધુરતા માણતાં જ હોઈએ છીએ કે જે રસ સીધો સૂર્યમાંથી ટપકતો રહે છે. મધને પંચામૃત ગણ્યું, એ પણ સૂર્યએ મોકલ્યું. 'મધુવન મેં રાધિકા નાચે રે ગિરધીર કી મુરલિયાં બાજે રે' કેટલું સુંદર ગીત છે.

સુબોધીબેન સતીશ મસાલીઆનો લેખ, ઉણોદરી વિષે વાંચ્યો. જમતી વખતે પેટને થોડું ઉણું-અધૂરું રાખવું, ઠાંસી-ઠાંસીને ના ભરવું, તેમાં હવા–પાણીની જગ્યા રાખવાથી ખોરાકને વલોવાઈને પચવાની તક મળે છે, કબજિયાત થતી નથી. આ લેખ વાંચતાં રાવણની પત્ની મંદોદરી યાદ આવી ગઈ. મંદ+ઉદરી. ખાવાનું ખૂબ પણ પચાવવાની ત્રેવડ નહીં. આપણી બધી શેઠાણીઓ પણ આ મંદોદરી જેવી જ હોય છે. તેઓ ખાટલેથી પાટલે રાચતી રહે છે. આળસ તેમની બહેનપણી હોય છે.

□ **હરજીવનદાસ થાનકી**

સીતારામનગર, પોરબંદર

* * *

તમારો 'જ્ઞાન અને ભાવ: આધ્યાત્મની દૃષ્ટિએ' લેખ વાંચ્યો–બહુ જ ગમ્યો. તમારા ભાવ સુંદર છે ને જ્ઞાન પણ છે. ધનવંતભાઈએ યોગ્ય તંત્રી ગોત્યા છે તેથી 'પ્રબુદ્ધ જીવન' વાંચવાનો અનેરો આનંદ આવે છે.

સંસાર બહુ વિચિત્ર છે. સૌને સુખની જ શોધ છે. થોડું સુખ મળે છે ત્યાં ભ્રમિત થઈ જાય છે, ને સંસાર પર કંટાળો આવે છે–પણ છોડી શકતા નથી. કર્મની સાંકળમાંથી છુટાતું નથી. સારા કે ખરાબ કર્મ પળે પળે બાંધ્યા કરીએ છીએ ને ભોગવવા રહેવું પડે છે. બંને કર્મમાંથી મુક્ત થઈને વીતરાગ ભાવમાં આવીએ તો જ પરમ પદ પામીને મોક્ષમાં પહોંચી શકાય છે. સંસારમાં તો ડગલે પગલે કર્મ બંધાવાના. સંયમ જેવો સારો માર્ગ કોઈ નથી. ત્યાં જ તમે તમારી સાધના ભાવપૂર્વક જ્ઞાનમય કરી શકો ને તો જ તમે તમારા લક્ષ્યે પહોંચી શકો. માનવીએ આ જ કરવાનું છે. તે ઘડીક સમજાય છે અને ઘડીમાં ભૂલી જવાય છે. મોહ તેને રોકી રાખે છે માટે મોહને મનને મારીને યોગ્ય દિશા પકડવી તેમ ગુરુદેવો પણ સમજાવે છે. ગુરુદેવો રસ્તો બતાડે પણ તે તરફ જવાનું પોતાની મેળે જ હોય. આશા છે આપણે આ બધું સમજીને એક દિવસ યોગ્ય રસ્તે જરૂર જઈ શકીશું.

–**લક્ષ્મીકાંત શાહ**, કાંદિવલી

* * *

## TRASFER OF `W'

ત્રણ Wની વેબસાઈટ તો હજુ હમણાં શરૂ થઈ, તે પહેલાં સ્વામી વિવેકાનંદજીએ, પોતાના અમેરિકાના પ્રવાસ દરમ્યાન Wની બદલી સાથે બઢતી આપી સૌને મંત્રમુગ્ધ કર્યાં હતાં.

કોઈએ કહ્યું, 'God is nowhere!'

પ્રત્યુત્તરમાં સ્વામીજીએ કહ્યું, 'God is now here!'

'તને જે 'ક્યાંય નથી', જણાય છે, તે 'અત્યારે અહીં જ છે ! you are my God, because your God speaks through you !'

`The speaker and the listener both are God.'

ડૉ. ગુણવંત શાહ કહે છે, Good શબ્દની પ્રાચીન ધાતુ God છે. ઈશ્વર છે કે નથી? જે પોતે છે તેને માટે સ્પષ્ટતાની જરૂર નથી, જે માનતો નથી, તેને માટે કોઈ સ્પષ્ટતા શક્ય નથી, એમ કાઉન્ટ ઑફ બર્નાડીટ લખે છે.

ઈશ્ એટલે ઈચ્છિત, અપેક્ષિત, વાંછિત, પસંદ કરેલું, દરેકની ઇચ્છા પ્રમાણે નક્કી કરેલું, એક મૂર્ત કે અમૂર્ત સ્વરૂપ એ ઈશ્વર છે.

'જે ક્યાંય નથી', એમ લાગે તે અત્યારે અહીં જ આપણી વચ્ચે છે, એમ લગાડવું, એ જ ઈશ્વરના હોવાનો પૂરાવો છે. જે પીંડમાં છે, તે જ બ્રહ્માંડમાં છે. જરૂર છે માત્ર મોહ, માયા, અને મમતાનાં પડદાને દૂર કરવાની, હટાવવાની.

□ **હરજીવન થાનકી**, પોરબંદર

* * *

## મૌન ઈશ્વર છે

મૌન એક વિશાળ સાગરની જયમ ભ્રાંતિ છે, જેની આપણે તમામ નાની મોટી લહેર છીએ. સાગર સંસારરૂપી તમામ મલિનપણાને–પોતાની અંદરમાં લઈને આપણે તમામ લહેરોને સ્વતંત્ર રૂપી લહેરાવીએ છીએ. દરમિયાન કંઈ પથ્થરોને તેમજ નૌકાઓને, લહેરોને તોડે છે, વેરવિખેર કરે છે. તેમ છતાં સાગર આપણી તમામ લહેરોને શાંતિ રૂપી કિનારા સુધી પહોંચાડે છે. એવા સાગરની પ્રત્યેક જન્મમાં લહેર બનીને લહેરો માટે ઈચ્છા થાય છે.

અનુવાદક : **દામોદર ફૂ. નાગર**, ઉમરેઠ

# શાકાહારની શક્તિ

❑ જશવંત મહેતા

*આપણા એક વાચક જશવંતભાઈ મહેતાએ આ પત્ર લખી પ્રચલિત માધ્યમોમાં આવતી ખોટી માહિતી સામે વિરોધ નોંધાવ્યો છે. રજૂ છે એમનો પત્ર...*

હાલમાં ચાલી રહેલ આમિરખાનનું લોકપ્રિય ચલચિત્ર 'દંગલ' કુસ્તીની રમતમાં વિશ્વમાં નામના મેળવનાર ફોગટ પરિવારની બે બહેનો ગીતા અને બબીતાના જીવન કથાની રજૂઆત કરે છે. આજે આમિરખાન ફિલ્મી જગતમાં આગવું સ્થાન ધરાવે છે અને તે તેના દરેક ચલચિત્રો ઉતારવા પાછળ ખૂબ જ જહેમત ઉઠાવે છે અને અભિનંદનને પાત્ર છે. કમનસીબે આ ફિલ્મમાં બંને બહેનોને કુસ્તી જીતવા માટે જોઈતી શક્તિ અને પોષણ પ્રાપ્ત કરવા માટે મરઘીનું માંસ ખાવું આવશ્યક છે – એવી રજૂઆત કરવામાં આવી છે. આ પહેલાં જાણીતી બેડમિન્ટન ખેલાડી પી. વી. સિંધુ ઓલમ્પિકમાં રજત ચંદ્રક જીતી ત્યારે તેના કોચ ગોપીચંદે પણ ચિકન ખાવાની જરૂરિયાત પાર ભાર મૂકયો હતો.

એક સમયે જ્યારે વિવિધ પ્રકારના ખોરાકના પોષક ગુણો વિષે પૂરતા પ્રમાણમાં માહિતી પ્રાપ્ત નહોતી થઈ ત્યારે માંસાહારમાં વધારે શક્તિ કે તાકાત છે એવી વ્યાપક માન્યતા પ્રચલિત હતી, પણ છેલ્લા થોડા દાયકામાં આહાર ક્ષેત્રે અને કઠોળ અને સોયાબીન પણ માંસાહાર કરતા વધારે શક્તિ વર્ધક અને પોષક છે તે પુરવાર થયેલ છે અને માંસાહાર વધારે શક્તિ પ્રાપ્ત કરવા આવશ્યક છે. આ માન્યતા ભ્રામક પુરવાર થઈ છે.

શાકાહારના પોષક મૂલ્યોની યાદી નીચે કોઠામાં આપેલી છે.

આજે વિશ્વમાં અનેક અગ્રગણ્ય રમતવીરોએ શાકાહાર અપનાવ્યો છે. ઉદાહરણ તરીકે-

- આઠ વાર અમેરિકન કરાટે સ્પર્ધા જીતનાર અને તાજેતરમાં પાંચમી કક્ષાનો બ્લેક બેલ્ટ મેળવનાર રિચર્ડ એબેલ માત્ર ૪૪ કિ.ગ્રામ. જેટલું વજન ધરાવે છે અને તે 'વેગન' છે.
- વિમ્બલ્ડન અને તેના જેવી અનેક ટેનિસ સ્પર્ધાઓ ઘણી વાર જીતનાર ખ્યાતનામ ખિલાડી બોરિસ બેકર શાકાહારી છે.
- સન ૧૯૮૧માં યોજાયેલી કુસ્તીની વિશ્વસ્પર્ધાનો વિજેતા ક્રિસ કેમ્પબેલ શાકાહારી છે.
- સામાન્ય રીતે શરીરસૌષ્ઠવ સ્પર્ધાઓના વિજેતાઓમાં શાકાહારીઓ હોવાની આપણને અપેક્ષા નથી હોતી. પરંતુ ૧૯૮૦માં મિ. ઈન્ટરનેશનલનું બિરૂદ મેળવનાર સ્વીડનનો એન્ડ્રિયાસ કાહલિંગ શાકાહારી છે અને તે લગભગ એક દાયકા સુધી વિશ્વ કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેતો રહ્યો.
- ઓલમ્પિક સ્પર્ધાઓમાં લાંબા અંતરની દોડમાં વિજેતા નીવડેલો રોબર્ટ ડિકોસ્ટેલા પણ શાકાહારી છે.
- લાંબા અંતરની બટરફ્લાય સ્ટ્રોક સ્વિમિંગ સ્પર્ધામાં વિશ્વવિક્રમ સંયુક્ત રીતે ધરાવનાર જેમ્સ અને જોનાથન ડોનોટો શાકાહારી છે.
- સન ૧૯૯૨માં બાર્સલોનામાં યોજાયલી ઓલમ્પિક સ્પર્ધાઓમાં લાંબા અંતરની દોડમાં ૧૩મું સ્થાન પ્રાપ્ત કરનાર સેલી ઈસ્ટોલ 'વેગન' છે.
- મિ. અમેરિકાનો ખિતાબ જીતનાર રોય હિલિમન શાકાહારી છે.
- સન ૧૯૯૭ના વર્ષ દરમ્યાન એક વર્ષમાં સૌથી વધારે (૬૦) સ્પર્ધાઓ જીતીને ટ્રાય એથ્લેટમાં વિશ્વચેમ્પિયનનો ખિતાબ જીતનાર ડૉ. રુથ હેર્લિગલ શાકાહારી છે.
- ભારતનો જાણીતો ક્રિકેટર અનિલ કુંબલે શાકાહારી છે.
- ઓલમ્પિક સ્પર્ધાઓમાં ૯ સુવર્ણચંદ્રકો જીતનાર કાર્લ લૂઇસ શાકાહારી છે.
- ૧૫૦ કિ.ગ્રા. વજન અને ૬ ફૂટ ૯ ઇંચની ઊંચાઈ ધરાવતો કુસ્તીબાજ 'કિલર' કોવાલ્સકી શાકાહારી છે.
- ઓલમ્પિક સ્કીઇંગ સ્પર્ધા વિજેતા એન્ટનઈનેવર શાકાહારી છે.
- ૪૦૦ મીટરની હર્ડલ્સ સ્પર્ધામાં જેટલું આધિપત્ય એડવિન મોઝિસ ધરાવે છે તેટલું આધિપત્ય રમતના ઇતિહાસમાં બીજું કોઈ ધરાવતું નથી. ઓલમ્પિક સ્પર્ધાઓમાં સુવર્ણચંદ્રક મેળવનાર આ શાકાહારી રમતવીર લગભગ આઠ વર્ષ સુધી એક પણ સ્પર્ધા હાર્યો ન હતો.
- Welter weight ('વેલ્ટર વેઈટ') કક્ષાની મુક્કાબાજીમાં વિશ્વ વિજેતા એરન પ્રાયર શાકાહારી છે.
- લાંબી દોડની સ્પર્ધામાં ૨૦ જેટલા વિશ્વવિક્રમો અને ૯ ઓલમ્પિક ચંદ્રકો ધરાવનાર અને 'લાઈંગ ફિન (Flying Finn) તરીકે ઓળખાતો પાર્વો નુર્મી શાકાહારી હતો.
- શાકાહારી સ્ટેન પ્રાઈસ પોતાના વજનની કક્ષાની બેન્ચ પ્રેસ સ્પર્ધામાં વિશ્વવિક્રમ ધરાવે છે.
- વજન ઉંચકવાની ઇંગ્લેન્ડની સ્ત્રી સ્પર્ધામાં આઠ વર્ષ સુધી વિજયી રહેનારી પેટ રીઝ 'વેગન' હતી.

## શાકાહારનાં પોષક મૂલ્યોની યાદી

| ખાદ્ય પદાર્થ | ભેજ ગ્રામ | પ્રોટીન ગ્રામ | ચરબી (ગ્રામ) | કાર્બોહાઈડ્રેટ્સ (ગ્રામ) | રેસા ફાઈબર્સ (ગ્રામ) | શક્તિ(કેલરી) (ગ્રામ) |
|---|---|---|---|---|---|---|
| ચણાની દાળ | ૯.૮ | ૧૭.૧ | ૫.૩ | ૬૦.૯ | ૩.૯ | ૩૬૦ |
| અઢદની કાળી દાળ | ૧૦.૯ | ૨૪.૦ | ૧.૪ | ૫૯.૬ | ૦.૯ | ૩૪૭ |
| તુવેર દાળ | ૧૧.૧ | ૨૪.૫ | ૧.૨ | ૫૯.૯ | ૦.૮ | ૩૪૮ |
| મસૂર દાળ | ૧૨.૪ | ૨૫.૧ | ૦.૭ | ૫૯.૦ | ૦.૭ | ૩૪૩ |
| વટાણા (સૂકા) | ૧૬.૦ | ૧૯.૭ | ૧.૧ | ૫૬.૫ | ૪.૫ | ૩૧૫ |
| રાજમા | ૧૨.૦ | ૨૨.૯ | ૧.૩ | ૬.૦૬ | ૪.૪ | ૩૪૬ |
| સોયાબીન | ૮.૧ | ૪૩.૨ | ૧૯.૫ | ૨૦.૯ | ૩.૭ | ૪૩૨ |

- 'સીબુ લાયન્સ' તરીકે ઓળખાતી જાપાનની બેઇઝબોલની ટીમે શાકાહાર અપનાવ્યા પછી પેસિફિક લીગમાં લાગલગાટ બે વર્ષ સુધી સ્પર્ધા જીતી હતી.
- વેલ્સમાં ડુંગરાળ વિસ્તારમાં સાયકલ ચલાવતી તથા વેલ્સ સાયકલ ગ્રેસ સ્પર્ધાઓની વિજેતા જુડિથ શેકશાફ્ટ 'વેગન' છે.
- ૧૦૫ વર્ષની ઉંમરે ૨૦ સેકન્ડમાં ૧૦૦ મીટર દોડી શકતા અને વિશ્વમાં સૌથી વધુ ઉંમરના કાર્યરત રમતવીર જોગીન્દરસિંહ શાકાહારી છે.
- પીએશિઓ વેરોટ પર્વત ઉપરથી નીચે જવાની સ્કિઇંગની સ્પર્ધામાં (ડાઉનહિલ એડુરસ સ્કિઇંગ) વિશ્વવિક્રમ ધરાવે છે એ શાકાહારી છે.
- 'ગ્લેડિએટર્સ એથ્લીટ' એમિલ વોટસન પણ શાકાહારી છે.

આજે પ્રાણીજગતમાં પણ સશક્ત ગણાતા પ્રાણીઓ: બળદ, ગેંડા, હિપોપોટેમસ, ગોરીલો વાનર અને સૌથી વધારે બળવાન હાથી – આ સર્વે શાકાહારી છે. ઘોડો – જે સૌથી વધુ ઝડપથી દોડી શકે છે અને જેના નામ ઉપરથી કાર્યશક્તિ માપવાનો એકમ 'હોર્સપાવર' ગણતરીમાં લેવાય છે તે પણ શાકાહારી છે. ઊંટ– રણપ્રદેશના પ્રાણીઓમાંનું સૌથી ઉપયોગી પ્રાણી છે. તે પોતાની તાકાત ઉપરાંત દિવસો સુધી પાણી વગર રહી શકવાની ક્ષમતાને માટે જાણીતું છે. આ પ્રાણી પણ શાકાહારી છે.

હકીકતમાં આજે માંસાહાર કરતા શાકાહારના બીજા અનેક ગુણો લક્ષ્યમાં લઈને સ્વાસ્થ્યની દૃષ્ટિએ શાકાહાર વધારે યોગ્ય પુરવાર થયું છે અને વિશ્વભરમાં શાકાહાર તરફ ઝોક વધતો જાય છે. આજે ભારતના અગ્રગણ્ય ધર્મો હિન્દુ અને જૈન ધર્મમાં શાકાહાર અને દરેક જીવો પ્રત્યે દયા અને અનુકંપાની લાગણી પર ભાર મુકવામાં આવ્યો છે અને માંસાહારથી દૂર રહેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

આજે ફિલ્મી જગતમાં આમિરખાને એક અભિનેતા અને નિર્માતા તરીકે સારી નામના મેળવી છે. ગોપીચંદની બેડમિન્ટન એકેડમીમાં પણ ભારતના બેડમિન્ટનમાં અગ્રગણ્ય ખેલાડીઓને તાલીમ આપવામાં આવે છે. આ પ્રકારની રજૂઆતથી સમાજમાં અને ખાસ કરીને વિદ્યાર્થી અને યુવા વર્ગમાં ખોરાક વિશેની ખોટી માન્યતા દૃઢ થવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે. આ ગેરસમજ દૂર કરવા આપણે સૌએ સંગઠિત થઈ સમાજને યોગ્ય માર્ગદર્શન આપવાની જરૂર છે. (માંસાહારના પોષક મૂલ્યોની યાદી, શાકાહારનાં પોષક મૂલ્યોની યાદી અને અગ્રગણ્ય રમતવીરોની યાદી મારા `Vegetarianism- the Scientific And Spiritual Basis' પુસ્તકની પાંચમી આવૃત્તિમાં પ્રસ્તુત કરેલ છે. આ પુસ્તકની ગુજરાતી આવૃત્તિ 'શાકાહાર' શીર્ષક હેઠળ પરિચય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થયેલ છે.) ✷✷✷

બી-૧૪૫/૧૪૬, મિત્તલ ટાવર, નરીમાન પૉઈન્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૧
ફોન : ૦૨૨૬૬૧૫૦૫૦૫. Email: mehtagroup@theemrald.com

## 'જો હોય મારો આ અંતિમ પત્ર તો...' : 'જૈન' હોવું એ જેવી તેવી વાત નથી –ગુણવંત શાહ (અનુસંધાન પૃષ્ઠ છેલ્લાનું ચાલુ)

આવા કોઈ ધનપતિને 'જૈન' કહેવાનું યોગ્ય ખરું? એને જલ્લાદ નહીં પણ 'ગલ્લાદ' કહેવો જોઈએ, કારણ કે એની બધી હિંસાનું કેન્દ્રસ્થાન એની દુકાનનો ગલ્લો છે. એ વેપારી હજાર વાર દેરાસર જાય અને લાખો રૂપિયાનું દાન કરે તોય એનો વેપાર હિંસાની કમાણી પર નભે છે. ગમે તેવા મહાન મહારાજ સાહેબ પણ એને નરકથી બચાવી ન શકે. આ વાત કરું ત્યારે ઘણા જૈન શ્રાવકો નારાજ થાય છે. શ્રાવકો કેવળ બાહ્યાચારને જ 'ધર્મ' માનતા રહે છે. એમને ધર્મના મર્મમાં રસ નથી હોતો. કેટલાક શ્રાવકો તો પ્રામાણિકપણે એવું માને છે કે ધર્મની માથાકૂટમાં પડીએ તો ધંધો ન થાય.

એક સાચું ઉદાહરણ આપું? ઉત્તર ગુજરાતમાં મહેસાણાથી થોડાક કિલોમીટર દૂર ગણપત યુનિવર્સિટીનું રળિયામણું કેમ્પસ આવેલું છે. લોસ એંજલ્સમાં રહીને લાખો ડોલરની કમાણી કરનારા શ્રી ગણપત પટેલે મોટી રકમનું દાન કરીને એ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. એમની દાનવીરતા અંગે વાતો સાંભળીને સ્વામીનારાયણ પંથના સાધુઓ એમની પાસે પહોંચી ગયા અને દાન માટે આગ્રહ કર્યો. ગણપતભાઈ સમજુ હતા. એમણે એમની ખેડૂત શૈલીમાં જણાવ્યું: 'હું તમે કહો તેટલા રૂપિયા આપવા તૈયાર છું. મારી માત્ર બે શરતો છે:

(૧) તમે ધર્મને નામે એવા ધનપતિનું ધન નહીં સ્વીકારો, જેમની કમાણી માંસાહાર સાથે જોડાયેલી હોય.

(૨) તમે એવા ધનપતિનું દાન નહીં સ્વીકારો, જેમની કમાણી શરાબના વ્યાપાર સાથે જોડાયેલી હોય.'

સાધુઓએ કહ્યું: 'આવી શરત મૂકીએ તો દાનનો ઝરો સૂકાઈ જ જાય.' વાત ત્યાં જ પતી ગઈ! બોલો! ગણપતભાઈની વાત મહાવીરસ્વામીને ગમી જાય તેવી નથી શું?

### ઘરે આવ્યા સાધુ મહારાજ

થોડાક દિવસો પર મારે ત્યાં માયાપુરી હરદ્વારથી ત્યાં આશ્રમ ચલાવનારા શ્રી શ્રી ૧૦૮ એવા પરમહંસ સાધુ પધાર્યા. આ એમની ત્રીજી મુલાકાત હતી. સત્સંગ ચાલ્યો પછી મેં એક પરબિડિયામાં રૂા. ૫૦૦ની નોટ મૂકી. એમની સાથે બે શિષ્યો પણ પધાર્યા હતા. એક શિષ્યે ગુરુજીને પરબિડિયામાં કેટલી રકમ છે તેની જાણ કરી દીધી. પરમહંસ ગણાતા મહારાજે મને ૧૧૦૦ રૂપિયા માટે ત્રણ વાર આગ્રહ કર્યો. ભગવું વસ્ત્ર પોતાની અસર ઊભી કરે છે અને એવા કન્ડિશનિંગથી હું પણ મુક્ત નથી. હું જો મક્કમ રહ્યો ન હોત તો વધારાની રકમ આપવાની તૈયારીમાં હતો. છેવટે મેં વધારાની રકમ આપવાનું ટાળ્યું તો ખરું, પણ મનોમન કોચવાતો રહ્યો. જો પરમહંસજી વધારે દબાણ કરત તો મેં જે જવાબ તૈયાર રાખ્યો હતો, તે અહીં પણ ધરી દઉં? સાંભળો:

*પરમહંસજી! હું સંસારી છું અને મારે તમને*
*અપવિત્ર ધન દાનમાં આપવું નથી.*
*મને રૂપિયા ૫૦૦ જ પોસાય તેમ છે.*
*જો હું તમને વધારે રકમ આપું, તો*
*મારે જરૂર અપ્રમાણિક બનવું પડે.*
*માટે હવે વધારે આગ્રહ કરશો નહીં.*
*હું જો મારી કમાણી શુદ્ધ ન રાખું,*
*તો મેં આપલું દાન પણ ગંદું ગણાય.*
*હું તમને એવું ગંદું દાન આપી શકું?*
*મને માફ કરશો?*

પરમહંસજી નારાજ થયા. તેઓ વિદાય થયા ત્યારે પણ એમનો અણગમો સ્પષ્ટ

વરતાતો હતો. આપણા સાધુઓને 'દાનશુદ્ધિ' શબ્દ સાથે કોઈ લેવાદેવા ખરી? આ બાબતે બધા જ ધર્મો સરખા આંધળા છે. હું જૈન નથી, પરંતુ 'અપરિગ્રહ' શબ્દ મારા જેવા સંસારીને ન પાલવે એમ માનું છું. જો શ્રાવકો ખરેખર અપરિગ્રહી બની જાય, તો સાધુઓને દાન કોણ આપશે? શ્રમણધર્મ અને શ્રાવકધર્મ સરખા નથી. શ્રાવક અપરિગ્રહ વ્રત ન પાળે તો ચાલશે, પરંતુ પોતાની કમાણી સ્વચ્છ રાખે, તો એનું 'શ્રાવક' હોવું સાર્થક થશે. શ્રાવક તે છે જેનું મુખ શ્રમણ ભણી છે. શ્રમણ તે છે, જેનું મુખ મોક્ષ ભણી હોય. 'શ્રાવક' શબ્દ જૈન વિચારધારાની મૌલિક ભેટ છે. શ્રાવક સ્વભાવે 'વૈષ્ણવજન' હોય છે. એ શ્રાવકનો મહિમા ઓછો નથી. જો એ પ્રમાણિકપણે જીવન જીવી જાય તોય એની સંપ્રાપ્તિ જરાય ઓછી નથી. આવા પવિત્ર શ્રાવકને જૈન પરંપરામાં 'મહાજન' કહ્યો છે. એ શ્રાવક સાધુ જેટલો જ આદરણીય ગણાય. શ્રાવક હોવું એ જેવી તેવી વાત નથી.

**અહિંસક આક્રમણ એટલે પ્રેમાક્રમણ**

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી બહેનશ્રી સેજલબહેને મને એક નવી લેખમાળાની શરૂઆત કરવા માટે ફોન પર આગ્રહ કર્યો. સેજલબહેનના આગ્રહમાં થોડુંક 'પ્રેમાક્રમણ' હતું, પરંતુ જરા જેટલી હિંસા ન હતી. ('પ્રેમાક્રમણ' શબ્દ વિનોબાજીએ પ્રયોજેલો છે) મેં હા પાડી, પરંતુ મારા પક્ષે વિલંબ થયો. એમણે કહ્યું: 'જો આ મારું છેલ્લું લખાણ હોય તો'–એવી લેખમાળા તમારાથી જ શરૂ કરવાની ઈચ્છા છે.' હું ગભરાયો, પરંતુ છેવટે પ્રેમાક્રમણનો વિજય થયો!

આજકાલ મૃત્યુની ભીની ભીની પ્રતીક્ષા કરવા સિવાય મારી પાસે બીજો કોઈ કામધંધો નથી. પ્રત્યેક વર્ષ જીવનનું છેલ્લું વર્ષ અને પ્રત્યેક મહિનો જીવનનો છેલ્લો મહિનો હોઈ શકે છે. અરે પ્રત્યેક દિવસ જીવનનો છેલ્લો દિવસ અને પ્રત્યેક કલાક છેલ્લો કલાક હોઈ શકે છે. આગળ વધીને કહી શકાય કે પ્રત્યેક મિનિટ જીવનની અંતિમ મિનિટ હોઈ શકે છે. સેજલબેન આ મર્ત્ય જીવનની સચ્ચાઈ છે.

મહાન મનોવિજ્ઞાની અબ્રાહમ મેસ્લોએ પોતાનાં છેલ્લાં વર્ષો માટે 'મરણોત્તર વર્ષો' (પોસ્ટમોર્ટમ યીઅર્સ) શબ્દો પ્રયોજેલા. આમ આજકાલ હું આવાં મરણોત્તર વર્ષોમાં આનંદપૂર્વક જીવી રહ્યો છું. મારું એક શમણું છે: કતલખાનાં વિનાની દુનિયાની મને પ્રતીક્ષા છે. પ્રાણીઓની કતલ મને પીડા પહોંચાડે છે કારણ કે હું વૃત્તિએ જૈન છું. જ્યાં સુધી પૃથ્વી પર એક પણ કતલખાનું હોય ત્યાં સુધી યુદ્ધ વિનાની પૃથ્વીનું શમણું સિદ્ધ નહીં થાય. યુદ્ધ નહીં ટળે કારણ કે યુદ્ધ એટલે જ હિંસાનો હાહાકાર! આવા કોઈ યુદ્ધની કલ્પના જ મને થથરાવી મૂકે છે કારણ કે હું વૃત્તિથી 'જૈન' છું. મને પ્રમાણિક રહેવાનું ગમે છે. મારા ઘરમાં હરામની કમાણી માટે પ્રવેશ બંધ છે.

આજની દુનિયા સામે મારી એક ફરિયાદ છે. માનવ-અધિકાર માટે આગ્રહ રાખનારી આ માયાવી દુનિયામાં માનવી પાસેથી એક અધિકાર સ્માર્ટનેસને નામે છીનવી લેવામાં આવ્યો છે. એ અધિકાર કયો? 'રાઈટ ટુ બી ઓનેસ્ટ.' સજ્જનને બધું જ વેઠવું પડે અને દુર્જનને મજા પડી જાય, એવી દુનિયા આપણે રચી પાડી છે અને છતાં આપણી અપેક્ષા શાંતિથી જીવવાની છે! એ તો કઢાઈમાં ઉકળતા તેલમાં તરતી પૂરી શાંત રહે તેવી અપેક્ષા રાખવા બરાબર છે. વિશ્વશાંતિની અપેક્ષા રાખવાનો માનવીય અધિકાર આપણે ક્યારનો ગુમાવી બેઠા છીએ. જ્યાં જુઓ ત્યાં સ્વાર્થની ધક્કામુક્કી! જ્યાં જુઓ ત્યાં બીજાને પછાડીને આગળ નીકળી જવાની હુંસાતુંશી! માણસનો લોભ કેટલો હઠીલો! દ્વેષનો જથ્થો કેટલો મોટો? ઇર્ષ્યાનો પથારો કેટલો મોટો? યે દુનિયા અગર મિલ ભી જાયે તો ક્યા હૈ?

**તા. ક.** એક વિશ્વસનીય અંગ્રેજી મેગેઝિનમાં વાંચવા મળ્યું કે મોગલ રાજકુમાર અને ઔરંગઝેબના મોટાભાઈ દારા શિકોહે ૧૬ વર્ષની ઉંમરે માંસાહારનો ત્યાગ કર્યો હતો. આજના જમાનાનો કટાક્ષ તો જુઓ! આ ઉંમરે કેટલાક જૈન યુવાનો માંસાહારની શરૂઆત કરે છે! ✷ ✷ ✷

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાન

**પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ**

૧૦૦૦૦ શ્રીમતિ મીનાક્ષીબેન ઓઝા
૧૦૦૦૦ પ્રણય ગિરીશ વકીલ
૭૧૮૩ શ્રી જીતેન્દ્ર શાહ (U.S.A. $110) હસ્તે-શ્રી લલિતભાઈ શાહ
૭૫૦૦ સત્યેન ગિરીશ વકીલ
૫૦૦૦ એક સદ્ગૃહસ્થ હસ્તે-ડૉ. અભય દોશી
૨૫૦૦ શ્રી રવજીભાઈ જી. શાહ
૨૦૦૦ શ્રીમતિ સુદર્શનાબેન પી. કોઠારી
**૪૪૧૮૩ કુલ રકમ**

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

૬૦૦૦ શ્રીમતિ રસિલાબેન પારેખ
**૬૦૦૦ કુલ રકમ**

**જનરલ ડોનેશન**

૫૦૦૦૦૦ શ્રી સી. કે. મહેતા સાહેબ (પ્રબુદ્ધ જીવન)
૫૦૦૦૦ શ્રી નિતિનભાઈ કે.સોનાવાલા (આનંદ ઘનજી)
૩૦૦૦૦ શ્રેયસ પ્રચારક સભા (આનંદ ઘનજી)
૨૫૦૦૦ શ્રી જય નિતિન સોનાવાલા (આનંદ ઘનજી)
૧૧૦૦૦ શ્રી ચંદ્રકાન્ત શાહ (આનંદ ઘનજી)
૫૦૦૦ જતીન એન્ટરપ્રાઈઝ (આનંદ ઘનજી)
૭૦૦ શ્રી રોહિત શેઠ
૫૦૦ ભારતીબેન બી. શાહ (આનંદ ઘનજી)
૫૦૦ મુકેશ જે. શાહ (આનંદ ઘનજી)
૫૦૦ શ્રીમતિ ભદ્રાબેન શાહ (આનંદ ઘનજી)
૩૦૦ શ્રીમતિ કલ્પનાબેન સુરેન્દ્રભાઈ શાહ (આનંદ ઘનજી)
**૬૨૩૫૦૦ કુલ રકમ**

**દીપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન ફંડ**

૪૫૦૦૦ કામધેનુ એગ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝ
**૪૫૦૦૦ કુલ રકમ**

**સંઘ આજીવન સભ્ય**

૫૦૦૦ શ્રી હિતેશભાઈ સવાણી
૫૦૦૦ શ્રી નિલેશ રસિકલાલ શેઠ
**૧૦૦૦૦ કુલ રકમ**

# સર્જન-સ્વાગત

**☐ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **મૂક માટી** (મહાકાવ્ય)
લેખક : આચાર્ય વિદ્યાસાગર
અનુવાદક : બ્ર. બિંદુ પારેખ
સહ અનુવાદક : ભરત કાપડિયા
પ્રકાશક : ભારતીય જનપીઠ, ૧૮, ઈન્ટીટ્યૂશનલ એરિઆ, લોદી રોડ, ન્યુ દિલ્હી-૧૧૦૦૦૩. ફોન નં. : ૦૧૧-૨૪૬૯૮૪૧૭, ૨૪૬૨૬૪૬૭, ૨૩૨૪૧૬૧૯. (દરિયાગંજ)
મોબાઈલ : ૯૩૫૦૫૩૬૦૨૦.
મૂલ્ય-રૂા. ૮૦૦/-, પાના-૪૮૮, આવૃત્તિ-ઇ. સં. ૨૦૧૬.




'મૂકમાટી' મહાકાવ્યના અંગ્રેજી, મરાઠી, બંગાળી, કન્નડ વગેરે ભાષાઓમાં અનુવાદ થયાં છે. આ મહાકાવ્યના વિવેચન સ્વરૂપ લગભગ ત્રણસો બહુ આયામી સમીક્ષાઓનું સંકલન 'મૂક માટી મીમાંસા' ત્રણ દળદાર ગ્રંથોમાં પ્રકાશિત થયા છે.' 'મૂક માટી'–એ ધર્મ-દર્શન તથા અધ્યાત્મના સારને આજની ભાષા અને મુક્ત છંદની મનોરમ કાવ્ય શૈલીમાં નિબદ્ધ કરીને કવિતા-રચનાને નવો આયામ આપનાર એક અનુપમ કૃતિ છે. આચાર્ય વિદ્યાસાગરજીની કાવ્ય પ્રતિભાનો આ ચમત્કાર છે કે તેઓએ માટી જેવી નિરીહ, પદદલિત અને વ્યથિત વસ્તુને મહાકાવ્યનો વિષય બનાવીને તેની મૂક વેદના અને મુક્તિની આકાંક્ષાને વાચા આપી છે. આ મહાકાવ્ય અલંકારોની છટા, કથા, વાર્તા પ્રકારની રોચકતા, નિર્જીવ ગણાતા પાત્રોના સજીવ અને ચોટદાર વાર્તાલાપની નાટકિયતા તથા શબ્દોનાં પડળને ભેદીને અધ્યાત્મના અર્થની પ્રતિષ્ઠાપના આ સઘળું આ કૃતિમાં સહજ જ વણાઈ ગયું છે. જ્યાં આપણને સ્વયંના અને મનુષ્યના ભવિષ્યને સમજવાની નવી દૃષ્ટિ મળે છે.

કુંભકાર શિલ્પીએ માટીની ધ્રુવ અને ભવ્ય સત્તાને ઓળખીને, ગાળી-ચાળીને વર્ણસંકર કંકરને દૂર કરી તેને નિર્મળ મૃદુતાનો વર્ણલાભ આપ્યો છે. અને પછી ચાક પર ચઢાવીને, ભઠ્ઠીમાં તપાવીને તેને એની મંજિલ સુધી પહોંચાડે છે કે જ્યાં તે પૂજાનો મંગલ ઘટ બનીને જીવનની સાર્થકતા પ્રાપ્ત કરે છે. કર્મબદ્ધ આત્માની વિશુદ્ધિ ભણી ધપતી પડાવોની મુક્તિ યાત્રાનું આ મહાકાવ્ય રૂપક છે.

x x x

પુસ્તકનું નામ : **અહિંસાનો પરમાર્થ**
લેખક-પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરિશ્વરજી મહારાજ
પ્રકાશક-પ્રાપ્તિસ્થાન : સન્માર્ગ પ્રકાશન
જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં. : ૨૫૩૯૨૭૮૯.
મૂલ્ય-રૂા. ૩૦/- સાહિત્ય સેવા, પાના-૮૮, આવૃત્તિ-વિ. સં. ૨૦૭૩.




આ પુસ્તક 'અહિંસા' વિષય પર ખૂબ જ સરળ અને લોકભોગ્ય ભાષામાં આગમ અને શાસ્ત્રોની કઠિન પરિભાષાને ગળ્યા શિરા જેવી મધમીઠી બનાવીને પૂજ્ય આચાર્યશ્રી વિજયકીર્તિયશસૂરિજી મહારાજે પ્રસ્તુત કરી છે.

જૈન ધર્મનો પ્રાણ અહિંસા છે. પાંચે વ્રતોમાં અહિંસા પ્રધાન છે-મુખ્ય છે. બાકીના બધા વ્રતો અહિંસાની સુરક્ષા માટે છે. દુનિયાના બધાં ધર્મો 'અહિંસા'ની વાતો કરે છે. પણ ધર્મના સ્થાપકો પૂર્ણજ્ઞાની નહિ હોવાથી અહિંસાનું વાસ્તવિક સ્વરૂપ, એના પ્રકારો, એને પાળવાની વ્યવહારિક અને નિશ્ચયિક રીતરસમો આદિનું નિરૂપણ કરવામાં તેઓ લાચાર અને પાંગળા છે. જ્યારે જૈન ધર્મના પ્રરૂપકો કેવળજ્ઞાની-પૂર્ણજ્ઞાની હોવાથી તેમણે જગતનું સ્વરૂપ જેવું છે તેવું કહી બતાવ્યું. તેમાં અહિંસાનો સર્વાંગીણ વિચાર અને આચાર સમજાવ્યો છે.

હિંસાના કલ્પનામાં ન આવે તેવા પ્રકારો પ્રભુએ જ્ઞાનથી જોઈ-જાણી બતાવ્યા છે. જેમની હિંસા થાય તે અને જેઓ હિંસા કરે છે તે જીવોનું પણ સૂક્ષ્મતમ સ્વરૂપવર્ણન એક માત્ર જૈનધર્મ જ આપે છે. દેખીતી હિંસા-અહિંસા, હિંસા-અહિંસાના કારણો અને હિંસા-અહિંસાની પરંપરા શેનાથી સર્જાય છે તેનું જૈન શાસ્ત્રોમાં રહેલું વર્ણન વાંચતા પ્રભુની સર્વજ્ઞતા ઉપર ફીદા થઈ જવાય છે.

અહિંસાના પર્યાયરૂપ જૈન ધર્મને પામેલા આપણા જેવા હજારો-લાખો જિજ્ઞાસુઓને અહિંસાનો પરમ એટલે શ્રેષ્ઠ અર્થ સમજાવતાં આ પ્રવચનો આપણે સહુને જીવન જીવવાની નવી દિશા સૂઝાડે તેવા છે.

x x x

પુસ્તકનું નામ : **તનની માંદગીમાં મનની માવજત**
લેખક-સંપાદક : પૂ. આ. શ્રી વિજય યશકીર્તિસૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક–પ્રાપ્તિ સ્થાન : સન્માર્ગ પ્રકાશન, જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન નં. : ૨૫૩૯૨૭૮૯.
મૂલ્ય-રૂા. ૭૦/- સાહિત્ય સેવા, પાના-૧૮૫, આવૃત્તિ-વિ. સં. ૨૦૭૨.




પૂજ્યપાદ તપાગચ્છાધિરાજશ્રીના ૧૦૪માં સંયમસ્વીકાર વર્ષ ક્ષણે તથા ઉભય સૂરિરાજન દીક્ષા સ્વીકારના અર્ધશતાબ્દી-સુવર્ણ અવસરે દેવ-ગુરુ અને સંઘભક્તિના અવનવા અનુષ્ઠાનો યોજી તેઓશ્રીના અઢળક સુકૃતોની અનુમોદના કરી નિજ જીવનને પણ અધ્યાત્મ માર્ગમાં ઉર્ધ્વગામી પ્રેરણા આપવા માટે ઉપકૃત ગુરુભક્તો જ્યારે પ્રયાસરત બન્યા છે ત્યારે જીવન અને મરણની પ્રત્યેક પળે જેની સર્વાધિક આવશ્યકતા હોય છે તે સમાધિ અપાવનાર 'તનની માંદગીમાં મનની માવજત' પુસ્તકનું પ્રાણાયાન થયું છે.

પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજના સંસારી ધર્મપત્ની જીવીબેન તથા તેમના સંસારી ભાણેજ જાસુદબેન બન્ને શ્રાવિકાઓ કેન્સર જેવી માંદગીમાં પટકાયા હતા તેવા સમયે ગુણયશસૂરીશ્વરજી અને આ. કીર્તયશસૂરીશ્વરજી તેમને નિકટના સંસારી સ્વજન તરીકે સાંપડ્યા હતા. આ બન્ને મહાત્માઓએ પ્રત્યક્ષ રૂપે અને જ્યારે શક્ય ન હતું ત્યારે પત્ર દ્વારા પરોક્ષ રૂપે તેમની સમાધિ માટે પ્રયત્ન કર્યો હતો. ફળ સ્વરૂપે બન્ને શ્રાવિકાઓ સમાધિને પામ્યા હતા. પત્રો દ્વારા અનુમોદનીય સમાધિ પ્રાપ્ત કરાવી શકાય છે.

આ પુસ્તક નવલકથા નથી પરંતુ સમાધિ ભાવના ઘડતરનું એક ટાંકણું છે. સદ્ગતિના માર્ગે ચલાવનાર ભોમિયા સમાન છે. તેના પ્રત્યેક પાનાને, પ્રત્યેક પેરેગ્રાફને તથા શબ્દોને

વાગોળવાના છે. મનને એવું તૈયાર કરવાનું છે કે ગમે તેવી માંદગી મનની પ્રસન્નતાને પીંખી ન શકે. મૃત્યુ મનને વિહવળ ન કરી શકે અને શૂરવીર યોદ્ધાની જેમ સાધક મૃત્યુને ભેટી શકે.

x x x

પુસ્તકનું નામ : **જૈન દર્શનમાં કેળવણી વિચાર**
સંપાદન : ગુણવંત બરવાળિયા
પ્રકાશક : અર્હમ્ સ્પીરીચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ અને લિટરરી રિસર્ચ સેંટર, ઘાટકોપર.
ફોન નં.: ૦૨૨-૪૨૧૫૩૫૪૫.
મૂલ્ય-રૂા. ૧૦૦/- પાના-૧૩૬, આવૃત્તિ-ઈ. સં. ફેબ્રુઆરી ૨૦૧૭.




'જૈન દર્શનમાં કેળવણી વિચાર' પુસ્તકમાં ગુણવંતભાઈ બરવાળિયાએ પોતાની કેળવણી પ્રીતિને સહૃદયથી વ્યક્ત કરી છે અને અનેક જૈન કેળવણીકારોના વિચારોને ભાવાત્મક રીતે પ્રગટ કર્યા છે. સાથે સાથે અમારા સૌના વિદ્વાન મિત્ર અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીશ્રી ડૉ. ધનવંતભાઈ શાહને વિનમ્ર ભાવે શ્રદ્ધાંજલિ આપી છે અને આ અંક તેઓને અર્પણ કરી મિત્રઋણ ગુણવંતભાઈએ ફેડ્યું છે.

ઈ. સ. ૨૦૧૬માં અમરેલી ખાતે યોજાયેલ જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૧૪માં પ્રસ્તુત થયેલ કેળવણી અંગેના લેખો આ પુસ્તકમાં સમાવિષ્ટ કર્યા છે. જૈન દર્શનમાં કેળવણી વિષયક વિવિધ ઓગણીસ લેખોમાં જૈન ધર્મના કેળવણી વિષયક વિવિધ પાસાંઓની સદૃષ્ટાંત વિચારણા વિવિધ લેખકોએ કરી છે, જેમાં ડૉ. રતનબહેન છાડવાએ પ્રાચીન, અર્વાચીન કેળવણી પદ્ધતિ અને જૈન દર્શનની મૂલ્યપરક કેળવણી વિચારણા રજૂ કરી છે અને વર્તમાન શિક્ષણની ત્રુટિઓ તરફ ધ્યાન દોર્યું છે.

ડૉ. છાયાબહેન શાહે પોતાના લેખમાં ધાર્મિક શિક્ષણ માત્ર ધર્મ સાથે સંકળાયેલું નથી પણ એ જીવન સાથે પણ સંકળાયેલું છે, તે જીવન જીવવાની કળા શીખવે છે, આ મુદ્દાને સરસ રીતે વ્યક્ત કર્યા છે.


જૈન ધર્મમાં કેળવણીનું મહત્ત્વ લેખમાં પ્રતાપભાઈ ટોલિયાએ જૈન ધર્મમાં કેળવણીના પાંચ પ્રકારની—ધાર્મિક સંસ્કાર, જ્ઞાયિક સંસ્કાર, વ્યવસાયિક સંસ્કાર, વ્યવહારિક સંસ્કાર અને વંશીય સંસ્કારની ચર્ચા સદૃષ્ટાંત કરી છે અને જૈન કેળવણી આપવા માટેના વિવિધ દૃષ્ટિકોણ રજૂ કરેલ છે.

ગુણવંતભાઈ બરવાળિયાએ પોતાના લેખમાં ધર્મ અને નીતિને આધ્યાત્મિકતા સાથે જોડવાની વાત પર ભાર મૂક્યો છે.

તે ઉપરાંત ડૉ. સેજલ શાહ, ડૉ. ભાનુબહેન સત્રા, પારૂલબહેન તથા અન્ય લેખકોએ જૈન દર્શનમાં કેળવણી વિષયને સુંદર અને સરસ ન્યાય આપ્યો છે.

x x x

પુસ્તકનું નામ : **પ્રેમ**
જિંદગીનું સરનામું (પ્રેમની પરિભાષા સમજાવતા પ્રસંગો)
લેખક : દિનેશ દેસાઈ
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર, 5 N.B.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, પોલિટેકનિક, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. ૨૨૧૪૪૬૬૩.
પ્રાપ્તિસ્થાન : ગુર્જર સાહિત્ય ભવન,
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં. : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય-રૂા. ૧૮૦/- પાના-૧૪ + ૧૭૮, આવૃત્તિ-પ્રથમ, ઇ. સ. ૨૦૧૬.





પ્રેમ એટલે નામ-સરનામા વિનાના સંબંધનું પરિબિડિયું. પ્રેમ એટલે હંમેશ સમર્પણની સોગાત. પ્રેમ એટલે પામવાનું નહીં, આપવાનું નામ. જીવનના સંબંધનું નામ એટલે પ્રેમ. દરેક સંબંધમાં એક્સપાયરીડેટ હોઈ શકે પણ પ્રેમ નામના સંબંધમાં કોઈ એક્સપાયરીડેટ હોતી નથી; પ્રેમ એટલે જાણે કૈલાસની ટોચથી વહી નીકળતી અલકનંદાની ધારા. અને પ્રેમ એટલે ગંગા સાગરનું દરિયા સાથેનું મિલન. આ પુસ્તકમાં પ્રેમનો અબીલ-ગુલાલ ઉડાડ્યો છે.

આ પુસ્તકમાં વિવિધ પ્રસંગો દ્વારા પ્રેમના સરનામા સુધી આપણને લઈ જવાનો પ્રયાસ થયો છે. પ્રેમની વ્યાખ્યા કરવાનું કામ મેઘધનુષમાં રંગો ભરવા જેવું, રમણીય છતાં અશક્ય છે. તમે એમાં કલ્પનાના રંગો ભરી શકો ખરા, પણ ગમે તેટલા રંગો ભરો તો ય પ્રેમનું મેઘધનુષ અપૂર્ણ રહી ગયું હોય એવું જ લાગશે. પૂર્ણ પ્રેમમાં સંબંધનો કદીય અંત આવતો નથી. પ્રેમી પાત્રો મૃત્યુ પામે પછીય એમનો સંબંધ જગતને સદીઓ સુધી સુવાસ આપતો રહે છે. માટીપગા લફરાબાજો અને રોડરોમિયોને જોઈને સાચા પ્રેમની ઓળખ કે તેનું મૂલ્યાંકન જ થઈ શકે.

આ નાનકડા પુસ્તકમાં દિનેશ દેસાઈની શૈલી મૃદુ અને રમતિયાળ હોવાથી ભાવકને રસતરબોળ કરે છે.

x x x

પુસ્તકનું નામ : **વિનય ધર્મ**
સંપાદક : ગુણવંત બરવાળિયા
પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨.
ફોન નં. : ૨૨૦૧૭૨૧૩, ૨૨૦૮૫૫૯૩.
મૂલ્ય-રૂા. ૨૨૫/- પાના-૨૨૨, આવૃત્તિ-ફેબ્રુઆરી, ૨૦૧૭.




અર્હમ્ સ્પીરિચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ ફિલોસોફિકલ એન્ડ લીટરરી રિસર્ચ સેંટર આયોજિત 'જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૧૫' અમદાવાદમાં યોજાયેલ. ડૉ. રનતબહેન ખીમજીભાઈ છાડવા પ્રેરિત આ સત્રના પ્રમુખસ્થાને ડૉ. કુમારપાળ દેસાઈ હતા અને જ્ઞાનસત્રમાં વિદ્વાનોએ રજૂ કરેલા નિબંધો અને શોધપત્રોને ગ્રંથસ્થ કરી 'વિનયધર્મ'માં પ્રકાશિત કરેલ છે.

ભારતીય દર્શનો જ નહિ પરંતુ વિશ્વની તમામ દાર્શનિક પરંપરાએ જીવનમાં વિનયને મહત્ત્વનું સ્થાન આપ્યું છે.

૨૨૨ પાનાના આ પુસ્તકમાં ચાલીસ વિદ્વાનોએ 'વિનયધર્મ' વિષયક પોતાની વિચારણા રજૂ કરેલ છે.

સર્વપ્રથમ પ. પૂ. ગુરુદેવશ્રી નમ્રમુનિ મ.સા. 'મહોરું બદલવા મોહની ઓળખ કરાવે તેનું નામ વિનય' લેખમાં મોહને ઓળખવા વિનયભાવ વધારવાની વાત પર ભાર મૂકે છે અને પ્રતિજ્ઞાવિનય, આત્મિકવિનય અને વ્યવહાર-વિનયની સમજણ આપે છે.

પ. પૂ. ડૉ. તરુલતાજી 'વિનયધર્મ અને આચાર'


લેખમાં ઉવવાઇ સૂત્રમાં આપેલ વિનયના સાત પ્રકાર સમજાવી લોકોપચારમાં વિનયનું સ્વરૂપ વર્ણવે છે. તે ઉપરાંત શ્રી સૂયગડાંગ સૂત્ર, ભગવતી સૂત્ર વગેરેમાં દર્શાવેલ વિનયનું મહત્ત્વ રજૂ કરે છે. વિનયમાં આખો જિનમાર્ગ સમાઈ જાય છે.

ડૉ. કુમારપાળ દેસાઈ વિનય એક શાશ્વતી ભાવના છે એ વાત કરે છે અને વ્યાવહારિક જીવન અને આધ્યાત્મિક જીવનમાં વિનયનો મહિમા સદૃષ્ટાંત સમજાવે છે. જ્ઞાતધર્મ કથામાં તીર્થંકરપદને પ્રાપ્ત કરવા માટે વીસ કારણના વિનયનું મહત્ત્વ દર્શાવ્યું છે તે વાત પર તેઓ ભાર મૂકે છે.

સુરેશભાઈ ગાલા, ઉત્પલા મોદી, પારૂલ ગાંધી, ગુણવંત બરવાળિયા, ડૉ. કાંતિભાઈ શાહ, ખીમજીભાઈ છાડવા, છાયા શાહ, મહેબૂબ દેસાઈ, નલિની દેસાઈ, થોમસ પરમાર, બળવંત જાની તથા અન્ય લેખકોના માનનીય લેખો થકી આ પુસ્તક 'વિનયધર્મ' વિષયક ચિંતનીય ગ્રંથ બન્યો છે.

x x x

પુસ્તકનું નામ : **મનને શાંત રાખો**
લેખક : નૌતમભાઈ વકીલ (C.A.)
પ્રકાશક : શ્રુતસાર ટ્રસ્ટ
પ્રાપ્તિસ્થાન : C/o નૌતમભાઈ વકીલ
વકીલ હાઉસ, ૩૧-બી, સૌરાષ્ટ્ર સોસાયટી,
પાલડી, અમદાવાદ.
પાના-૧૧૨, આવૃત્તિ-પ્રથમ, ઇ. સ. ૨૦૧૬.




પ્રસ્તુત પુસ્તક 'મનને શાંત રાખો' એ લેખકની આરાધનાની ફળાશ્રુતિ છે. વિવિધ શાસ્ત્રોના આધારે કષાયોનું અપધ્યાન કેવું હાનિકર્તા છે તેનું આલેખન ભવવાહી રીતે કર્યું છે.

મહાત્માઓને પણ દુરાધ્ય એવા મનના કષાયો દ્વારા માનવ કેવો પીડાય છે તેનું પ્રસ્તુત પુસ્તકમાં સચોટ માર્ગદર્શન લેખકે કરાવ્યું છે. તેઓ જણાવે છે કે મન પર નિયંત્રણ રાખવા માટે ધ્યાન એક અદ્‌ભુત આલંબન છે. તે ધ્યાન એટલે પરિપૂર્ણ જાગૃતિ. અંદરનો એક પણ ભાવ, વિચાર કે શરીરની ક્રિયા બેહોશીમાં ન થવી જોઈએ. જે કંઈ થાય તેની સામે સજાગ રહીને પસંદગી રહિત જોયા કરવું તેનું નામ ધ્યાન છે.

માનવનું મન-વર્તમાન યુગની ભૌતિકતામાં દોડનારાઓ અશાંતિનો અનુભવ કરે છે. ક્લેશિત બને છે. કષાયોને આધીન બને છે. એવા નબળા મનનો માનવી ક્રોધને વશ થઈ જીવન હારી જાય છે, અને અન્ય કષાયોથી પીડીત થઈ દુ:ખી થાય છે તેનો ચિતાર લેખકે દૃષ્ટાંતો દ્વારા સચોટ રીતે વર્ણવ્યો છે જે વાચકને કષાય મુક્ત થવાની પ્રેરણા આપે છે. જીવન નંદનવન જેવું બને અને જે કોઈ જીવનમાં ધર્મ થાય તે આત્મકલ્યાણકારી બને એવી હિતશિક્ષા આ પુસ્તકમાં પ્રસ્તુત કરી છે. વર્તમાન જીવનમાં લોકોના હૃદયમાં રહેલો અજંપો દૂર કરવાનો પ્રયત્ન લેખકે કર્યો છે.

આ રીતે આ પુસ્તકમાં મનને શાંત રાખવાની વાત કરી છે. પરંતુ કષાયોને કારણે મન શાંત રહેતું નથી. તેથી આત્મકલ્યાણ થતું નથી પણ માત્ર પાપાનુબંધી પુણ્ય બંધાય છે.

આ પુસ્તકમાં મનની મહત્તા સમજાવી કષાયોની કાલિમાને દૂર કરવાનો બોધ આપ્યો છે. ✷ ✷ ✷

મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩

`WOMAN – THE JAINA PERSPECTIVE'

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

## LESSON – SIXTEEN [CONTINUED]

☐ Dr. Kamini Gogri

The Svetambara on the other hand did not consider clothes a possession (parigraha), but rather an indispensable component of the religious life (dharma-upkarana), similar to the Picchu and Kamandalu of the Digambara monk. Further, the question is not possession but attachment (murchha as declared in Tattvartha sutra of Umaswati). Therefore, these nuns were on equal footing as monks and were granted full status of mendicancy. More important, however is that they could attain moksa in that very female body.

**Sangha-Sadhvis-Shravikas**
**(back bone of Jainism and ascetic pathway)**

If the possibility of attaining salvation was only the right of a male mendicant then the samgha (that includes women) sadhus, sadhvis, shravkas and shravikas would not have been thought of and established by the Tirthankaras. The samgha was established by first Tirthankara Rishabha lacs of years ago and much before the schism into Svetambara and Digambara and other sub-sects. The sectarian debate amongst these two major sects on streemoksa evolved much later. One can thus perceive that Digambaras continued to hold their viewpoint of denial of streemoksa as an unchangeable dogma in those times to show their urge only to grab the titles of Muni by continuing the debates with their differing rivals.

It will be worth reviewing the truth of various aspects of female asceticism and the Jaina doctrine. The voice of the Jaina women cannot be ignored as it seems to have contributed immensely to the progress of the human race. It is instrumental in placing the Jaina religion today on the global map for peaceful co-existence and high standard of morality.

The sadhvis from very date of diksha start their spiritual journey towards liberation. Their voice is the expression of their faith in the dharma. This is inherited

among the family settings and supported in the group to which they belong by certain knowledge of scriptures and doctrine. It is the element of bhakti, i.e. faith; fidelity and veneration of Mahavira and daughterly submission to his teachings that make the sadhvis enter the samgha. The sangha became the shelter of destitute, homeless and widows since ancient times. Nuns are three times more in number than the monks and thus shoulder pivotal role in developing and spreading Jainism. These nuns are also known as nirgranthis, bhikshunis, sadhvis, aryas, anagaris, shramanis, yatinis, satis, mahasatis etc.

Majority of the Jaina nuns belong to the Svetambara community, including their reformist (i.e., non-idol-worshiping) sub-sects, namely, the Sthanakavasi and the Terapanthi. If the figure of six thousand for the modern-day community of nuns (for the entire Jaina community of only six million adherents) sounds staggering; consider the canonical claim that at the time of the death of Mahavira, his samgha consisted of fourteen thousand monks and thirty-six thousand nuns. If this belief is based on fact (and there is no basis to doubt this since both sects agree with this figure), then even if the number of nuns has decreased since the time of Mahavira, their ratio to the munis has not changed significantly. The numerical superiority they have enjoyed through the ages must have contributed tremendously in shaping the Jaina community. Their impact is especially evident in their ability to promote the individual asceticism of the Jaina laywomen who routinely undertake severe dietary restrictions and long periods of fasting and chastity. No sociological research of any depth has been done on these women to tell us about their family backgrounds or their personal reasons for renouncing the household life.

It is noticeable that there was an increasing tendency for members of the same family to follow the path of asceticism. Every day the sadhvis not only sing the praises of Tirthankara but also names of 16 satis viz. Brahmi, Chandanbala, Damayanti, Draupadi, Kaushalya, Kunti, Mrugavati, Padmavati, Prabhavati, Pushpachula, Rajimati, Sita, Siva, Subhadra, Sulasa, Sundari. The recitation with deep faith of these holy names produces the same effect as a 'Mangal'.

Significant gains have been made, for example, by the relatively modern reformist Jaina sect known as the Terapantha (a subsect of the Sthanakavasi sect, founded in Marwad in 1760), which has five hundred fully ordained nuns—more than three times the number of monks in that order. This sect has even introduced an organizational innovation of female novices called *shramanis,* currently under training to join the order of nuns. The number of such shramanis who have taken the vows of poverty and celibacy runs to the hundreds, and almost all are unmarried and well-educated women of the affluent Oswal community of Rajasthan. Enthusiasm to lead a religious life at so young an age is probably fostered by the self-esteem that the enhanced status of the nun in the family and in the Jaina community at large bolsters.

It is only among the Jainas that this question is the subject of prolonged and significant debate, a debate that, far from ever being resolved, remains enshrined in an irreducible sectarian schism. For the major sects of Jainism, the Digambara and the Svetambara, remain to this day deeply divided not only on the question of the propriety of a woman's taking up the monastic life but on a more fundamental question – that of the possibility of a person entering the state of spiritual liberation or nirvana immediately after a life in a female body. Nor is the question merely an intellectual one. For the Svetambaras not only believe that women can adopt the mendicant life as the path to spiritual advancement; they have put this belief into practice.

Indeed today, as in ancient times, Svetarnbara and –Sthanakavasi nuns (sadhvis) considerably outnumber their male counterparts (munis)? Even the Digambaras have a small number of "nuns" (aryikas and ksullikas), although, as we shall discuss further below, they are not accorded the same spiritual status as the munis.

The question, then, of the possibility of a woman's living the life of a renunciant, which the Jains believe is the only path to spiritual liberation, is not a purely theoretical one. On the contrary it is of the greatest significance to the two major communities of Jainism and indeed comes to dominate intersectarian discourse from at least the second century A.D. to the eighteenth century, the period spanned by the texts Jaini has collected and translated, and in fact pawn to the modern era. This dispute, as we shall see, continues to have significant ramifications beyond the surface level of its content, but of more immediate interest are the specific terms upon which the debate hinged.

The traditional literature of India, whether Vedic, Hindu, Buddhist, or Jaina, is filled, as noted above, with passages denigrating women and their moral, physical, and spiritual capacities. As early as the Rigveda itself

there are negative allusions to them as fickle arid treacherous. In the Mahabharata it is shown that a man who is turned into a woman is barely able to ride his horse. In an often quoted passage from the influential Manava Dharmasastra it is laid down as a basic social law that at no point in her life from infancy to old age may a woman be independent of a male guardian nor merit autonomy even in the kitchen. In another famous passage, the great poet-saint of the Hindi-speaking world Tulsi Das, observes that, "along with donkeys, drums, and people of the lower social orders, women sometimes need to be beaten;" The number of such passages, in the religious and legal literature of traditional India is enormous, and there is no need to treat the matter at length here.

What is unique about the Jaina debates on the spiritual liberation of women is not the attitude they display toward the female sex but rather their systematic focus on, the question of gender, their extension of the general debate, and to some degree their rooting it specifically in the biophysical nature of the human female. This is not to say that other textual traditions do not exhibit and indeed encourage a virtually pathological revulsion for those organs and processes that are unique to–the female. Indeed they do. But nowhere else do we find female reproductive physiology cited as itself a principal reason for the alleged incapacity of women to achieve spiritual liberation.

**[ To Be Continued in Next Issue ]**

*Mo : 96193 79589 / 9819179589. Email : kaminigogri@gmail.com..*

## THE STORY OF GANADHARA SUDHARMASVAMI

❑ Dr. Renuka Porwal

Sudharmasvami was the son of learned Brahmin Dhammil and mother Bhaddila. The child was blessed by Ma Sharada that he will carry forward both Vedic and Sramana tradition so Dhammil named him Sudharma on his first birthday. They lived happily in the village known as Kollaga-sannivesha now known as Kollua in Bihar state. The young Sudharma was sent to Gurukul to study all the Indian scriptures.

After learning most of the vidyas he established a gurukulin the outskirt of his village Kollaga. Many students came from far and took admission as it was the best in that area. Once he was invited along with his 500 students for the yajna arranged by Arya Pandit Somil at Madyama-pavapuri. The yajna started at given exact auspicious samay. The chief Yajnacharya was Indrabhuti Gautam. Sudharma along with his disciples were sitting in Yagnashala and reciting the mantras. Meantime, one strange phenomenon was happened, everybody saw some deva-vimanas carrying celestial beings passing in the air. All became very happy that deities had arrived to bless the Yajna. But to their surprise all deva-planes with celestial beings went to adore Mahavira who had received Kevaljnana and was to start his first speech in Samavasaran. The presiding chief Yajnacharya Indrabhuti became furious and immediately went for a debate with Lord Mahavira.

Bhagvan Mahavira received Indrabhuti Gautam by his name, moreover he cleared many of his doubts, so he became his follower. Later on slowly Ajnibhuti, Vayubhuti and Arya Vyaktatoo became his devotees. When nobody returned from Sraman Bhagavant Mahavira's pavilion, then Pandit Sudharma along with his 500 disciples proceeded to win him in discussion. Arya Sudharma believed that every jiva took rebirth in its own species, that is, a man will rebirth as a man only, an apple tree would produce the seeds which could yield only apples.

When Pt. Sudharma arrived at Prabhu Mahavira's Samavasarana, he was surprised to see his shining aura. He thought, "Aha! Really there is a very strong nimbus as if he is spreading his knowledge." Lord Mahavira explained that human beings could take rebirth as any of the *Jivarashis*/species depending upon his own karma. Bhagavan well explained the theory of karma and convinced him. He too became his disciple with his 500 students. All took diksa, Prabhu sprinkled Vaskepa-churna on everyone.

Sudharma was taking care of one of the nine ganas so he was called Gana-dhara. All eleven Pandit as became Bhagvan's ganadharas. At that time Bhagavan was 42 years old. Sudharma travelled with Prabhu Mahavira in different parts of country to spread the tenets of Jainism. Tirthankara Mahavira attained Nirvana in 527 B .C. Jaina Sangha requested him to take the leadership of the Sangha as he was the righteous ganadhara.

After attaining Kevaljnan, Sudharmasvami organised the teachings of Mahavira into 12 anga-sutras, also known as 'Dvadashangi' where 'dvadash' stands for twelve. His chief disciple was Jambusvami whom he taught all angas in detail. Sudharmasvami attained Nirvana at the age of hundred years, after that Jainas' religious order was cared by Jambusvami.


# Ganadhara Sudharmasvami

- By Dr. Renuka Porwal, Mob.: 098218 77327


A learned Brahmin Dhammil and mother Bhaddila celebrated the first birthday of their child in Kollaga.
"I'll call him Sudharma as he will be a bridge between two traditions- Vedic and Sramana."




Young Sudharma studied many vidyas in Gurukul and later on established his own gurukul where 500 students studied. Once all went to a Yagna where Indrabhuti was chief Acharya. They saw deva-vimanas in the air.
"Where these planes are proceeding, to adore Mahavirasvami?"




When Indrabhuti, etc. didn't return from Mahavira's Samavasarana, Sudharma along with his 500 disciples proceeded to win him. Seeing Prabhu's shining aura he thought-




Lord Mahavira cleared all Sudharma's doubts so he and the students became his disciples. Prabhu sprinkled chandan powder on every one.




One sadhu requested him -
"You take the leadership of the Sangha as you are the righteous ganadhara after Mahavira."



"Guruji please teach me the details of Jainism."

"Jambu, I will explain to you the teachings of Mahavira classified into 12anga - sutras also known as Dvadashangi, I know after me you will carry on the religious order."



Licence to post Without Pre-Payment No. MR/TECH/WPP-36/SOUTH/2017, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month o Regd. No. MCS/147/2016-18



અંતિમ કશું જ નથી, જે-જે ક્ષણે છે તે-તે સમયનું સત્ય છે. પરંતુ છતાં એક બાબત મહત્ત્વની છે કે જીવનના દરેક અનુભવોને આપણે હૃદયસ્થકરવા ઇચ્છીએ છીએ. નાનકડા જીવનમાં બધા જ અનુભવો મેળવવા શક્ય નથી ત્યારે અન્યના અનુભવોમાંથી શીખવાની અપેક્ષા રહે તે સ્વાભાવિક છે. આ વખતથી આપણે શરૂ કરીએ છીએ અંતિમ પત્રની શ્રેણી,

**'જો હોય મારો આ અંતિમ પત્ર તો...'**

'પંથે પંથે પાથેય'નો વિસ્તાર આજે વિદ્વાનોની કલમના અનુભવ તરફ દોરી રહ્યો છે. શબ્દો, એ મનુષ્યની ગેરહાજરીમાં પણ સાક્ષાત્કાર કરાવતાં રહે છે. આપણી આસપાસ ચિંતકો, સાહિત્યકારો, મીમાંસકો, યોગીઓ સહુની હાજરી, હૃદયને શાતા આપે છે. તો એમની પાસેથી એક અંતિમ પત્ર લખાવવાની ઈચ્છા છે. જો આ અંતિમ પત્ર હોય તો પોતાના જીવનના અનુભવો-સમૃદ્ધિને વિદ્વાનો કયા શબ્દોમાં આપણી પાસે મુકી આપે? એમણે પોતાના પ્રબુદ્ધ વાચકો પાસે સ્વજન બની હૃદય ઠાલવ્યું છે, વિચારો વહેતા કર્યા છે અને અનુભવો સીંચીને વારસા રૂપે આપણને ભેટ આપ્યા છે.

–તંત્રી

'જો હોય મારો આ અંતિમ પત્ર તો...'

# 'જૈન' હોવું એ જેવી તેવી વાત નથી

❑ ગુણવંત શાહ

**ધર્મનો મર્મ ક્યાં સંતાયો છે?**

ઇસ્લામી આલમમાં આજકાલ કાપાકાપી અને મારામારીનો માહોલ દુનિયાને પરેશાન કરી રહ્યો છે. કારણ શું? એ ધર્મમાં ઊંડી શ્રદ્ધા ધરાવનારા કરોડો મુસલમાનોને ખબર નથી કે 'મુસલમાન' હોવું એટલે શું. ભાગ્યે જ કોઈ હિંદુને ખબર હોય છે કે ખરા અર્થમાં 'હિંદુ' હોવું એટલે શું. કેટલાય ઇસુભક્ત ખ્રિસ્તીઓને ખબર જ નથી કે ઇસુને ગમી જાય એવા 'ખ્રિસ્તી' હોવું એટલે શું. લગભગ બધા ધર્મના અનુયાયીઓને પોતાના પ્રિય ધર્મની ખરી સમજણ નથી હોતી. જૈનધર્મીઓ આ બાબતે અપવાદરૂપ ક્યાંથી હોય? જૈન એ કોઈ જ્ઞાતિ કે કોમનું નામ નથી. ભગવાન મહાવીરને કોઈ જ્ઞાતિ કે કોમમાં બાંધવા, એ તો સૂર્યનાં કિરણોને થેલીમાં પૂરવા બરાબર ગણાય. આવી ગેરસમજણનું કરવું શું?

જાણીતા–માનીતા લેખક ખુશવંત સિંહ જન્મે શીખ હતા, પરંતુ એમને જૈન વિચારધારામાં અહિંસાને જે કેન્દ્રીય સ્થાન મળ્યું તે વાતે ભારોભાર આકર્ષણ હતું. એમના એક અંગ્રેજી લેખમાં એમણે અહિંસાનો મૌલિક મહિમા કર્યો હતો. હું પોતે જ્ઞાતિએ જૈન નથી, પરંતુ મને કાયમ ભગવાન મહાવીર પૂજનીય લાગે છે. મારા શબ્દો સાંભળો:

'તમે કોઈને છેતરો ત્યારે શું બને છે?
તમે એ જીવના અસ્તિત્વના એક અંશની
હત્યા કરી એમ કહેવાય.
એ હત્યામાં લોહી નથી નીંગળતું તેથી શું?
એમાં છેતરાયેલા મનુષ્યની પ્રચ્છન્ન હત્યા થઈ ગણાય.
માંસાહાર ન કરનાર માણસ આપોઆપ 'અહિંસક'
નથી બની જતો.
માંસાહાર કરતાંય વધારે ખતરનાક હિંસામાં
દ્વેષાહાર, ઇર્ષ્યાહાર, કપટહાર, નિંદાહાર, જૂઠાહાર
અને અભિમાનાહાર ગણાય. હિંસાનો ખરો આધાર
માનવીના મન પર રહેલો હોય છે.'

['મહામાનવ મહાવીર', પાન-૧૬]

**સાચા જૈનની લેવડ–દેવડ સ્વચ્છ હોય**

એક વેપારી ભારે લોભી તરીકે જાણીતો છે. બજારના અન્ય વેપારીઓમાં એની પ્રતિષ્ઠા લુચ્ચા માણસ તરીકેની છે. એને માટે બે સારા શબ્દો કોઈને ઝટ જડતા નથી. કોઈની પાસે લેણી રકમ બાકી હોય ત્યારે એ અધીરો બનીને ઉઘરાણી કરે છે. જ્યારે કોઈના પૈસા ચૂકવવાના બાકી હોય ત્યારે એ લુચ્ચી ધીરજ બતાવે છે અને વિલંબ કરવામાં હોંશિયારી માને છે. દુકાનના ગલ્લા પર બેસે ત્યારે ગ્રાહકોને છેતરવામાં એના લોભને થોભ નથી રહેતો. બજારમાં એની લુચ્ચાઈની સૌને ખબર છે. કોઈ વેપારી એના પર ઝટ વિશ્વાસ નથી મૂકતો. એકઠા કરેલા ધનમાંથી ક્યારેક એ દાન પણ કરે છે. ગમે તેટલું દાન કરે તોય એની ઈજ્જત વધતી નથી. જ્યાં ઈમાન ન હોય ત્યાં ઈજ્જત ક્યાંથી?

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૬૦)

To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor:Sejal M. Shah.